શ્રી શંખેશ્વર પાર્શ્વનાથાય નમઃ

# દેવ વંદન માળા



કીમત ત્રણ રૂપિયા

પ્રાપ્તિસ્થાન:
મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ
દોશીવાડાની પોળ સામે - હાળમાં
અમદાવાદ

શ્રી ગંભીરા પાર્શ્વનાથાય નમઃ

卐 કડીબદ્ધ 卐

# દેવવંદનમાળા.

(વિધિ તથા કથાઓ સહિત)

શ્રીવિજયલક્ષ્મીસૂરિ, શ્રીજ્ઞાનવિમલસૂરિ, પં૦ રૂપવિજયજી, પં૦ દાનવિજયજી, પં૦ પદ્મવિજયજી, પં૦ વીરવિજયજી વિરચિત દેવવંદનો તથા મૌન એકાદશીનું દોઢશો કલ્યાણકોનું ગણણું તેમજ જ્ઞાનપંચમી વગેરે કથાઓ સહિત.

—: પ્રકાશક :—
સંઘવી મૂળજીભાઇ ઝવેરચંદ.
મુ. પાલીતાણા.

પ્રાપ્તિસ્થાન:—
મહેતા નાગરદાસ પ્રાગજીભાઇ.
દોશીવાડાની પોળ સામે ઢાળમાં—અમદાવાદ.

કિંમત ત્રણ રૂપીયા.

# પ્રસ્તાવના.

પ્રથમ ઘણી દેવવંદનમાળાઓ છપાઇ ગઇ છે. તથા દેવવંદનના પર્વો ઘણા પ્રસિદ્ધ છે. આ દેવવંદનમાળામાં પાંચ પર્વોના દેવવંદનો આપવામાં આવ્યા છે. આ દેવવંદનમાળામાં કેટલીક વિશેષતા છે તે આ પ્રમાણે:—

૧. અત્યાર સુધી છપાએલી દેવવંદનમાળાઓ સળંગ ગાથાબદ્ધ છે, ત્યારે આ દેવવંદનમાળા કડીબદ્ધ છાપવામાં આવી છે. જેથી દેવવંદન કરનારને વાંચવામાં ગણી સુગમતા પડશે.

૨. આમાં આપવામાં આવેલ દેવવંદનોની પહેલાં તે દેવવંદન રચનારનો કાંઇક ટૂંક પરિચય આપી તે પછી તે પર્વનો મહિમા જણાવનારી તેની કથા આપવામાં આવી છે. તેથી દેવવંદન કરનારને તે કથા દેવવદનનો ભાવ સમજવામાં મદદ રૂપ થશે. ત્યાર પછી દેવવંદન આપેલ છે.

૩ દેવવંદનમાં આવતા સ્મરણો—**સંતિકરં, તિજયપહુત્ત, નમિઊણ, અજીતશાંતિ, મોટી શાંતિ, ભક્તામર** તથા **ચૈત્યવંદન ભાષ્ય** પણ સાથે આપવામાં આવેલ છે

આ દેવવંદનમાળામાં આપવામાં આવેલ દેવવંદનોનો ટૂંક ભાવાર્થ:–


૧ **જ્ઞાનપંચમીના દેવવંદન**—આ દેવવંદન વિજયલક્ષ્મીસૂરિએ બનાવ્યાં છે. તેમાં પાંચ જ્ઞાનનું સ્વરૂપ ટુંકાણમાં ઘણી સુંદર રીતે જણાવ્યું છે. તેમજ જ્ઞાનાવરણીય કર્મ શાથી બંધાય છે, વગેરે હકીકત જણાવી છે.

૨ **ચોમાસીના દેવવંદનઃ**—પં૦ શ્રીવીરવિજયજી મહારાજે આ દેવવંદન રચ્યા છે. આમાં ૨૪ તીર્થંકરોનાં ચૈત્યવંદનો આપ્યા છે. તથા પહેલા, સોલમા, બાવીસમા, ત્રેવીસમા અને ચોવીસમા એ જિનપંચકના સ્તવન થોય સહિત ચૈત્યવંદનો આપી અંતે શાશ્વત અશાશ્વત જિનનાં તથા સિદ્ધાચલાદિ પાંચ

नवपदजी.



गौतमस्वामी.



माणिभद्रजी.



सरस्वती.



Copyright Reserved N. P. MEHTA Ahmedabad.

DEEPAK PRINTERY. AHMEDABAD.

તીર્થોનાં સ્તવનો આપ્યા છે. તે સિવાય બીજા ચોમાસીના દેવવંદન પં. પદ્મવિજયજી વિરચિત, શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત છે. તેમાં ઉપર પ્રમાણેજ રચના છે.

૩ **મૌન એકાદશીનાં દેવવંદનઃ**—પં૦ શ્રીરૂપવિજયજીએ આ દેવવંદન રચ્યા છે. તેમાં વર્તમાન ચોવીસીના, અતીત ચોવીસીના અને અનાગત ચોવીસીના મળી કુલ દોઢસો કલ્યાણકો થયા છે, તેનું સ્વરૂપ જણાવ્યું છે. સાથે મૌન એકાદશીનું ગણણું આપવામાં આવ્યું છે બીજા મૌન એકાદશીના દેવ શ્રીજ્ઞાનવિમલસૂરિ વિરચિત છે.

૪ **ચૈત્રી પુનમના દેવવંદન**—શ્રીદાનવિજયજીએ આ દેવવંદન રચ્યા છે. તેમાં શ્રીસિદ્ધાચળ ઉપર પહેલા શ્રીઋષભદેવ ભગવાન સમોસર્યા. તેમણે શ્રી શત્રુંજય તીર્થનો મહિમા વર્ણવ્યો. તેમ જ અહીયાં તેમના પ્રથમ ગણધર શ્રીપુંડરિકસ્વામી પાંચ કરોડ મુનિવરો સાથે ચૈત્રી પુનમે સિદ્ધિ પદને પામ્યા વગેરે વર્ણન કરી ચૈત્રી પુનમનો મહિમા જણાવ્યો છે. બીજા ચૈત્રી પુનમના દેવ શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત આપ્યા છે.

૫ **દીવાળીના દેવવંદન**—શ્રીજ્ઞાનવિમલસૂરિએ બનાવ્યા છે. તેમાં આસો વદ અમાવાસ્યાને દિવસે ચરમ તીર્થંકર શ્રીમહાવીર-સ્વામી મોક્ષે ગયા, તેમજ તેમના પ્રથમ ગણધર ગૌતમસ્વા-મીને કેવલજ્ઞાન થયું વગેરેનું વર્ણન કર્યું છે.

૬ **એકાદશ ગણધરના દેવવંદન**—શ્રીજ્ઞાનવિમલસૂરિએ બનાવ્યા છે. તેમાં ચરમ તીર્થપતિ શ્રી મહાવીર સ્વામીના ૧૧ ગણધરો સંબંધી હકીકત જણાવી છે.

જ્ઞાન પંચમીના દેવવંદના કારતક સુદ પાંચમે, ચોમાસીના કારતક સુદ ચૌદસે, ફાગણ સુદ ચૌદસે તથા અશાડ સુદ ચૌદસે એમ વર્ષમાં ત્રણ વાર, મૌન એકાદશીના માગસર સુદ એકાદશીએ, ચૈત્રી પુનમના દેવ ચૈત્ર સુદ પુનમે તથા દીવાળીના દેવવંદન આસો વદ અમાસે ભણાવાય છે.

આ દેવવંદન ઉપાશ્રયમાં સાધુ તથા શ્રાવક સમુદાયમાં તથા સાધ્વીઓ તથા શ્રાવિકાઓના સમુદાયમાં ભણાવાય છે. તે વખતે વિવિધ રાગ રાગણીવાળા દેવવંદન સાંભળતાં અપૂર્વ ભાવ જાગે છે. તેથી વિશુદ્ધ પરિણામવાળો જીવ કર્મની નિર્જરા કરે છે. માટે દરેક જણે આ દેવવંદનો ભણાવવામાં ઉદ્યમવાળા થવું જોઇએ.

છેવટમાં આ પુસ્તકને શુદ્ધ કરવામાં તથા તેના પ્રુફો સુધારી આપવા માટે **માસ્તર મંગળદાસ મનસુખરામનો** તથા ઉપયોગી સૂચનો અને સલાહ આપવા માટે પાંજરાપોળના ઉપાશ્રયે બિરાજમાન મુનિરાજ **શ્રી નિરંજનવિજયજી** મહારાજનો આભાર માનવામાં આવે છે. વિશેષમાં આ પુસ્તકમાં અજાણપણાથી, દૃષ્ટિદોષથી કે પ્રેસદોષથી જે કાંઇ ભૂલચૂક રહી ગઇ હોય તે માટે મિચ્છામિ દુક્કડં આપી વિરમું છું.

# અનુક્રમણિકા.


| દેવવંદનનું નામ. | કર્તાનું નામ. | પૃષ્ટ |
|---|---|---|
| ૧ જ્ઞાનપંચમીના. | શ્રીવિજયલક્ષ્મીસૂરિજી | ૧ થી ૩૫ |
| ૨ ચોમાસીના. | પં૦ શ્રીવીરવિજયજી | ૩૬ થી ૯૧ |
| ૩ ચોમાસીના. | પં૦ શ્રીપદ્મવિજયજી | ૯૨ થી ૧૪૨ |
| ૪ મૌન એકાદશીના. | પં૦ શ્રીરૂપવિજયજી | ૧૪૩ થી ૧૮૬ |
| ૫ ચૈત્રી પૂનમના. | પં૦ શ્રીદાનવિજયજી | ૧૮૭ થી ૨૩૯ |
| ૬ દીવાળીના. | શ્રી જ્ઞાનવિમલસૂરિજી | ૨૪૦ થી ૨૬૪ |
| ૭ મૌન એકાદશીના | ,, | ૨૬૫ થી ૨૮૧ |
| ૮ ચૈત્રી પૂનમના | ,, | ૨૮૨ થી ૩૦૮ |
| ૯ ચોમાસીના | ,, | ૩૦૯ થી ૩૪૨ |
| ૧૦ અગિઆર ગણધરના | ,, | ૩૪૩ થી ૩૬૦ |


ધી નવપ્રભાત પ્રિ. પ્રેસમાં શાહ મણીલાલ
છગનલાલે છાપ્યું. ઘીકાંટા—અમદાવાદ.

## શ્રી જ્ઞાનપંચમીના દેવવંદનના રચનાર

# શ્રી વિજયલક્ષ્મી સૂરિ.

આ આચાર્યશ્રીનો જન્મ આબુ પાસેના **પાલડી** ગામમાં સંવત ૧૭૯૭ ના ચૈત્ર સુદ પાંચમે થયો હતો. તેમનો પિતાનું નામ **હેમરાજ** અને માતાનું નામ **આણંદ** હતું. તેમનું નામ **સુરચંદ** હતું. તેઓ જ્ઞાતિએ પોરવાડ વણિક હતા. સં. ૧૮૧૪ ના મહા સુદી પાંચમને શુક્રવારે **સૌભાગ્ય સૂરિ** પાસે તેમણે દીક્ષા લીધી. **સુવિધિવિજય** નામ રાખ્યું. આચાર્ય પદ પણ સીનોરમાં સં.          ના ચૈત્ર સુદ ૯ ગુરૂવારે આપવામાં આવ્યું. તેઓ સંવત ૧૮૬૮ માં પાલીમાં સ્વર્ગવાસ પામ્યા.

૬૪ મી પાટે **વિજય ઋદ્ધિ સૂરિ** થયા. તેમના બે પટ્ટધર થયા—૧ **સૌભાગ્ય સૂરિ**, ૨ **પ્રતાપ સૂરિ**. વિજય સૌભાગ્ય સૂરિના **વિજયલક્ષ્મી સૂરિ** અને વિજય પ્રતાપસૂરિના **વિજય ઉદય સૂરિ** થયા. ઉદયસૂરિના સ્વર્ગવાસ પછી સં. ૧૮૪૯ માં તેમની પાટ પર **વિજય લક્ષ્મી સૂરિ** આવ્યા. તેઓશ્રીએ વિંશતિ સ્થાનક, ઉપદેશ પ્રાસાદ, પટ્ટાવલિ વગેરે ઘણી સંસ્કૃત કૃતિઓ રચેલી છે.

તેઓએ ગુર્જર ભાષામાં પૂજા, સ્તવનો, ઢાળીયાં વગેરે અનેક કૃતિઓ બનાવી છે. તે વિદ્યમાન છે. પ્રસ્તુત દેવવંદનમાળામાં જ્ઞાન-પંચમીના દેવવંદન પણ તેઓશ્રીએ બનાવ્યા છે. તેથી તેમનો ટૂંક પરિચય અહીં આપ્યો છે. તેમનું વિશેષ ચરિત્ર જૈનયુગ, ઐતિહાસિક રાસમાળા વગેરેમાંથી જિજ્ઞાસુઓએ જાણવું.

આ જ્ઞાન પંચમીની આરાધના કરી **વરદત્ત** અને **ગુણમંજરી** શ્રેષ્ઠ મોક્ષ પદવી પામ્યા છે. અહીં પ્રસંગ હોવાથી જ્ઞાન પંચમીના દેવવંદનની શરૂઆત કરતાં પહેલાં તે બંનેએ જ્ઞાનની વિરાધના કરવાથી કેવાં દુ:ખો ભોગવ્યાં અને પછીથી જ્ઞાનની આરાધના કરવાથી સુખો ભોગવી અંતે મોક્ષ પામ્યા તે સંબંધી તેમની જીવનકથા ટૂંકમાં આ પ્રમાણે:—

## વરદત્ત ગુણમંજરીની જીવનકથા.

જંબૂદ્વીપમાં ભરત ક્ષેત્રમાં **પદ્મપુર** નામે પ્રસિદ્ધ નગરમાં **અજિતસેન** નામે રાજા રાજ્ય કરતા હતા. તેમને રૂપ લાવણ્યવાળી ચોસઠ કળામાં નિપુણ **યશોમતી** નામે રાણી તથા **વરદત્ત** નામે કુમાર હતો. તે પાંચ ધાવ માતાઓથી લાલન પાલન કરાતો આઠ વર્ષનો થયો. તે વખતે માત પિતાએ શુભ મુહૂર્તે વિદ્યાભ્યાસ કરવા માટે પંડિત પાસે મૂક્યો. પંડિત પણ વરદત્ત રાજાનો કુંવર હોવાથી તેને ખંતથી ભણાવવા લાગ્યો. પરંતુ કુમારને એક અક્ષર પણ મોઢે ચઢતો નહોતો. તેથી ન્યાય વ્યાકરણ વગેરે ભણવાની તો શી આશા ? વરદત્ત કુમારે પૂર્વભવમાં તીવ્ર જ્ઞાનાવરણીય કર્મ બાંધેલ હોવાથી તે ભણી શક્યો નહિ. એમ વર્ષો જતાં અનુક્રમે તે યુવાવસ્થામાં આવ્યો. તે વખતે શરીરે કોઢ રોગ થવાથી તે દુઃખમાં દહાડા કાઢવા લાગ્યો.

તેજ નગરમાં સાત કોટિ સુવર્ણનો માલિક **સિંહદાસ** નામે ઉત્તમ શેઠ હતો. તેને **કર્પૂરતિલકા** નામની સ્ત્રીથી **ગુણમંજરી** નામે એક પુત્રી હતી. તે જન્મથી રોગી અને મૂંગી હતી. અનેક જાતના ઉપચાર કરવા છતાં તેની અસર થઈ નહિ. તેથી તે દુઃખ ભોગવતી યુવાવસ્થાને પામી. પરંતુ કોઈ તેને પરણવા તૈયાર થયું નહિ. તેથી પરિવાર સાથે તેના મા બાપ દુઃખી થાય છે.

એવામાં એક વાર ચાર જ્ઞાની **શ્રી વિજયસેન સૂરિ** નામના ગુરૂ મહારાજ ત્યાં પધાર્યા. તે વખતે પુત્ર તથા

પરિવાર સાથે લઇને રાજા, તેમજ પુત્રીની સાથે સિંહદાસ ગુરૂને વંદના કરવા આવ્યા. નગર લોકો પણ વંદન કરવા આવ્યા. સૌ યોગ્ય સ્થાનકે બેઠા. તે વખતે ગુરૂ મહારાજે ધર્મ-દેશના આપવા માંડી.

"હે ભવ્ય પ્રાણીઓ! નિર્વાણને ઇચ્છતા જીવોએ જ્ઞાનની આરાધનામાં ઉદ્યમ કરવો જોઇએ. જે જીવો તે જ્ઞાનની મનથી વિરાધના કરે છે તેઓ ભવાન્તરમાં વિવેક રહિત શૂન્ય મન-વાળા થાય છે. જેઓ જ્ઞાનની વચનથી વિરાધના કરે છે તેઓ મૂંગાપણું તેમજ મુખના રોગને પામે છે. તેમજ જયણા વિના કાયાથી જેઓ વિરાધના કરે છે તેમના શરીરમાં દુષ્ટ કોઢ વગેરે રોગો ઉત્પન્ન થાય છે. માટે પોતાનું ભલું ઇચ્છનારે જ્ઞાનની વિરાધના કરવી નહિ."

ગુરૂ મહારાજની ઉપર પ્રમાણેની દેશના સાંભળી સિંહદાસ શેઠે પૂછયું કે "હે પ્રભો! આ મારી પુત્રી ગુણમંજરી કયા કર્મથી રોગી તથા મૂંગી થઇ છે?" જવાબમાં ગુરૂએ ગુણમંજરીનો પૂર્વભવ નીચે પ્રમાણે કહ્યો:—

"ધાતકીખંડના પૂર્વાર્ધમાં ભરતક્ષેત્રમાં ખેટક નામના નગરમાં જિનદેવ નામે ધનવાન શેઠ રહેતો હતો. તેને સુંદરી નામે સ્ત્રીથી પાંચ પુત્રો અને ચાર પુત્રીઓ થઇ. ભણવા લાયક થયા ત્યારે શેઠે પાંચે પુત્રોને ગુરૂ પાસે ભણવા માટે નિશાળે મૂકયા. તેઓ કાંઇ ભણતા નહિ, પરસ્પર રમત કરતા અને ગુરૂ ઠપકો આપે અથવા શિક્ષા કરે ત્યારે મા પાસે આવીને ગુરૂ તેમને મારે છે એવી ફરિયાદ કરતા. આથી

માતા ગુરૂને ઠપકો આપતી અને છોકરાંનાં પુસ્તકો વગેરે બાળી નાખતી. શેઠે આ વાત જાણીને સ્ત્રીને ઠપકો આપતાં કહ્યું કે "પુત્રોને અભણ રાખશું તો તેમને કન્યા કોણ આપશે? અને વેપાર કેવી રીતે કરશે ?" તે વખતે શેઠાણી બોલી કે "તમે જ પુત્રોને ભણાવોને ? કેમ નથી ભણાવતા ?" અનુક્રમે પુત્રો મોટા થયા. પરંતુ તેમને અભણ જાણી કોઈ કન્યા આપતું નથી. તે વખતે શેઠે સ્ત્રીને કહ્યું કે "તેં જ પુત્રોને ભણવા દીધા નહિ તેથી તેમને કોઈ કન્યા આપતું નથી." ત્યારે તે શેઠનો વાંક કાઢીને કહેવા લાગી કે "પુત્રો પિતાને સ્વાધીન હોય છે તો તમે તેમને કેમ ભણાવ્યા નહિ ?" ઉલટો પોતાનો વાંક કાઢતી સ્ત્રી ઉપર ગુસ્સે થએલા શેઠે કહ્યું કે "હે પાપિણી ! પોતાનો દોષ છતાં તું મારા સામે કેમ બોલે છે ? તે વખતે તે સ્ત્રી પણ બોલી કે તમારો બાપ પાપી છે. આથી કોપેલા શેઠે તેણીને પથરો માર્યો. મર્મ સ્થાને વાગવાથી તે સુંદરી મરણ પામી. ત્યાંથી મરીને તે સુંદરી તમારી **ગુણમંજરી** નામે પુત્રી થઈ છે, પૂર્વ ભવમાં જ્ઞાનની વિરાધના કરવાથી તે આ ભવમાં મૂંગી અને રોગી થઇ છે. માટે જ કહ્યું છે કે કરેલાં કર્મોનો ભોગવ્યા સિવાય નાશ થતો નથી."

ગુરૂનો ઉપદેશ સાંભળીને ગુણમંજરીને જાતિસ્મરણ જ્ઞાન થયું. તેથી તેણે ગુરૂએ કહ્યા પ્રમાણેનો પોતાનો પૂર્વ ભવ જોયો. તેથી ગુરૂને કહ્યું કે "હે ગુરૂજી ! તમારૂં કહેવું સાચું છે." ત્યાર પછી શેઠે ગુરૂને પૂછ્યું કે "મારી પુત્રી નીરોગી થાય તેવો કોઈ ઉપાય જણાવો." ત્યારે ગુરૂએ કહ્યું કે, 'જ્ઞાનની

આરાધનાથી સુખની પ્રાપ્તિ અને દુઃખનો નાશ થાય છે. માટે **આ જ્ઞાન પંચમી** અથવા **સૌભાગ્ય પંચમી**ની આરાધના કરવાથી તેના રોગો નાશ પામશે અને સુખી થશે." આ પર્વની આરાધના આ પ્રમાણે કરવી:—

"કારતક માસની સુદ પંચમીએ વિધિપૂર્વક ઉપવાસ કરવો. ઉંચા આસને પુસ્તકાદિ જ્ઞાનને સ્થાપન કરી તેની સુગંધિદાર પુષ્પો તથા વાસક્ષેપથી પૂજા કરવી. ધૂપ કરવો. પાંચ દિવેટનો દીપક કરવો. પાંચ વર્ણનાં ધાન્ય, પાંચ પ્રકારનાં પકવાન્ન તથા પાંચ જાતિનાં ફળો મૂકીને એકાવન સાથીયા કરવા. '**નમો નાણસ્સ**' એ પદની ૨૦ નવકારવાળી ગણવી. જ્ઞાનનું ચૈત્યવંદન કરવું. તથા જ્ઞાનની આરાધના માટે ૫૧ લોગસ્સનો કાઉસગ્ગ કરવો. આ પ્રમાણે જાવજીવ સુધી કારતક સુદી પાંચમની આરાધના કરવી. બીજી રીત એવી પણ છે કે કારતક સુદ પાંચમથી આરંભી દરેક માસની સુદ પાંચમે ઉપરની વિધિ કરવી. એ પ્રમાણે પાંચ વરસ અને પાંચ માસ કરે તો આ તપ પૂરો થાય. આ દિવસે પૌષધ કર્યો હોય તો પારણાને દિવસે વિધિ કરવી. તપ પૂરો થાય ત્યારે યથાશક્તિ પાંચ જ્ઞાનનું ઉદ્યાપન (ઉજમણું) કરવું." ગુરૂનાં વચન સાંભળી ગુણસુંદરીએ જ્ઞાન પંચમીનું આરાધન કરવાનું ગુરૂ પાસે સ્વીકાર્યું. અને તેણે ત્યાર પછી તેનું વિધિપૂર્વક પાલન કર્યું.

તે વખતે અજિતસેન રાજાએ પણ ગુરૂ મહારાજને પૂછ્યું કે "હે ગુરૂ મહારાજ! આ મારો પુત્ર વરદત્ત એક અક્ષર પણ ભણી શકતો નથી તથા કોઢના રોગથી પીડા

પામે છે તેનું શું કારણ હશે તે કૃપા કરી જણાવો.” ગુરૂ મહારાજે પણ કહ્યું કે હે રાજન્! તમારા પુત્રની આવી દશા શાથી થઇ તે માટે તેનો પૂર્વ ભવ સાંભળો:—

“આ જંબૂદ્વીપમાં ભરતક્ષેત્રમાં **શ્રીપુર** નામે નગરમાં **વસુદેવ** નામે શેઠ રહેતા હતા. તેને **વસુસાર** અને **વસુદેવ** નામે બે પુત્રો હતા. યુવાવસ્થામાં આવેલા તે બંને એક વાર ક્રીડા કરવાને વનમાં ગયા. ત્યાં **શ્રીમુનિસુન્દર** નામના સૂરીશ્વરને જોઇને તે બંનેએ તેમને વંદન કર્યું. ગુરૂએ પણ તેમને ધર્મોપદેશ આપ્યો. તેમાં આ ઔદારિક શરીરની નશ્વરતા ( નાશ પામવાપણું ) જણાવી. આવી નાશ પામ-નારી કાયાથી ધર્મ સાધી લેવો તેજ એક સાર છે.”

“ ગુરૂની દેશનાથી બોધ પામીને તે બંને ભાઈઓએ આજ્ઞા લઈ ચારિત્ર ગ્રહણ કર્યું. તેમાં નાનો ભાઇ **વસુદેવ** બુદ્ધિશાળી હોવાથી ચારિત્રનું સુંદર રીતે પાલન કરતાં ઘણા સિદ્ધાન્તના પારગામી થયા. યોગ્ય જાણીને ગુરૂએ પણ તેમને આચાર્યપદ આપ્યું. વસુદેવસૂરિ દરરોજ પાંચસો સાધુઓને વાચના આપતા હતા. ”

“ એક વખત વસુદેવસૂરિ સંથારામાં સૂતા હતા. તે વખતે એક સાધુ આગમનો અર્થ પૂછવા આવ્યા. તેમને તેનો અર્થ જલદી સમજાવ્યો. તે મુનિના ગયા પછી બીજા મુનિ સંદેહ પૂછવા આવ્યા. તેમનું સમાધાન કર્યું. તેવામાં ત્રીજા સાધુ આવ્યા. એ પ્રમાણે અનેક સાધુઓ આવ્યા ને પૂછીને ગયા. ”

"આથી કંટાળેલા ગુરૂના મનમાં એવો કુવિકલ્પ આવ્યો કે મારો મોટો ભાઈ કાંઇ ભણ્યો નથી તેથી તે કૃતાર્થ અને સુખી છે. તેને નિરાંતે ઉંઘવાનું મળે છે. તે મૂર્ખ હોવાથી તેને કોઇ પૂછતું નથી, તેથી કોઈ પ્રકારની માથાફોડ તેમને નથી. તે મરજી મૂજબ ખાય છે અને ચિત્તની શાંતિમાં રહે છે. આવું મૂર્ખાપણું મને પણ મળે તો ઘણું સારૂં, કારણ કે મૂર્ખપણામાં મુખ્ય આઠ ગુણો રહેલા છેઃ— મૂર્ખ ૧ નિશ્ચિન્ત હોય છે, ૨ ઘણું ખાઈ શકે છે. ૩ લજ્જા રહિત મનવાળો હોય છે. ૪ રાત દિવસ સૂઇ રહે છે. ૫ કાર્યાકાર્યની વિચારણામાં આંધળો અને બહેરો હોય છે. ૬ માન અને અપમાનમાં સમાન હોય છે. ૭ રોગ રહિત હોય છે. ૮ મજબૂત શરીરવાળો હોય છે."

"આવું વિચારીને મનમાં નક્કી કર્યું કે હવેથી કોઇને ભણાવીશ નહિ. પૂર્વનું ભણેલું ભૂલી જઈશ, નવું ભણીશ નહિ. ત્યાર પછી બાર દિવસ મૌન રહ્યા. આ પ્રકારના રૌદ્ર-ધ્યાનમાં પાપની આલોચના કર્યા સિવાય મરીને તે વસુદેવ સૂરિ તમારા પુત્ર થયા છે. પૂર્વ ભવમાં બાંધેલ તીવ્ર જ્ઞાના-વરણીય કર્મના ઉદયથી તે અત્યંત મૂર્ખ અને કુષ્ઠ રોગી થયેલ છે. મોટો ભાઇ વસુસાર મરીને માનસ સરોવરમાં હંસ થયો છે. **કર્મની વિચિત્ર ગતિ છે**"

ઉપર પ્રમાણેનાં ગુરૂનાં પોતાના પૂર્વ ભવને જણાવનારાં વચનો સાંભળીને વરદત્ત કુમારને જાતિ સ્મરણ જ્ઞાન થયું. ક્ષણ માત્ર મૂર્છા પામીને સ્વસ્થ થઈને કુમારે ગુરૂને કહ્યું કે ગુરૂનું વચન સત્ય છે.

રાજાએ ગુરૂને પૂછયું કે "આ કુમારના શરીરના રોગો ક્યારે નાશ પામશે ? અને અમને શાંતિ ક્યારે મળશે તે કૃપા કરીને જણાવો." ત્યારે દયાળુ ગુરૂ મહારાજે કહ્યું કે તપના પ્રભાવથી રોગો નાશ પામશે અને સંપત્તિની પ્રાપ્તિ થશે. કારણ કે કહ્યું છે કે "તપના પ્રભાવથી જે દૂર હોય, જે દુઃખે આરાધાય તેવું હોય તે સઘળું તપ વડે સાધ્ય બને છે." ગુરૂએ વરદત્ત કુમારને પણ જ્ઞાન પંચમીનો તપ કરવાનું કહ્યું. કુમારે પણ તે તપ કરવાનું ગુરૂ પાસે અંગીકાર કર્યું. રાજા રાણી અને બીજા લોકોએ પણ તે તપ કરવાનું અંગીકાર કર્યું. ત્યાર પછી સર્વે સ્વસ્થાને ગયા.

વિધિ પૂર્વક પંચમીનું તપ કરતા કુમારના સર્વે રોગો નાશ પામ્યા. શરીર સુંદર થયું. જ્ઞાનાવરણીય કર્મનો સારો ક્ષયોપશમ થવાથી તે સઘળી કળા શીખ્યો. તથા અનેક રાજકન્યાઓ પરણ્યો. રાજાએ વરદત્તને રાજ્ય સોંપી ચારિત્ર લીધું. વરદત્તે પણ લાંબો કાળ રાજ્યનું પાલન કર્યું. દરેક વર્ષે ઉત્સાહ પૂર્વક વિધિ સાથે પંચમીનું આરાધન કરતાં છેવટે પુત્રને રાજ્ય સોંપી વરદત્ત કુમારે પણ દીક્ષા લીધી.

આ તરફ ગુણમંજરીના મહારોગો પણ તપના પ્રભાવથી ચાલ્યા ગયા, તેથી તે અતિ રૂપવતી થઈ. તે મોટા ઉત્સવ પૂર્વક **જિનચન્દ્ર** સાથે પરણી. તેણે પણ તપનું આરાધન કરી લાંબો કાળ ગૃહનું સુખ ભોગવી ચારિત્ર ગ્રહણ કર્યું. એ પ્રમાણે **વરદત્તે** તથા **ગુણમંજરીએ** ચારિત્રનું

અતિચાર રહિત લાંબા કાળ સુધી આરાધન કર્યું. અંતે કાળ કરીને તે બંને **વૈજયન્ત** નામના અનુત્તરવાસી વિમાનમાં દેવ થયા.

ત્યાંથી આયુષ્ય પૂરૂં કરીને ચ્યવીને વરદત્તનો જીવ જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં પુષ્કલાવતી વિજયમાં પુંડરિકિણી નગરીમાં **અમરસેન** રાજાની **ગુણવતી** રાણીની કૂખને વિષે પુત્રપણે ઉત્પન્ન થયો. પૂર્ણ કાલે ઉત્તમ લક્ષણવાળા પુત્રને રાણીએ જન્મ આપ્યો. તેનું **શૂરસેન** નામ પાડયું. અનુક્રમે સર્વ કળા ભણીને યુવાવસ્થાને પામ્યો. અનેક કન્યાઓ પરણ્યો. ત્યાર પછી પિતા પુત્રને રાજ્ય સોંપીને પરલોકમાં ગયા. શ્રી સીમન્ધરસ્વામી વિહાર કરતાં એક વાર તે નગરમાં સમોસર્યા. પ્રભુનું આગમન સાંભળીને રાજા વંદન કરવા ગયા. વાંદીને બેઠા તે વખતે શ્રી જિનેશ્વર દેવે ઉપદેશ આપતાં જણાવ્યું કે " હે ભવ્ય જીવો ! તમો જ્ઞાન પંચમીની આરાધના **વરદત્તની** જેમ વિધિ પૂર્વક કરો. પ્રભુનાં વચન સાંભળી રાજાએ વરદત્તનો વૃત્તાંત પૂછયો. તે વખતે પ્રભુએ વરદત્તનો (શૂરસેનના પૂર્વ ભવનો) સર્વ વૃત્તાંત કહીને જ્ઞાન પંચમીનું વિશેષ માહાત્મ્ય જણાવ્યું. તેથી ઘણા લોકોએ પંચમીનું તપ અંગીકાર કર્યું. શૂરસેન રાજાએ પણ દશ હજાર વર્ષ સુધી રાજ્ય સુખ ભોગવીને અનેક પુણ્ય કાર્યો કરીને પ્રભુ પાસે દીક્ષા લીધી. એક હજાર વર્ષ ચારિત્ર પાળીને કેવલજ્ઞાન પામી તેઓ મોક્ષે ગયા.

હવે દેવલોકમાં ગએલ **ગુણમંજરીનો** જીવ આયુષ્ય પૂર્ણ થએ ત્યાંથી ચ્યવીને જંબૂદ્વીપમાં મહાવિદેહ ક્ષેત્રમાં

**ઉમા** નામની વિજયમાં **શુભા** નામની નગરીમાં **અમરસિંહ** રાજાની **અમરાવતી** રાણીની કૂક્ષીમાં પુત્રપણે ઉત્પન્ન થયો, યોગ્ય સમયે જન્મેલા તે પુત્રનું સુગ્રીવ નામ પાડયું. વીસ વર્ષની ઉંમર થએ સુગ્રીવને રાજ્ય સોંપી પિતાએ દીક્ષા લીધી. સુગ્રીવ રાજા ઘણી રાજ કન્યાઓ પરણ્યા. તેમને અનેક પુત્રો થયા, તેમાં મોટા પુત્રને ગાદીએ બેસાડી તેમણે દીક્ષા લીધી. કેવલજ્ઞાન પામી ભવ્ય જીવોને બોધ પમાડતાં એક લાખ પૂર્વ સુધી ચારિત્ર પાળી સર્વ કર્મનો ક્ષય કરી મોક્ષે ગયા.

એ પ્રમાણે વરદત્ત અને ગુણમંજરી બંને જણા જ્ઞાન પંચમીની આરાધના કરીને મોક્ષે ગયા. આ જ્ઞાન પંચમીની આરાધનાથી સૌભાગ્યની વૃદ્ધિ થતી હોવાથી એને સૌભાગ્ય પંચમી પણ કહે છે. આ બંનેની બોધદાયક કથા વાંચીને ભવ્ય જીવો જ્ઞાનપંચમીની આરાધનામાં ઉદ્યમી બનો ! ! !

---


## આપણા બાળકોને ખાસ વંચાવો—

**જ્ઞાનપંચમીનો મહિમા યાને વરદત્ત-ગુણમંજરી.** (સચિત્ર)

આ પુસ્તક બાળકોને ગમે તેવું સુંદર ને સહેલાઇથી સમજી શકે તેવી સરળ ભાષામાં લખાયેલ છે.

આ પુસ્તક **જ્ઞાનપંચમી** વિષેનું છે, તેમાં જ્ઞાનની મહત્તા, તેનાથી થતા લાભો અને તેની આશાતનાથી થતા ગેરલાભો સુંદર રીતે **પૂ. મુનિશ્રી નિરંજનવિજયજી** મહારાજશ્રીએ આલેખ્યા છે, અને સુંદર ભાવવાહી દસેક ચિત્રો પણ મૂકવામાં આવ્યા છે. જે બાળકોને ખૂબ ગમશે માટે મંગાવો.

પ્રાપ્તિસ્થાનઃ—**નાગરદાસ પ્રાગજીભાઈ.**
ઠે. દોસીવાડાની પોળ, મહાવીર સ્વામીનો ઢાળ—**અમદાવાદ.**

ॐ

॥ श्रीपार्श्वनाथाय नमः ॥

આચાર્ય વિજયલક્ષ્મીસૂરિકૃત

# શ્રી જ્ઞાનપંચમી દેવવંદન.

## પ્રથમ વિધિ.

પ્રથમ બાજોઠ અથવા ઠવણી ઉપર રૂમાલ ઢાંકી પાંચ પુસ્તકો મૂકીને વાસક્ષેપથી જ્ઞાનની પૂજા કરીએ, વળી પાંચ દીવેટનો દીવો કરીએ. તે દીવો જયણા પૂર્વક પુસ્તકની જમણી બાજુએ સ્થાપીએ અને ધૂપધાણું ડાબી બાજુએ મૂકીએ. પુસ્તક આગલ પાંચ અથવા એકાવન સાથીયા કરી ઉપર શ્રીફળ તથા સોપારી મૂકીએ. યથાશક્તિ જ્ઞાનની દ્રવ્ય પૂજા કરીએ, પછી દેવ વાંદીએ. સામાયિક તથા પોસહ મધ્યે વાસક્ષેપ પૂજાએ પુસ્તક પૂજીને દેવ વાંદીએ, અથવા દહેરા મધ્યે બાજોઠ ત્રણ ઉપરા ઉપર માંડી, તે ઉપર પાંચ જિનમૂર્તિ સ્થાપીએ, તથા મહાઉત્સવથી પોતાને ઠામે સ્નાત્ર ભણાવીએ. પ્રભુ આગળ જમણી તરફ પુસ્તક માંડયું હોય, તેની પણ વાસક્ષેપ પ્રમુખે પૂજા કરીયે; તથા ઉજમણું માંડયું હોય ત્યાં પણ યથાશક્તિ જિનબિંબ આગળ લઘુ સ્નાત્ર ભણાવીને અથવા સત્તરભેદી પૂજા ભણાવીને પછી શ્રી સોભાગ્યપંચમીનાં દેવ વાંદીએ.

## દેવ વાંદવાનો વિધિ કહે છે.

પ્રથમ પ્રગટ નવકાર કહી ઈરિયાવહી૦ પડિક્કમી એક લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી, ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! મતિજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? એમ કહી પછી યોગમુદ્રાએ ચૈત્યવંદન કરીએ, તે કહે છે.

## શ્રી મતિજ્ઞાનનું ચૈત્યવંદન.

શ્રી સૌભાગ્યપંચમી તણો, સયલ દિવસ શિણગાર;
પાંચે જ્ઞાનને પૂજીયે, થાય સફલ અવતાર. ૧
સામાયિક પોસહ વિષે, નિરવદ્ય પૂજા વિચાર;
સુગંધ ચૂર્ણાદિક થકી, જ્ઞાન ધ્યાન મનોહાર. ૨
પૂર્વ દિશે ઉત્તર દિશે, પીઠ રચી ત્રણ સાર;
પંચ વરણ જિન બિંબને, સ્થાપીજે સુખકાર. ૩
પંચ પંચ વસ્તુ મેલવી, પૂજા સામગ્રી જોગ;
પંચ વરણ કલશા ભરી, હરીએ દુઃખ ઉપભોગ. ૪
યથાશક્તિ પૂજા કરો, મતિ જ્ઞાનને કાજે;
પંચ જ્ઞાનમાં [1]ધુરે કહ્યું, શ્રી જિનશાસન રાજે. ૫
મતિ શ્રુત વિણ હોવે નહિ, એ અવધિ પ્રમુખ મહાજ્ઞાન;
તે માટે મતિ ધુરે કહ્યું, મતિ શ્રુતમાં મતિ માન. ૬
ક્ષય ઉપશમ આવરણનો, લબ્ધિ હોયે સમકાલે;
સ્વામ્યાદિકથી અભેદ છે, પણ મુખ્ય ઉપયોગ કાલે. ૭
લક્ષણ ભેદે ભેદ છે, કારણ કારજ યોગે;
મતિ સાધન શ્રુત સાધ્ય છે, કંચન કલશ સંયોગે. ૮
પરમાતમ પરમેસરૂ એ, સિદ્ધ સયલ ભગવાન;

૧ પ્રથમ.

મતિ જ્ઞાન પામી કરી, કેવલ લક્ષ્મી નિધાન. ૯

ઇતિ ચૈત્યવંદન. ૧

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે–

## શ્રી મતિજ્ઞાનનું સ્તવન.

રસિયાની દેશી.

પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને, ગાજે જગમાં રે જેહ સુજ્ઞાની;
શુભ ઉપયોગે ક્ષણમાં નિર્જરે રે, મિથ્યા સંચિત ખેહ.
સુજ્ઞાની પ્રણમો૦ (આ પ્રમાણે દરેક ગાથામાં બોલવું.) ૧
સંતપદાદિક નવ દ્વારે કરી, મતિ અનુયોગ પ્રકાશ;
નય વ્યવહારે આવરણ ક્ષય કરી, અજ્ઞાની જ્ઞાન ઉલ્લાસ. ૨
જ્ઞાની જ્ઞાન લહે નિશ્ચય કહે, દો નય પ્રભુજીને સત્ય;
અંતરમુહૂર્ત્ત રહે ઉપયોગથી, એ સર્વ પ્રાણીને નિત્ય. ૩
લબ્ધિ અંતરમુહૂર્ત લઘુપણે, છાસઠ સાગર જિટ્ઠ;
અધિકો નરભવ બહુ વિધ જીવને, અંતર કહિયે ન દિટ્ઠ. ૪
સંપ્રતિ સમયે એક બે પામતા, હોય અથવા નવિ હોય;
ક્ષેત્ર પલ્યોપમ ભાગ અસંખ્યમાં, પ્રદેશ માને બહુ જોય. ૫
મતિજ્ઞાન પામ્યા જીવ અસંખ્ય છે, કહ્યા [1] પડિવાઈ અનંત;
સર્વ આશાતન વરજો જ્ઞાનની, વિજયલક્ષ્મી લહો સંત.
સુજ્ઞાની પ્રણમો પંચમી દિવસે જ્ઞાનને. ૬

ઇતિ શ્રી મતિજ્ઞાનનું સ્તવન.

---

૧ મતિજ્ઞાન પામીને પડેલા.

પછી જયવીયરાય કહી, ખમાસમણ દેઈ, ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી મતિજ્ઞાન આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં ? ઇચ્છં ! શ્રીમતિજ્ઞાન આરાધનાર્થં કરેમિ કાઉસ્સગ્ગં વંદણવત્તિઆએ૦ પછી અન્નત્થ ઉસસિએણં૦ કહી એક લોગસ્સનો ચંદેસુ નિમ્મલયરા સુધીનો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસ્સગ્ગ કરી, કાઉસ્સગ્ગ પારી, 'નમોઽર્હત્સિદ્ધાચાર્યોપાધ્યાયસર્વસાધુભ્યઃ' કહી થોય કહેવી. તે નીચે પ્રમાણે—

થોય—( શ્રી શંખેશ્વર પાસ જિનેસર–એ દેશી. )

શ્રી મતિજ્ઞાનની તત્ત્વભેદથી, પર્યાયે કરી વ્યાખ્યાજી;
ચઉવિહ દ્રવ્યાદિકને જાણે, આદેશે કરી દાખ્યા જી;
માને વસ્તુ ધર્મ અનંતા, નહિ અજ્ઞાન વિવક્ષા જી;
તે મતિજ્ઞાનને વંદો પૂજો, વિજયલક્ષ્મી ગુણ કાંક્ષા જી;

પછી ખમાસમણ દેઈ એક ગુણનો દુહો કહી, પછી બીજું ખમાસમણ દેઇ બીજો ગુણ વરણવવો. એ રીતે મતિજ્ઞાન સંબંધો અઠ્ઠાવીશ ખમાસમણ દેવાં. તેની પીઠિકાના દુહા પ્રથમ કહેવાના તે આ પ્રમાણે—

દુહા.

શ્રી શ્રુતદેવી ભગવતી, જે બ્રાહ્મી લીપિ રૂપ;
પ્રણમે જેહને ગોયમા, હું વંદું સુખ રૂપ. ૧
જ્ઞેય[1] અનંતે જ્ઞાનના, ભેદ અનેક વિલાસ;
તેહમાં એકાવન કહું, આતમધર્મ પ્રકાશ. ૨

૧ જાણવા લાયક વસ્તુ.

ખમાસમણુ એક એકથી, સ્તવીયે જ્ઞાન ગુણુ એક;
એમ એકાવન દીજીએ, ખમાસમણુ સુવિવેક. ૩
શ્રી સૌભાગ્યપંચમી દિને, આરાધો મતિજ્ઞાન;
ભેદ અઠ્ઠાવીશ એહના, સ્તવીયે કરી બહુમાન. ૪
ઇંદ્રિય વસ્તુ પુગ્ગલા, મલવે [1]અવત્તવ નાણુ;
લોચન મન વિણુ [2]અક્ષને, વ્યંજનાવગ્રહ જાણુ. ૫
ભાગ અસંખ્ય આવલી લઘુ, સાસ [3]પહુત્ત ઠિઇ જિટ્ઠ;
પ્રાપ્યકારી ચઉ ઇંદ્રિયો, અપ્રાપ્યકારી દુગ દિટ્ઠ. ૬

### ખમાસમણુના દુહા.

સમકિત શ્રદ્ધાવંતને, ઉપન્યો જ્ઞાન પ્રકાશ;
પ્રણુમું [4]પદકજ તેહના, ભાવ ધરી ઉલ્લાસ. ૧

અહીં પહેલું ખમાસમણુ દેવું ને એ પ્રમાણે એ દુહો ગુણુ ગુણુ દીઠ કહેવો અને કહ્યા પછી ખમાસમણુ આપવું. ખમા૦ ૧.

### દુહા.

નહી વર્ણાદિક યોજના, અર્થાવગ્રહ હોય;
[5]નોઇંદ્રિય પંચઇંદ્રિયે, વસ્તુગ્રહણુ કાંઇ જોય. સમ૦ ૨
અન્વય વ્યતિરેકે કરી, અંતરમુહૂર્ત પ્રમાણુ;
પંચેદ્રિય મનથી હોયે, ઇહા વિચારણા જ્ઞાન. સમ૦ ૩

---

૧ અવ્યક્ત. ૨ ઇન્દ્રિયોને. ૩ એથી નવની સંજ્ઞા. ૪ ચરણુ કમલ ૫ મન.

વર્ણાદિક નિશ્ચય વસે, સુર નર એહિ જ વસ્ત;
પંચેંદ્રિય મનથી હોયે, ભેદ અપાય પ્રશસ્ત. સમ૦ ૪
નિર્ણીત વસ્તુ સ્થિર ગ્રહે, કાલાંતર પણ સાચ;
પંચેંદ્રિય મનથી હોયે, ધારણા અર્થ ઉવાચ. સમ૦ ૫
નિશ્ચય વસ્તુ ગ્રહે છતે, સતત ધ્યાન પ્રકામ;
અપાયથી અધિકે ગુણે, અવિચ્યુતિ ધારણા ઠામ. સમ૦ ૬
અવિચ્યુતિ સ્મૃતિતણું, કારજ કારણ જેહ;
સંખ્ય અસંખ્ય કાલજ સુધી, વાસના ધારણ તેહ. સમ૦ ૭
પૂર્વોત્તર દર્શન દ્વય, વસ્તુ અપ્રાપ્ત એકત્વ;
અસંખ્ય કાલે એ તેહ છે, જાતિસ્મરણે તત્ત્વ. સમ૦ ૮
વાજિંત્ર નાદ લહી ગ્રહે, એ તો દુંદુભિ નાદ;
અવગ્રહાદિક જાણે બહુ, ભેદ એ મતિ આહ્લાદ. સમ૦ ૯
દેશ સામાન્યે વસ્તુ છે, ગ્રહે તદપિ સામાન્ય;
શબ્દ એ નવ નવ જાતિનો, એ અબહુ મતિમાન. સમ૦ ૧૦
એકજ [1]તુરિયના નાદમાં, મધુર તરૂણાદિક જાતિ;
જાણે બહુવિધ ધર્મશું, ક્ષય ઉપશમની [2]ભાતિ. સમ૦ ૧૧
મધુરતાદિક ધર્મમાં, ગ્રહવો અલ્પ સુવિચાર;
અબહુવિધ મતિ ભેદનો, કીધો અર્થ વિસ્તાર. સમ૦ ૧૨

૧ વાજિંત્રના. ૨ પ્રકાર.

શીઘ્રમેવ જાણી સહી, નવી હોય બહુ વિલંબ;
ક્ષિપ્ર ભેદ એ જ્ઞાનનો, જાણો મતિ અવલંબ. સમ૦ ૧૩
બહુ વિચાર કરી જાણીએ, એ અક્ષિપ્રહ ભેદ;
ક્ષયોપશમ વિચિત્રતા, કહે મહાજ્ઞાની સંવેદ. સમ૦૧૪
અનુમાને કરી કો ગ્રહે, ધ્વજથી જિનવર ચૈત્ય;
પૂર્વ પ્રબંધ સંભારીને, નિશ્રિત ભેદ સંકેત. સમ૦ ૧૫
બાહિર ચિહ્નન ગ્રહે નહી, જાણે વસ્તુ વિવેક;
અનિશ્રિત ભેદ એ ધારીએ, આભિનિબોધિક ટેક. સમ૦૧૬
નિઃસંદેહ નિશ્ચયપણે, જાણે વસ્તુ અધિકાર;
નિશ્ચિત અર્થ એ ચિંતવો, મતિ જ્ઞાન પ્રકાર. સમ૦ ૧૭
એમ હોયે વા અન્યથા, એમ સંદેહે જુત્ત;
ધરે અનિશ્ચિત ભાવથી, વસ્તુ ગ્રહણ ઉપયુત્ત. સમ૦ ૧૮
બહુ પ્રમુખ ભેદે ગ્રહ્યું, જિમ એકદા તિમ નિત્ય;
બુદ્ધિ થાયે જેહને, એ ધ્રુવ ભેદનું ચિત્ત. સમ૦ ૧૯
બહુ પ્રમુખ રૂપે કદા, કદા અબહુવાદિક રૂપ;
એ રીતે જાણે તદા, ભેદ અધ્રુવ સ્વરૂપ. સમ૦ ૨૦
અવગ્રહાદિક ચઉ ભેદમાં, જાણવા યોગ્ય તે જ્ઞેય;
તે ચઉભેદે ભાખીયો, દ્રવ્યાદિકથી ગણેય. સમ૦ ૨૧
જાણે આદેશે કરી, કેટલા પર્યાય વિસિટ્ઠ;

ધર્માદિક સવિ દ્રવ્યને, સામાન્ય વિશેષ ગરિટ્ઠ.સમ૦૨૨
સામાન્યાદેશે કરી, લોકાલોક સ્વરૂપ;
ક્ષેત્રથી જાણે સર્વને, તત્ત્વ પ્રતીત અનુરૂપ. સમ૦૨૩
અતીત અનાગત વર્તના, અદ્ધા સમય વિશેષ;
આદેશે જાણે સહુ, વિતથ[1] નહિ લવલેશ. સમ૦૨૪
ભાવથી સવિહુ ભાવનો, જાણે ભાગ અનંત;
ઉદયિકાદિક ભાવ જે, પંચ સામાન્યે લહંત. સમ૦૨૫
અશ્રુતનિશ્રિત માનીયે, મતિના ચાર પ્રકાર;
શીઘ્ર સમય રોહા પરે, અકલ ઉત્પાતકી સાર. સમ૦૨૬
વિનય કરંતાં ગુરૂતણો, પામે મતિ વિસ્તાર;
તે વિનયિકી મતિ કહી, સઘલા ગુણ સિરદાર. સમ૦૨૭
કરતાં કાર્ય અભ્યાસથી, ઉપજે મતિ સુવિચાર;
તે બુદ્ધિ કહી કાર્મિકી, નંદીસૂત્ર મઝાર. સમ૦ ૨૮
જે વયના [2]પરિપાકથી, લહે બુદ્ધિ ભરપૂર;
કમલ વને મહાહંસને, પરિણામિકી એ સનૂર. સમ૦૨૯
અડવીશ બત્રીશ ફુગ ચઉ, ત્રણશેં ચાલીશ જેહ;
દર્શનથી મતિ ભેદ તે, વિજય લક્ષ્મી ગુણગેહ. સમ૦૩૦
ઇતિ શ્રી મતિજ્ઞાન.

૧ ખોટા. ૨ ઉંમર વધવાથી.

## શ્રીશ્રુતજ્ઞાન.

પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રીશ્રુતજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઈચ્છં! કહી ચૈત્યવંદન કહેવું. તે નીચે પ્રમાણે—

### દ્વિતીય શ્રુતજ્ઞાન ચૈત્યવંદન.

શ્રી શ્રુતજ્ઞાનને નિત્ય નમો, સ્વપર પ્રકાશક જેહ;
જાણે દેખે જ્ઞાનથી, શ્રુતથી ટલે સંદેહ.
[1]અનભિલાપ્ય અનંત ભાવ, વચન અગોચર દાખ્યા;
તેહનો ભાગ અનંતમો, વચન પર્યાયે [2]આખ્યા.
વલી કથનીય પદાર્થનો એ, ભાગ અનંતમો જેહ,
ચઉદે પૂરવમાં રચ્યો, ગણધર ગુણ સસનેહ. ૧
માંહોમાંહે પૂરવધરા, અક્ષર લાભે સરિખા;
[3]છઠાણવડીયા ભાવથી, તે શ્રુત મતિય વિશેષા;
તેહિજ માટે અનંતમે, ભાગ નિબદ્ધા વાચા;
સમકિત શ્રુતના માનીયે, સર્વ પદારથ સાચા.

---

૧ ન કહી શકાય તેવા. ૨ કહેવાય તેવા (અભિલાપ્ય) ૩ ષટ્ સ્થાન પતિત અથવા છ પ્રકારની વૃદ્ધિ અને છ પ્રકારની હાનિવાળા. તેમાં ૭ પ્રકારની વૃદ્ધિ આ પ્રમાણે—૧ અનંત ભાગ વૃદ્ધિ, ૨ અસંખ્યાત ભાગ વૃદ્ધિ, ૩ સંખ્યાત ભાગ વૃદ્ધિ, ૪ સંખ્યાત ગુણ વૃદ્ધિ, ૫ અસંખ્યાત ગુણ વૃદ્ધિ, ૬ અનંતગુણ વૃદ્ધિ. એ પ્રમાણે હાનિ પણ ૭ પ્રકારની સમજવી. તેમાં વૃદ્ધિને બદલે હાનિ કહેવી.

દ્રવ્ય ગુણ પર્યાયે કરી, જાણે એક પ્રદેશ;
જાણે તે સવિ વસ્તુને, નંદીસૂત્ર ઉપદેશ. ૨
ચોવીસ જિનના જાણીએ, ચઉદ પૂરવધર સાધ;
નવ શત તેત્રીશ સહસ છે, અઠ્ઠાણું નિરૂપાધ;
પરમત એકાંતવાદીનાં, શાસ્ત્ર સકલ સમુદાય;
તે સમકિતવંતે ગ્રહ્યાં, અર્થ યથારથ થાય;
અરિહંત શ્રુત કેવલી કહે એ, જ્ઞાનાચાર ચરિત્ત;
શ્રુતપંચમી આરાધવા, વિજયલક્ષ્મીસૂરિ ચિત્ત. ૩

## ઇતિ શ્રુતજ્ઞાન ચૈત્યવંદન.

પછી નમુથ્થુણં૦ જાવંતિ ચેઇ૦ જાવંત કેવિ૦ નમોર્હત્૦ કહી સ્તવન કહીએ. તે આ પ્રમાણે—

## શ્રી શ્રુતજ્ઞાનનું સ્તવન.

હરીયા મન લાગ્યો—એ દેશી.

શ્રી શ્રુત ચઉદ ભેદે કરી, વરણવે શ્રી જિનરાજરે;
ઉપધાનાદિ આચારથી, સેવિયે શ્રુત મહારાજરે;
શ્રુતશું દિલ માન્યો, દિલ માન્યો રે,
મન માન્યો, પ્રભુ આગમ સુખકારરે. શ્રુત૦ ૧
એકાદિ અક્ષર સંયોગથી, અસંયોગી અનંત રે;
સ્વપર પર્યાયે એક અક્ષરો, ગુણ પર્યાય અનંતરે. શ્રુત૦ ૨

અક્ષરનો અનંતમો, ભાગ ઉઘાડો છે નિત્ય રે;
તે તો અવરાએ નહી, જીવ સૂક્ષ્મનું એ ચિત્તરે. શ્રુત૦ ૩
ઇચ્છે[૧] સાંભલવા[૨] ફરી પૂછે[૩], નિસુણી[૪] ગ્રહે[૫] વિચાર[૬] તરે;
નિશ્ચય[૭] ધારણા[૮] તિમ કરે, ધીગુણ[×] આઠ એ ગણંત રે.
શ્રુત૦ ૪
વાદી ચોવીશ જિનતણા, એક લાખ છત્રીશ હજાર રે;
બેસે સયલ સભામાંહે, પ્રવચન મહિમા અપારરે. શ્રુત૦ ૫
ભણે ભણાવે સિદ્ધાંતને, લખે લખાવે જેહ રે;
તસ અવતાર વખાણીયે, વિજયલક્ષ્મી ગુણગેહરે. શ્રુત૦ ૬

ઇતિ શ્રુતજ્ઞાન સ્તવન.

પછી જયવીયરાય૦ કહી, ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી શ્રુતજ્ઞાન આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં? ઇચ્છં! કરેમિ કાઉસ્સગ્ગં વંદણ વત્તિઆએ૦ અન્નત્થ૦ કહી લોગસ્સનો અથવા ચાર નવકારનો કાઉસગ્ગ પારીને થોય કહેવી. તે કહે છે—

## શ્રી શ્રુતજ્ઞાનની થોય.

ગોયમ બોલે ગ્રંથ સંભાલી—એ દેશી.

ત્રિગડે બેસી શ્રી જિન +ભાણ,
બોલે ભાષા *અમીય સમાણ, મત અનેકાંત પ્રમાણ;

× બુદ્ધિના ગુણ. + સૂર્ય. * અમૃત.

અરિહંત શાસન સફરી સુખાણુ,
ચઉ અનુયોગ જિહાં ગુણ ખાણુ, આતમ અનુભવ ઠાણુ;
સકલ પદારથ [1]ત્રિપદી જાણુ,
જોજન ભૂમિ પસરે વખાણુ, દોષ બત્રીશ પરિહાણુ;
કેવલી ભાષિત તે શ્રુત નાણુ,
વિજયલક્ષ્મી સૂરિ કહે બહુમાન, ચિત્ત ધરજો તે સયાણુ;

ઈતિ શ્રુતજ્ઞાનની થોય.

પછી ખમાસમણુ દેઈ શ્રુત જ્ઞાનના ચૌદ ગુણ વર્ણવવાને અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે. તેમાં પહેલા બે દુહા પીઠિકાના છે અને તે પછીનો દુહો દરેક ગુણ દીઠ કહેવો.

**શ્રી શ્રુતજ્ઞાનના દુહા.**

વંદો શ્રી શ્રુતજ્ઞાનને, ભેદ ચતુર્દશ વીશ;
તેહમાં ચઉદશ વરણવું, શ્રુત કેવલી શ્રુત ઈશ. ૧
ભેદ અઢાર પ્રકારના, એમ સવિ અક્ષરમાન;
લબ્ધિ સંજ્ઞા વ્યંજન વિધિ, અક્ષર શ્રુત અવધાન. ૨
પવયણ શ્રુત સિદ્ધાંત તે, આગમ સમય વખાણુ;
પૂજો બહુવિધ રાગથી, ચરણ કમલ ચિત્ત આણુ. ૧

( આ દુહો દરેક ગુણ દીઠ કહેવો.)

કરપલ્લવ ચેષ્ટાદિકે, લખે અંતર્ગત વાચ;
એહ અનક્ષર શ્રુતતણો, અર્થ પ્રકાશક સાચ. પવ૦ ૨

---

૧ ઉત્પન્ન થાય, નાશ પામે, અસલ સ્વરૂપે કાયમ રહે.

સંજ્ઞા જે [૧]દીહકાલિકી, તેણે સન્નિયા જાણ;
મન ઇંદ્રિયથી ઉપન્યું, સંજ્ઞી શ્રુત અહિઠાણ. પવ૦ ૩
મન રહિત ઇંદ્રિય થકી, નિપન્યું જેહને જ્ઞાન;
ક્ષય ઉપશમ આવરણથી, શ્રુત અસંજ્ઞી વખાણ. પવ૦ ૪
જે દર્શન દર્શન વિના, દર્શન તે પ્રતિપક્ષ;
દર્શન દર્શન હોય જિહાં, તે દર્શન પ્રત્યક્ષ;
લલિત ત્રિભંગી ભંગભર, નૈગમાદિ નય [૨]ભૂર;
શુદ્ધ શુદ્ધતર વચનથી, સમકિત શ્રુત વડનૂર. પવ૦ ૫
ભંગજાલ નર બાલ મતિ, રચે વિવિધ આયાસ;
તિહાં દર્શન દર્શન તણો, નહી નિદર્શન ભાસ;
સદ્ અસદ્ વેહેંચણ વિના, ગ્રહે એકાંતે પક્ષ;
જ્ઞાન ફલ પામે નહી, એ મિથ્યા શ્રુત લક્ષ. પવ૦ ૬
ભરતાદિક દશ ક્ષેત્રમાં, આદિ સહિત શ્રુતધાર;
નિજ નિજ ગણધર વિરચિયો, પામી પ્રભુ આધાર.
પવ૦ ૭
દુપ્પસહ સૂરીશ્વર સુધી, વર્તશે શ્રુત આચાર;
એક જીવને આશરી, [૩]સાદિ સાંત સુવિચાર. પવ૦ ૮

---

૧ જેનાથી લાંબા કાલના વિચારણા કરી શકાય તે દીર્ઘકાલિકી સંજ્ઞા ૨ ઘણા. ૩ સાદિ સાંત એટલે શરૂઆત અને છેડાવાળું.

શ્રુત અનાદિ દ્રવ્ય નય થકી, શાશ્વત ભાવ છે એહ;
મહાવિદેહમાં તે સદા, આગમ રયણ અછેહ. પ૦ ૯
અનેક જીવને આશરી, શ્રુત છે અનાદિ અનંત;
દ્રવ્યાદિક ચઉ ભેદમાં, આદિ અનાદિ વિરતંત.
પ૦ ૧૦
સરિખા પાઠ છે સૂત્રમાં, તે શ્રુત ગમિક સિદ્ધાંત;
પ્રાયે દૃષ્ટિવાદમાં, શોભિત ગુણ અનેકાંત. પ૦ ૧૧
સરિખા આલાવા નહી, તે કાલિક શ્રુતવંત;
આગમિક શ્રુત એ પૂજીયે, ત્રિકરણ યોગ હસંત.
પ૦ ૧૨
અઢાર હજાર પદે કરી, આચારાંગ વખાણ;
તે આગલ દુગુણા પદે, અંગપ્રવિષ્ટ સુઅનાણ.
પ૦ ૧૩
બાર ઉપાંગહ જેહ છે, અંગ બાહિર શ્રુત તેહ;
અંગપ્રવિષ્ટ વખાણીયે, શ્રુત લક્ષ્મીસૂરિ ગેહ. પ૦ ૧૪
ઈતિ શ્રી શ્રુતજ્ઞાન.

## શ્રીઅવધિજ્ઞાન.

પછી ખમા૦ દેઇ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કહેવું, તે આ પ્રમાણે—

## તૃતીય શ્રી અવધિજ્ઞાન ચૈત્યવંદન.

અવધિજ્ઞાન ત્રીજું કહ્યું, પ્રગટે આતમ પ્રત્યક્ષ;
ક્ષય ઉપશમ આવરણુનો, નવિ ઇંદ્રિય [1]આપેક્ષ;
દેવ નિરય ભવ પામતાં, હોય તેહને અવશ્ય;
શ્રદ્ધાવંત સમય (અવધિ) લહે, મિથ્યાતવિભંગ વશ્ય;
નર તિરય ગુણુથી લહે, શુભ પરિણામ સંયોગ;
કાઉસ્સગ્ગમાં મુનિહાસ્યથી, વિઘટ્યો તે ઉપયોગ. ૧
જઘન્યથી જાણે જુએ, રૂપી દ્રવ્ય અનંતા;
ઉત્કૃષ્ટા સવિ પુદ્ગલા [2]મૂર્ત્તિ વસ્તુ [3]મુણંતા;
ક્ષેત્રથી લઘુ અંગુલતણો, ભાગ અસંખિત દેખે;
તેહમાં પુદ્ગલ ખંધ જે, તેહને જાણે પેખે;
લોક પ્રમાણે અલોકમાં એ, ખંડ અસંખ્ય ઉક્કિટ્ઠ;
ભાગ અસંખ્ય આવલિતણો, અદ્ધા લઘુપણે દિટ્ઠ. ૨
ઉત્સર્પિણી અવસર્પિણી એ, અતીત અનાગત અદ્ધા;
અતિશય સંખ્યાતિગપણે, સાંભલો ભાવ પ્રબંધા;
એક એક દ્રવ્યમાં ચાર ભાવ, જઘન્યથી તે નિરખે;
અસંખ્યાતા દ્રવ્ય દીઠ, પર્યવ [4]ગુરૂથી પરખે;
ચાર ભેદ સંક્ષેપથી એ, નંદીસૂત્ર પ્રકાશે;
વિજયલક્ષ્મીસૂરિ તે લહે, જ્ઞાન ભક્તિ સુવિલાસે. ૩

પછી નમુથ્થુણં૦ જાવંતિ૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું, તે આ પ્રમાણે—

૧ અપેક્ષા. ૨ રૂપી. ૩ જાણતા. ૪ ઉત્કૃષ્ટપણે.

## શ્રી અવધિજ્ઞાનનું સ્તવન.

કુમર ગભારો નજરે દેખતાંજી—એ દેશી.

પૂજો પૂજો અવધિજ્ઞાનને પ્રાણિયા રે,
સમકિતવંતને એ ગુણ હોય રે;
સવિ જિનવર એ જ્ઞાને અવતરી રે,
માનવ મહોદય જોયરે. પૂજો૦ ૧
શિવરાજ ઋષિ [1]વિપર્યય દેખતો રે,
દ્વીપ સાગર સાત સાતરે;
વીર પસાયે દોષ વિભંગ ગયો રે,
પ્રગટ્યો અવધિ ગુણ વિખ્યાત રે. પૂજો૦ ૨
ગુરૂ સ્થિતિ સાધિક છાસઠ સાગરૂ રે,
કોઇને એક સમય લઘુ જાણુ રે;
ભેદ અસંખ્ય છે તરતમ યોગથી રે,
વિશેષાશ્યકમાં એહુ વખાણુ રે. પૂજો૦ ૩
ચારશેં એક લાખ તેત્રીશ સહસછે રે,
ઓહીનાણી મુણીંદ રે;
ઋષભાદિક ચઉવીશ જિણંદનાં રે,
નમે પ્રભુપદ અરવિંદ રે. પૂજો૦ ૪

---

૧ વિપરીતપણે.

અવધિજ્ઞાની [1]આણુંદને દીએ રે,
મિચ્છામિ દુક્કડં ગોયમ સ્વામી રે;
વરજો આશાતન જ્ઞાન જ્ઞાનીતણીરે,
વિજયલક્ષ્મી સુખધામ રે. પૂજો૦ ૫

પછી જયવીયરાય૦ કહી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી અવધિજ્ઞાન આરાધનાર્થં કાઉસગ્ગ કરું? ઇચ્છં? કરેમિ કાઉસગ્ગ વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો, ન આવડે તો ચાર નવકારનો, કાઉસગ્ગ કરી પારી થોય કહેવી, તે આ પ્રમાણે—

## શ્રી અવધિજ્ઞાનની થોય.

શંખેશ્વર સાહિબ જે સમરે—એ દેશી.

ઉહીનાણુ સહિત સવિ જિનવરૂ, ચવી જનની કૂખે અવતરૂ;
જસ નામે લહીએ સુખતરૂ, સવિ ઈતિ ઉપદ્રવ સંહરૂ;
[2]હરિ [3]પાઠક સંશય સંહરૂ, વીર મહિમા જ્ઞાન ગુણાયરૂ;
તે માટે પ્રભુજી વિશ્વંભરૂ, વિજયાંકિત લક્ષ્મી સુહંકરૂ. ૧

પછી ખમાસણ દેઈ ઊભા થઈ અવધિજ્ઞાનના ગુણ વર્ણવવાને અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે—

## શ્રી અવધિજ્ઞાનના દુહા.

અસંખ્ય ભેદ અવધિ તણા, ષટ્ તેહમાં સામાન્ય;
ક્ષેત્ર [4]પનક લઘુથી ગુરૂ, લોક અસંખ્ય પ્રમાણ. ૧

---

૧ આનંદ શ્રાવકને ૨ ઈન્દ્ર, ૩ અધ્યાપક, ૪ સૂક્ષ્મ વનસ્પતિકાય.

લોચન પરે સાથે રહે, તે [1]અનુગામિક ધામ;
છાસઠ સાગર અધિક છે, એક જીવ આશરી ઠામ. ૧

ઉપન્યો અવધિજ્ઞાનનો, ગુણ જેહને અવિકાર;
વંદના તેહને માહરી, શ્વાસ માંહે સો વાર. ૧

( આ દુહો દરેક ખમાસમણે કહેવો. )

જે ક્ષેત્રે ઓહી ઊપન્યું, તિહાં રહ્યો વસ્તુ દેખંત;
થિર દીપકની ઉપમા, [2]અનનુગામી લહંત. ઉપ૦ ૧

અંગુલ અસંખ્યેય ભાગથી, વધતું લોક અસંખ્ય;
લોકાવધિ પરમાવધિ, વર્દ્ધમાન ગુણ કંખ્ય. ઉપ૦ ૨

યોગ્ય સામગ્રી અભાવથી, [3]હીયમાન પરિમાણ;
અધ અધ પૂરવ યોગથી, એહવો મનકો કામ. ઉપ૦ ૩

સંખ્ય અસંખ્ય જોજન સુધી, ઉત્કૃષ્ટો લોકાંત;
દેખી [4]પ્રતિપાતી હોય, પુદ્ગલ દ્રવ્ય એકાંત. ઉપ૦ ૪

એક પ્રદેશ અલોકનો, પેખે જે અવધિનાણ;
[5]અપડિવાઇ અનુક્રમે, આપે કેવલનાણ. ઉપ૦ ૫

ઇતિ શ્રી અવધિજ્ઞાન.

---

## શ્રીમનઃપર્યવજ્ઞાન.

પછી ખમાસમણ દેઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શ્રીમનઃપર્યવજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

---

૧ સાથે આવનાર. ૨ સાથે નહિ આવનાર. ૩ ઘટતા. ૪ પડનારૂં, જતું રહેનાર. ૫ આવેલું ન જાય તે.

## શ્રી ચતુર્થ મનઃપર્યવજ્ઞાન ચૈત્યવંદન.

શ્રી મનઃપર્યવ જ્ઞાન છે, ગુણપ્રત્યયી એ જાણો;
અપ્રમાદી ઋદ્ધિવંતને, હોયે સંયમ ગુણઠાણો;
કોઈક ચારિત્રવંતને, ચઢતે શુભ પરિણામે;
મનના ભાવ જાણે સહી, સાગર ઉપયોગ ઠામે;
ચિંતવિતા મનોદ્રવ્યના એ, જાણે ખંધ અનંતા;
આકાશે મનોવર્ગણા, રહ્યા તે નવિ મુણંતા. ૧

સંજ્ઞી પંચેંદ્રિય પ્રાણીયે, તનુ યોગે કરી ગ્રહીયા;
મનયોગે કરી મનપણે, પરિણમે તે દ્રવ્ય [1]મુણીયા;
તીર્છુ માણુસક્ષેત્રમાં, અઢી દ્વીપ સહિ વિલોકે;
તીર્છાલોકના મધ્યથી, સહસ જોયણ અધોલોકે;
ઊર્ધ્વ ( ઉરધ ) જાણે જ્યોતિષી લગે એ,
પલિયનો ભાગ અસંખ્ય.;
કાલથી ભાવ થયા થશે, અતીત અનાગત સંખ્ય. ૨

ભાવથી ચિંતિત દ્રવ્યના, અસંખ્ય પર્યાય જાણે;
ઋજુમતિથી વિપુલમતિ, અધિકા ભાવ વખાણે;
મનના પુદ્ગલ દેખીને, અનુમાને ગ્રહે સાચું;
વિતથપણું પામે નહી, તે જ્ઞાને ચિત્ત રાચું;

૧ જાણ્યા.

અમૂર્ત ભાવ પ્રગટપણે એ, જાણે શ્રી ભગવંત;
ચરણ કમલ નમું તેહનાં, વિજયલક્ષ્મી ગુણવંત. ૩

પછી નમુથ્થુણં૦ જાવંતિ૦ જાવંત૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું, તે આ પ્રમાણે—

## ચતુર્થ શ્રીમનઃપર્યવજ્ઞાન સ્તવન.

જી રે જી—એ દેશી.

જી રે મ્હારે શ્રી જિનવર ભગવાન,
અરિહંત નિજ નિજ જ્ઞાનથી; જી રે જી૦
જી૦સંયમ સમય જાણંત,
તવ લોકાંતિક માનથી. જી રે જી૦ ૧
જી૦ તીર્થ વર્તાવો નાથ,
ઇમ કહી પ્રણમે તે સુરા; જી રે જી૦
જી૦ ષટ અતિશયવંત દાન,
લેઇ હરખે સુર નરા. જી રે જી૦ ૨
જી૦ ઇણ વિધ સવિ અરિહંત,
સર્વવિરતિ જબ ઉચ્ચરે; જી રે જી૦
જી૦ મનઃપર્યવ તવ નાણ,
નિર્મલ આતમ અનુસરે. જી રે જી૦ ૩
જી૦ જેહને વિપુલમતિ તેહ,
અપ્રતિપાતી પણે ઊપજે; જી રે જી૦

જી૦ અપ્રમાદી ઋદ્ધિવંત,
ગુણઠાણે ગુણ નીપજે. જી રે જી૦ ૪
જી૦ એક લક્ષ પિસ્તાલીશ હજાર,
પાંચશે એકાણું જાણીયે; જી રે જી૦
જી૦ મનનાણી મુનિરાજ,
ચોવીશ જિનના વખાણીયે. જી રે જી૦ ૫
જી૦ હું વંદુ ધરી નેહ,
સવિ સંશય હરે મનતણા; જી રે જી૦
જી૦ વિજયલક્ષ્મી શુભ ભાવ,
અનુભવજ્ઞાનના ગુણ ઘણા. જી રે જી૦ ૬

પછી જયવીયરાય કહી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચતુર્થ શ્રીમન:પર્યવજ્ઞાન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં? ઈચ્છં! કરેમિ કાઉસ્સગ્ગં વંદણ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી થોય કહેવી, તે આ પ્રમાણે—

## શ્રી મનઃપર્યવજ્ઞાનની થોય.

### શંખેશ્વર પાસ જિનેશ્વર—એ દેશી.

પ્રભુજી સર્વ સામાયિક ઉચ્ચરે, સિદ્ધ નમી મહાવારીજી;
છદ્મસ્થ અવસ્થા રહે છે જિહાં લગે, યોગાસન તપ ધારીજી;

ચોથું મનઃપર્યવ તવ પામે, મનુજ લોક વિસ્તારીજીઃ
તે પ્રભુને પ્રણમો ભવિ પ્રાણી, વિજયલક્ષ્મી સુખકારીજી.૧

પછી ખમાસમણ દેઈ ઊભા રહી મનઃપર્યવજ્ઞાનના ગુણ સ્તવવા અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે—

**દુહા.**

મનઃપર્યવ દુગ ભેદથી, સંયમ ગુણ લહી શુદ્ધ;
ભાવ મનોગત સંજ્ઞીના, જાણે પ્રગટ વિશુદ્ધ. ૧
ઘટ એ પુરૂષે ધારીયો, ઇમ સામાન્ય ગ્રહંત;
પ્રાયે વિશેષ [૧]વિમુખ લહે, ઋજુમતિ મનહ મુણંત. ૨
એ ગુણ જેહને ઉપન્યો, સર્વ વિરતિ ગુણઠાણ;
પ્રણમું હિતથી તેહના, ચરણ કમલ ચિત્ત આણ. ૩
નગર જાતિ કંચન તણો, ધાર્યો ઘટ એહ રૂપ;
ઇમ વિશેષ મન જાણતો, વિપુલમતિ અનુરૂપ. ૪
એ ગુણ જેહને૦ એ આંકણી.
ઇતિ શ્રી મનઃપર્યવજ્ઞાન.

---

## શ્રીકેવલજ્ઞાન.

પ્રથમ ખમાસમણ દેઇને ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! પંચમ શ્રી કેવલજ્ઞાન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઇચ્છં! કહી પંચમ શ્રીકેવલજ્ઞાનનું ચૈત્યવંદન કરવું, તે આ પ્રમાણે—

---

૧ રહિત.

## પંચમ શ્રી કેવલજ્ઞાનનું ચૈત્યવંદન.

શ્રી જિન ચઉનાણી થઈ, શુકલ ધ્યાન અભ્યાસે;
અતિશય આત્મરૂપ, ક્ષણ ક્ષણ પ્રકાશે;
નિદ્રા સ્વપ્ન જાગર દશા, તે સવિ દૂરે હોવે;
ચોથી ઊજાગર દશા, તેહનો અનુભવ જોવે;
ક્ષપકશ્રેણી આરોહિયા એ, અપૂર્વ શક્તિ સંયોગે;
લહી ગુણઠાણું બારમું, [1]તુરીય કષાય વિયોગે. ૧
નાણ દંસણ આવરણ મોહ, અંતરાય ઘનઘાતી;
કર્મ દુષ્ટ ઉચ્છેદીને, થયા પરમાતમ જાતી;
દોય[2] ધરમ સવિ વસ્તુના, સમયાંતર ઉપયોગ;
પ્રથમ વિશેષપણે ગ્રહે, બીજે સામાન્ય સંયોગ;
સાદિ અનંત ભાંગે કરી, દર્શન જ્ઞાન અનંત;
ગુણઠાણું લહી તેરમું, ભાવ જિણંદ જયવંત. ૨
મૂલ પયડિનો એક બંધ, સત્તા ઉદયે ચાર;
ઉત્તર પયડીનો એક બંધ, તિમ ઉદયે રહે બાયાલ;
સત્તા પંચાસી તણી, કર્મ જેહવાં રજ્જુ છાર;
મન વચ કાયા યોગ જાસ, અવિચલ અવિકાર;
સયોગી કેવલી તણી એ, પામી દશાયે વિચરે;
અક્ષય કેવલજ્ઞાનના, વિજયલક્ષ્મી ગુણ ઉચરે. ૩

પછી નમુથ્થુ૦ જાવંતિ ચેઈ૦ જાવંત કેવિ૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું, તે આ પ્રમાણે—

---

૧ ચોથો સંજ્વલન કષાય. ૨ સામાન્ય ધર્મ અને વિશેષ ધર્મ એ બે ધર્મ.

## પંચમ શ્રી કેવલજ્ઞાનનું સ્તવન.

કપૂર હોયે અતિ ઉજલો રે—એ દેશી.

શ્રી જિનવરને પ્રગટ થયું રે, ક્ષાયિક ભાવે જ્ઞાન;
દોષ અઢાર અભાવથી રે, ગુણ ઉપન્યા તે પ્રમાણરે,
ભવિયા, વંદો કેવલજ્ઞાન;
પંચમી દિન ગુણ ખાણરે, ભવિયા,વં૦—એ આંકણી. ૧
[1]અનામીના નામનોરે, કિશ્યો વિશેષ કહેવાય;
એ તો મધ્યમા વૈખરીરે, વચન ઉલ્લેખ ઠરાય રે.ભ૦૨
ધ્યાન ટાણે પ્રભુ તું હોય રે, અલખ અગોચર રૂપ;
પરા પશ્યંતિ પામીને રે,કાંઈ પ્રમાણે મુનિ ભૂપરે.ભ૦૩
છતી પર્યાય જે જ્ઞાનની રે, તે તો નવિ બદલાય;
જ્ઞેયની નવનવી [2]વર્તના રે,સમયમાં સર્વ જણાયરે.ભ૦૪
બીજા જ્ઞાન તણી પ્રભારે, એહમાં સર્વ સમાય;
રવિ પ્રભાથી અધિક નહીરે, નક્ષત્ર ગણ સમુદાયરે.ભ૦૫
ગુણ અનંતા જ્ઞાનના રે, જાણે ધન્ય નર તેહ;
વિજયલક્ષ્મીસૂરિ તે લહેરે,જ્ઞાનમહોદય ગેહ રે.ભ૦ ૬

પછી ખમાસમણ દેઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્ શ્રીકેવલજ્ઞાન આરાધનાર્થં કાઉસગ્ગ કરૂં ? ઇચ્છં. કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો અથવા ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી નમોઽર્હત્૦ કહી થોય કહેવી, તે આ પ્રમાણે—

---

૧ નામ રહિતના. ૨ અવસ્થાઓ.

થાય--પ્રહ ઉઠી વંદુ--એ દેશી.

છત્રત્રય ચામર, તરૂ અશોક સુખકાર;
દિવ્ય ધ્વનિ દુંદુભિ, ભામંડલ ઝલ્લકાર;
વરસે સુર કુસુમે, સિંહાસન જિન સાર;
વંદે લક્ષ્મીસૂરિ કેવલજ્ઞાન ઉદાર. ૧

પછી ખમાસમણુ દેઇ ઊભા રહી કેવલજ્ઞાનના ગુણ સ્તવવા અર્થે દુહા કહેવા, તે આ પ્રમાણે–

પંચમ શ્રી કેવલજ્ઞાનના દુહા.

બહિરાતમ ત્યાગે કરી, અંતર આતમ રૂપ;
અનુભવી જે પરમાતમા, ભેદ એકજ ચિદ્રૂપ. ૧
પુરૂષોત્તમ પરમેશ્વરૂ, પરમાનંદ ઉપયોગ;
જાણે દેખે સર્વને, સ્વરૂપ રમણ સુખ ભોગ. ૨
ગુણ પર્યાય અનંતતા, જાણે સઘલાં દ્રવ્ય;
કાલત્રય [1]વેદિ જિણંદ, ભાષિત ભવ્યાભવ્ય. ૩
અલોક અનંતો લોકમાં, થાયે જેહ સમત્થ;
આતમ એક પ્રદેશમાં, વીર્ય અનંત પસત્થ. ૪
કેવલ દંસણ નાણનો, ચિદાનંદ ઘન તેજ;
પંચમી દિન પૂજીયે, વિજયલક્ષ્મી શુભ [2]હેજ. ૫

શ્રીવિજયલક્ષ્મીસૂરિવિરચિત

卐 શ્રીજ્ઞાનપંચમી દેવવંદન સંપૂર્ણ. 卐

---

૧ જાણનાર. ૨. હર્ષ.

## ચોમાસી દેવવંદનના રચનાર

# પંન્યાસ શ્રીવીરવિજયજી.

આજ રાજનગરમાં ઔદિચ્ય બ્રાહ્મણ કુળમાં **જગદીશ્વર** પિતા અને માતા **વિજકોર**ને ત્યાં સંવત ૧૮૨૯ ના આસો સુદી ૧૦ મે જન્મ. નામે **કેશવરામ.** તેઓને ગંગા નામની બેન હતાં. રળીયાત નામની બ્રાહ્મણી સાથે લગ્ન. સં૦ ૧૮૪૮ માં ખંભાત નજીકના ગામમાં પં૦ શુભવિજય પાસે દીક્ષા. ત્યાર બાદ પંન્યાસ પદ. સં૦ ૧૮૬૭ માં ગુરૂનું સ્વર્ગગમન. સં. ૧૯૧૦ માં તેઓનું સ્વર્ગગમન.

આ મહાત્માનાં કાવ્યો એટલાં બધાં મનોહર છે કે શ્રોતાને તદ્રૂપ બનાવે છે. તેઓના બનાવેલ અનેક પ્રકારનાં સ્તવનો, પૂજાઓ, શુભવેલી, મોતીશાના ઢાળીયાં, હઠીભાઇના દેરાનાં ઢાળીયાં વગેરે અનેક વિદ્યમાન છે, તેમજ તેઓશ્રીની તીથિ આજે પણ રાજનગરની તમામ જનતા ધંધો રોજગાર બંધ કરી ધર્મમાં લીન રહી ઉજવે છે. આ સંબંધી વિશેષ હકીકત જૈન ધર્મ પ્રચારક સભા તરફથી બહાર પડેલ તેઓશ્રીના જીવન ચરિત્ર દ્વારા જાણવી.

## ચૌમાસીની કથા.

વર્ષની આદિમાં કારતક માસમાં આવતા **જ્ઞાનપંચમી** પર્વની કથા તથા દેવવંદન કહીને ત્યાર પછી કારતક માસમાં સુદ ચૌદસે ચોમાસી ચતુર્દશી (ચૌદશ) આવે છે. માટે હવે ચોમાસી દેવવંદન કહેવાનો અવસર હોવાથી શરૂઆતમાં ચૌમાસીની કથાનો સાર ટૂંકાણમાં કહું છું.

વર્ષમાં ત્રણ ચૌમાસી આવે છે. કારતકી ચોમાસી, ફાગુણ ચોમાસી અને આષાઢ ચોમાસી. ત્રણ ચૌમાસીમાં પણ આષાઢ ચોમાસીમાં વ્રતધારી શ્રાવક જેણે બાર વ્રત ગ્રહણ કર્યાં હોય તેમાં પાંચમું વ્રત અંગીકાર કર્યું હોય તેણે દરેક ચૌમાસીમાં તેના નિયમોનો સંક્ષેપ કરવો. જેણે તે વ્રત અંગીકાર ન કર્યું હોય તેવા શ્રાવકે પણ દર ચૌમાસીમાં અમુક અભિગ્રહો સ્વીકારવા જોઇએ. તેમાં પણ આષાઢ ચોમાસામાં ( વર્ષા ચતુર્માસીમાં ) વિશેષતાથી વિધિ પૂર્વક ગ્રહણ કરવાં જોઇએ.

વર્ષા ઋતુમાં હળથી ખેતર ખેડવું, ગાડ ચલાવવાં વગેરેનો ત્યાગ કરવો, કારણકે આ ચૌમાસીમાં વર્ષાદને લીધે અનેક વનસ્પતિઓ તથા અનેક પ્રકારના વિકલેન્દ્રિય જીવો તથા દેડકાં વગેરે પંચેંદ્રિય જીવોની ઉત્પત્તિ થાય છે. તેથી ઉપરની ક્રિયાઓથી ઘણી જીવહિંસા થાય છે. આજીવિકા નિમિત્તે ખેતીનો ત્યાગ ન બને તો પણ એકાદિ ખેતરથી અધિક ખેતર ખેડવાનો નિયમ કરવો. આ કાળમાં સર્વ દિશાઓમાં જવાનો નિષેધ કર્યો છે. કહ્યું છે કે " વર્ષા ઋતુમાં સર્વ જીવોની દયા માટે એક સ્થાનકે રહેવું."

પ્રથમ બાવીસમા શ્રીનેમિનાથના ઉપદેશથી કૃષ્ણ મહારાજાએ ચૌમાસીમાં દ્વારકાની બહાર નહિ નીકળવાનો નિયમ ગ્રહણ કર્યો હતો. તેવી જ રીતે કલિકાલ સર્વજ્ઞ શ્રીહેમચંદ્ર સૂરીશ્વરની પાસે ગુર્જરેશ્વર કુમારપાળે પણ અષાઢ ચોમાસામાં નગર બહાર નહિ જવાનો નિયમ લીધો હતો. તેનો ટૂંક સાર આ પ્રમાણે:—

## આષાઢ ચોમાસામાં સંકટ આવ્યા છતાં વ્રત નહિ મૂકનાર કુમારપાળ નરેશની કથાનો સાર.

એક વાર પાટણ નગરમાં ચોમાસું રહેલા શ્રી હેમચંદ્ર સૂરીશ્વરે કુમારપાળ રાજાની આગળ છઠ્ઠા દિગ્વિરમણ વ્રતનું વર્ણન કરતાં જણાવ્યું કે "વિવેકી પુરૂષોએ જીવદયાના પાલન માટે છઠ્ઠા વ્રતનું ગ્રહણ કરવું જોઇએ. તેમાં પણ વર્ષા ઋતુમાં તો અવશ્ય ગ્રહણ કરવું જોઇએ. ગુરૂનાં વચન સાંભળીને કુમારપાળ ભૂપાળે પણ ગુરૂ પાસે નિયમ ગ્રહણ કર્યો કે નગરનાં સર્વ ચૈત્યોને વંદન તથા ગુરૂને વંદન કરવા સિવાય નગરમાં પણ ચોમાસાની અંદર હું ફરીશ નહિ.

કુમારપાળે ગ્રહણ કરેલ નિયમની વાત બધે ફેલાઈ ગઈ. તે અભિગ્રહની તથા ગુજરાતની સમૃદ્ધિની વાત ચરના[1] મુખથી સાંભળીને ગઝનીના રાજાએ ગુજરાત દેશ ભાગવાનો સારો લાગ છે એવું જાણીને ગુજરાત તરફ પ્રયાણ કર્યું. પોતાના ચરના મુખથી આ હકીકત જાણીને ચિન્તાતુર રાજા પ્રધાનને સાથે લઇને ગુરૂ પાસે આવ્યો. ગુરૂને વંદન કરીને હકીકત જણાવીને કહ્યું કે "જો હું તેની સામે જતો નથી તો તે દેશને લૂંટશે, તેથી લોકોને પીડા થશે. તેમજ ધર્મની નિંદા થશે. ને સામે જાઉં તો નિયમનો ભંગ થાય છે."

રાજાનાં વચન સાંભળી ગુરૂએ કહ્યું કે' ' તમે લગાર પણ ચિન્તા કરશો નહિ કારણ કે તમારો આરાધેલો ધર્મ જ તમને સહાય કરશે." એ પ્રમાણે રાજાને આશ્વાસન આપી પદ્માસન

૧ ગુપ્તચર, જાસુસ, બાતમીદાર.

કરીને બેઠેલા ગુરૂ કાંઈક ધ્યાન કરવા લાગ્યા. એક મુહૂર્ત પછી આકાશ માર્ગે સૂતેલા મનુષ્ય સાથે એક પલંગ ગુરૂ પાસે આવ્યો. આ પલંગ કોનો છે એવો પ્રશ્ન રાજાએ કર્યો. ત્યારે ગુરૂએ સત્ય જણાવ્યું. તેવામાં ઉંઘમાંથી એકદમ જાગેલો તે ગઝનીનો રાજા વિચારવા લાગ્યો કે " તે મારૂં સ્થાન ક્યાં ? સૈન્ય ક્યાં ? આ ધ્યાન કરનાર કોણ ? આ રાજા કોણ ? " વિચારમાં પડેલા તેને ગુરૂએ કહ્યું કે " હે શકેશ ! ( શક જાતિના લશ્કરનો અધિપતિ હોવાથી ) શો વિચાર કરો છો ? પૃથ્વી ઉપર પોતાના ધર્મનું એક છત્રે રાજ્ય કરતા જે રાજાને દેવો પણ સહાય કરે છે તે ધર્માત્મા ગુર્જરેશ્વરના શરણને તમે અંગીકાર કરો. "

સૂરીશ્વરનાં ઉપરનાં વચનો સાંભળી નિઃસહાય તે ગઝનીપતિએ ભય ચિન્તા અને લજ્જાથી સૂરીશ્વરને પ્રણામ કરીને કુમારપાળને પ્રણામ કર્યો. પછી કહ્યું કે " હે રાજન્ ! મારો અપરાધ ક્ષમા કરો. હવેથી હું તમારી સાથે કાયમની સુલેહ સન્ધિ કરૂં છું. મારા જીવનનું રક્ષણ કરીને જગજ્જીવપાલક ( જગતના જીવોના પાળનાર ) એવું તમારૂં બિરૂદ સાચું કરો. પ્રથમ પણ તમારૂં પરાક્રમ મેં સાંભળ્યું હતું. છતાં હું તે ભૂલીને અહીં આવ્યો. હવેથી કદાપિ તમારી આજ્ઞા ઓળંગીશ નહિ. તમારૂં કલ્યાણ થઓ. મને મારા સ્થાને પહોંચાડવા કૃપા કરો. "

તે વખતે કુમારપાળ ભૂપાળે કહ્યું કે " જો છ મહિના સુધી તમારા નગરમાં અમારી ( અહિંસા ) પળાવો તો

તમને છૂટા કરવામાં આવે. આ મારી આજ્ઞા અને ઇચ્છા પ્રાણીઓના રક્ષણ માટે છે. તેના પાલનથી તમારૂં પણ કલ્યાણ થશે." ગઝનીપતિએ પણ તેમ કરવા કબૂલ કર્યું.

પછી રાજા તેને પોતાના મહેલમાં લઇ ગયો. ત્યાં તેનો યોગ્ય સત્કાર કરી જીવદયાની મહત્તા સમજાવી પોતાના પુરૂષો સાથે કુમારપાળે તેને તેના સ્થાને પહોંચાડયો. ત્યાં છ મહિના જીવરક્ષા પળાવીને રાજાના પુરૂષો પણ ગઝનીપતિએ આપેલા ઘણા ઘોડા વગેરે ભેટણા સાથે સ્વસ્થાને આવ્યા.

ઇતિ કુમારપાળ કથા.

અહીંઆ આ બાબતમાં બીજા પણ દૃષ્ટાન્તો ઘણાં આપ્યાં છે. પરંતુ તે બધાં દૃષ્ટાન્તો આપવાનો આ પ્રસંગ નથી. ટુંકાણમાં કહેવાનો સાર એ છે કે વર્ષા ઋતુમાં સર્વ દિશાઓમાં જવાનો નિયમ કરવો. પરંતુ તે કરવાની અશક્તિ હોય તો જેટલી દિશાનો ત્યાગ બની શકે તેટલી દિશામાં જવાનો ત્યાગ કરવો.

વળી ચોમાસામાં સર્વ સચિત્તનો ત્યાગ કરવો. પરંતુ તેમ કરવાને અશકત હોય તેણે જે જે સચિત્ત વસ્તુ વિના નિર્વાહ શકય હોય તે તે સચિત્તનો ત્યાગ કરવો. વળી જે જે દેશમાં જે જે વસ્તુઓ મળતી જ ન હોય, તેમજ જે જે ઋતુમાં જે જે સચિત્ત વસ્તુ હોતી નથી તેનો તો અવશ્ય ત્યાગ કરવો જ. કારણ કે તેટલે અંશે પાળેલી વિરતિ પણ મહાફલદાયી થાય છે. જેમ એક વખત ખાય પરંતુ એકાશનનું પચ્ચકખાણ ન કરે તો તેને એકાશનનું ફલ મળતું નથી, તેમ જે જે વસ્તુ મળતી નથી અને તેથી વાપરે નહિ

પરંતુ નિયમ કર્યો ન હોય તો તેનું ફળ પણ મળતું નથી. ( આ બાબતમાં વંકચૂલનું દૃષ્ટાંત અન્ય ગ્રંથોથી જાણવું. )

વિશેષમાં વર્ષા ચોમાસામાં અષ્ટ પ્રકારી પૂજા, દેવવંદન, સ્નાત્રમહોત્સવ, ગુરૂને વંદન, નવીન જ્ઞાનાભ્યાસ, બ્રહ્મચર્યનું પાલન, ઉકાળેલું પાણી પીવુંતથા સચિત્તનો ત્યાગ કરવો, આ વાનાં અવશ્ય કરવાં. આર્દ્રા નક્ષત્ર બેસે થકે રાયણ તથા કેરીનો ત્યાગ અવશ્ય કરવો. કારણ કે વૃષ્ટિ થવાથી રાયણમાં ઇયિળ તથા કેરીના રસમાં તેના રસ સમાન વર્ણવાળા કીટકો ઉત્પન્ન થાય છે. વળી આ વર્ષા ચોમાસીમાં બીજા પણ પાપકારી કાર્યોનો ત્યાગ કરવો અથવા તેમ ન બને તો તેમાં સંક્ષેપ કરવો.

વિશેષમાં ફાગણ ચોમાસાથી કારતકી પૂર્ણિમા સુધી પાન ભાજી વિગેરે તથા તલનો પણ ત્યાગ કરવો. કારણ કે તેમાં ઘણા ત્રસ જીવની વિરાધનાનો સંભવ છે.

જો કે ત્રણે ચોમાસીઓ યથાયોગ્ય વિધિ વડે આરાધવા યોગ્ય છે. તો પણ તેમાં શરૂઆતમાં તિથિઓ જોવી. તિથિઓ ત્રણ પ્રકારે છે. તેમાં બે ચતુર્દશી, બે અષ્ટમી, અમાવાસ્યા તથા પૂર્ણિમા એ છ ચારિત્ર તિથિઓ ( ચારિત્રને આરાધવા યોગ્ય તિથિઓ ) છે. બીજ, પંચમી અને એકાદશી એ જ્ઞાન તિથિઓ ( જ્ઞાન આરાધવાની તિથિઓ ) છે. બાકીની દર્શન તિથિઓ છે. તેમાં દર્શનની આરાધના કરવી

ઉપરાંત છ આવશ્યકો તથા પૌષધ વગેરે તેમજ બીજી પણ જે જે બની શકે તે તે ધર્મ ક્રિયાઓમાં વિશેષ ઉદ્યમ રાખવો.

## ઈતિ ચોમાસી કથા.

## પંડિત શ્રીવીરવિજયજીવિરચિત
## ચૌમાસી દેવવંદન.

**વિધિ**–પ્રથમ ઇરિયાવહિ પડિક્કમી, ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિ૦ ભગવન્ ચૈત્યવંદન કરું ? ઇચ્છં. કહી નીચે મુજબ ચૈત્યવંદન કહેવું.

### દુહા.

શ્રી સંખેશ્વર ઈશ્વરં, પ્રણમી ત્રિકરણ યોગ;
દેવ નમન ચઉમાસીયે, કરશું વિધિ સંયોગ. ૧
ઋષભાજિત સંભવ તથા, અભિનંદન જિનચંદ;
સુમતિ પદ્મપ્રભ સાતમા, સ્વામી સુપાસ જિણંદ. ૨
ચંદ પ્રભ સુવિધિ જિન, શ્રી શીતલ શ્રેયાંસ;
વાસુપૂજ્ય વિમલ તથા, અનંત ધર્મ વર વંશ. ૩
શાંતિ કુંથુ અર પ્રભુ, મલ્લી સુવ્રત સ્વામ,
નમિ નેમીસર પાસ જિન, વર્દ્ધમાન ગુણધામ. ૪
વર્તમાન જિન વંદતાં એ, વંદ્યા દેવ ત્રિકાલ;
પ્રભુ શુભ ગુણ [૧]મુગતા તણી, વીર રચે વરમાલ. ૫

અહિંયાં જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી અર્ધા જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી ઋષભ જિન આરાધનાર્થે ચૈત્યવંદન કરું ? ઇચ્છં, કહી નીચે મુજબ ચૈત્યવંદન કહેવું.

૧. મોતી

## શ્રી ઋષભ જિન ચૈત્યવંદન.

સર્વારથ સિદ્ધે થકી, ચવિયા આદિ જિણંદ;
પ્રથમ રાય વનિતા વસે, માનવ [૧]ગણ સુખકંદ. ૧
યોનિ નકુલ જિણંદને, [૨]હાયન એક હજાર;
મૌનાતીતે કેવલી, વડ હેઠે નિરધાર. ૨
ઉત્તરાષાઢા જનમ છે એ, ધન રાશિ અરિહંત;
દશ સહસ પરિવારશું, વીર કહે શિવકંત. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી અરિહંતચેઈયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી એક થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નથ૦ કહી બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે આ પ્રમાણે:-

## શ્રી ઋષભદેવ પ્રભુની થોય.

ત્યાશી લાખ પૂરવ ઘરવાસે, વસીયા [૩]પરિકર યુક્તાજી;
જનમ થકી પણ દેવતરૂ, ફલ ક્ષીરોદધિ જલ ભોક્તાજી;
મઈ સુઅ ઓહિ નાણે સંયુત્ત, નયણ વયણ [૪]કજ ચંદાજી;
ચાર સહસશું દીક્ષા શિક્ષા, સ્વામી ઋષભ જિણંદાજી. ૧

૧ સમુદાય, ૨ વર્ષ, ૩ પરિવાર. ૪ કમળ.

મનઃ પર્યવ તવ નાણુ ઉપન્યું, [1]સંયત લિંગ સહાવાજી;
અઢિય દ્વીપમાં સંજ્ઞી પંચેંદ્રિય, જાણે મનોગત ભાવાજી;
દ્રવ્ય અનંતા સૂક્ષ્મ તીર્ચ્છા, અઢારશેં ખિત્ત ઠાયાજી;
પલિય અસંખમ ભાગ ત્રિકાલિક, દ્રવ્ય અસંખ્ય પરજાયાજી. ૨

ઋષભ જિણેસર કેવલ પામી, રયણ સિંહાસન ઠાયાજી;
[2]અનભિલપ્પ [3]અભિલપ્પ અનંતા, ભાગ અનંત ઉચ્ચરાયાજી;
તાસ અનંતમે ભાગે ધારી, ભાગ અનંતે સૂત્રેજી;
ગણધર રચિયાં આગમ પૂજી, કરીયે જનમ પવિત્રજી.૩

ગોમુખ જક્ષ ચક્કેસરી દેવી, સમકિત શુદ્ધ સોહાવેજી;
આદિ દેવની સેવા કરતી, શાસન શોભ ચઢાવેજી;
શ્રાદ્ધા સંયુત જે વ્રતધારી, વિઘન તાસ નિવારેજી;
શ્રી શુભ વીરવિજય પ્રભુ ભગતે, સમરે નિત્ય સવારેજી.૪

અહીં નમુત્થુણં૰ જાવંતિ ચેઇઆઇં૰ જાવંત કેવિસાહૂ૰ નમોઽર્હત્૰ કહી સ્વતન કહેવું. તે આ પ્રમાણેઃ—

## શ્રી ઋષભદેવ પ્રભુનું સ્તવન.

કપૂર હોય અતિ ઉજલો રે–એ દેશી.

જ્ઞાનરયણ [4]રયણાયરૂ રે, સ્વામી ઋષભ જિણંદ;

૧ સાધુ વેશ, ૨ કહી શકાય નહિ તેવા. ૩ કહી શકાય તેવા. ૪ સમુદ્ર.

ઉપગારી અરિહાપ્રભુરે, લોક લોકોત્તરાનંદરે; ભવિયાં;
ભાવે ભજો ભગવંત, મહિમા અતૂલ અનંત રે.
ભવિયાં, ભા૦ એ—આંકણી. ૧
તિગ તિગ આરક સાગરૂ રે, કોડાકોડિ *અઢાર;
યુગલાધર્મ નિવારીયો રે, ધર્મ પ્રવર્તનહાર રે.ભ૦ ૨
જ્ઞાનાતિશયે ભવ્યનારે, સંશય છેદનહાર;
દેવ નરા તિરિ સમજીયારે, વચનાતિશય વિચારરે.ભ૦૩
[1]ચાર ઘાને [2]મઘવા સ્તવે રે, પૂજાતિશય મહંત:
×પંચ ઘને યોજન ટલેરે, કષ્ટ એ તૂર્ય પ્રસંત રે.ભ૦૪
યોગ ક્ષેમંકર જિનવરૂ રે, ઉપશમ ગંગા નીર;
પ્રીતિ ભક્તિપણે કરી રે, નિત્ય નમે શુભ વીરરે.ભ૦૫

પછી જયવીયરાય 'આભવમખંડા' સુધી કહી ખમાસમણ દેઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી અજિતનાથ જિન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

* ઉત્સર્પિણીના ચોથા આરાના ૨ કોડાકોડી સાગરોપમ, પાંચમા આરાના ૩ કોડાકોડી સાગરોપમ, છઠ્ઠા આરાના ૪ કોડા૦ સાગરોપમ પછી અવસર્પિણીના પહેલા આરાના ૪ કોડા૦ સાગ૦, બીજા આરાના ત્રણ કોડા૦ સાગ૦ ત્રીજા આરાના ૨ કોડા૦ સાગ૦ મળી કુલ ૧૮ કોડાકોડી સાગરોપમ પ્રમાણ યુગલિક કાળ જાણવો. ૧ ચારનો ઘન એટલે ૪×૪×૪=૬૪ × પાંચનો ઘન એટલે ૫×૫×૫=૧૨૫ યોજન. ૨ ઈંદ્ર.

## શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન.

આવ્યા વિજય વિમાનથી, નયરી અયોધ્યા ઠામ;
માનવ ગણ [1]રિખ રોહિણી, મુનિજનના વિશ્રામ. ૧
અજિતનાથ વૃષ રાશિયે, જનમ્યા જગદાધાર;
યોનિ ભુજંગમ ભયહરૂ, મૌને વર્ષ તે બાર. ૨
[2]સપ્ત(ત)પરણ તરૂ હેઠલે એ, જ્ઞાન મહોત્સવ સાર;
એક સહસ્સશું શિવ વર્યા, વીર ધરે બહુ પ્યાર. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈ૦ અન્નથ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી થોય કહેવી.

**થોય**–( પ્રહ ઊઠી વંદૂ–એ દેશી. )

જબ ગર્ભે સ્વામી, પામી વિજયા નાર;
જીતે નિત્ય પીયુને, [3]અક્ષ ક્રીડન હુંશિયાર;
તિણે નામ અજિત છે, દેશના અમૃત ધાર;
મહાજક્ષ અજિતા, [4]વીર વિઘન [5]અપહાર. ૧

આ થોય કહી ઊભા ઊભા જયવીયરાય 'આભવમખંડા' સુધી કહેવા. આ પ્રમાણે સર્વે તીર્થંકરોના દેવવંદનનો વિધિ જાણવો. એટલે કે સોલમા, બાવીસમા, ત્રેવીસમા અને ચોવીસમા તીર્થંકર પ્રભુના દેવવંદનનો વિધિ પ્રથમ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો, અને બાકીના પ્રભુનો વિધિ બીજા શ્રીઅજિતનાથ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો.

---

૧ નક્ષત્ર. ૨ એ નામનું વૃક્ષ. ૩ રમવાના પાસા. ૪. વીરવિજયજીના. ૫ દૂર કરનાર.

## શ્રી સંભવનાથ જિન ચૈત્યવંદન.

[૧]સત્તમ ગેવિજ ચવન છે, જનમ્યા મૃગશિર માંહિ;
દેવ ગણે સંભવ જિના, નમીયે નિત્ય ઉત્સાહી. ૧
સાવત્થી પુરી રાજીયો, મિથુન રાશી સુખકાર;
પન્નગ યોનિ પામીયા, યોનિ નિવારણ હાર. ૨
ચઉદ વરસ છદ્મસ્થમાં એ, નાણ [૨]સાલ તરૂ સાર;
સહસ પ્રતીશું શિવ વર્યા, વીર જગત આધાર. ૩

થોય—( શાંતિ જિનેસર સમરીયે એ—દેશી. )

સંભવ સ્વામી સેવીએ, ધન્ય સજ્જન દીહા;
જિન ગુણ માલા ગાવતા, ધન્ય તેહની જીહા;
વયણ સુગંગ તરંગમાં, ન્હાતા શિવગેહી;
ત્રિમુખ સુર દૂરતારિકા, શુભ વીર સનેહી. ૧

## શ્રી અભિનંદન સ્વામીનું ચૈત્યવંદન.

ચવ્યા [૩]જયંત વિમાનથી, અભિનંદન જિનચંદ;
પુનર્વસુમાં[૪] જનમીયા, રાશિ મિથુન સુખકંદ. ૧
નયરી અયોધ્યાનો ધણી, યોનિ વર મંજાર;
ઉગ્ર વિહારે તપ તપ્યા, ભૂતલ વરસ અઢાર. ૨

૧ સાતમા ગ્રૈવેયકથી (ચરિત્રમાં આનત દેવલોકથી ). ૨ વૃક્ષનું નામ પ્રીયાલ પણ કહે છે. ૩ ચરિત્રમાં વિજય છે. ૪ ચરિત્રમાં અભિજીત છે.

વલી રાયણ પાદપ તલે એ, વિમલ નાણ ગણદેવ;
મોક્ષ સહસ મુનિશું ગયા, વીર કરે નિત્ય સેવ. ૩

થોય—(અપા પદમ લંઘનં—એ ચાલ.)

અભિનંદન ગુણ માલિકા, ગાવતિ અમરાલિકા;
કુમતકી પરજાલિકા, શિવવહુ વર માલિકા;
લગે ધ્યાનકી તાલિકા, આગમની પરનાલિકા;
ઈશ્વરો સુરબાલિકા, વીર નમે નિત્ય કાલિકા. ૧

## શ્રી સુમતિનાથ જિન ચૈત્યવંદન.

સુમતિ જયંત વિમાનથી, રહ્યા અયોધ્યા ઠામ;
રાક્ષસ ગણ પંચમ પ્રભુ, સિંહ રાશિ ગુણ ધામ. ૧
મઘા નક્ષત્રે જનમીયા, મૂષક યોનિ જગદીશ;
મોહરાય સંગ્રામમાં, વરસ ગયા છવીશ. (છે વીસ )૨
જીત્યો પ્રિયંગુ તરૂ એ, સહસ મુનિ પરિવાર;
અવિનાશી પદવી વસ્યા, વીર નમે સો વાર. ૩

થોય-( ત્વમશુભાન્યભિનંદનનંદિતા—એ દેશી. )

સુમતિ સ્વર્ગ દિયે અસુમંતને,
મમત મોહ નહિ ભગવંતને;
પ્રગટ જ્ઞાન વરે શિવ બાલિકા,
તુંબરૂ વીર નમે મહાકાલિકા. ૧

## શ્રી પદ્મપ્રભ જિન ચૈત્યવંદન.

ગ્રૈવેયક નવમે થકી, કોસંબી ઘરવાસ;
રાક્ષસ ગણ નક્ષતરૂ, ચિત્રા કન્યા રાશ. ૧
વૃશ્ચિકે (વૃકની) યોનિ પદ્મપ્રભ, છદ્મસ્થા ષટ્ માસ;
તરૂ છત્રૌઘે કેવલી, લોકાલોક પ્રકાશ. ૨
ત્રણ અધિક શત આઠશું એ, પામ્યા અવિચલ ધામ;
વીર કહે પ્રભુ માહરે, ગુણશ્રેણિ વિશ્રામ. ૩

થોય–( નંદીશ્વર વર દ્વીપ સંભારૂં—એ ચાલ. )

પદ્મપ્રભુ હત છદ્મ અવસ્થા, શિવસદ્મે સિદ્ધા અરૂપસ્થા;
નાણ ને દંસણ હોય વિલાસી,
વીર કુસુમ શ્યામા જનુપાસી. ૧

## શ્રી સુપાસ જિન ચૈત્યવંદન.

ગ્રૈવીજ છઠ્ઠેથી ચવ્યા, વાણારસી પુરી વાસ;
તુલા વિશાખા જન્મીયા, તપ તપીયા નવ માસ. ૧
ગણ રાક્ષસ વૃક યોનિયે, શોભે સ્વામી સુપાસ;
શિરિષ તરૂ તલે કેવલી, જ્ઞેય અનંત વિલાસ. ૨
મહાનંદ પદવી લહી એ, પામ્યા ભવનો પાર;
શ્રી શુભ વીર કહે પ્રભુ, પંચ સયા પરિવાર. ૩

થોય–( શ્રાવણ સુદિ દિન પંચમી એ–એ દેશી. )

અષ્ટ મહાપડિહારશું એ, શોભે સ્વામી સુપાસ તો;
મહાભાગ્ય અરિહા પ્રભુ એ, સુર નર જેહના દાસ તો;
ગુણ અતિશય વરણવ્યા એ, આગમ ગ્રંથ મોઝાર તો,
માતંગ શાંતા સુરસુરી એ, વીર વિઘન અપહાર તો. ૧

**શ્રી ચંદ્રપ્રભ જિન ચૈત્યવંદન.**

ચંદ્રપ્રભ ચંદ્રાવતી, પુરી ચવિયા વિજયંત;
અનુરાધાયે જનમીયા, વૃશ્ચિક રાશિ મહંત. ૧
મૃગયોનિ ગણ દેવનો, કેવલ વિણ ત્રિક માસ;
પામ્યા નાગ તરૂ તલે, નિર્મલ નાણ વિલાસ. ૨
પરમાનંદ પદ પામીયા એ, વીર કહે નિરધાર;
સાથે સલુણા શોભતા, મુનિવર એક હજાર. ૩

થોય–( શાંતિ જિનેસર સમરીયે–એ દેશી. )

ચંદ્રપ્રભ મુખ ચંદ્રમા, સખિ જોવા જઇએ;
દ્રવ્ય ભાવ પ્રભુ દરિસણે, નિર્મલતા (લ) થઇએ;
વાણી સુધારસ વેલડી, સુણીએ તતખેવ;
ભજે ભદંત ભૃકુટિકા, વીરવિજય તે દેવ. ૧

**શ્રી સુવિધિનાથ ચૈત્યવંદન.**

સુવિધિનાથ સુવિધે નમું, શ્વાન યોનિ સુખકાર;

આવ્યા આણુત સ્વર્ગથી, કાકંદી અવતાર. ૧
રાક્ષસ ગણુ ગુણુવંતને, ધન રાશિ રિખ મૂલ;
વરસ ચાર છદ્મસ્થમાં, કર્મ શશક શાર્દૂલ. ૨
મલ્લી તરૂ તલ કેવલી એ, સહસ મુનિ સંઘાત;
બ્રહ્મ મહોદય પદ વર્યા, વીર નમે પરભાત. ૩

થોય—( પાસ જિણુંદા વામાનંદા—એ દેશી. )

સુવિધિ સેવા કરતા દેવા, તજી વિષય વાસના;
શિવ સુખ દાતા જ્ઞાતા ત્રાતા, હરે દુઃખ દાસના;
નય ગમ ભંગે રંગે ચંગે, વાણી ભવહારિકા;
અમર અતીતે મોહાતીતે, વિરંચ સુતારિકા. ૧

## શ્રી શીતલનાથ ચૈત્યવંદન.

દશમા સ્વર્ગથકી ચવ્યા, દશમા શીતલનાથ;
ભદ્દિલપુર ધન રાશિ એ, માનવગણુ શિવસાથ. ૧
વાનર યોનિ જિણુંદને, પૂર્વાષાઢા જાત;
તિગ વરસાંતર કેવલી, પ્રિયંગુ વિખ્યાત. ૨
સંયમધર સહસે વર્યા એ, નિરૂપમ પદ નિર્વાણુ;
વીર કહે પ્રભુ ધ્યાનથી, ભવ ભવ કોડિ કલ્યાણુ. ૩

થોય—( પ્રહ ઊઠી વંદૂ—એ દેશી. )

શીતલ પ્રભુ દર્શન, શીતલ અંગ ઉવંગે;

કલ્યાણક પંચે, પ્રાણી ગણ સુખ સંગે;
તો વચન સુણંતાં, શીતલ કિમ નહિ લોકા;
શુભ વીર તે બ્રહ્મા, શાસનદેવી અશોકા. ૧

## શ્રી શ્રેયાંસનાથ જિન ચૈત્યવંદન.

અચ્યુતથી પ્રભુ ઊતર્યા, સિંહપુર શ્રેયાંસ;
યોનિ વાનર દેવ ગણ, દેવ કરે પરશંસ. ૧
શ્રવણે સ્વામી જનમીયા, મકર રાશિ દુગ વાસ;
છદ્મસ્થા તિંદુકતલે, કેવલ મહિમા જાસ. ૨
[1]વાચંયમ સહસે સહીએ, ભવ સંતતિના છેહ;
શ્રી શુભ વીરને સાંઈશું, અવિચલ ધર્મ સનેહ. ૩

થોય—( શ્રી સીમંધર દેવ સુહંકર—એ દેશી. )

શ્રી શ્રેયાંસ સુહંકર પામી, ઈચ્છે અવર કુણ દેવા જી;
કનક તરૂ સેવે કુણ પ્રભુને, છંડી સુરતરૂ સેવા જી;
પૂર્વાપર અવિરોધી સ્યાત્પદ, વાણી સુધારસ વેલી જી;
માનવી મણુએસર સુપસાય, વીર હૃદયમાં ફેલીજી. ૧

## શ્રી વાસુપૂજ્ય જિન ચૈત્યવંદન.

પ્રાણતથી પ્રભુ પાંગર્યાં, ચૂંપે (ચોંપે) ચંપા ગામ;

૧ મુનિવરો

શિવ મારગ જાતાં થકાં, ચંપક તરૂ વિસરામ. ૧
અશ્વ યોનિ ગણુ રાક્ષસ, શતભિષા કુંભરાશિ;
પાડલ હેઠે કેવલી, મૌનપણે ઇગ વાસિ. ૨
ષટ્ શત સાથે શિવ થયા એ, વાસુપૂજ્ય જિનરાજ;
વીર કહે ધન્ય તે ઘડી, જબ નિરખ્યા મહારાજ. ૩

થોય—( કનક તિલક ભાલે—એ દેશી. )

વિમલ ગુણુ અગારં, વાસુપૂજ્ય સફારં;
નિહત[1] વિષ વિકારં, પ્રાપ્ત કૈવલ્યસારં;
વચનરસ ઉદારં, મુક્તિતત્ત્વે વિચારં;
વીર વિઘન નિવારં, સ્તોમિ ચંડી કુમારં. ૧

## શ્રી વિમલનાથ જિન ચૈત્યવંદન.

અષ્ટમ સ્વર્ગ થકી ચવી, કંપિલપુરમાં વાસ;
ઉત્તરભાદ્રપદે [2]જનિ, માનવ ગણુ મીન રાશ. ૧
યોનિ [3]છાગ સુહંકરૂં, વિમલનાથ ભગવંત;
દોય વરસ તપ નિર્જલે, જંબૂતલે અરિહંત. ૨
ષટ સહસ મુનિ સાથશું એ, વિમલ વિમલ પદ પાય;
શ્રી શુભ વીરને સાંઇશું, મલવાનું મન થાય. ૩

થોય—( ચોપાઇની ચાલ )

વિમલનાથ વિમલ ગુણુ વર્યા,

૧ નાશ કર્યો છે. ૨ જન્મ, ૩ બોકડો.

જિનપદ ભોગી ભવ નિસ્તર્યા;
વાણી પાંત્રીશ ગુણ લક્ષણી,
છમ્મુહ સુર પ્રવરા જક્ષણી. ૧

## શ્રી અનંતનાથ જિન ચૈત્યવંદન.

દેવલોક દશમા થકી, ગયા અયોધ્યા ઠામ;
હસ્તિ યોનિ અનંતને, દેવ ગણે અભિરામ. ૧
રેવતીએ જનમ્યા પ્રભુ, મીન રાશિ સુખકાર;
ત્રણ વરસ છદ્મસ્થમાં, નહિ પ્રશ્નાદિ ઉચ્ચાર. ૨
પીંપલ વૃક્ષે પામીયા એ, કેવલ લક્ષ્મી નિધાન;
સાત સહસશું શિવ વર્યા, વીર કહે બહુમાન. ૩

### થોય—(વસંતતિલકાવૃત્તમ્)

જ્ઞાનાદિકા ગુણવરા નિવસંત્યનંતે,
વજ્જિસુપર્વમહિતે જિનપાદપદ્મે;
ગ્રંથાર્ણવે મતિવરાઃ પ્રણુતિસ્મ ભક્ત્યા,
પાતાલ ચાંકુશિગુરી શુભવીરદક્ષાઃ ૧

## શ્રી ધર્મનાથ જિન ચૈત્યવંદન.

વિજય વિમાન થકી ચવ્યા, રત્નપુરે અવતાર;
ધર્મનાથ ગણ દેવતા, કર્કરાશિ મનોહાર. ૧

જનમ્યા પુષ્ય નક્ષત્રમાં, યોનિ છાગ વિચાર;
દોય વરસ છદ્મસ્થમાં, વિચર્યા ધર્મ દયાલ. ૨
દધિપર્ણાધો[૧] કેવલી, વીર વર્યા બહુ ઋદ્ધ;
કર્મ ખપાવીને હુવા, અડસય સાથે સિદ્ધ. ૩

થોય—( શંખેશ્વર પાસજી પૂજીએ—એ દેશી. )

સખિ ધર્મ જિણેસર પૂજીએ,
જિન પૂજે મોહને ધ્રૂજીએ;
પ્રભુ વયણ સુધારસ પીજીએ,
કિન્નર કંદર્પા રીજીએ. ૧

### શ્રી શાંતિનાથ જિન ચૈત્યવંદન.

સર્વારથ સિદ્ધે થકી, ચવીયા શાંતિ જિનેશ;
હસ્તીનાગપુર અવતર્યા, યોનિ હસ્તિ વિશેષ. ૧
માનવ ગણ ગુણવંતને, મેષરાશિ સુવિલાસ;
ભરણીએ જનમ્યા પ્રભુ, છદ્મસ્થા ઈગ વાસ. ૨
કેવલનંદી તરૂતલે એ, પામ્યા અંતર ઝાણ;
વીર કરમને ક્ષય કરી, નવ શતશું નિરવાણ. ૩

થોય—( શાંતિ જિનેસર સમરીયે—એ દેશી. )

શાંતિ સુહંકર સાહિબો, સંયમ અવધારે;
સુમતિ (સુમિત્ર)ને ઘરે પારણું, ભવ પાર ઉતારે;

૧ દધિપર્ણ જાતિના વૃક્ષ નીચે.

વિચરંતા અવનીતલે, તપ ઉગ્ર વિહારે,
જ્ઞાન ધ્યાન એકતાનથી, તિર્યંચને તારે; ૧
પાસ વીર વાસુપૂજય ને, નેમ મલ્લી કુમારી,
રાજ્ય વિહુણા એ થયા, આપે વ્રતધારી;
શાંતિનાથ પ્રમુખા સવિ, લહી રાજ્ય નિવારી,
મલ્લી નેમ પરણ્યા નહિ, બીજા ઘરબારી. ૨
કનક કમલ પગલાં ઠવે, જગ શાંતિ કરીજે,
રયણ સિંહાસન બેસીને, ભલી દેશના દીજે;
યોગાવંચક પ્રાણીયા ફલ લેતાં રીઝે,
પુષ્કરાવર્તના મેઘમાં, મગશેલ ન ભીંજે. ૩
*ક્રોડવદન ÷શુકરારુઢો, શ્યામરૂપે ચાર;
હાથ બીજોરૂ કમલ છે, દક્ષિણ કર સાર;
જક્ષ ગરૂડ વામ પાણીએ, નકુલાક્ષ વખાણે;
નિર્વાણીની વાત તો, કવિ વીર તે જાણે. ૪

### શ્રી શાંતિનાથ જિન સ્તવન.

(રાગ—પૂર્વી)

ક્ષણ ક્ષણ સાંભરો શાંતિ સલુણા,
ધ્યાન ભુવન જિનરાજ પરૂણા ક્ષણ૦;
શાંતિ જિનંદકો નામ અમીસેં,

* ભુંડના જેવા મુખવાળો. ÷ ભુંડ ઉપર બેઠેલો.

ઉલ્લસિત હોત હમ રોમ વપુના; ક્ષણુ૦
ભવ ચોગાનમેં ફિરતે પાએ,
છોરત મેં નહિ ચરણ પ્રભુનાં. ક્ષણુ૦ ૧
છીલ્લરમેં રતિ કબહુ ન પાવે,
જે ઝીલે જલ ગંગ યમુના; ક્ષણુ૦
તુમ સમ શિર નાથ ન થાશે,
કર્મ અધુના દૂના ધુના. ક્ષણુ૦ ૨
મોહ લરાઇમેં તેરી સહાઈ,
તો ક્ષણુમેં છિન્ન છિન્ન કરૂના; ક્ષણુ૦
નહિ ઘટે પ્રભુ આના કુના,
અચિરા સુત પતિ મોક્ષ વધૂના. ક્ષણુ૦ ૩
ઓરકી પાસ મેં આશ ન કરતેં,
ચાર અનંત પસાય કરૂના. ક્ષણુ૦
ક્યું કર માગત પાસ ધત્તૂરે,
યુગલિક યાચક કલ્પતરૂના. ક્ષણુ૦ ૪
ધ્યાન ખડ્ગ વર તેરે આસંગે,
મોહ ડરે સારી ભીક ભરૂના. ક્ષણુ૦
ધ્યાન અરૂપી તો સાંઈ અરૂપી,
ભકતે ધ્યાવત તાના તુના. ક્ષણુ૦ ૫

અનુભવ રંગ વધ્યો ઉપયોગે,
ધ્યાન સુપાનમેં કાથા ચૂના. ક્ષણુ૦
ચિદાનંદ ઝકઝોલ ઘટાસેં,
શ્રી શુભ વીરવિજય પડિપુન્ના. ક્ષણુ૦ ૬

## શ્રી કુંથુનાથ જિન ચૈત્યવંદન.

લવસત્તમ સુરભવ તજી, ગજપુર નયર નિવાસ;
રાક્ષસ ગણુ કૃતિકા જની, કુંથુનાથ વૃષરાશિ.૧ ૧
સોલ વરસ છદ્મસ્થમાં, જિનવર યોનિ છાગ;
ઘાતીકર્મ ઘાતે કરી, તિલક તલે વીતરાગ. ૨
શૈલીશીકરણે કરી એ, એક સહસ પરિવાર;
શિવમંદિર સિધાવતાં, વીર ઘણું હુશિયાર. ૩

### થોય—( ત્રોટક છંદ, દ્વિજરાજ મુખી— એ દેશી. )

વશી કુંથુ વ્રતી તિલકો જગતિ,
મહિમા મહતી નત ઇંદ્રતતી;
પ્રથિતાગમ જ્ઞાનગુણા વિમલા,
શુભ વીરમતા ગાંધર્વ બલા. ૧

## શ્રી અરનાથ જિન ચૈત્યવંદન.

કાણુ સવ્વટ્ઠ થકી ચવ્યા, નાગપુરે અરનાથ;

રેવતી જન્મ મહોત્સવા, કરતાં [૧]નિર્જર નાથ. ૧
જયકર યોનિ ગજવરૂ, રાશિ મીન ગણદેવ;
ત્રણ વરસમાં થિર થઈ, ટાલે મોહની ટેવ. ૨
પામ્યા અંબ તરૂ તલે એ, ખાયિક ભાવે નાણ;
સહસ મુનિવર સાથશું, વીર કહે નિર્વાણ. ૩

**થોય**—( ત્વમશુભાન્યભિનંદનનંદિતા—એ દેશી. )
અરવિભૂરવિ ભૂતલદ્યોતકં, સુમનસા મનસાર્ચિતપંકજં;
જિનગિરા ન ગિરા પરતારિણી,
પ્રણુત યક્ષ પતિ વીર ધારિણી. ૧

**શ્રી મલ્લિનાથ જિન ચૈત્યવંદન.**

મલ્લી જયંત વિમાનથી, મિથિલા નયરી સાર;
અશ્વની યોનિ જયંકરૂ, અશ્વિનીયે અવતાર. ૧
સુર ગણ રાશિ મેષ છે, વંદિત સ્વર્ગી લોક;
છદ્મસ્થ અહો રાતિની, કેવલ વૃક્ષ અશોક. ૨
સમવસરણે બેસી કરી એ, તીર્થ પ્રવર્તન હાર;
વીર અચલ સુખને વર્યા, [૨]પંચ સયા પરિવાર. ૩

થોય—( નંદીશ્વર વર દ્વીપ સંભાળું—એ દેશી. )
મલ્લિનાથ મુખચંદ નિહાલું,
અરિહા પ્રણમી પાતક ટાલું;

૧ ઇન્દ્રો, ૨ '૫૦૦ સાધુ અને ૫૦૦ સાધ્વી' ચ૦

જ્ઞાનાનંદ વિમલપુર સેર,
ધરણુ પ્રિયા શુભ વીર કુબેર. ૧

### શ્રી મુનિસુવ્રત સ્વામીનું ચૈત્યવંદન.

સુવ્રત અપરાજિતથી, રાજગૃહી રહેઠાણ;
વાનર યોનિ રાજતી, સુંદર ગણ ગિર્વાણ. ૧
શ્રવણ નક્ષત્રે જનમીયા, સુરવર જય જયકાર;
મકરરાશિ છદ્મસ્થમાં, મૌન માસ અગીયાર. ૨
ચંપક હેઠે [૧]ચાંપીયાં એ, જે ઘનઘાતી ચાર;
વીર વડો જગમાં પ્રભુ, શિવ પદ એક હજાર. ૩

થોય—( પાસ જિણંદા વામા નંદા—એ દેશી. )

સુવ્રત સ્વામી આતમરામી, પૂજો ભવિ મનરૂલી;
જિનગુણ થુણીએ, પાતક હણીએ, ભાવસ્તવ સાંકલી;
વચને રહીએ, જૂઠ ન કહીએ, ટલે ફલ વંચકો;
વીર જિણુ પાસી સુરી નરદત્તા, વરૂણ જિનાર્ચકો. ૧

### શ્રી નમિનાથ જિન ચૈત્યવંદન.

દશમા પ્રાણત સ્વર્ગથી, આવ્યા શ્રી નમિનાથ;
મિથિલા નયરી રાજીયો, શિવપુર કેરો સાથ. ૧
યોનિ અશ્વ અલંકરી, અશ્વની ઉદયો ભાણ;
મેષ રાશિ સુર ગણ નમું, ધન્ય તે દિન સુવિહાણ. ૨

---
૧ નાશ કર્યાં.

નવ માસાંતર કેવલી એ, બકુલ તલે નિરધાર;
વીર અનુપમ સુખ વર્યા, મુનિ [1]પરિતંત હજાર. ૩

થોય—(શ્રાવણ સુદિ દિન પંચમી એ—એ દેશી)

શ્રી નમિનાથ સોહામણા એ, તીર્થપતિ સુલતાન તો;
વિશ્વંભર અરિહા પ્રભુ એ, વીતરાગ ભગવાન તો;
રત્નત્રયી જસ ઉજલી એ, ભાંખે ષટ્ દ્રવ્ય જ્ઞાન તો;
ભૃકુટી સુર ગંધારિકા એ, વીર હૃદય બહુમાન તો. ૧

## શ્રી નેમિનાથ જિન દેવવંદન.

### ચૈત્યવંદન.

નમિનાથ બાવીસમા, અપરાજિતથી આય;
સૌરીપુરમાં અવતર્યા, કન્યા રાશિ સુહાય. ૧
યોનિ વાઘ વિવેકીને, રાક્ષસ ગણ અદ્ભુત;
રિખ ચિત્રા ચોપન દિન, મૌનવતા મનપૂત. ૨
વેતસ હેઠે કેવલી એ, પંચ સયા છત્રીસ;
[2]વાચંયમશું શિવ વર્યા, વીર નમે નિશદીશ. ૩

થોય—( કનક તિલક ભાલે—એ દેશી. )

દુરિત ભયનિવારં, મોહ વિધ્વંસકારં;
ગુણવંતમવિકારં, પ્રાપ્તસિદ્ધિમુદારં;

---

૧ પરિવાર, ૨ મુનિવરો સાથે.

જિનવર જયકારં, કર્મ સંકલેશહારં;
ભવજલ નિધિતારં, નૌમિ નેમિકુમારમ્. ૧
અડ જિનવર માતા, [1]સિદ્ધિસૌધે પ્રયાતા;
અડ જિનવર માતા, સ્વર્ગ ત્રિજે વિખ્યાતા;
અડ જિનવર માતા, પ્રાપ્ત માહેંદ્ર શાતા;
ભવ ભય જિન ત્રાતા, સંતને સિદ્ધિ દાતા. ૨
ઋષભ જનક જાવે, નાગ સુર ભાવ પાવે;
ઇશાન સગ કહાવે, શેષ કાંતા સભાવે;
પદમાસન સુહાવે, નેમ આદ્યંત પાવે;
શેષ કાઉસગ્ગ ભાવે, સિદ્ધિસૂત્રે પઠાવે. ૩
વાહન પુરૂષ જાણી, કૃષ્ણ વર્ણે પ્રમાણી;
ગોમેધ ને ષટ પાણી, સિંહ બેઠી વરાણી;
તનુ કનક સમાણી, અંબિકા ચાર પાણી;
નેમ ભગતિ ભરાણી, વીરવિજયે વખાણી. ૪

### શ્રી નેમિનાથ જિન સ્તવન.

( મલ્લીનાથ વિના દુઃખ કોણ ગમે—એ દેશી. )

રહો રહો રે યાદવ દો ઘડીયાં, રહો૦
દો ઘડીયાં દો ચાર ઘડીયાં;
રહો રહો રે યાદવ દો ઘડીયાં. રહો૦

---
૧ મોક્ષ રૂપી મહેલમાં.

શિવા માતા મલ્હાર નગીને,
ક્યૂં ચલીયે હમ વિછડીયાં. રહો૦ ૧
તો બિન ઓરસે નેહ ન કીનો,
ઓર કરનકી આખડીયાં; રહો૦
ઈતને બિચ હમ છોડ ન જઈએ,
હોત બુરાઈ લાજડીયાં. રહો૦ ૨
પ્રીતમ પ્યારે કેહ કર જાનાં,
જો હોત હમ શિર બાંકડિયાં; રહો૦
હાથસેં હાથ મિલાદે સાંઈ,
ફૂલ બિછાઉં સેજડીયાં. રહો૦ ૩
પ્રેમકે પ્યાલે બહુત મસાલે,
પીવત મધુરે સેલડીયાં; રહો૦
સમુદ્રવિજય કુલ તિલક નેમકું,
રાજુલ ઝરતી આંખડીયાં. રહો૦ ૪
રાજુલ છોર ચલે ગિરનારે,
નેમ યુગલ કેવલ વરીયાં; રહો૦
રાજિમતી પણ દીક્ષા લીની,
ભાવના રંગ રસે ચડીયાં. રહો૦ ૫
કેવલ લઈ કરી મુગતિ સિધારે,

दंपती मोहन वेलडीयां; રહો૦
શ્રી શુભ વીર અચલ ભઈ જોડી,
મોહરાય શિર લાકડીયાં. રહો૦ ૬

## શ્રી પાર્શ્વનાથ જિન દેવવંદન.

### ચૈત્યવંદન

નયરી વાણારસીયે થયા, પ્રાણુતથી પરમેશ;
યોની વ્યાઘ્ર સુહંકરી, રાક્ષસ ગણ સુવિશેષ. ૧
જન્મ વિશાખાયે થયો, પાર્શ્વપ્રભુ મહારાય;
તુલારાશિ છદ્મસ્થમાં, ચોરાશી દિન જાય. ૨
ધવ તરૂ પાસે[1] પામીયા એ, ખાયિક દુગ ઉપયોગ;
મુનિ તેત્રીશે શિવ વર્યા, વીર અખય સુખ ભોગ. ૩

### થોય—( સુવિધિ સેવા—એ દેશી. )

પાસ જિણંદા વામાનંદા, જબ ગરભે ફલી;
સુપનાં દેખે અર્થ વિશેષે, કહે [1]મઘવા મલી;
જિનવર જાયા સુર હુલરાયા, હુઆ રમણી પ્રિયે;
નેમિ રાજી ચિત્ત(ચિત્ર)વિરાજી,વિલોકિત વ્રત લીયે.૧
વીર એકાકી ચાર હજારે, દીક્ષા ધૂર જિનપતિ;
પાસ ને મલ્લી ત્રય શત સાથે, બીજા સહસે વ્રતી;

૧ ઇન્દ્ર.

ષટ શત સાથે સંયમ ધરતા, વાસુપૂજ્ય જગધણી;
અનુપમ લીલા જ્ઞાન રસીલા, દેજો મુજને ઘણી. ૨
જિનમુખ દીઠી વાણી મીઠી, સુરતરૂ વેલડી;
દ્રાક્ષ વિહાસે ગઇ વનવાસે, પીલે રસ સેલડી;
સાકર સેંતી તરણા લેતી, મુખે પશુ ચાવતી;
અમૃત મીઠું સ્વર્ગે દીઠું, સુરવધૂ ગાવતી. ૩
ગજમુખ દક્ષો વામન યક્ષો, મસ્તકે ફણાવણી;
ચાર તે બાંહી કચ્છપ વાહી, કાયા જસ શામલી;
ચઉકર પ્રૌઢા નાગારૂઢા, દેવી પદ્માવતી;
સોવન કાંતિ પ્રભુ ગુણ ગાતી, વીર ઘરે આવતી. ૪

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

( જિણંદરાય હે—એ દેશી. )

આજ શંખેશ્વર જિન ભેટીએ,
ભેટતાં ભવ દુઃખ નાસે, સાહેબ મોરા રે;
જયો અશ્વસેન કુલ ચંદ્રમા,
માતા વામા સુત પાસ. સા૦ આજ૦ ૧
ભક્તિવત્સલ જન ભયહરૂ,
હસતાં હણીયા ષટ્ હાસ્ય; સાહે૦

દાનાદિક પાંચને દુહવ્યા,
ફરી નાવે પાસની પાસ. સા૦ આજ૦ ૨
ફરી કામને કારમી કમકમી,
મિથ્યાત્વને ન દીઉં માન; સાહે૦
અવિરતિને રતિ નહિ એક ઘડી,
અગુણી અલગું અજ્ઞાન. સા૦ આજ૦ ૩
નિંદક નિદ્રાને નાસવી,
મૃત રાગને રોગ અપાર; સાહે૦
એક ધક્કે દ્વેષને ઢાલીઓ,
એમ નાઠા દોષ અઢાર. સા૦ આજ૦ ૪
વલી મત્સર મોહ મમત ગયો,
અરિહા નિરિહા નિરદોષ; સાહે૦
ધરણેંદ્ર કમઠ સુર બિહું પરે,
તુસ માત્ર નહી તોસ રોષ. સા૦ આજ ૫
અચરિજ સુણજો એક તિણે સમે,
શત્રુને સમકિત દાય; સાહે૦
ચંદન પારસ ગુણ અતિ ઘણા,
અક્ષર થોડે ન કહાય. સા૦ આજ૦ ૬
જાગરણ દશા ઉપર ચઢયા,

ઉજાગરણે વીતરાગ; સાહે૦
આલંબન ધરતાં પ્રભુતણું,
પ્રભુતા સેવક સૌભાગ્ય. સા૦ આજ૦ ૭
ઉપાદાન કારણ કારજ સધે,
અસાધારણ કારણ નિત્ય; સાહે૦
જે અપેક્ષા કારણ ભવિ લહે,
ફલદા કારણ નિમિત્ત. સા૦ આજ૦ ૮
પ્રભુ ત્રાયક સાયકતા ધરી,
દાયક નાયક ગંભીર; સાહે૦
નિજ સેવક જાણી નિવાજીયે,
તુમ ચરણે નમે શુભ વીર. સા૦ આજ૦ ૯

## શ્રી વર્દ્ધમાન જિન દેવવંદન.

### ચૈત્યવંદન.

ઉર્ધ્વલોક દશમા થકી, કુંડપુરે મંડાણ;
વૃષભ યોનિ ચઉવીશમા, વર્દ્ધમાન જિન ભાણ. ૧
ઉત્તરાફાલ્ગુની ઉપન્યા, માનવ ગણ સુખદાય;
કન્યા રાશિ છદ્મસ્થમાં, બાર વરસ વહી જાય. ૨
શાલ વિશાલ તરૂ તલે એ, કેવલ નિધિ પ્રગટાય;
વીર બિરદ ધરવા ભણી, એકાકી શિવ જાય. ૩

થોય—( ગોતમ બોલે ગ્રંથ સંભાલી—એ દેશી. )

વીર જગ(ન)પતિ જન્મજ થાવે,
નંદન નિશ્ચિત શિખર રહાવે,
આઠ કુમારી ગાવે, અડ ગજદંતા હેઠે વસાવે;
રૂચક ગિરિથી છત્રીસ જાવે, દ્વીપ રૂચક ચઉ ભાવે;
છપ્પન દિગ્‌કુમરી હુલરાવે, સૂતીકરમ કરી નિજ ઘર પાવે;
શક્ર સુઘોષા વજાવે, સિંહનાદ કરી જ્યોતિષી આવે;
ભવન વ્યંતર શંખ પડહે મિલાવે,
સુરગિરિ જન્મ મલ્હાવે. ૧

ઋષભ તેર [1]શશિ સાત કહીજે,
શાન્તિનાથ ભવ બાર સુણીજે;
મુનિસુવ્રત નવ કીજે, પાસ નેમીશ્વર નમન કરીજે;
પાસ પ્રભુના દશ સમરીજે, વીર સત્તાવીશ લીજે;
અજિતાદિક જિન શેષ રહીજે, ભવ સમકિતથી ગણીજે;
જિનનામબંધ નિકાચિત કીજે,
ત્રણ ત્રણ ભવ સઘલે ઠવીજે;
ત્રીજે ભવ તપ ખંતી ધરીજે, જિનપદ ઉદયે સિઝે. ૨

આચારાંગ આદે અંગ અગ્યાર,
ઉવવાઈ આદે ઉપાંગ તે બાર;
દશ પયન્ના સાર, છ છેદ સૂત્ર વિચિત્ર પ્રકાર;

---

૧ ચંદ્રપ્રભુના.

ઉપગારી મૂલ સૂત્ર તે ચાર, નંદી અનુયોગદ્વાર;
એ પીસ્તાલીશ આગમ સાર, સુણતાં લહીયે તત્ત્વ ઉદાર;
વસ્તુ સ્વભાવ વિચાર, વિષય ભુજંગિની વિષ અપહાર;
એ સમો મંત્ર ન કો સંસાર, વીરશાસન જયકાર. ૩
નકુલ બીજોરૂં દોય કર ઝાલી,
માતંગ સુર શામ કાંતિ તેજાલી;
વાહન ગજ શુંઢાલી, સિંહ ઉપર બેઠી રઢીયાલી;
સિદ્ધાયિકા દેવી લટકાલી, [1]હરિતાભા ચાર ભૂજાલી;
પુસ્તક અભયા જિમણે ઝાલી, [2]માતુલિંગને વીણા રસાલી,
વામ ભુજા નહિ ખાલી; શુભ ગુરૂ ગુણ પ્રભુ ધ્યાન ઘટાલી,
અનુભવ નેહશું દેતી તાલી, વીર વચન ટંકશાલી. ૪

## તીર્થપતિ શ્રી વર્ધમાન જિન સ્તવન.

(રાગ–બંગાલ.)

ત્રિશલાનંદન ચંદન શીત,
દર્શન અનુભવ કરીયે નિત; સ્વામી સેવીયે;
તુમ દરશનથી અલગા જેહ,
વલગ્યા કર્મ પિશાચને છેહ. સ્વામી સેવીયે. ૧
હું પણ ભમીયો આ સંસાર,
દર્શન દીઠા વિણ નિરધાર, સ્વામી સેવીયે;

---

૧ લીલા વર્ણવાલી, ૨ બીજોરૂં.

અબ તુમ દર્શન દીઠું રત્ન,
નિજ ઘરમાં રહી કરશું યત્ન; સ્વામી સેવીયે. ૨
દર્શનથી જો દર્શન થાય,
તે આણંદ તો (તિ)જગત ન માય; સ્વામી સેવીયે;
ભવ ભ્રમણાદિક દૂરે જાય,
ભવ થિતિ ચિંતન અલ્પ ઠરાય; સ્વામી સેવીયે. ૩
તસ લક્ષણ પ્રગટે ઘટમાંહિ,
વૈશાલિક પ્રભુ તુઠો ઉછાહી; સ્વામી સેવીયે;
અમૃત લેશ લહે એક વાર,
રોગ ફરી નહી અંગ મોઝાર; સ્વામી સેવીયે. ૪
દર્શન ફરશન હોવે તાસ,
સંવેદન દર્શનનો નાશ; સ્વામી સેવીયે;
પણ જો જાય [1]પલાંદુ પાસ,
તો મહ મહકે વાસ બરાસ; સ્વામી સેવીયે. ૫
દેવ કુદેવની સેવા કરંત,
ન લહ્યું દર્શન શ્રી ભગવંત; સ્વામી સેવીયે;
એક ચિત્ત નહિ એકની આશ,
પગ પગ તે દુનિયાના દાસ; સ્વામી સેવીયે. ૬
વેશ ખાટ પરે ક્ષીણ કેઈ ઘાટ,

૧ ડુંગરી.

તસુ સુ(મું)ખ દર્શન દૂરે દાટ; સ્વામી સેવીયે;
લોક કહે ધિગ ચિત્ત ઉચ્ચાટ,
ઘર ઘર ભટકે તે બારે વાટ; સ્વામી સેવીએ. ૭
તિણુવિધ ભટકયો કાલ અનંત,
મલિયા કલિયા નહિ અરિહંત; સ્વામી સેવીયે;
તે દિન દર્શન તો પ્રતિપક્ષ,
હવે દર્શન ફલશે પ્રત્યક્ષ; સ્વામી સેવીયે. ૮
પ્રીતિ ભક્તિયે ચોલનો રંગ,
ગુણુદર્શને ગયો રંગ પતંગ; સ્વામી સેવીયે;
અણુમલવે હુવે મન ઉત્કંઠ,
મલવે દુઃખ કરે વિરહે ઉલ્લંઠ; સ્વામી સેવીયે. ૯
અનુભવ દર્શને બિહું દુઃખ નાસ,
રાતી દિવસ રહો હઈડા પાસ; સ્વામી સેવીયે;
ક્ષય ઉપશમ ગુણુ ખાયક દાય,
ગર્ભવતી પ્રિયા પુત્ર જણુાય; સ્વામી સેવીયે. ૧૦
રંગ મહોલમાં ઉત્સવ થાય,
મોહ કુટુંબ તે રોતું જાય; સ્વામી સેવીયે;
શ્રી શુભવિજય સુણો જગદીશ,
વીર કહે પછે દેજો આશિષ; સ્વામી સેવીયે. ૧૧

## શાશ્વતા અશાશ્વતા જિન દેવવંદન.

### ચૈત્યવંદન.

ચતુર્વિંશતીરાર્હતા વંદિતાશ્ચાઽધુના,
સંસ્તવિષ્યે ત્રિલોકે વિલોકાઃ;
[1]ચતુર્ધાભિધાઃ સદ્દ્ગુણાલંકૃતેભ્યો,
નમામિ મુદા શાશ્વતાઽશાશ્વતેભ્યઃ. ૧
સુધર્માદિકે [2]તાવિષે ચૈત્યમાલા,
તથા ચાંતિ[3]મેઽનુત્તરેઽર્હદ્વિશાલાઃ
વસુર્વેદનંદર્ષિ ખદ્વિત્રિકેભ્યો.[4] નમામિ૦ ૨
ગભસ્ત્યાલયે[5] [6]શીતરશ્મિ નિવાસે,
ગ્રહે તારકે [7]ચોડુનિ ચૈત્યગેહાઃ;
અસંખ્યા જિનેંદ્રા વિતેંદ્રા(વિતંદ્રા)કૃતેભ્યો.નમામિ૦૩
વસુદ્વિકૃતે[8] વ્યંતરેઽસંખ્ય ચૈત્યે,
દશાનાં જિનૌકાઃ સ્મૃતાશ્ચ;
ઽસુરાદ્યા ગ્રહાંકામિતાઃપારગાઃસંતિ તેભ્યો,નમામિ૦૪

---

૧. ઋષભ, ચંદ્રાનન, વારિષેણ, વર્ધમાન નામવાળા.

૨ સ્વર્ગે. ૩ સર્વાર્થસિદ્ધ વિમાને ૪ વસુ વગેરે સંખ્યાવાચક શબ્દો અહીંયાં દક્ષિણાવર્ત્ત ગણવા, સામાન્ય રીતે વામાવર્ત્ત– અવળા ગણાય છે. (૮૪૯૭૦૨૩ થાય) ૫ સૂર્ય વિમાને, ૬ ચંદ્ર, ૭ નક્ષત્રોના વિમાનમાં, ૮ વસુ એટલે ૮ ને બમણા કરવાથી ૮×૨=૧૬ થાય.

સુરાદ્રૌ નગે નૈષધે નીલવંતે,
ગિરૌ કુંડલે રૌચકે નાગદંતે;
હિમાદ્રૌ ચ વૈતાઢય–ગ્રામ્યર્ચિતેભ્યો— નમામિ૦ ૫

તરૌ શાલ્મલી જંબુ નંદીશ્વરેષુ,
વખારે વિચિત્રે ત્રિકૂટે ચ કૂટે;
સુકુટે ક્ષિતૌ ચક્રવાલાંતરેભ્યો— નમામિ૦ ૬

સ્થિતે ચિત્રકૂટેઽર્બુદે સિદ્ધક્ષેત્રે,
સમેતોજ્જયંતાચલાઽષ્ટાપદેષુ;
કુલાદ્રૌ ચ વિંધ્યાચલે રૌહણેભ્યો— નમામિ૦ ૭

વિરાટે અઘાટે કુરૌ મેદપાટે,
શ્રીમાલે ચ ભોટે સ્થિતા ચક્રકોટે;
દ્રહે દેવકૂટે દ્રવિડેઽર્હતેભ્યો— નમામિ૦ ૮

તિલંગે કલિંગે પ્રયાગે ચ બોધે [ બૌદ્ધે ],
સુરાષ્ટ્રાંગવંગાર્દ્રગંગાપગાસુ;
જનૈઃ કાન્યકુબ્જે તમાલેઽર્ચિતેભ્યો— નમામિ૦ ૯

જલે કૌશલે નાહલે જંગલે વા,
સ્થલે પલ્લીદેશે વને સિંહલે વા;
નગર્યુજ્જયિન્યાદિકાસ્વંતરેભ્યો— નમામિ૦ ૧૦

અનેનૈવ સંધ્યત્વવંધ્યં ત્રિસંધ્યં,
જિનાઃ સંસ્તુવંતિ ચતુર્માસિ ધસ્ત્રે;
ભવેત્તીર્થયાત્રા ગૃહે તિષ્ઠતેભ્યો— નમામિ૦ ૧૧
ઇતિ શાશ્વતમુખ્યવિભોઃ સ્તવનં,
રચિતં લચિતં સુગુણૈઃપ્રવરંસભાપરિરંજિતદક્ષનિકરં,
કુરૂતાં શુભ વીર સુખં (સુખે) સખરં. ૧૨

પછી જંકિંચિ, નમુત્થુણં, અરિહંત ચેઇયાણં, કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી પ્રથમ થોય કહેવી. તેમજ પૂર્વોકત વિધિએ અનુક્રમે બીજી ત્રણ થોયો પણ જાણવી.

થોય—( નંદીસર વર દ્વીપ સંભારૂં–એ દેશી. )

ઋષભાનન ચંદ્રાનન જાણો,
વારિષેણ શાશ્વત વર્દ્ધમાનો;
પૂરવ પશ્ચિમ ઉત્તર ઠાણો,
દક્ષિણ પડિમા ભાગ પ્રમાણો. ૧
ઉર્ધ્વલોક જિનબિંબ ઘણેરાં,
ભવનપતિમાં ઘર ઘર દહેરાં;
વ્યંતર જયોતિષી તીર્છે અનેરાં,
ચારે શાશ્વત નામ ભલેરાં. ૨

ભરતાદિક જે ક્ષેત્ર સુહાવે,
કાલત્રિકે જે અરિહા આવે;
ચાર નામ એ નિશ્ચય થાવે,
અંગ ઉવંગે વાત જણાવે. ૩
પંચ કલ્યાણકે હર્ષ અધુરે,
નંદીશ્વર દ્વીપે જઈ પૂરે;
હર્ષ મહોત્સવ કરત અટ્ઠાઇ,
દેવ દેવી શુભ વીર વધાઈ. ૪

પછી બેસી નમુત્થુણં૦ જાવંતિ ચેઇ૦ ખમા૦ દઈ જાવંત-કેવિ સાહૂ૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું.

### શ્રી શાશ્વતા અશાશ્વતા જિન સ્તવન.

( રાગ ફાગ. થોવા ગબ્ભય—એ દેશી )

સાસય પડિમા સુંદર, જિનઘર કહેશું તેહ;
ચારણ મુનિવર વંદી, ભગવઈ માંહે જેહ;
ઉર્ધ્વલોકે ચુલસી લખ, સહસ સત્તાણું ત્રેવીસ;
સાત કોડિ લખ બિહુત્તેર, ભુવણે ચૈત્ય ગણીશ. ૧
જોઈ વણેસુ અસંખા, કુંડલ રૂચકે ચાર;
નંદીસર વર બાવન, એ સાઠે ચઉ બાર;
તિદુવારાં શેષ જિનઘર, દ્વાર દ્વાર તિહાં દીઠ;
મુખમંડપ રંગમંડપ, સખરી મણિમય પીઠ. ૨

તસ (આગલ) ઉપર વર થુભે, ચિહુ દિશિ પડિમા ચાર;
તદનંતર મણિપીઠ, યુગલ વરતે સુખકાર;
વૃક્ષ અશોક ધરમધ્વજ, વાવ પુક્ખરિણી જ્યાંહી;
ભવન ભવન પ્રતિ પડિમા, અષ્ટોત્તર શત માંહી. ૩

પંચ સયાં ધનુ મોટી, પડિમા લઘુ સાત હાથ;
મણિપીઠે દેવછંદે, સિંહાસન બેઠા નાથ;
છત્ર ધરે એક ચામર, ધારી પડિમા દોય;
નાગ ભૂઆવલી જક્ખા, કુંડધરા દોય દોય. ૪

જોઈસ વ્યંતર કલ્પ નિવાસી, ભવણુ નિકાય;
ઉપપાતી અભિષેકાડલંકારા વ્યવસાય;
સભા સુધર્મા પંચમી, મંડપ ષટ્કે જુત્ત;
પ્રત્યેકે તિદુવારાં, જિનઘર જિન અદ્ભુત. ૫

જોઈસાદિક માંહિ, શુભ પ્રત્યેકે બાર;
પ્રત્યેક પ્રતિમા નતિ, કરીયે નિત્ય સવાર;
થુભ સભાસું ગણુતાં, સાસય પડિમા સાઠ;
ચેઈઅ બિંબ મિલતાં, ભવણે અસિ સો પાઠ. ૬

શત પંચાસ બહુત્તેર, યોજન કહીયે જેહ;
લાંબા પહોલાં ઉંચાં, અનુક્રમે મવિએ તેહ;

સ્વર્ગ નંદીશ્વર કુંડલ, રૂચકે ભવન પ્રમાણ;
તીસ કુલ ગિરિ દશ કુરૂ, મેરૂવને અસિઆણુ. ૭

અયસી વક્ખારે જિન ઘર, ગજદંતાયે વીશ;
મણુઅ નગે ઈકિખુકારે, ચાર ચાર સુજગીશ;
પૂર્વવિહિત પરિમાણુથી, અર્ધ પ્રમાણે જાણુ;
તેહથી અર્ધ પ્રમાણે, નાગાદિ પરિમાણુ. ૮

તેથી વ્યંતર અરધા, ચાલીસ દિગ્ગજ સાર;
અયસી દ્રહે કંચનગિરિ, દેહરાં એક હજાર;
સિત્તેર મહાનઈ દીર્ઘ, વૈતાઢયે એકસો સિત્તેર;
ત્રણુસે અયસી કુંડે, જિન વચને નહિ ફેર. ૯

વીશ જમગ પંચ ચૂલા, જિનઘર પડિમા (પેર) ઘેર;
જંબૂ પમુહ દશ તરૂએ, અગિઆરસે સિત્તેર:
વૃત્ત વૈતાઢયે વીશ કોશ, દીહ અર્ધ વિત્થાર;
ધણુ સય ચઉદશ ચાલીસ, ઉંચપણે અવધાર. ૧૦

નંદીશ્વર વિદિશે સક્કીશાણુ પ્રિયા આઠ આઠ;
તસ નયરે તીર્છે સવિ, (બત્તી) દુત્રીસ સય ગુણુ સાઠ;
ત્રિભુવન માંહે દેહરાં, સગવન લખ અડ કોડિ;
દોયસે બ્યાસી હવે સુણો, બિંબ નમું કર જોડી. ૧૧

તેરસેં નેવ્યાસી કોડિ, સાઠ લાખ અસુરાઇ જાણુ;
તિગ લખ સહસ એકાણું, ત્રણુશેં વીશ તીર્છે પ્રમાણુ;
એક સો બાવન કોડિ, ચોરાણું લાખ સમેત;
સહસ ચુંઆલીસ સગ સય, સાઠ વિમાનિક ચૈત્ય. ૧૨
પન્નરશેં દુચત્ત કોડિ, અડવન્ન લાખ સુહાય;
છત્રીસ સહસ ને અયસી, ત્રિભુવન બિંબ કહાય;
ચઉ માસી દિન ચિંતિએ, ચતુરાભિધ નિજ ચિત્ત;
જો હોત વિદ્યા લબ્ધિ તો, વીર વિજય નમે નિત્ત. ૧૩

પછી જયવીયરાય સંપૂર્ણ કહી ખમાસમણ દેઈ, ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્ ! શાશ્વતા અશાશ્વતા જિન આરાધનાર્થં કાઉસ્સગ્ગ કરૂં ? ઇચ્છં ! શાશ્વતા અશાશ્વતા જિન આરાધનાર્થં કરેમિ કાઉસગ્ગં. અન્નત્થ ઉસસિએણં૦ કહી પૂર્ણ ચાર લોગસ્સનો કાઉસગ્ગ કરી મોટી શાંતિ સાંભળી પારીને એક લોગસ્સ પ્રગટ કહેવો.

## મોટી (બૃહત્) શાંતિ.

ભો ભો ભવ્યાઃ ! શૃણુત વચનં પ્રસ્તુતં સર્વમેતદ્, યે યાત્રાયાં ત્રિભુવનગુરોરાર્હતા ભક્તિભાજઃ, તેષાં શાંતિર્ભવતુ ભવતા–મર્હદાદિપ્રભાવા–દારોગ્યશ્રીધૃતિમતિકરી ક્લેશવિધ્વંસહેતુઃ ૧.

ભો ભો ભવ્યલોકા ! ઇહ હિ ભરતૈરાવતવિદેહસંભવાનાં સમસ્ત–તીર્થકૃતાં જન્મન્યાસન–પ્રકંપાનંતર–મવધિના વિજ્ઞા-

ચ, સૌધર્માધિપતિઃ સુઘોષાઘંટા–ચાલનાનંતરં સકલ–સુરા-સુરેન્દ્રૈઃ સહ સમાગત્ય, સવિનય–મર્હદ્ભટ્ટારકં ગૃહીત્વા ગત્વા કનકાદ્રિ–શૃંગે, વિહિતજન્માભિષેકઃ શાંતિમુદ્‌ઘોષયતિ, યથા તતોઽહં કૃતાનુકારમિતિ કૃત્વા, મહાજનો યેન ગતઃ સ પંથાઃ, ઈતિ ભવ્યજનૈઃ સહ સમેત્ય, સ્નાત્રપીઠે સ્નાત્રં વિધાય શાંતિમુદ્‌ઘોષયામિ, તત્પૂજા યાત્રા–સ્નાત્રાદિ–મહોત્સવા-નંતરમિતિ કૃત્વા કર્ણં દત્વા નિશમ્યતાં નિશમ્યતાં સ્વાહા.

ૐ પુણ્યાહં પુણ્યાહં પ્રીયંતાં પ્રીયંતાં ભગવંતોઽર્હન્તઃ સર્વજ્ઞાઃ સર્વદર્શિન–સ્ત્રિલોકનાથા-સ્ત્રિલોકમહિતા–સ્ત્રિલોકપૂજ્યા-–સ્ત્રિલોકેશ્વરા–સ્ત્રિલોકોદ્યોતકરાઃ.

ૐ ઋષભ અજિત સંભવ અભિનંદન સુમતિ પદ્મપ્રભ સુપાર્શ્વ ચંદ્રપ્રભ સુવિધિ શીતલ શ્રેયાંસ વાસુપૂજ્ય વિમલ અનંત ધર્મ શાંતિ કુંથુ અર મલ્લિ મુનિસુવ્રત નમિ નેમિ પાર્શ્વ વર્દ્ધમાનાંતા જિનાઃ શાંતાઃ શાંતિકરા ભવન્તુ સ્વાહા.

ૐ મુનયો મુનિપ્રવરા રિપુ–વિજય–દુર્ભિક્ષકાંતારેષુ દુર્ગમાર્ગેષુ રક્ષંતુ વો નિત્યં સ્વાહા.

ૐ હ્રીઁ શ્રીઁ ધૃતિ મતિ કીર્તિ કાંતિ બુદ્ધિ લક્ષ્મી મેધા વિદ્યાસાધન–પ્રવેશ–નિવેશનેષુ સુગૃહીત–નામાનો જયંતુ તે જિનેંદ્રાઃ.

ૐ રોહિણી પ્રજ્ઞપ્તિ વજ્રશૃંખલા વજ્રાંકુશી અપ્રતિચક્રા પુરૂષદત્તા કાલી મહાકાલી ગૌરી ગાંધારી સર્વાસ્ત્રા–મહાજ્વાલા

માનવી વૈરોટયા અચ્છુપ્તા માનસી મહામાનસી ષોડશ વિદ્યાદેવ્યો રક્ષંતુ વો નિત્યં સ્વાહા.

ૐ આચાર્યોપાધ્યાય–પ્રભૃતિ–ચાતુર્વર્ણ્યસ્ય શ્રીશ્રમણસંઘસ્ય શાંતિર્ભવતુ તુષ્ટિર્ભવતુ, પુષ્ટિર્ભવતુ.

ૐ ગ્રહાશ્ચંદ્ર સૂર્યાંગારક બુધ બૃહસ્પતિ શુક્ર શનૈશ્ચર રાહુ કેતુ–સહિતાઃ સલોકપાલાઃ સોમ-યમ-વરુણ–કુબેર–વાસવાદિત્ય–સ્કંદ–વિનાયકોપેતા યે ચાન્યેઽપિ ગ્રામ-નગર–ક્ષેત્ર–દેવતાદયસ્તે સર્વે પ્રીયંતાં પ્રીયંતાં અક્ષીણ–કોશ–કોષ્ટાગારા નરપતયશ્ચ ભવંતુ સ્વાહા.

ૐ પુત્ર–મિત્ર–ભ્રાતૃ–કલત્ર–સુહૃત્–સ્વજન–સંબંધિ–બંધુવર્ગ–સહિતા નિત્યં ચામોદપ્રમોદ–કારિણઃ; અસ્મિંશ્ચ ભૂમંડલાયતનનિવાસિ–સાધુ–સાધ્વી–શ્રાવક–શ્રાવિકાણાં રોગોપસર્ગ–વ્યાધિ–દુઃખ–દુર્ભિક્ષદૌર્મનસ્યોપશમનાય શાંતિર્ભવતુ.

ૐ તુષ્ટિ–પુષ્ટિ–ઋદ્ધિ–વૃદ્ધિ–માંગલ્યોત્સવાઃ, સદા પ્રાદુર્ભૂતાનિ પાપાનિ શામ્યંતુ દુરિતાનિ, શત્રવઃ પરાઙ્મુખા ભવંતુ સ્વાહા.

શ્રીમતે શાંતિનાથાય, નમઃ શાંતિવિધાયિને; ત્રૈલોક્યસ્યાઽમરાધીશ, મુકુટાભ્યર્ચિતાંઘ્રયે. ૧

શાંતિઃ શાંતિકરઃ શ્રીમાન્, શાંતિં દિશતુ મે ગુરુઃ; શાંતિરેવ સદા તેષાં, યેષાં શાંતિર્ગૃહે ગૃહે. ૨ ઉન્મૃષ્ટ–રિષ્ટ દુષ્ટ ગ્રહગતિ–દુઃસ્વપ્ન–દુર્નિમિત્તાદિ; સંપાદિત–હિત–સંપન્નામ–ગ્રહણં જયતિ શાંતેઃ. ૩ શ્રી સંઘ–જગજ્જનપદ,–રાજાધિપ–રાજસન્નિવેશાનામ્. ગોષ્ટિકપુરમુખ્યાણાં, વ્યાહરણૈ–ર્વ્યાહરેચ્છાંતિમ્. ૪

શ્રીશ્રમણ સંઘસ્ય શાંતિર્ભવતુ. શ્રીજનપદાનાં શાંતિર્ભવતુ, શ્રીરાજાધિપાનાં શાંતિર્ભવતુ શ્રીરાજસન્નિવેશાનાં શાંતિર્ભવતુ, શ્રીગોષ્ઠિકાનાં શાંતિર્ભવતુ શ્રીપૌરમુખ્યાણાં શાંતિર્ભવતુ, શ્રી પૌરજનસ્ય શાંતિર્ભવતુ, શ્રી બ્રહ્મલોકસ્ય શાંતિર્ભવતુ, ૐ સ્વાહા ૐ સ્વાહા ૐ શ્રીપાર્શ્વનાથાય સ્વાહા. એષા શાંતિઃ પ્રતિષ્ઠા–યાત્રા–સ્નાત્રાદ્યવસાનેષુ શાંતિકલશં ગૃહીત્વા કુંકુમ–ચંદન–કર્પૂરાગરુ-ધૂપવાસ–કુસુમાંજલિ–સમેતઃ; સ્નાત્ર–ચતુષ્કિકાયાં શ્રીસંઘસમેતઃ શુચિશુચિવપુઃ–પુષ્પ–વસ્ત્ર—ચંદના–ભરણાલંકૃતઃ પુષ્પમાલાં કંઠે કૃત્વા શાંતિમુદ્‌ઘોષયિત્વા શાંતિપાનીયં મસ્તકે દાતવ્યમિતિ.

નૃત્યંતિ નૃત્યં મણિ–પુષ્પ–વર્ષં, સૃજંતિ ગાયંતિ ચ મંગલાનિ, સ્તોત્રાણિ ગોત્રાણિ પઠંતિ મંત્રાન્, કલ્યાણભાજો હિ જિનાભિષેકે. ૧.

શિવમસ્તુ સર્વજગતઃ, પરહિત–નિરતા ભવંતુ ભૂતગણાઃ; દોષાઃ પ્રયાંતુ નાશં, સર્વત્ર સુખીભવન્તુ લોકાઃ. ૨ અહં તિત્થયર–માયા, સિવાદેવી તુમ્હ નયર–નિવાસિની; અમ્હ સિવં તુમ્હ સિવં, અસિવોવસમં સિવં ભવતુ સ્વાહા. ૩.

ઉપસર્ગાઃ ક્ષયં યાંતિ, છિદ્યંતે વિઘ્નવલ્લયઃ; મનઃ–પ્રસન્નતામેતિ, પૂજ્યમાને જિનેશ્વરે. ૪.

સર્વમંગલ–માંગલ્યં, સર્વકલ્યાણ–કારણમ્; પ્રધાનં સર્વધર્માણાં, જૈનં જયતિ શાસનમ્. ૫.

પ્રગટ લોગસ્સ કહી પછી તેર વાર નવકાર ગણી '**શ્રી સિદ્ધાચલ સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર; પુંડરીક ગણધર ભગવાનને નમો જિણાણં**' એ પાઠ તેર વખત (ખમાસમણ પૂર્વક) કહેવો. પછી બેસીને પાંચ તીર્થનાં પાંચ સ્તવનો કહેવાં. તે આ પ્રમાણે—

## તીર્થાધિરાજ શ્રીસિદ્ધાચલજીનું સ્તવન.

( શીતલ જિન સહજાનંદી—એ દેશી. )

વિમલાચલ વિમલા પાણી, શીતલ તરૂ છાયા ઠરાણી;
રસવેધક કંચન ખાણી, કહે ઇંદ્ર સુણો ઇંદ્રાણી. ૧
સનેહી સંત એ ગિરિ સેવો;
ચઉદ ક્ષેત્રમાં તીર્થ ન એવો. સ૦
[1]છહ'રી' પાલી ઉલ્લસીએ, છટ્ઠ અટ્ઠમ કાયા કસીએ;
મોહ મલ્લના સામા ધસીએ,
વિમલાચલ વેગે વસીએ. સ૦ ૨
અન્ય સ્થાનક કર્મ જે કરીએ, તે હિમગિરિ હેઠે હરીએ;
પાછલ પ્રદક્ષણા ફરીએ,
ભવજલધિ હેલા તરીએ. સ૦ ૩
શિવમંદિર ચઢવા કાજે, સોપાનની પંક્તિ વિરાજે;
ચઢતાં સમકિતી છાજે,
દૂરભવ્ય અભવ્ય તે લાજે. સ૦ ૪
પાંડવ પમુહા કેઈ સંતા, આદીશ્વર ધ્યાન ધરંતા;

---

૧ છ"રી" આ પ્રમાણે—બ્રહ્મચારી ૧ ભૂમિસંથારી, ૨, પાદચારી ૩, પ્રતિક્રમણકારી ૪, સચિત પરિહારી ૫, એકલ આહારીક, ૬

પરમાતમ ભાવ ભજંતા,
સિદ્ધાચલ સિદ્ધ અનંતા. સ૦ ૫
ષટમાસી ધ્યાન ધરાવે, શુક રાજાનું રાજ્ય નિપાવે;
બહિરંતર શત્રુ હરાવે,
શત્રુંજય નામ ધરાવે. સ૦ ૬
પ્રણિધાને ભજો ગિરિ જાચો, તીર્થંકર નામ નિકાચો;
મોહરાયને લાગે તમાચો,
શુભવીર વિમલગિરિ સાચો. સ૦ ૭

## શ્રી ગિરનારજી તીર્થનું સ્તવન.

( જાત્રા નવાણું કરીએ વિમલગિરિ—એ દેશી. )

સહસાવન જઈ વસીએ,
ચાલોને સખી સહસાવન જઈ વસીએ;
ઘરનો ધંધો કબુ અન પૂરો,
જો કરીએ અહો નિશિએ. ચાલો૦
પીયરમાં સુખ ઘડીય ન દીઠું,
ભય કારણ ચઉ દિશિયે. ચાલો૦ ૧
નાક વિહૂણા સયલ કુટુંબી,
લજ્જા કિમપિ ન પસિયે; ચાલો૦

ભેલાં જમીએ ને નજર ન હીસે,
રહેવું ઘોર તમસીએ. ચાલો૦ ૨
પીયર પાછલ છલ કરી મહેલ્યું,
સાસરીએ સુખ વસીએ; ચાલો૦
સાસુડી તે ઘર ઘર ભટકે,
લોકને ચટકે ડસીએ. ચાલો૦ ૩
કહેતાં સાસુ આવે હાંસુ,
ભુંશીએ મુખ લેઇ મશીએ; ચાલો૦
કંથ અમારો બાલો ભોલો,
જાણે ન અસિ મસિ કસીએ. ચાલો૦ ૪
જૂઠા બોલી કલહણુ શીલા,
ઘર ઘર શુની જ્યૂં ભસીએ; ચાલો૦
એ દુઃખ દેખી હઈડું મૂંઝે,
દુર્જનથી દૂર ખસીએ. ચાલો૦ ૫
રૈવતગિરિનું ધ્યાન ન ધરીયું,
કાલ ગયો હસમસીએ; ચાલો૦
શ્રી ગિરનારે ત્રણ કલ્યાણક,
નેમિ નમન ઉલ્લસીએ. ચાલો૦ ૬
શિવ વરસે ચોવીશ જિનેશ્વર;

અનાગત ચઉવીશીએ; ચાલો૦
કૈલાસ ઉજ્જયંત રૈવત કહીએ,
શરણુ ગિરિને ફરસીએ. ચાલો૦ ૭
ગિરનાર નંદભદ્ર એ નામે,
આરે આરે છ[1]પ્રવિશિએ; ચાલો૦
દેખી મહીતલ મહિમા મહોટો,
પ્રભુ ગુણુ જ્ઞાન વરસિયે. ચાલો૦ ૮
અનુભવ રંગ વધે તેમ પૂજો,
કેશર ઘસી ઓરશીએ; ચાલો૦
ભાવસ્તવ સુત કેવલ પ્રગટે,
શ્રી શુભ વીર વિલસીએ. ચાલો૦ ૯

### શ્રી અર્બુદગિરિ તીર્થ સ્તવન.

( ચિત્ત ચેતો રે—એ દેશી. )

આદિ જિણેસર પૂજતાં દુઃખ મેટો રે,
આબૂગઢ દૃઢ ચિત્ત ભવિક જઈ ભેટો રે;
દેલવાડે દેહરાં નમી દુઃખ૦
ચાર પરિમિત નિત્ય. ભવિ૦ ૧

---

૧ કૈલાસથી નંદભદ્ર સુધીનાં ૭ ગિરનારનાં નામ અનુક્રમે ૭ આરામાં પ્રવિશિએ એટલે કહીએ.

વીશ ગજ બલ પદ્માવતી, દુઃખ૦
ચક્કેસરી દ્રવ્ય આણુ; ભવિ૦
શંખ દીયે અંબીસુરી, દુઃખ૦
પંચ કોશ વહે બાણુ. ભવિ૦ ૨

બાર પાદશાહ જીતીને, દુઃખ૦
વિમલ મંત્રી આલ્હાદ; ભવિ૦
દ્રવ્ય ભરી ધરતી કીયો, દુઃખ૦
ઋષભદેવ પ્રાસાદ. ભવિ૦ ૩

બિહુત્તેર અધિકાં આઠશેં, દુઃખ૦
બિંબ પ્રમાણુ કહાય; ભવિ૦
પન્નરશેં કારીગરે, દુઃખ૦
વરસ ત્રિકે તે થાય. ભવિ૦ ૪

દ્રવ્ય અનુપમ ખરચીયો, દુઃખ૦
લાખ ત્રેપન બાર કોડી; ભવિ૦
સંવત દશ અટ્ઠાશીએ; દુઃખ૦
પ્રતિષ્ઠા કરી મન હોડી. ભવિ૦ ૫

દેરાણી જેઠાણીના ગોખલા, દુઃખ૦
લાખ અઢાર પ્રમાણુ; ભવિ૦

વસ્તુપાલ તેજપાલની, દુઃખ૦
એ દોય કાંતા જાણુ. ભવિ૦ ૬
મૂલ નાયક નેમીસરૂ, દુઃખ૦
ચારશેં અડસટ્ઠ બિંબ; ભવિ૦
ઋષભ ધાતુમય દેહરે, દુઃખ૦
એકસો પિસ્તાલીશ બિંબ. ભવિ૦ ૭
ચઉમુખ ચૈત્ય જુહારીએ, દુઃખ૦
કાઉસ્સગીયા ગુણવંત; ભવિ૦
બાણું ભિત્ત તેહમાં કહું, દુઃખ૦
અગન્યાસી અરિહંત. ભવિ૦ ૮
અચલગઢે પ્રભુજી ઘણા, દુઃખ૦
જાત્રા કરો હુંશિયાર; ભવિ૦
કોડી તપે ફલ જે લહે, દુઃખ૦
તે પ્રભુ ભક્તિ વિચાર. ભવિ૦ ૯
સાલંબન નિરાલંબને, દુઃખ૦
પ્રભુધ્યાને ભવપાર, ભવિ૦
મંગલ લીલા પામીયે, દુઃખ૦
વીરવિજય જયજયકાર. ભવિ૦ ૧૦

## શ્રી અષ્ટાપદગિરિ મહાતીર્થ સ્તવન.

( કુંવર ગભારો નજરે દેખતાં જી—એ દેશી. )

ચઉ અઠ દસ દોય વંદીયે જી, વર્તમાન જગદીશ રે;
અષ્ટાપદ ગિરિ ઉપરે જી,
નમતાં વાધે જગીશરે. ચઉ૦ ૧
ભરત ભરતપતિ જિનમુખે જી, ઉચ્ચરીયાં વ્રત બાર રે;
દર્શન શુદ્ધિને કારણે જી,
ચોવીશ પ્રભુનો વિહારરે. ચઉ૦ ૨
ઉંચપણે કોશ તિગ કહ્યોજી, યોજન એક વિસ્તાર રે;
નિજ નિજ માન પ્રમાણ ભરાવીયાંજી,
બિંબ સ્વપર ઉપગાર રે. ચઉ૦ ૩
અજિતાદિક ચઉ દાહિણે જી, પશ્ચિમે પઉમાઈ આઠ રે;
અનંત આદે દશ ઉત્તરે જી,
પૂરવે ઋષભ વીર પાઠ રે. ચઉ૦ ૪
ઋષભ અજીત પૂર્વે રહ્યા જી, એ પણ આગમ પાઠ રે;
આતમ શક્તે કરે જાતરા જી,
તે ભવ મુક્તિ વરે હણી આઠ રે. ચઉ૦ ૫
દેખો અચંબો શ્રી સિદ્ધાચળે જી, હુવા અસંખ્ય ઉદ્ધાર રે;
આજ દિને પણ ઇણે ગિરિ જી,

ઝગમગ ચૈત્ય ઉદાર રે. ચઉ૦ ૬
રહેશે ઉત્સર્પિણી લગે જી, દેવ મહિમા ગુણ દાખ રે;
સિંહનિષદ્યાદિક થિરપણે જી,
વસુદેવહિંડની સાખ રે. ચઉ૦ ૭
કેવલી જિનમુખમેં સુણ્યો જી, ઇણ વિધે પાઠ પઠાય રે;
શ્રી શુભવીર વચન રસે જી,
ગાયો ઋષભ શિવ ઠાય રે. ચઉ૦ ૮

## શ્રી સમ્મેતશિખર ગિરિ તીર્થ સ્તવન.

નામ સુણત શીતલ શ્રવણા, જસ દર્શન શીતલ નયનાં;
સ્તવન કરત શીતલ વયણાં રે. ૧
સમેત શિખર ભેટણ અલજો,
મુજ મન બહુ ભવિ સાંભલજો રે;
અનુભવ મિત્ર સહિત મલજો રે. સ૦ ૨
જંબૂદ્વીપ દાહિણ ભરતે, પૂરવ દેશે અનુસરતે;
સમ્મેતશિખર તીરથ વરતે રે. સ૦ ૩
જસ દર્શન ઘન કર્મ દહે, દિનકર તાપ ગગન વહે;
શશી વસી પદ્મ વિનાશ લહે રે. સ૦ ૪
અજિતાદિક દશ શિવ વરિયા, વિમલાદિક નવ ભય તરિયા;
પાર્શ્વનાથ એમ વીશ મલીયા રે. સ૦ ૫

મુક્તિ વર્યા પ્રભુ ઈણુ ઠામે, વીશે ટુંકે અભિરામે;
વીશ જિનેશ્વરને નામે રે. સ૦ ૬
ઉત્તર દિશ ઐરવત માંહિ, શ્રી સુપ્રતિષ્ઠ ગિરિ જ્યાંહિ,
સુચંદ્રાદિક વીશ ત્યાંહિ રે. સ૦ ૭
ઈમ દશ ક્ષેત્રે વીશ લહ્યા, એક એક ગિરિવર સિદ્ધ થયા;
તીત્થોગાલી પયન્ને કહ્યા રે. સ૦ ૮
રત્નત્રયી જેહથી લહીએ, ભવજલ પાર તે નિરવહીએ;
સજ્જન તીરથ તસ કહીયે રે. સ૦ ૯
કલ્યાણુક એક જિહાં થાય, તે પણુ તીરથ કહેવાય;
વીશ જિનેશ્વર શિવ જાય રે. સ૦ ૧૦
તેણે એ ગિરિવર અભિરામ, મુનિવર કોડિ શિવ ઠામ;
શિવ વહૂ ખેલણુ આરામ રે. સ૦ ૧૧
મુનિવર સૂત્ર અરથ ધારી, વિચરે ગગન લબ્ધિ પ્યારી;
દેખી તીરથ પયચારી રે. સ૦ ૧૨
સમ્મેતશિખર-સુપ્રતિષ્ઠ તણી, ઠવણા પૂજન દુઃખ હરણી;
ઘેર બેઠાં શિવ નિસરણી રે. સ૦ ૧૩
દર્શન જસ દર્શન વરીએ, લહી શુભ સુખ દુઃખડાં હરીએ;
વીર વિજય શિવ મંદિરીયે રે. સ૦ ૧૪

卐 ઇતિ પં૦ વીરવિજયજીકૃત ચૌમાસી દેવવંદન. 卐

# ચોમાસી દેવવંદનના રચનાર
# પં૦ પદ્મવિજયજી.

આજ રાજનગરમાં શામળદાસ ( શામળા )ની પોળમાં શ્રેષ્ઠી **ગણેશ** અને તેમની પત્ની **ઝમકુ** આદર્શ દંપતી હતા. તેમને ત્યાં સંવત ૧૭૯૨ ના ભાદરવા સુદી ૨ ના દિવસે પુત્રનો જન્મ થયો. તેમનું **પાનાચંદ** નામ રાખ્યું. આ પાનાચંદની છ વર્ષની ઉંમર થતાં તેમની માતા મૃત્યુ પામ્યાં. તેથી તેમની માસી **જીવીબાઇની** છત્રછાયામાં ઉછરતાં તેઓ ધર્મ સંસ્કાર પામ્યા. માસી સાથે વ્યાખ્યાને જતાં મહાબલ મુનિનો અધિકાર સાંભળી વૈરાગ્ય પામી સંવત ૧૮૦૫ ના મહા સુદી ૫ ને દિવસે પાચ્છા વાડીમાં **ઉત્તમ-વિજય** પાસે દીક્ષા લીધી.

ધાર્મિક, સંસ્કૃત, ન્યાય વગેરેના સારા અભ્યાસ પછી વિદ્વાન પદ્મવિજયજીને રાધનપુરમાં વિક્રમ સંવત ૧૮૧૦ માં તપગચ્છમાં તે વખતના બિરાજમાન આચાર્ય **વિજય ધર્મ** સૂરિએ પંડિત પદ આપ્યું.

સુરત. બુરાનપુર ઘોઘા, પાલીતાણા, પાલનપુર, પાટણ, સિદ્ધપુર, સાણંદ, લીંબડી, વિસનગર, રાધનપુર, અમદાવાદ વગેરે સ્થળોએ મુખ્યત્વે તેઓનાં ચાતુર્માસ (ચોમાસાં) થયાં છે.

તેઓએ તેઓના જીવનમાં સુરત, રાધનપુર, પાટણ, ઘોઘા, પાલીતાણા અમદાવાદ વગેરે ઠેકાણે સેંકડો બિંબોની પ્રતિષ્ઠા ઉપધાન ઉજમણાં વગેરે કરાવેલ છે. તેમજ ૧ જયાનંદ કેવલી ચરિત્ર ગદ્ય, ૨ જયાનંદ કેવલીનો રાસ સં૦ ૧૮૫૮, ૩ સમરાદિત્ય કેવલીનો રાસ વગેરે ભાવવાહક અનેક પ્રકારનું ગેય [પદ્ય] ગુર્જર સાહિત્ય સર્જ્યું છે. જે આજે પણ અનેક ભવ્ય પુરૂષોમાં કંઠસ્થ થઇ પ્રચાર પામી રહ્યું છે. તેઓ સં૦ ૧૮૬૨ ના ચૈત્ર સુદ. ૪ ના દિવસે પ્રતિક્રમણ બાદ કાળધર્મ પામ્યા.

### શ્રી પદ્મવિજયજીવિરચિત

# ચૌમાસી–દેવવંદન.

## પ્રથમ તીર્થપતિ શ્રી આદિજિન દેવવંદન.

વિધિ—પ્રથમ ઇરિયાવહી પડિક્કમી પછી ખમાસમણુ દઇ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન ! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં એમ કહી ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે:—

### ચૈત્યવંદન.

વિમલ કેવલજ્ઞાન કમલા, કલિત ત્રિભુવન હિતકરં;
સુરરાજ સંસ્તુત ચરણપંકજ, નમો આદિજિનેશ્વરં. ૧
વિમલ ગિરિવર શૃંગ મંડણ, પ્રવર ગુણગણભૂધરં;
સુર અસુર કિન્નર કોડિ સેવિત. નમો૦ ૨
કરતી નાટક કિન્નરી ગણ, ગાય જિન ગુણ મનહરં;
[1]નિર્જરાવલી નમે અહોનિશ. નમો૦ ૩
પુંડરીક ગણપતિ સિદ્ધિ સાધિત, કોડિ પણ મુનિમનહરં;
શ્રી વિમલ ગિરિવર શૃંગ સિદ્ધા. નમો૦ ૪
નિજ સાધ્ય સાધન સુર મુનિવર, કોડિનંત એ ગિરિવરં;
મુગતિ રમણી વર્યા રંગે. નમો૦ ૫
પાતાલ નર સુર લોકમાંહે, વિમલ ગિરિવર તો પરં;
નહિ અધિક તીરથ તીર્થપતિ કહે. નમો૦ ૬

---

૧ દેવોનો સમૂહ.

ઈમ વિમલ ગિરિવર શિખર મંડણ,
દુઃખ વિહંડણ ધ્યાઈએ;
નિજ શુદ્ધ સત્તા સાધનાર્થં,
પરમ જ્યોતિ નિપાઈએ. નમો૦ ૭
જિત મોહ કોહ વિછોહ નિદ્રા, પરમપદસ્થિતજયકરં;
ગિરિરાજ સેવા કરણ તત્પર, પદ્મવિજય સુહિતકરં. ૮

અહીં જંકિંચિ, નમુત્થુણં કહી અર્ધા જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! **શ્રી ઋષભજિન આરાધનાર્થં** ચૈત્યવંદન કરું ? ઇચ્છં, એમ કહી ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણેઃ—

## ચૈત્યવંદન

આદિદેવ અવલેસરૂ, વિનીતાનો રાય;
નાભિરાયા કુલ મંડણો, મરૂદેવા માય. ૧
પાંચશેં ધનુષની દેહડી, પ્રભુજી પરમ દયાળ;
ચોરાશી લખ પૂર્વનું, જસ આયુ વિશાલ. ૨
વૃષભ લંછન જિન વૃષધરૂ એ, ઉત્તમ ગુણમણિ ખાણ;
તસ પદપદ્મ સેવન થકી, લહીએ અવિચલ ઠાણ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ એક નવકારનો કાઉસગ્ગ કરી પારી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ સ૦વલોએ૦ અન્નત્થ૦ કહી બીજી થોય કહેવી, પછી

પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી ત્રીજી થોય કહેવી, પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણેઃ—

## થોય.

આદિ જિનવરરાયા, જાસ સોવન્ન કાયા;
મરૂદેવી માયા, ધોરી લંછન પાયા;
જગત સ્થિતિ નિપાયા, શુદ્ધ ચારિત્ર પાયા;
કેવલ સિરિ રાયા, મોક્ષ નગરે સધાયા. ૧

સવિ જિન સુખકારી, મોહ મિથ્યા નિવારી;
દુર્ગતિ દુઃખ ભારી, શોક સંતાપ વારી;
શ્રેણી ક્ષપક સુધારી, કેવલાનંત ધારી;
નમીયે નર નારી, જેહ વિશ્વોપકારી. ૨

સમવસરણે બેઠા, લાગે જે જિનજી મીઠા;
કરે ગણ પઈટ્ઠા, ઈંદ્ર ચંદ્રાદિ દીઠા;
દ્વાદશાંગી વરિટ્ઠા, ગુંથતાં ટાલે રિટ્ઠા;
ભવિજન હોય હિટ્ઠા, દેખી પુણ્યે ગરિટ્ઠા, ૩

સુર સમકિતવંતા, જેહ ઋદ્ધે મહંતા;
જેહ સજ્જન સંતા, ટાળીયે મુજ ચિંતા;
જિનવર સેવંતા, વિઘ્ન વારો દૂરંતા;
જિન ઉત્તમ થુણંતા, પદ્મને સુખ દિંતા. ૪

પછી બેસીને જંકિંચિ૦ નમુત્થુણં૦ જાવંતિ ચેઇ૦ જાવંત કેવિ૦ નમોઽર્હત્ કહી સ્તવન કહેવું.

## સ્તવન.

પ્રથમ જિણેસર પ્રણમીયે,
જાસ સુગંધી રે કાય; કલ્પવૃક્ષ પરે તાસ,
ઇંદ્રાણી નયન જે, ભૃંગપરે લપટાય. ૧
રોગ ઉરગ તુજ નવિ નડે, અમૃત જે આસ્વાદ;
તેહથી પ્રતિહત તેહ, માનું કોઈ નવિ કરે,
જગમાં તુમશું રે વાદ. ૨
વિગર ધોઈ તુજ નિરમલી, કાયા કંચન વાન;
નહિ પ્રસ્વેદ લગાર, તારે તું તેહને,
જે ધરે તાહરૂં રે ધ્યાન. ૩
રાગ ગયો તુજ મન થકી, તેહમાં ચિત્ર ન કોઇ;
રૂધિર આમિષથી રાગ, ગયો તુજ જન્મથી,
દૂધ સહોદર હોય. ૪
શ્વાસોશ્વાસ કમલ સમો, તુજ લોકોત્તર વાત;
દેખે ન આહાર નિહાર, ચરમચક્ષુ ધણી,
એહવા તુજ અવદાત. ૫

[1]ચાર અતિશય મૂલથી, ઓગણીશ દેવના કીધ;
કર્મ ખપ્યાથી અગ્યાર, ચોત્રીશ એમ અતિશયા,
સમવાયાંગે પ્રસિદ્ધ. ૬
જિન ઉત્તમ ગુણ ગાવતાં, ગુણ આવે નિજ અંગ;
પદ્મવિજય કહે એહ, સમય પ્રભુ પાલજો,
જિમ થાઉં અખય અભંગ. ૭

## શ્રી અજિતનાથ જિન દેવવંદન.

પછી આભવમખંડા સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! **શ્રી અજિતનાથ જિન** આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

અજિતનાથ પ્રભુ અવતર્યા, વિનીતાનો સ્વામી;
જિતશત્રુ વિજયા તણો, નંદન શિવગામી. ૧
બહોંતેર લાખ પૂરવ તણું, પાલ્યું જિણે આય;
ગજ [2]લંછન [3]લંછન નહિ, પ્રણમે સુરરાય. ૨
સાડા ચારશેં ધનુષની એ, જિનવર ઉત્તમ દેહ;
પાદ પદ્મ તસ પ્રણમીયે, જિમ લહીયે શિવગેહ. ૩

---

૧ પ્રભુને મૂલથી એટલે જન્મથી, ૪ અતિશય હોય છે. દેવનાં કરેલાં ૧૯ અતિશય અને ઘાતી કર્મના ક્ષયથી ૧૧ અતિશય મળી કુલ ૩૪ અતિશય જાણવા. ૨ ચિહ્ન. ૩ કલંક.

અહીં નમુત્થુણં૦ જાવંતિ ચેઈઆઈં૦ જાવંત કેવિ સાહૂ૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણેઃ—

### થોય.

વિજયા સુત વંદો, તેજથી જ્યું દિણંદો;
શીતલતાએ ચંદો, ધીરતાએ ગિરીંદો;
મુખ જિમ અરવિંદો, જાસ સેવે સુરીંદો;
લહો પરમાણંદો, સેવના સુખ કંદો. ૧

## શ્રી સંભવનાથ—જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. પછી ખમાસમણ દેઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્! **શ્રી સંભવનાથ જિન** આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

સાવત્થી નયરી ધણી, શ્રી સંભવનાથ;
જિતારિ નૃપ નંદનો, ચલવે શિવ સાથ. ૧
સેના નંદન ચંદને, પૂજો નવ અંગે;
ચારશેં ધનુષનું દેહમાન, પ્રણમો મનરંગે. ૨
સાઠ લાખ પૂરવતણું એ, જિન વર ઉત્તમ આય;
તુરગ લંછન પદ પદ્મને, નમતાં શિવ સુખ થાય. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણું૦ અરિહંત ચેઈઆણું૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

સંભવ સુખદાતા, જેહ જગમાં વિખ્યાતા;
ષટ્ જીવના ત્રાતા, આપતા સુખસાતા;
માતા ને ભ્રાતા, કેવલજ્ઞાન જ્ઞાતા;
દુઃખ દોહગ ગ્રાતા, જાસ નામે પલાતા. ૧

## શ્રી અભિનંદન જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી અભિનંદન જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

નંદન સંવર રાયનો, ચોથા અભિનંદન;
કપિ લંછન વંદન કરો, ભવદુઃખ નિકંદન. ૧
સિદ્ધારથા જસ માવડી, સિદ્ધારથ જિન રાય;
સાડા ત્રણશેં ધનુષમાન, સુંદર જસ કાય. ૨
વિનીતાવાસી વંદીયે એ, આયુ લખ પંચાસ;
પૂરવ તસ પદ પદ્મને, નમતાં શિવપુર વાસ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

### થોય.

સંવર સુત સાચો, જાસ સ્યાદ્વાદ વાચો;
થયો હીરો જાચો, મોહને દેઈ તમાચો;
પ્રભુ ગુણગણ માચો, એહને ધ્યાને રાચો;
જિનપદ સુખ સાચો, ભવ્ય પ્રાણી નિકાચો. ૨

## શ્રી સુમતિનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી સુમતિનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે––

### ચૈત્યવંદન.

સુમતિનાથ સુહંકરૂ, કોસલ્લા જસ નયરી;
મેઘરાય મંગલા તણો, નંદન જિતવયરી. ૧
ક્રૌંચ લંછન જિન રાજિયો, ત્રણસેં ધનુષની દેહ;
ચાલીસ લાખ પૂરવ તણું, આયુ અતિ ગુણગેહ. ૨
સુમતિ ગુણે કરી જે ભર્યા એ, તર્યા સંસાર અગાધ;
તસ પદ પદ્મ સેવા થકી, લહો સુખ અવ્યાબાધ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણું૦ અરિહંત ચેઇઆણું૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

સુમતિ સુમતિદાયી, મંગલા જાસ માઈ;
મેરૂને વલી રાઈ, ઓર એહને તુલાઈ;
ક્ષય કીધાં ધાઈ, કેવલજ્ઞાન પાઈ;
નહિ ઊણિમ કાંઈ, સેવીયે તે સદાઇ. ૧

## શ્રી પદ્મપ્રભ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણુ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્ ! **શ્રી પદ્મપ્રભ જિન** આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે--

## ચૈત્યવંદન.

કોસંબીપુર રાજિયો, ધર નરપતિ તાય;
પદ્મપ્રભ પ્રભુતામયી, સુસિમા જસ માય. ૧
ત્રીસ લાખ પૂરવ તણું, જિન આયુ પાલી;
ધનુષ અઢીશેં દેહડી, સવિ કર્મને ટાલી. ૨
પદ્મલંછન પરમેશ્વરૂ એ, જિનપદ પદ્મની સેવ;
પદ્મવિજય કહે કીજિએ, ભવિજન સહુ નિતમેવ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણું૦ અરિહંત ચેઇઆણું૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

અઢીશેં ધનુષ કાયા, ત્યક્ત મદ મોહ માયા;
સુસીમા જસ માયા, શુકલ જે ધ્યાન ધ્યાયા;
કેવલ વર પાયા, ચામરાદિ ધરાયા;
સેવે સુર રાયા, મોક્ષનગરે સધાયા. ૧

## શ્રી સુપાસ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી સુપાસ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

શ્રી સુપાસ જિણંદ પાસ, ટાલ્યો ભવ ફેરો;
પૃથિવી માત ઉરે જયો, તે નાથ હમેરો. ૧
પ્રતિષ્ઠિત સુત સુંદરૂ, વાણારસી રાય;
વીશ લાખ પૂરવ તણું, પ્રભુજીનું આય. ૨
ધનુષ બસેં જિન દેહડી એ, સ્વસ્તિક લંછન સાર;
પદપદ્મે જસ રાજતો, તાર તાર ભવ તાર. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણું૦ અરિહંત ચેઇયાણું૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થાય.

સુપાસ જિન વાણી, સાંભલે જેહ પ્રાણી;
હૃદયે પહોંચાણી, તે તર્યા ભવ્ય પ્રાણી;
પાંત્રીશ ગુણખાણી, સૂત્રમાં જે ગુંથાણી;
ષટ્ દ્રવ્યશું જાણી, કર્મ પીલે જ્યું ઘાણી. ૧

## શ્રી ચંદ્રપ્રભ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ સંદિસહ ભગવન્ ! **શ્રીચંદ્રપ્રભ જિન આરાધનાર્થં** ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

લક્ષ્મણા માતા જનમીયો, મહસેન જસ તાય;
ઉડુપતિ લંછન દીપતો, ચંદ્રપુરીનો રાય. ૧
દશ લખ પૂરવ આઉખું, દોઢસો ધનુષની દેહ;
સુર નરપતિ સેવા કરે, ધરતા અતિ સસનેહ. ૨
ચંદ્રપ્રભુ જિન આઠમા એ, ઉત્તમ પદ દાતાર;
પદ્મવિજય કહે પ્રણમીયે, મુજ પ્રભુ પાર ઉતાર. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

સેવે સુરવર વૃંદા, જાસ ચરણારવિંદા;
અટ્ઠમ જિન ચંદા, ચંદ વર્ણે સોહંદા;
મહસેન નૃપ નંદા, કાપતા દુઃખદંદા;
લંછન મિષ ચંદા, પાય માનું સેવિંદા. ૧

## શ્રી સુવિધિનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! સુવિધિનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—–

### ચૈત્યવંદન.

સુવિધિનાથ નવમા નમું, સુગ્રીવ જસ તાત;
મગર લંછન ચરણે નમું, રામા રૂડી માત. ૧
આયુ બે લાખ પૂરવ તણું, શત ધનુષની કાય;
કાકંદી નયરી ધણી, પ્રણમું પ્રભુ પાય. ૨
ઉત્તમ વિધિ જેહથી લહ્યો એ, તેણે સુવિધિ જિન નામ;
નમતાં તસ પદ પદ્મને, લહિયે શાશ્વત ધામ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

નરદેવ ભાવદેવો, જેહની સારે સેવો;
જેહ દેવાધિદેવો, સાર જગમાં જ્યું મેવો;
જોતાં જગ એહવો, દેવ દીઠો ન તેહવો;
સુવિધિ જિન જેહવો, મોક્ષ દે તતખેવો. ૧

## શ્રી શીતલનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રીશીતલનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

નંદા દઢરથ નંદનો, શીતલ શીતલનાથ;
રાજા ભદ્દિલપુરતણો, ચલવે શિવ સાથ. ૧
લાખ પૂરવનું આઉખું, નેવું ધનુષ પ્રમાણ;
કાયા માયા ટાલીને, લહ્યા પંચમ નાણ. ૨
શ્રીવત્સ લંછન સુંદરૂ એ, પદપદ્મે રહે જાસ;
તે જિનની સેવા થકી, લહીએ લીલ વિલાસ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

શીતલ જિન સ્વામી, પુણ્યથી સેવ પામી;
પ્રભુ આતમરામી, સર્વ પરભાવ વામી;
જે શિવગતિ ગામી, શાશ્વતાનંદ ધામી;
ભવિ શિવસુખકામી, પ્રણમીયે શીશ નામી. ૧

## શ્રી શ્રેયાંસનાથ જિન દેવવંદન

પછી "આભવમખંડા" સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્! **શ્રીશ્રેયાંસ નાથ જિન** આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

શ્રીશ્રેયાંસ અગ્યારમા, વિષ્ણુ નૃપ તાય;
વિષ્ણુ માતા જેહની, એંશી ધનુષ્યની કાય. ૧
વરસ ચોરાશી લાખનું, પાલ્યું જેણે આય;
ખડ્ગી લંછન પદકજે, સિંહપુરીનો રાય. ૨
રાજ્ય તજી દીક્ષા વરી એ, જિનવર ઉત્તમ જ્ઞાન;
પામ્યા તસ પદ પદ્મને, નમતાં અવિચલ થાન. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

વિષ્ણુ જસ માત, જેહના વિષ્ણુ તાત;
પ્રભુના અવદાત, તીન ભુવને વિખ્યાત;
સુરપતિ સંઘાત, જાસ નિકટ આયાત;
કરી કર્મનો ઘાત, પામીયા મોક્ષ સાત. ૧

## શ્રી વાસુપૂજ્ય જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી વાસુપૂજ્ય જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે--

## ચૈત્યવંદન.

વાસવ વંદિત વાસુપૂજ્ય, ચંપાપુરી ઠામ;
વાસુપૂજ્ય કુલ ચંદ્રમા, માતા જયા નામ. ૧
મહિષ લંછન જિન બારમા, સિત્તેર ધનુષ પ્રમાણ;
કાયા આયુ વરસ વલી, બહોંતેર લાખ વખાણ. ૨
સંઘ ચતુર્વિધ થાપીને એ, જિન ઉત્તમ મહારાય;
તસ મુખ પદ્મ વચન સુણી, પરમાનંદી થાય. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

વિશ્વના ઉપગારી, ધર્મના આદિકારી;
ધર્મના દાતારી, કામક્રોધાદિ વારી;
તાર્યાં નરનારી, દુઃખ દોહગ હારી;
વાસુપૂજય નિહારી, જાઉં હું નિત્ય વારી. ૧

## શ્રી વિમલનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી **વિમલનાથ જિન** આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

કંપિલપુર વિમલપ્રભુ, શ્યામા માત મલ્હાર;
કૃતવર્મા નૃપ કુલ નભે, ઉગમીયો દિનકાર. ૧
લંછન રાજે વરાહનું, સાઠ ધનુષની કાય;
સાઠ લાખ વરસાં તણું, આયુ સુખદાય. ૨
વિમલ વિમલ પોતે થયા એ, સેવક વિમલ કરેહ;
તુજ પદ પદ્મ વિમલ પ્રતિ, સેવું ધરી સસનેહ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

### થાય.

વિમલ જિન જુહારો, પાપ સંતાપ વારો;
શ્યામાંબ મલ્હારો, વિશ્વ કીર્ત્તિ વિફારો;
યોજન વિસ્તારો, જાસ વાણી પ્રસારો;
ગુણગણ આધારો, પુણ્યના એ પ્રકારો. ૧

## શ્રી અનંતનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્ ! શ્રી **અનંતનાથ જિન** આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

અનંત અનંત ગુણ આગરૂ, અયોધ્યા વાસી;
સિંહસેન નૃપ નંદનો, થયો પાપ નિકાસી. ૧
સુજસા માતા જનમીયો, ત્રીશ લાખ ઉદાર;
વરસ આઉખું પાલીયું, જિનવર જયકાર. ૨
લંછન સિંચાણા તણું એ, કાયા ધનુષ પચાસ;
જિન પદ પદ્મ નમ્યા થકી, લહિયે સહજ વિલાસ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

અનંત અનંતનાણી, જાસ મહિમા ગવાણી;
સુર નર તીરિ પાણી, સાંભલે જાસ વાણી;
એક વચન સમજાણી, જેહ સ્યાદ્વાદ જાણી;
તર્યા તે ગુણ ખાણી, પામીયા સિદ્ધિ રાણી. ૧

## શ્રી ધર્મનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઇ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી ધર્મનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

ભાનુનંદન ધર્મનાથ, સુવ્રતા ભલી માત;
વજ્ર લંછન વજી[1] નમે, ત્રણ ભુવન વિખ્યાત. ૧

દશ લાખ વરસનું આઉખું, વપુ ધનુ પિસ્તાલીશ;
રત્નપુરીનો રાજીયો, જગમાં જસ જગીશ. ૨

ધર્મ મારગ જિનવર કહીએ, ઉત્તમ જન આધાર;
તેણે તુજ પાદ પદ્મ તણી, સેવા કરૂં નિરધાર. ૩

---

૧ ઇન્દ્ર

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ પારી થોય કહેવી.

## થોય.

ધરમ ધરમ ધોરી, કર્મના પાસ તોરી;
કેવલ શ્રી જોરી, જેહ ચોરે ન ચોરી;
દર્શન મદ છોરી, જાય ભાગ્યા સટોરી;
નમે સુર નર કોરી, તે વરે સિદ્ધિ ગોરી. ૧

## શ્રી શાંતિનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્ ! **શ્રી શાંતિનાથ જિન આરાધનાર્થં** ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં. કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

શાંતિ જિનેસર સોલમા, અચિરા સુત વંદો;
વિશ્વસેન કુલ નભમણિ, ભવિજન સુખ કંદો. ૧
મૃગ લંછન જિન આઉખું, લાખ વરસ પ્રમાણ;
હત્થિણાઉર નયરી ધણી, પ્રભુજી ગુણ મણિ ખાણ. ૨
ચાલીશ ધનુષની દેહડી એ, સમ ચઉરંસ સંઠાણ;
વદન પદ્મ જ્યું ચંદલો, દિઠે પરમ કલ્યાણ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ કહી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણે—

### થોય.

વંદો જિન શાંતિ, જાસ સોવન કાંતિ;
ટાલે ભવ ભ્રાંતિ, મોહ મિથ્યાત્વ શાંતિ;
દ્રવ્ય ભાવ અરિ પાંતિ, તાસ કરતા નિકાંતિ;
ધરતાં મન ખાંતિ, શોક સંતાપ વાંતિ. ૧
દોય જિનવર નીલા, દોય ધોલા સુશીલા;
દોય રક્ત રંગીલા, કાઢતા કર્મ કીલા;
ન કરે કોઈ હીલા, દોય શ્યામ સલીલા;
સોલ સ્વામીજી પીલા, આપજો મોક્ષ લીલા. ૨
જિનવરની વાણી, મોહવલ્લી કૃપાણી;
સૂત્રે દેવાણી, સાધુને યોગ્ય જાણી;
અરથે ગુંથાણી, દેવ મનુષ્ય પ્રાણી;
પ્રણમો હિત આણી, મોક્ષની એ નિશાણી. ૩
વાઘેસરી દેવી, હર્ષ હિયડે ધરેવી;
જિનવર પય સેવી, સાર શ્રદ્ધા વરેવી;

જે નિત્ય સમરેવી, દુઃખ તેહનાં હરેવી;
પદ્મવિજય કહેવી, ભવ્ય સંતાપ ખેવી. ૪

## શ્રી શાંતિનાથ જિન સ્તવન.

( ગરબો કોણુને કોરાવ્યો કે નંદના લાલરે—એ દેશી. )

સોલમા શાંતિ જિનેશ્વર દેવ કે, અચિરાના નંદ રે;
જેહની સારે સુરપતિ સેવ કે; અ૦
તિરિ નર સુર સમુદાય કે, અ૦
એક યોજન માંહે સમાય કે. અ૦ ૧
તેહને પ્રભુજીની વાણી કે, અ૦
પરિણમે સમજે ભવિ પ્રાણી કે; અ૦
સહુ જીવના સંશય ભાંજે કે, અ૦
પ્રભુ મેઘધ્વનિ એમ ગાજે કે. અ૦ ૨
જેહને જોયણ સવાસો માન કે, અ૦
જે પૂર્વના રોગ તેણે થાન કે; અ૦
સવિ નાશ થાયે નવા નાવે કે, અ૦
ષટ્ માસ પ્રભુ પરભાવે કે. અ૦ ૩
જિહાં જિનજી વિચરે રંગ કે, અ૦
નવિ મૂષક શલભ પતંગ કે; અ૦

નવિ કોઈને વેર વિરોધ કે, અ૦
અતિવૃષ્ટિ અનાવૃષ્ટિ રોધ કે. અ૦ ૪
નિજ પરચક્રનો ભય નાસે કે, અ૦
વળી મરકી નાવે પાસ કે; અ૦
પ્રભુ વિચરે તિહાં ન દુકાલ કે, અ૦
જાયે ઉપદ્રવ સવિ તતકાલ કે. અ૦ ૫
જસ મસ્તક પૂંઠે રાજે કે, અ૦
ભામંડલ રવિ પરે છાજે કે; અ૦
કર્મ ક્ષયથી અતિશય અગીયાર કે, અ૦
માનું યોગ્ય સામ્રાજ્ય પરિવાર કે. અ૦ ૬
કબ દેખું ભાવ એ ભાવે કે, અ૦
એમ હોંશ ઘણી ચિત્ત આવે કે; અ૦
શ્રી જિન ઉત્તમ પરભાવે કે, અ૦
કહે પદ્મવિજય બની આવે કે. અ૦ ૭

## શ્રી કુંથુનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્ ! શ્રી કુંથુનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

કુંથુનાથ કામિત દીયે, ગજપુરનો રાય;
સિરિ માતા ઉરે અવતર્યો, શૂર નરપતિ તાય. ૧
કાયા પાંત્રીશ ધનુષની, લંછન જસ છાગ;
કેવલ જ્ઞાનાદિક ગુણો, પ્રણમો ધરી રાગ. ૨
સહસ પંચાણું વરસનું એ, પાળી ઉત્તમ આય;
પદ્મવિજય કહે પ્રણમીયે, ભાવે શ્રી જિનરાય. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

કુંથુ જિનનાથ, જે કરે છે સનાથ;
તારે ભવપાથ, જે ગ્રહી ભવ્ય હાથ;
એહનો તજે સાથ, બાવલ દીયે બાથ;
તરે સુર નર સાથ, જે સુણે એક ગાથ. ૧

## શ્રી અરનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી અરનાથ જિનં આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

નાગપુરે અર જિનવરૂ, સુદર્શન નૃપ નંદ;
દેવી માતા જનમીયો, ભવિ જન સુખકંદ. ૧
લંછન નંદાવર્ત્તનું, કાયા ધનુષહ ત્રીશ;
સહસ ચોરાશી વરષનું, આયુ જાસ જગીશ. ૨
અરૂજ અજર અજ જિનવરૂ એ, પામ્યો ઉત્તમ ઠાણ;
તસ પદ પદ્મ આલંબતાં, લહીયે પદ નિવારણ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

અર જિનવર રાયા, જેહની દેવી માયા;
સુદર્શન નૃપ તાયા, જાસ સુવર્ણ કાયા;
નંદાવર્ત્ત પાયા, દેશના શુદ્ધ દાયા;
સમવસરણ વિરચાયા, ઇંદ્ર ઇંદ્રાણી ગાયા. ૧

## શ્રી મલ્લિનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દેઇ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રીમલ્લિનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

મલ્લિનાથ ઓગણીસમા, જસ મિથિલા નયરી;
પ્રભાવતી જસ માવડી, ટાલે કર્મ વયરી. ૨
તાત શ્રી કુંભ નરેસરૂ, ધનુષ પચવીશની કાય;
લંછન કલશ મંગલ કરૂ, નિર્મમ નિરમાય. ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
પદ્મવિજય કહે તેહને, નમતાં શિવસુખ થાય. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

### થોય.

મલ્લિજિન નમીયે, પૂર્વલાં પાપ ગમીયે;
ઇંદ્રિય ગણ દમિયે, આણ જિનની ન ક્રમીયે;
ભવમાં નવિ ભમીયે, સર્વ પરભાવ વમીયે;
જિન ગુણમાં રમીયે, કર્મ મલ સર્વ ધમીયે. ૧

## શ્રી મુનિસુવ્રત જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઇચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી મુનિસુવ્રત જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

મુનિસુવ્રત જિન વીશમા, કચ્છપનું લંછન;
પદ્મા માતા જેહની, સુમિત્ર નૃપ નંદન. ૧
રાજગૃહી નયરી ધણી, વીશ ધનુષ શરીર;
કર્મ નિકાચિત રેણુવ્રજ,[1] ઉદ્દામ[2] સમીર. ૨
ત્રીશ હજાર વરસતણું એ, પાલી આયુ ઉદાર;
પદ્મવિજય કહે શિવ લહ્યા, શાશ્વત સુખ નિરધાર. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

મુનિસુવ્રત નામે, જે ભવિ ચિત્ત કામે;
સવિ સંપત્તિ પામે, સ્વર્ગનાં સુખ જામે.
દુર્ગતિ દુઃખ વામે, નવિ પડે મોહ ભામે;
સવિ કર્મ વિરામે, જઈ વસે સિદ્ધિ ધામે. ૧

## શ્રી નમિનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્! શ્રી નમિનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

૧ રેતીનો સમૂહ ૨ આકરો.

## ચૈત્યવંદન.

મિથિલા નયરી રાજીયો, વપ્રાસુત સાચો;
વિજયરાય સુત છોડીને, અવર મત માચો. ૧
નીલ કમલ લંછન ભલું, પન્નર ધનુષની દેહ;
નમિ જિનવરનું સોહતું, ગુણ ગણ મણિગેહ. ૨
દશ હજાર વરસતણું એ, પાલ્યું પરગટ આય;
પદ્મવિજય કહે પુણ્યથી, નમીયે તે જિનરાય. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ પારી થોય કહેવી.

## થોય.

નમિયે નમિ નેહ, પુણ્ય થાયે જ્યું દેહ;
અઘ સમુદય જેહ, તે રહે નાંહી રેહ;
લહે કેવલ તેહ, સેવના કાર્ય એહ;
લહે શિવપુર ગેહ, કર્મનો આણી છેહ. ૧

## શ્રી નેમિનાથ જિન દેવવંદન.

પછી "આભવમખંડા" સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્ ! શ્રી નેમિનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## ચૈત્યવંદન.

નેમિનાથ બાવીસમા, શિવાદેવી માય;
સમુદ્રવિજય પૃથિવીપતિ, જે પ્રભુના તાય. ૧
દશહ ધનુષની દેહડી, આયુ વરસ હજાર;
શંખ લંછનધર સ્વામીજી, તજી રાજુલ નાર. ૨
સૌરીપુર નયરી ભલી એ, બ્રહ્મચારી ભગવાન;
જિન ઉત્તમ પદ પદ્મને, નમતાં અવિચલ ઠાણ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણે—

## થોય.

રાજુલ વર નારી, રૂપથી રતિ હારી;
તેહના પરિહારી, બાલથી બ્રહ્મચારી;
પશુઆં ઉગારી, હુઆ ચારિત્રધારી;
કેવલશ્રી સારી, પામીયા ઘાતી વારી. ૧
ત્રણ જ્ઞાન સંયુત્તા, માતની કૂખે હુંતા;

જનમે [1]પુરહુંતા, આવી સેવા કરંતા;
અનુક્રમે વ્રત કરંતા, પંચ સમિતિ ધરંતા;
મહિયલ વિચરંતા, કેવલશ્રી વરંતા. ૨

સવિ સુરવર આવે, ભાવના ચિત્ત લાવે;
ત્રિગડું સોહાવે, દેવછંદો બનાવે;
સિંહાસન ઠાવે, સ્વામીના ગુણ ગાવે;
તિહાં જિનવર આવે, તત્ત્વવાણી સુણાવે. ૩

શાસન સુરી સારી, અંબિકા નામ ધારી;
જે સમકિતી નર નારી, પાપ સંતાપ વારી;
પ્રભુસેવા કારી, જાપ જપીયે સવારી;
સંઘ દુરિત[2] નિવારી, પદ્મને જેહ પ્યારી. ૪

## શ્રી નેમિનાથ જિન સ્તવન.

અહીં નમુત્થુણં૦ જાવંતિ ચેઇઆઇં૦ જાવંત કેવિ સાહૂ૦ નમોऽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે:—

( આવો જમાઇ પ્રાહુણા, જયવંતાજી-એ દેશી. )

નિરખ્યો નેમિ જિણંદને, અરિહંતા જી;
રાજમતી કર્યો ત્યાગ, ભગવંતા જી;

૧ ઇંદ્રો. ૨ પાપ.

બ્રહ્મચારી સંયમ ગ્રહ્યં, અરિ૦
અનુક્રમે થયા વીતરાગ. ભગ૦ ૧
ચામર ચક્ર સિંહાસન, અરિ૦
પાદપીઠ સંયુક્ત; ભગ૦
છત્ર ચાલે આકાશમાં, અરિ૦
દેવદુંદુભિ વર ઉત્ત. ભગ૦ ૨
સહસ જોયણ ધ્વજ સોહતો, અરિ૦
પ્રભુ આગલ ચાલંત; ભગ૦
કનક કમલ નવ ઉપરે; અરિ૦
વિચરે પાય ઠવંત. ભગ૦ ૩

ચાર મુખે દીયે દેશના, અરિ૦
ત્રણ ગઢ ઝાકઝમાળ; ભગ૦
કેશ રોમ શ્મશ્રુ નખા, અરિ૦
વાધે નહિ કોઈ કાલ. ભગ૦ ૪

કાંટા પણ ઉંધા હોય, અરિ૦
પંચ વિષય અનુકૂલ; ભગ૦
ષટ્ઋતુ સમકાલે ફલે, અરિ૦
વાયુ નહિ પ્રતિકૂલ. ભગ૦ ૫

પાણી સુગંધ સુર કુસુમની, અરિ૦
વૃષ્ટિ હોય સુરસાલ; ભગ૦
પંખી દીયે સુપ્રદક્ષિણા, અરિ૦
વૃક્ષ નમે અસરાલ. ભગ૦ ૬

જિન ઉત્તમ પદ પદ્મની, અરિ૦
સેવા કરે સુર કોડી; ભગ૦
ચાર નિકાયના જઘન્યથી, અરિ૦
ચૈત્યવૃક્ષ તેમ જોડી. ભગ૦ ૭

## શ્રી પાર્શ્વનાથ જિન દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્ ! શ્રી પાર્શ્વનાથ જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરું ? ઈચ્છં. કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

આશ પૂરે પ્રભુ પાસજી, ત્રોડે ભવ પાસ;
વામા માતા જનમીયા, અહિ લંછન જાસ. ૧

અશ્વસેન સુત સુખકરૂ, નવ હાથની કાયા;
કાશી દેશ વાણારશી, પુણ્યે પ્રભુ આયા. ૨

એક સો વરસનું આઉખું એ, પાલી પાસ કુમાર;
પદ્મ કહે મુકતે ગયા, નમતાં સુખ નિરધાર. ૩

પછી જંકિંચિ૦ નમુથ્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ એક નવકારનો કાઉસગ્ગ કરી પારી પહેલી થોય કહેવી. પછી લોગસ્સ સ૦વલોએ૦ અન્નત્થ૦ કહી બીજી થોય કહેવી, પછી પુકખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી ત્રીજી થોય કહેવી, પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણેઃ—

## થોય.

શ્રી પાસ જિણંદા, મુખ પૂનમ ચંદા;
પદ યુગ અરવિંદા, સેવે ચોસઠ ઇંદા;
લંછન નાગિંદા, જાસ પાયે સોહંદા;
સેવે ગુણી વૃંદા, જેહથી સુખ કંદા. ૧

જનમથી વર ચાર, કર્મ નાસે અગ્યાર;
ઓગણીશ નિરધાર, દેવે કીધા ઉદાર;
સવિ ચોત્રીશ ધાર, પુણ્યના એ પ્રકાર;
નમિયે નર નાર, જેમ સંસાર પાર. ૨

એકાદશ અંગા, તેમ બારે ઉવંગા;
ષટ્ છેદ સુચંગા, મૂલ ચારે સુરંગા;
દશ પઇન્ના સુસંગા, સાંભલો થઇ એકંગા;
અનુયોગ બહુ ભંગા, નંદીસૂત્ર પ્રસંગા. ૩

પાસે યક્ષ પાસો, નિત્ય કરતો નિવાસો;
અડતાલીશ જાસો, સહસ પરિવાર ખાસો;
સહુએ પ્રભુ દાસો, માગતા મોક્ષ વાસો;
કહે પદ્મ નિકાસો, વિઘ્નના વૃંદ પાસો. ૪

અહીં નમુત્થુણું૦ જાવંતિ ચેઈઆઇ૦ ખમા૦ જાવંત કેવિ સાહૂ૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે:—

## શ્રી પાર્શ્વનાથ જિન સ્તવન.

( મ્હારા પાસજી રે લો—એ દેશી. )

જિનજી ત્રેવીશમો જિન પાસ,
આશ મુજ પૂરવે રે લો;
માહરા નાથજી રે લો, જિનજી ઈહ ભવ પરભવ દુઃખ,
દોહગ સવિ ચૂરવે રે લો; માહ૦
જિનજી આઠ પ્રાતિહાર્યશું,
જગમાં તું જયો રે લો; માહ૦
જિનજી તાહરા વૃક્ષ અશોકથી,
શોક દૂરે ગયો રે લો. માહ૦ ૧
જિનજી જાનુ પ્રમાણ ગીર્વાણ[1],
કુસુમવૃષ્ટિ કરે રે લો; માહ૦

૧ દેવો.

જિનજી દિવ્ય ધ્વનિ સુર પૂરે કે,
વાંસલીયે સ્વરે રે લો; માહ૦
જિનજી ચામર કેરી હાર,
ચલંતી એમ કહે રે લો; માહ૦
જિનજી જે નમે ચમર[1] પરે તે ભવિ,
ઉર્ધ્વગતિ લહે રે લો. મહા૦ ૨
જિનજી પાદપીઠ સિંહાસન,
વ્યંતર વિરચિયે રે લો; માહ૦
જિનજી તિહાં બેસી જિનરાજ,
ભવિક દેશના દિયે રે લો; માહ૦
જિનજી ભામંડલ શિર પૂઠે,
સૂર્ય પરે તપે રે લો; માહ૦
જિનજી નિરખી હરખે જેહ,
તેહનાં પાતક ખપે રે લો. માહ૦ ૩
જિનજી દેવદુંદુભિનો નાદ,
ગંભિર ગાજે ઘણો રે લો; માહ૦
જિનજી ત્રણ છત્ર કહે તુજ કે,
ત્રિભુવન પતિપણો રે લો; માહ૦

૧ ચામરની માફક

જિનજી એ ઠકુરાઈ તુજ કે,
બીજે નવિ ઘટે રે લો; માહ૦
જિનજી રાગી દ્વેષી દેવ કે,
તે ભવમાં અટે રે લો. માહ૦ ૪
જિનજી પૂજક નિંદક હોય કે,
તાહરે સમપણે રે લો; માહ૦
જિનજી કમઠ ધરણપતિ ઉપર,
સમ ચિત્ત તું ગણે રે લો; માહ૦
જિનજી પણ ઉત્તમ તુજ પાદ,
પદ્મ સેવા કરે રે લો; માહ૦
જિનજી તેહ સ્વભાવે ભવ્ય કે,
ભવસાયર તરે રે લો. માહ૦ ૫

## શ્રી વર્દ્ધમાન સ્વામી દેવવંદન.

પછી 'આભવમખંડા' સુધી જયવીયરાય કહેવા. ત્યાર પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિસહ ભગવન્ ! શ્રીવર્ધમાન જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

### ચૈત્યવંદન.

સિદ્ધારથ સુત વંદિયે, ત્રિશલાનો જાયો;
ક્ષત્રિયકુંડમાં અવતર્યો, સુરનરપતિ ગાયો. ૧

મૃગપતિ લંછન પાઉલે, સાત હાથની કાયા;
બહોંતેર વરસનું આઉખું, વીર જિનેશ્વર રાયા. ૨
ખિમા વિજય જિન રાયના એ, ઉત્તમ ગુણ અવદાત;
સાત બોલથી વર્ણવ્યા, પદ્મ વિજય વિખ્યાત. ૩

અહીં વિધિ પૃષ્ટ ૧૨૩ પ્રમાણે

## થોય.

મહાવીર જિણંદા, રાય સિદ્ધાર્થ નંદા;
લંછન મૃગેંદા, જાસ પાયે સોહંદા;
સુર નર વર ઈંદા, નિત્ય સેવા કરંદા;
ટાલે ભવ ફંદા, સુખ આપે અમંદા. ૧
અડ જિનવર માતા, મોક્ષમાં સુખ સાતા;
અડ જિનની (જનની) ખ્યાતા, સ્વર્ગ ત્રીજે આખ્યાતા;
અડ જિનપ જનેતા, [1]નાક માહેંદ્ર યાતા;
સવિ જિનવર નેતા, શાશ્વતાં સુખ દેતાં. ૨
મલ્લી નેમિ પાસ, આદિ અટ્ઠમ ખાસ;
કરી એક ઉપવાસ, વાસુપૂજ્ય સુવાસ;
શેષ છટ્ઠ સુવિલાસ, કેવલજ્ઞાન જાસ;
કરે વાણી પ્રકાશ, જેમ અજ્ઞાન નાશ. ૩

૧ દેવલોક.

જિનવર જગદીશ, જાસ મ્હોટી જગીશ;
નહિ રાગને રીશ, નામીયે તાસ શીશ;
માતંગ સુર ઇશ, સેવતો રાતિ દિસ;
ગુરૂ ઉત્તમ અધીશ, પદ્મ ભાંખે સુશિષ. ૪

અહીં નમુથ્થુણં૰ જાવંતિ ચેઈ૰ જાવંત કેવિ૰ નમે-ર્હત્૰ કહી સ્તવન કહેવું તે આ પ્રમાણે:—

## શ્રી વર્દ્ધમાન જિન સ્તવન.

(ગોબર સાગરી પાલ ઉભી હોય નાગરી મારા લાલ—એ દેશી.)

શાસન નાયક, શિવ સુખ દાયક જિનપતિ; મારા લાલ,
પાયક જાસ સુરાસુર ચરણે નરપતિ; મારા૰
[1]સાયક કંદર્પ કેરાં જેણે નવિ ચિત્ત ધર્યા; મારા૰
ઢાયક પાતક વૃંદ ચરણ અંગી કર્યા. મારા૰ ૧
ક્ષાયિક ભાવે કેવલ-જ્ઞાન દર્શન ધરે, મારા૰
જ્ઞાયક લોકાલોકના ભાવશું વિસ્તરે; મારા૰
ઘાયક ઘાતિકર્મ મર્મની આપદા, મારા૰
લાયક અતિશય પ્રાતિહાર્યની સંપદા. મારા૰ ૨
કારક ષટ્ક થયાં તુજ આતમ તત્ત્વમાં, મારા૰
ધારક ગુણ સમુદાય સયલ એકત્વમાં; મારા૰

૧ બાણ.

ધારક ગુણ સમુદાય સયલ એકત્વમાં; મારા૦
નારક નર તિરિ દેવ ભ્રમણથી હું થયો, મારા૦
કારક જેહ વિભાવ તેણે વિપરીત ભયો. મારા૦ ૩
તારકતું ભવિ(સવિ)જીવને સમરથ મેં લહ્યો, મારા૦
ઠારક કરૂણા રસથી ક્રોધાનલ દહ્યો; મારા૦
વારક જેહ ઉપાધિ અનાદિની સહચરી, મારા૦
કારક નિજ ગુણ ઋદ્ધિ સેવકને બરાબરી. મારા૦ ૪
વાણી એહવી સાંભળી જિન આગમ તણી, મારા૦
જાણી ઉત્તમ આશ ધરી મનમાં ઘણી; મારા૦
ખાણી ગુણની તુજ પદ પદ્મની ચાકરી, મારા૦
આણી હૈયડે હેજ કરૂં નિજ પદ કરી. મારા૦ ૫

પછી જયવીરાય પૂરા કહેવા.

## શ્રી શાશ્વતા અશાશ્વતા જિન દેવવંદન.

ખમા૦ ઇચ્છા૦ શ્રી શાશ્વતા અશાશ્વતા જિન આરાધનાર્થં ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી ચૈત્યવંદન કહેવું.

### ચૈત્યવંદન.

કોડી સાત ને લાખ બોહોંતેર વખાણું,
ભુવનપતિ ચૈત્ય સંખ્યા પ્રમાણું;
એંશી સો જિનબિંબ એક ચૈત્ય ઠામે,
નમો સાસય જિનવરા મોક્ષ કામે. ૧

કોડી તેરશે ને નેવ્યાશી વખાણું,
સાઠ લાખ ઉપર સવિ બિંબ જાણું;
અસંખ્યાત વ્યંતર તણાં નગર નામે, નમો૦ ૨
અસંખ્યાત તિહાં ચૈત્ય તેમ જ્યોતિષીયે,
બિંબ એક શત એંશી ભાખ્યાં ઋષિયે;
નમે તે મહા (ઋદ્ધિ) સિદ્ધિ નવનિધિ પામે, નમો૦ ૩
વલી બાર દેવલોકમાં ચૈત્ય સાર,
ગ્રૈવેયક નવ માંહિ દેહરાં ઉદાર;
તિમ અનુત્તરે દેખીને મ પડો ભામે, નમો૦ ૪
ચોરાશી લખ તેમ સત્તાણું સહસ્સા,
ઉપર ત્રેવીશ ચૈત્ય શોભાયે સરસા;
હવે મિંબ સંખ્યા કહું તેહ ઠામે, નમો૦ ૫
સો કોડી ને બાવન કોડી જાણો,
ચોરાણું લખ સહસ ચોંઆલ આણો;
સય સાત ને સાઠ ઉપરે પ્રકામે, નમો૦ ૬
મેરૂ રાજધાની ગજદંત સાર,
જમક ચિત્ર વિચિત્ર કાંચન વખાર;
ઈખ્ખુકાર ને વર્ષધર નામ ઠામે, નમો૦ ૭
વળી દીર્ઘ વૈતાઢ્ય ને વૃત્ત જેહ,

જંબૂ આદિ વૃક્ષે દિશા ગજ છે તેહ;
કુંડ મહાનદી દ્રહ પ્રમુખ ચૈત્ય ગ્રામે, નમો૦ ૮
માનુષોત્તર નગવરે જેહ ચૈત્ય,
નંદીસર રૂચક કુંડલ છે પવિત્ત;
તીર્છાલોકમાં ચૈત્ય નમિયે સુકા(ઠા)મે, નમો૦ ૯
પ્રભુ ઋષભ ચંદ્રાનન વારિષેણુ,
વળી વર્દ્ધમાનાભિધે ચાર શ્રેણુ;
એહ શાશ્વતા બિંબ સવિ ચાર નામે, નમો૦ ૧૦
સવિ કોડિ સય પનર બાયાલ ધાર,
અઠ્ઠાવન લખ સહસ છત્રીશ સાર;
એંશી જોઇશ વણુ વિના સિદ્ધિ ધામે, નમો૦ ૧૧
અશાશ્વત જિનવર નમો પ્રેમ આણી,
કેમ ભાંખિયે તેહ જાણી અજાણી;
બહુ તીર્થને ઠામે બહુ ગામ ગામે, નમો૦ ૧૨
એમ જિન પ્રણુમીજે, મોહ નૃપને દમીજે;
ભવ ભવ ન ભમીજે, પાપ સર્વે ગમીજે;
પરભાવ વમીજે, જો પ્રભુ અઠ્ઠમીજે;
પદ્મવિજય નમીજે, આત્મતત્વે રમીજે. નમો૦ ૧૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ કહીને એક લોગસ્સનો કાઉસ્સગ્ગ "ચંદેસુ નિમ્મલયરા" સુધી કરવો. એક જણે કાઉસ્સગ્ગ પારી ચારે થોય કહેવી. તે આ પ્રમાણે—

## થોય.

ઋષભ ચંદ્રાનન વંદન કીજે,
વારિષેણ દુઃખ વારે જી;
વર્દ્ધમાન જિનવર વલી પ્રણમો,
શાશ્વત નામ એ ચારે જી;
ભારતાદિક ક્ષેત્રે મલી હોવે, ચાર નામ ચિત્ત ધારે જી;
તેણે ચારે એ શાશ્વત જિનવર, નમિયે નિત્ય સવારે જી.૧

ઉર્ધ્વ અધો તિર્છા લોકે થઈ, કોડિ પન્નરસેં જાણો જી;
ઉપર કોડી બહેંતાલીશ પ્રણમો,
અડવન લખ મન આણો જી;
છત્રીસ સહસ અસી તે ઉપરે, બિંબ તણો પરિમાણોજી;
અસંખ્યાત વ્યંતર જ્યોતિષીમાં,
પ્રણમું તે સુવિહાણો જી. ૨

રાયપસેણી જીવાભિગમે, ભગવતી સૂત્રે ભાખી જી;
જંબૂદ્વીપ પન્નત્તિ ઠાણાંગે, વિવરીને ઘણું દાખી જી;

વલી અશાશ્વતી જ્ઞાતાકલ્પમાં,
વ્યવહાર પ્રમુખ આખી જી;
તે જિનપ્રતિમા લોપે પાપી,
જિહાં બહુ સૂત્ર છે સાખી જી. ૩

એ જિનપૂજાથી આરાધક, ઈશાન ઈંદ્ર કહાયા જી;
તેમ સૂરિયાભ પ્રમુખ બહુ સુરવર, દેવી તણા સમુદાયા જી;
નંદીશ્વર અઠ્ઠાઈ મહોત્સવ, કરે અતિ હર્ષ ભરાયા જી;
જિન ઉત્તમ કલ્યાણક દિવસે, પદ્મવિજય નમે પાયા જી. ૪

અહીંયાં લગતી જ **મોટી શાંતિ** ( પેજ ૭૮ જુઓ ) એક જણે કહેવી અને બીજા સર્વ કાઉસગ્ગ પારીને પ્રગટ એક લોગસ્સ પૂર્ણ કહે. પછી બેસાને સર્વ જણ તેર નવકાર ગણે. ત્યાર પછી ખમાસમણપૂર્વક "**શ્રી સિદ્ધક્ષેત્ર, અષ્ટાપદ આદીશ્વર, પુંડરીક ગણધરાય નમો નમઃ**" એ પાઠ તેર વખત સર્વ જનોએ કહેવો. પછી પાંચ તીર્થનાં પાંચ સ્તવન કહેવાં. તે આ પ્રમાણે—

## શ્રી તીર્થાધિરાજ શત્રુંજય ગિરિવર સ્તવન.

( જસોદા માવડી—એ દેશી. )

જાત્રા નવાણું કરીયે વિમલગિરિ, જા૦ એ આંકણી.
પૂરવ નવાણું વાર શત્રુંજયગિરિ,
ઋષભ જિણંદ સમોસરિયે. વિમ૦ ૧

કોડી સહસ ભવ પાતિક ત્રૂટે,
શત્રુંજય સાહમો ડગ ભરિયે. વિમ૦ ૨
સાત છઠ્ઠ દોય અઠ્ઠમ તપસ્યા,
કરી ચઢીયે ગિરિવરિયે. વિમ૦ ૩
પુંડરીક પદ જપીએ હરખે,
અધ્યવસાય શુભ ધરિયે. વિમ૦ ૪
પાપી અભવી ન નજરે દેખે,
હિંસક પણ ઉદ્ધરિયે. વિમ૦ ૫
ભુંઈ[1] (ભૂમિ) સંથારો ને નારી[2] તણો સંગ,
દૂર થકી પરહરીયે. વિમ૦ ૬
સચિત્ત[3] પરિહારી ને એકલ[4] આહારી,
ગુરૂ સાથે પદ[5] ચરિયે. વિમ૦ ૭
[6]પડિક્કમણાં દોય વિધિશું કરીયે,
પાપ પડલ વિખરીયે. વિમ૦ ૮
કલિકાલે એ તીરથ મહોટું,
પ્રવહણ જેમ ભરદરિયે. વિમ૦ ૯
ઉત્તમ એ ગિરિવર સેવંતાં,
પદ્મ કહે ભવ તરિયે. વિમ૦ ૧૦

## શ્રી ગિરનાર ગિરિવરનું સ્તવન.

( માહારા વાલાજી-એ દેશી. )

તોરણથી રથ ફેરી ચાલ્યા કંત રે, પ્રીતમ જી;
આઠ ભવની પ્રીતડી ત્રોડી તંત, માહરા પ્રીતમજી;
નવમે ભવ પણ નેહ ન આણો મુઝ રે; પ્રીત૦
તો શેં કારણ એટલે આવવું તુજજ. માહ૦ ૧
એક પોકાર સુણી તિર્યંચનો એમ રે, પ્રીત૦
મૂકો અબલા રોતી પ્રભુજી કેમ; માહ૦
ષટ્ જીવના રખવાલમાં શિરદાર રે, પ્રીત૦
તો કેમ વિલવતી સ્વામી મૂકો નારી. માહ૦ ૨
શિવવધુ કેરૂં એહવું કેહવું રૂપ રે, પ્રીત૦
મુજ મૂકીને ચિત્તમાં ધરી જિન ભૂપ; માહ૦
જિનજી લિયે સહસાવનમાં વ્રતભાર રે, પ્રીત૦
ઘાતી કરમ ખપાવીને નિરધાર. માહ૦ ૩
કેવલ ઋદ્ધિ અનંતી પ્રગટ કીધ રે, પ્રીત૦
જાણી રાજુલ એમ પ્રતિજ્ઞા લીધ; માહ૦
જે પ્રભુજીયે કીધું કરવું તેહ રે, પ્રીત૦
એમ કહી વ્રતધર થઈ પ્રભુ પાસે જેહ. માહ૦ ૪

પ્રભુ પહેલાં નિજ શોકયનું જોવા રૂપ રે, પ્રીત૦
કેવલજ્ઞાન લહી થઈ સિદ્ધ સરૂપ; મોહ૦
શિવવધૂ વરીયા જિનવર ઉત્તમ નેમ રે, પ્રીત૦
પદ્મ કહે પ્રભુ રાખ્યો અવિચલ પ્રેમ. મોહ૦ ૫

## શ્રી અર્બુદ ગિરિવરનું સ્તવન.

( કોયલો પરવત ધુંધલો રે લો—એ દેશી. )

આબુ અચલ રલિઆમણો રે લો,
દેલવાડે મનોહાર સુખકારી રે;
વાદલીયે જે સ્વર્ગશું રે લો,
દેઉલ દીપે ચાર બલીહારી રે. ૧
ભાવ ધરીને ભેટીયે રે લો. (એ આંકણી)
બાર પાદશાહ વશ કીયા રે લો,
વિમલ મંત્રીસર સાર, સુ૦
તેણે પ્રાસાદ નિપાઇયો રે લો,
ઋષભજી જગદાધાર બલીહારી રે. આબુ૦ ૨
તેહ ચૈત્યમાં જિનવરૂ રે લો, આઠશેં ને છોંતેર, સુ૦
જેહ દીઠે પ્રભુ સાંભરે રે લો,
મોહ કર્યો જેણે જેર, બલી૦ આબુ૦ ૩

દ્રવ્ય ભરી ધરતી મવી રે લો, લીધી દેઉલ કાજ, સુ૦
ચૈત્ય તિહાં મંડાવીયો રે લો,
લેવા શિવપુર રાજ. બલી૦ આબુ૦ ૪

પન્નરશેં કારીગરા રે લો, દીવીધરા પ્રત્યેક, સુ૦
તેમ મર્દનકારક વલી રે લો,
વસ્તુપાલ એ વિવેક. બલી૦ આબુ૦ ૫

કોરણી ઘોરણી તિહાં કરી રે લો, દીઠે બને તે વાત, સુ૦
પણ નવિ જાય મુખે કહી રે લો,
સુર ગુરૂ સમ વિખ્યાત. બલી૦ આબુ૦ ૬

ત્રણે વરસે નીપન્યો રે લો, તે પ્રાસાદ ઉત્તુંગ, સુ૦
બાર કોડી ત્રેપન લક્ષ ને રે લો,
ખરચ્યા દ્રવ્ય ઉછરંગ. બલી૦ આબુ૦ ૭

દેરાણી જેઠાણીના ગોખલા રે લો, દેખતાં હરખ તે થાય, સુ૦
લાખ અઢાર ખરચીયા રે લો,
ધન્ય ધન્ય એહની માય. બલી૦ આબુ૦ ૮

મુલ નાયક નેમીશ્વરૂ રે લો, જન્મ થકી બ્રહ્મચાર, સુ૦
નિજ સત્તા રમણી થયો રે લો,
ગુણ અનંત આધાર. બલી૦ આબુ૦ ૯

ચારશેંને અડસઠ ભલા રે લો,
જિનવર બિંબ વિશાલ, સુ૦
આજ ભલે રે ભેટીયા રે લો,
પાપ ગયાં પાયાલ. બલી૦ આબુ૦ ૧૦
ઋષભ ધાતુમયી દેહરે રે લો,
એકસો પીસ્તાલીસ બિંબ, સુખ૦
ચૌમુખ ચત્ય જુહારીયે રે લો,
મરૂધરમાં જેમ અંબ. બલી૦ આબુ૦ ૧૧
બાણું કાઉસ્સગ્ગીઆ તેહમાં રે લો,
અગન્યાસી જિનરાય, સુખ૦
અચલગઢે બહુ જિનવરા રે લો,
વંદુ તેહના પાય. બલી૦ આબુ૦ ૧૨
ધાતુમયી પરમેશ્વરા રે લો, અદ્ભુત જાસ સ્વરૂપ, સુ૦
ચૌમુખ મુખ્ય જિન વંદતાં રે લો,
થાયે નિજ ગુણ ભૂપ. બલી૦ આબુ૦ ૧૩
અઢારશે ને અઢારમાં રે લો,
ચૈતર વદી ત્રીજ દિન, સુખ૦
પાલણપુરના સંઘશું રે લો,
પ્રણમી થયો ધન્ય ધન્ય. બલી૦ આબુ૦ ૧૪

તિમ શાંતિ જગદીશરૂ રે લો, યાત્રા કરી અદ્દભૂત, સુખ૦
જે દેખી જિન સાંભરે રે લો,
સેવા કરે પુરૂહૂત. બલી૦ આબુ૦ ૧૫
એમ જાણી આબુતણી રે લો, જાત્રા કરશે જેહ, સુખ૦
જિન ઉત્તમ પદ પામશે રે લો,
પદ્મવિજય કહે જેહ. બલી૦ આબુ૦ ૧૬

## શ્રી અષ્ટાપદ ગિરિવર સ્તવન.

અષ્ટાપદ અરિહંતજી, મ્હારા વ્હાલાજી રે;
આદીશ્વર અવધાર નમીયે નેહશું, મ્હા૦
દશ હજાર મુણીંદશું, મ્હા૦
વરિયા શિવવધૂ સાર, નમીયે૦ ૧
ભરત ભૂપ ભાવે કર્યા, મ્હા૦
ચઉમુખ ચૈત્ય ઉદાર, નમીયે૦
જિનવર ચોવીશે જિહાં, મ્હા૦
થાપ્યા અતિ મનોહાર. નમીયે૦ ૨
વરણ પ્રમાણે બીરાજતા, મ્હા૦
લંછન ને અલંકાર. નમીયે૦
સમ નાશાયે શોભતા, મ્હા૦
ચિહું દિશે ચાર પ્રકાર. નમીયે૦ ૩

મંદોદરી રાવણ તિહાં, મ્હા૦
નાટક કરતાં વિચાલ, નમીયે૦
ત્રૂટી તાંત તવ રાવણે, મ્હા૦
નિજ કર વીણા તતકાલ. નમીયે૦ ૪
કરી બજાવી તિણે સમે, મ્હા૦
પણ નવિ ત્રોડયું તે તાન, નમીયે૦
તીર્થંકર પદ બાંધીયું, મ્હા૦
અદ્‌ભુત ભાવશું ગાન. નમીયે૦ ૫
નિજ લબ્ધે ગૌતમ ગુરૂ, મ્હા૦
કરવા આવ્યા તે જાતે, નમીયે૦
જગચિંતામણિ તિહાં કર્યું, મ્હા૦
તાપસ બોધ વિખ્યાત. નમીયે૦ ૬
એ ગિરિ મહિમા મોટકો, મ્હા૦
તેણે પામે જે સિદ્ધિ, નમીયે૦
જે નિજ લબ્ધે જિન નમે, મ્હા૦
પામે શાશ્વત ઋદ્ધિ. નમીયે૦ ૭
પદ્મવિજય કહે એહના, મ્હા૦
કેતાં[1] કરૂં રે વખાણ, નમીયે૦

૧ કેટલાં.

વીર સ્વમુખે વરણુવ્યો, મ્હા૦
નમતાં કોડી કલ્યાણ,
નમીયે નેહશું મ્હારા વ્હાલાજી રે. ૮

## શ્રી સમેતશિખરજીનું સ્તવન.

( ક્રીડા કરી આવીયો–એ દેશી. )

સમેતશિખર જિન વંદીયે, મોટું તીરથ એહ રે;
પાર પમાડે ભવતણો,
તીરથ કહિયે તેહ રે. સમેત૦ ૧

અજિતથી સુમતિ જિણંદ લગે, સહસ મુનિ પરીવાર રે;
પદ્મપ્રભ શિવસુખ વર્યા,
ત્રણશેં અડ અણગાર રે. સમેત૦ ૨

પાંચશે મુનિ પરિવારશું, શ્રી સુપાસ જિણંદ રે;
ચંદ્રપ્રભ શ્રેયાંસ લગે,
સાથે સહસ મુણિંદ રે. સમેત૦ ૩

છ હજાર મુનિરાજશું, વિમલ જિનેશ્વર સિદ્ધા રે;
સાત સહસશું ચૌદમા,
નિજ કાર્ય વર કીધા રે. સમેત૦ ૪

એકશો આઠશું ધર્મજી, નવશે શું શાંતિનાથ રે;
કુંથુ અર એક સહસશું,
સાચો શિવ પુર સાથ રે. સમેત૦ ૫

મલ્લિનાથ શત પાંચશું, મુનિ નમી એક હજાર રે;
તેત્રીસ મુનિ યુત પાસજી,
વરીયા શીવસુખ સાર રે. સમેત૦ ૬

સત્તાવીશ સહસ ત્રણશેં, ઉપરે ઓગણપચાસ રે;
જિન પરિકર બીજા કેઈ,
પામ્યા શિવપુર વાસ રે. સમેત૦ ૭

એ વીશે જિન એણે ગિરે, સિદ્ધયા અણસણ લેઇ રે;
પદ્મવિજય કહે પ્રણમીયે,
પાસ સામલનું ચેઈરે. સમેત૦ ૮

卐 ઈતિ શ્રી પંડિતપ્રકાંડમુનિવરોત્તંસ પદ્મવિજયગણિ
વિરચિત ચૌમાસી દેવવંદન. 卐

## મૌન એકાદશીના દેવવંદનના રચનાર

# પં૦ રૂપવિજયજી.

આમનું જન્મ સ્થાન તેમજ માત પિતા વગેરેની બીના પ્રાપ્ત થતી નથી. પરંતુ તેમનો દીક્ષા પર્યાય લગભગ પચાસ વર્ષના હશે. કારણ કે તેમના ગુરૂ સં. ૧૮૬૨ ના ચૈત્ર સુદ પાંચમના દિવસે સ્વર્ગ-વાસી થયા છે. અને તેઓશ્રી સં૦ ૧૯૦૫ માં સ્વર્ગવાસી થયા છે. તેઓએ સ્નાત્રપૂજા, પંચકલ્યાણક પૂજા, પંચજ્ઞાન પૂજા, પીસ્તાલીસ આગમ પૂજા, વીસ સ્થાનક પૂજા વગેરે અનેક કૃતિઓ બનાવી છે. વળી પૃથ્વીચંદ્ર ચરિત્ર સંસ્કૃત ભાષામાં ગદ્યમાં બનાવ્યું છે. તેમજ તેઓશ્રીને પં૦ કીર્તિવિજય ગણિ, પં૦ અમીવિજય ગણિ, પં૦ ઉદ્યોતવિજય મોહન વિજય (લટકાળા) વગેરે શિષ્યો હતા. આજે વિજય પદને શોભાવનારા ઘણા ખરા મુનિઓ પ્રાયઃ તેઓશ્રીની પરંપરાના છે. તેઓશ્રી સંબંધી વિશેષ હકીકત પ્રાપ્ત થઈ નથી.

## મૌન એકાદશીની કથા.

ચોમાસી ચઉદશ વીત્યા પછી માગસર સુદ અગિયારસને દિવસે મૌન એકાદશીનું પર્વ આવે છે. આ દિવસે ત્રણ ચોવીસીઓનાં તીર્થંકરોના ૧૫૦ કલ્યાણકો થયાં છે. તેથી આ દિવસ એવો શ્રેષ્ઠ છે કે આ દિવસે ઉપવાસ કરનારને ૧૫૦ ઉપવાસનું ફળ મળે છે. આવા ઉત્તમ ફલને આપનાર આ પર્વની દરેકે અવશ્ય આરાધના કરવી જોઇએ. આ તિથિની આરાધના કરનાર સૂર શેઠની કથા ટૂંકાણમાં કહેવાય છે.

એક વાર બાવીસમા શ્રીનેમનાથ પ્રભુ દ્વારિકા નગરીમાં સમોસર્યા. તે વખતે કૃષ્ણ મહારાજા પ્રભુને વાંદીને સભામાં

બેઠા. પ્રભુએ વૈરાગ્યમય દેશના આપી. દેશનાને અન્તે કૃષ્ણે પૂછયું કે "હે ભગવન્! વર્ષના ૩૬૦ દિવસોમાં એવો કયો ઉત્તમ દિવસ છે કે જેમાં કરેલું થોડું પણ વ્રતાદિ તપ ઘણું ફળ આપે?" જવાબમાં પ્રભુએ જણાવ્યું કે "હે કૃષ્ણ! માગસર સુદ એકાદશીનો દિવસ સર્વ પર્વોમાં ઉત્તમ છે, કારણ કે તે દિવસે ત્રણ ચોવીસીના તીર્થંકરોના ૧૫૦ કલ્યાણકો આવે છે, તે આ પ્રમાણે:—આ ભરત ક્ષેત્રમાં વર્તમાન ચોવીસીમાં આ દિવસે ૧ અઢારમા શ્રી અરનાથ પ્રભુની દીક્ષા થઈ છે, ૨ એકવીસમા નમિનાથને કેવલજ્ઞાન થયું છે. ૩ ઓગણીસમા શ્રી મલ્લીનાથનો જન્મ થયો છે. ૪–૫ તેમની દીક્ષા તથા કેવલજ્ઞાન પણ તેજ દિવસે થયાં છે. એમ ભરત-ક્ષેત્રમાં આ ચોવીસીમાં પાંચ કલ્યાણકો થયાં છે. એ પ્રમાણે કુલ પાંચ ભરત ક્ષેત્રો અને પાંચ ઐરવતક્ષેત્રોમાં પાંચ પાંચ કલ્યાણકો થયા હોવાથી ૫૦ થયા. આ પ્રમાણે વર્તમાન ચોવીસીના ૫૦ થયા છે. તે પ્રમાણે અતીત (ગએલી) ચોવી-સીમાં ૫૦ થયા છે. અને અનાગત (આવતી) ચોવીસીમાં પણ ૫૦ થશે તેથી કુલ દોઢસો કલ્યાણકો આ તિથિએ થયા છે. માટે આ તિથિએ ઉપવાસ કરવાથી પણ દોઢસો ઉપવાસનું ફલ મળે છે. પરંતુ આ તપની વિધિ પૂર્વક જેઓ આરાધના કરે છે તેમના ફળનું તો કહેવું જ શું? આ તપ ૧૧ વર્ષે પૂરો થાય છે. આ દિવસે મુખ્યતાએ મૌન જાળવવાનું હોવાથી **મૌન એકાદશી** કહેવાય છે.

કૃષ્ણ મહારાજે ફરીથી પ્રભુને પૂછયું કે "હે ભગવંત! પૂર્વે કોઈ ભાગ્યશાળી જીવે આ પર્વની આરાધના કરી છે?

તેમજ આરાધના કરવાથી તેને શું ફળ મળ્યું ? તે કૃપા કરી જણાવો ”

ત્યારે ભગવંતે આ પર્વની આરાધના કરનાર **સૂર** શેઠની કથા કહી, તેનો સાર આ પ્રમાણે:—

ધાતકી ખંડમાં દક્ષિણ ભરતાર્ધમાં **વિજયપુર** નામના નગરમાં **નરવર્મા** નામે પરાક્રમી રાજા રાજ્ય કરતો હતો. તેને **ચંદ્રાવતી** નામે રાણી હતી. તે નગરમાં **સૂર** નામે મોટો વ્યવહારી (વેપારી) રહેતો હતો. તે ઘણો ધનવાન તથા દેવ ગુરૂનો પરમ ભક્ત હતો.

તે શેઠે એક વાર ગુરૂને પૂછયું કે “ મારાથી રોજ ધર્મ બની શક્તો નથી, માટે મને એવો એક દિવસ કહો કે જે દિવસે કરેલો ધર્મ ઘણા ફળવાળો થાય.” તે વખતે ગુરૂએ તેને મૌન એકાદશીનો મહિમા કહ્યો. તે દિવસે ચોવિહાર ઉપવાસ, આઠ પહોરનો પૌષધ કરવો વગેરે વિધિ જણાવી. શેઠે આદર પૂર્વક તે તપ શરૂ કર્યો. અને વિધિ પૂર્વક તે તપની આરાધના કરી. આયુષ્ય પૂર્ણ થયે શેઠ મરણ પામીને આરણ નામના અગિયારમા દેવલોકમાં દેવ થયા.

ત્યાં દેવતાઈ ભોગો ભોગવીને આયુષ્ય પૂર્ણ થયે જંબૂદ્વીપના ભરતક્ષેત્રમાં **સોરીપુર** નગરમાં **સમુદ્રદત્ત** શેઠની **પ્રીતિમતી** સ્ત્રીની કુક્ષિમાં પુત્રપણે ઉત્પન્ન થયો. તે વખતે માતાને વ્રત પાલવાની ઈચ્છા થઈ. તેણીએ પૂર્ણ માસે સુંદર પુત્રને જન્મ આપ્યો. મધ્ય રાતે બાલકના નાલને છેદીને ભૂમિમાં

દાટતાં નિધાન નીકળ્યું. તેનાથી પુત્રનો મોટો જન્મોત્સવ કર્યો. ગર્ભમાં હતો ત્યારે માતાને વ્રત પાલવાની ઈચ્છા થઈ તેથી તે બાળકનું સુવ્રત નામ પાડયું.

પાંચ ધાવ માતાથી લાલન પાલન કરાતો તે સુવ્રત આઠ વર્ષનો થયો ત્યારે મોટા ઉત્સવપૂર્વક નિશાળે ભણવા મૂકયો. ત્યાં તે સઘળી કળાઓ શીખ્યો. અનુક્રમે યુવાવસ્થામાં આવ્યો ત્યારે પિતાએ ૧૧ સુંદર કન્યાઓ પરણાવી. તેમની સાથે વિષય સુખ ભોગવતો તે કાળ પસાર કરે છે.

સમુદ્રદત્ત શેઠે પુત્રની યોગ્યતા જોઈને તેને ઘરનો ભાર સોંપ્યો. અને પોતે સામાયિક, પ્રતિક્રમણાદિ ધર્મ કાર્ય કરવામાં સાવધાન થયા. અને અનશન કરી મરણ પામી દેવલોકમાં ગયા. ત્યાર પછી સુવ્રત શેઠ અગિયાર ક્રોડ ધનના માલિક થયા. લોકોમાં પણ માનનીય થયા.

એક વખતે તે નગરના ઉદ્યાનમાં શીલસુંદર નામે ચાર જ્ઞાની આચાર્ય પધાર્યા. વનપાલકે વધામણી આપવાથી રાજા પરિવાર સાથે ગુરૂને વાંદવા ગયો. તે વખતે સુવ્રત શેઠ પણ ગુરૂને વાંદવા આવ્યા. આચાર્યશ્રીએ સભા આગળ ધર્મોપદેશ આપ્યો તેમાં મૌન એકાદશીનું માહાત્મ્ય જણાવ્યું. મૌન એકાદશીના તપની હકીકત સાંભળી સુવ્રત શેઠને તેનો વિચાર કરતાં જાતિ સ્મરણ જ્ઞાન ઉપજ્યું. તેથી પોતે દેવ ભવના પૂર્વ ભવમાં આ તિથિની આરાધના કરી તેથી દેવ થયો અને ત્યાંથી ચ્યવી અહીં સુવ્રત શેઠ થયો એમ જાણ્યું. આ પ્રમાણે પોતાનો પૂર્વ ભવ જાણીને ઉભા થઈને બે હાથ

જોડીને સુવ્રત શેઠે ગુરૂને કહ્યું કે "મારે અંગીકાર કરવા યોગ્ય ધર્મ જણાવો." તે વખતે ગુરૂએ પણ સભા સમક્ષ સુવ્રત શેઠનો પૂર્વ ભવ કહ્યો, પછી કહ્યું કે તમે પૂર્વ ભવમાં મૌન એકાદશીનું તપ કર્યું તેથી આ ભવમાં આવી ઋદ્ધિ પામ્યા છો. અને હવે પણ તેજ તપ કરો જેથી મોક્ષનાં સુખ પણ મળશે.

શેઠે પણ ભાવ પૂર્વક કુટુંબ સહિત મૌન એકાદશીનું વ્રત ગ્રહણ કર્યું. મૌન અગિઆરસને દિવસે શેઠ ઉપવાસમાં મૌન રહે છે એવું જાણવાથી ચોર લોકો તે દિવસે શેઠને ઘેર ચોરી કરવા આવ્યા. ચોરોને જોવા છતાં શેઠ તો મૌન જ રહ્યા અને ધર્મ ધ્યાનમાં નિશ્ચલ રહ્યા. ચોરો ધન લઈને ચાલવા લાગ્યા. પરંતુ શાસન દેવીએ ચોરોને થંભાવી દીધા, તેથી તેઓ ત્યાંથી ખસી શક્યા નહિ.

સવારે શેઠ કુટુંબ સાથે ધર્મશાલાએ જઈ ગુરૂને વાંદીને પોસહ પારીને જ્ઞાનની પૂજા કરી ઘેર આવ્યા. ચોરોને તેવી જ અવસ્થામાં ઉભેલા જોયા. પરંપરાએ આ વાત રાજા પાસે ગઇ. રાજાએ ચોરોને પકડવા સુભટોને મોકલ્યા. રાજા સુભટોને ન મારે એવો ચોરો ઉપર શેઠનો દયા ભાવ થવાથી સુભટો પણ શેઠના તપના પ્રભાવે થંભી ગયા. આ વાત જાણીને રાજા પોતે ત્યાં આવ્યો. શેઠે રાજાનો આદર સત્કાર કર્યો. શેઠે રાજાને નમીને ચોરોને અભયદાન અપાવ્યું. શેઠની ઇચ્છા જાણી શાસન દેવે ચોરો તથા સુભટોને મુક્ત કર્યા. સર્વે સ્વસ્થાને ગયા. આથી જૈન શાસનનો મહિમા વધ્યો.

એક વાર મૌન એકાદશીને દિવસે નગરમાં આગ લાગી. તે આગ ફેલાતી ફેલાતી શેઠ પોસહમાં રહયા છે, ત્યાં સુધી આવી પહોંચી. લોકોએ શેઠને ઘરમાંથી નીકળી જવાનું કહ્યું. પરંતુ શેઠ તો કુટુંબ સહિત કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા. શેઠના ધર્મના પ્રભાવથી તેમનાં ઘર, હાટ, વખારો પૌષધ-શાલા વગેરે સઘળું બચી ગયું, તે સિવાય બધું નગર બળી ગયું.

પ્રભાતે શેઠની સઘળી સંપત્તિ બચી ગએલી જોઈને સર્વ લોકો આશ્ચર્ય પામ્યા, શેઠની ધર્મશ્રદ્ધાનાં વખાણ કરવા લાગ્યા. આ વાત જાણીને રાજા પણ મંત્રી સામંતાદિ પરિવાર સાથે શેઠને ત્યાં આવ્યો. તે પણ શેઠની સર્વ સંપત્તિ અખંડ રહેલી જોઈને આશ્ચર્ય પામ્યો. સર્વેએ જૈન ધર્મના વખાણ કર્યાં. અને આજે જૈન ધર્મનો પ્રભાવ નજરે જોયો એમ બોલવા લાગ્યા. શેઠે પણ તપ પૂરો થયો ત્યારે તપનું મોટું ઉજમણું કર્યું. બીજાં પણ ધર્મનાં અનેક કાર્યો કર્યાં.

શેઠને અનેક પુત્ર પુત્રીનો પરિવાર હતો તે બધાંને પરણાવ્યા. પછી વૃદ્ધ ઉંમરે પહોંચેલા શેઠે વિચાર કર્યો કે હવે મારે ગુરૂ પાસે ચારિત્ર લઈ જન્મ સફળ કરવો જોઈએ. પુણ્યયોગે ચાર જ્ઞાની ગુણસુંદર નામે આચાર્ય ત્યાં પધાર્યા. શેઠે મોટા પુત્રને ઘર સોંપીને તેમની પાસે દીક્ષા લીધી. તે વખતે ઘણું દ્રવ્ય વાપર્યું. શેઠની ૧૧ સ્ત્રીઓએ પણ તેમની સાથે દીક્ષા લીધી.

એક વાર મૌન એકાદશીના દિવસે સુવ્રત સાધુ કાઉસગ્ગ ધ્યાનમાં રહ્યા છે તે વખતે મિથ્યાત્વી દેવે તેમની પરીક્ષા કરી. તેમાં દેવે અન્ય સાધુના શરીરમાં પ્રવેશ કરી સુવ્રત સાધુને ઓઘો માર્યો. તે વખતે સુવ્રત સાધુ કોપ નહિ કરતાં ક્ષમા પૂર્વક વિચારણા કરે છે. વિચારણામાં શુકલ ધ્યાનમાં ઘાતી કર્મ ક્ષય કરી કેવલ જ્ઞાન પામ્યા. દેવોએ મોટો ઉત્સવ કર્યો.

ત્યાર પછી સુવ્રત કેવલી અનેક જીવોને ધર્મ પમાડી ઘણાં વર્ષો કેવલ પર્યાય પાળી છેવટે અનશન કરી મોક્ષે ગયા. બીજા પણ ઘણાં જીવો આ તપનું આરાધન કરી અનેક ઋદ્ધિઓ પામી મોક્ષે ગયા છે.

આ પ્રમાણે શ્રી નેમનાથ ભગવાને કૃષ્ણ વાસુદેવને મૌન એકાદશીનો મહિમા કહ્યો. તે સાંભળી કૃષ્ણ વાસુદેવ પણ ધર્મ કાર્યમાં ઉદ્યમી થયા અને તીર્થંકર નામ કર્મ બાંધ્યું.

કથાના વાંચનાર ભવ્ય જીવો પણ કથા વાંચી આ તપના આરાધક બનો.

---

## શ્રી મૌન એકાદશીનું

# દોઢસો કલ્યાણકનું ગણણું.

(૧) જંબૂદ્વીપે ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી મહાયશ:સર્વજ્ઞાય નમ: ૧
૬ શ્રી સર્વાનુભૂતિઅર્હતે નમ: ૨
૬ શ્રી સર્વાનુભૂતિનાથાય નમ: ૩
૬ શ્રી સર્વાનુભૂતિ સર્વજ્ઞાય નમ: ૪
૭ શ્રી શ્રીધરનાથાય નમ: ૫

(૨) જંબૂદ્વીપે ભરતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી નમિનાથસર્વજ્ઞાય નમ: ૬
૧૯ શ્રી મલ્લિનાથ અર્હતે નમ: ૭
૧૯ શ્રી મલ્લિનાથનાથાય નમ: ૮
૧૯ શ્રી મલ્લિનાથસર્વજ્ઞાય નમ: ૯
૧૮ શ્રી અરનાથનાથાય નમ: ૧૦

(૩) જંબૂદ્વીપે ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સ્વયંપ્રભસર્વજ્ઞાય નમ: ૧૧
૬ શ્રી દેવશ્રુતઅર્હતે નમ: ૧૨
૬ શ્રી દેવશ્રુતનાથાય નમ: ૧૩

૬ શ્રી દેવશ્રુતસર્વજ્ઞાય નમઃ ૧૪
૭ શ્રી ઉદયનાથનાથાય નમઃ ૧૫

(૪) ધાતકીખંડે પૂર્વ ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી અકલંકસર્વજ્ઞાય નમઃ ૧૬
૬ શ્રી શુભંકરનાથઅર્હતે નમઃ ૧૭
૬ શ્રી શુભંકરનાથનાથાય નમઃ ૧૮
૬ શ્રી શુભંકરનાથસર્વજ્ઞાય નમઃ ૧૯
૭ શ્રી સપ્તનાથનાથાય નમઃ ૨૦

(૫) ધાતકી ખંડે પૂર્વ ભરતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી બ્રહ્મેંદ્રનાથસર્વજ્ઞાય નમઃ ૨૧
૧૯ શ્રી ગુણનાથઅર્હતે નમઃ ૨૨
૧૯ શ્રી ગુણનાથનાથાય નમઃ ૨૩
૧૯ શ્રી ગુણનાથસર્વજ્ઞાય નમઃ ૨૪
૧૮ શ્રી ગાંગિકનાથનાથાય નમઃ ૨૫

(૬) ધાતકી ખંડે પૂર્વ ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી સાંપ્રતસર્વજ્ઞાય નમઃ ૨૬
૬ શ્રી મુનિનાથઅર્હતે નમઃ ૨૭
૬ શ્રી મુનિનાથનાથાય નમઃ ૨૮

૬ શ્રી મુનિનાથસર્વજ્ઞાય નમઃ ૨૯
૭ શ્રી વિશિષ્ટનાથનાથાય નમઃ ૩૦

(૭) પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સુમૃદુનાથસર્વજ્ઞાય નમઃ ૩૧
૬ શ્રી વ્યક્તનાથઅર્હતે નમઃ ૩૨
૬ શ્રી વ્યક્તનાથનાથાય નમઃ ૩૩
૬ શ્રી વ્યક્તનાથસર્વજ્ઞાય નમઃ ૩૪
૭ શ્રી કલાશતનાથાય નમઃ ૩૫

(૮) પુષ્કરવરદ્વીપે પૂર્વ ભરતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી અરણ્યવાસસર્વજ્ઞાય નમઃ ૩૬
૧૯ શ્રી યોગનાથઅર્હતે નમઃ ૩૭
૧૯ શ્રી યોગનાથનાથાય નમઃ ૩૮
૧૯ શ્રી યોગનાથસર્વજ્ઞાય નમઃ ૩૯
૧૮ શ્રી યોગનાથનાથાય નમઃ ૪૦

(૯) પુષ્કરવદ્વીપે પૂર્વ ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી પરમસર્વજ્ઞાય નમઃ ૪૧
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથઅર્હતે નમઃ ૪૨
૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથનાથાય નમઃ ૪૩

૬ શ્રી શુદ્ધાર્ત્તિનાથસર્વજ્ઞાય નમઃ ૪૪
૭ શ્રી નિઃકેશનાથનાથાય નમઃ ૪૫

(૧૦) ધાતકીખંડે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી સર્વાર્થસર્વજ્ઞાય નમઃ ૪૬
૬ શ્રી હરિભદ્રઅર્હતે નમઃ ૪૭
૬ શ્રી હરિભદ્રનાથાય નમઃ ૪૮
૬ શ્રી હરિભદ્રસર્વજ્ઞાય નમઃ ૪૯
૭ શ્રી મગધાધિપનાથાય નમઃ ૫૦

(૧૧) ધાતકીખંડે પશ્ચિમ ભરતે વર્ત્તમાન ચોવીશી.

૨૧ શ્રી પ્રયચ્છસર્વજ્ઞાય નમઃ ૫૧
૧૯ શ્રી અક્ષોભનાથઅર્હતે નમઃ ૫૨
૧૯ શ્રી અક્ષોભનાથનાથાય નમઃ ૫૩
૧૯ શ્રી અક્ષોભનાથસર્વજ્ઞાય નમઃ ૫૪
૧૮ શ્રી મલયસિંહનાથાય નમઃ ૫૫

(૧૨) ધાતકીખંડે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી દિનરૂક્સર્વજ્ઞાય નમઃ ૫૬
૬ શ્રી ધનદનાથ અર્હતે નમઃ ૫૭
૬ શ્રી ધનદનાથનાથાય નમઃ ૫૮

૬ શ્રી ધનદનાથ સર્વજ્ઞાય નમઃ ૫૯
૭ શ્રી પૌષધનાથનાથાય નમઃ ૬૦

(૧૩) પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અતીત ચોવીશી.

૪ શ્રી પ્રલંબસર્વજ્ઞાય નમઃ ૬૧
૬ શ્રી ચારિત્ર નિધિ અર્હતે નમઃ ૬૨
૬ શ્રી ચારિત્ર નિધિનાથાય નમઃ ૬૩
૬ શ્રી ચારિત્ર નિધિસર્વજ્ઞાય નમઃ ૬૪
૭ શ્રી પ્રશમરાજિતનાથાય નમઃ ૬૫

(૧૪) પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી સ્વામિસર્વજ્ઞાય નમઃ ૬૬
૧૯ શ્રી વિપરીતનાથ અર્હતે નમઃ ૬૭
૧૯ શ્રી વિપરીતનાથનાથાય નમઃ ૬૮
૧૯ શ્રી વિપરીતનાથ સર્વજ્ઞાય નમઃ ૬૯
૧૮ શ્રી પ્રસાદનાથનાથાય નમઃ ૭૦

(૧૫) પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ભરતે અનાગત ચોવીશી.

૪ શ્રી અઘટિતનાથ સર્વજ્ઞાય નમઃ ૭૧
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ અર્હતે નમઃ ૭૨
૬ શ્રી ભ્રમણેન્દ્રનાથનાથાય નમઃ ૭૩

૬ શ્રી ભ્રમણેન્દ્રનાથ સર્વજ્ઞાય નમઃ ૭૪
૭ શ્રી ઋષભચંદ્રનાથાય નમઃ ૭૫

(૧૬) જંબૂદ્વીપે ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી દયાંતસર્વજ્ઞાય નમઃ ૭૬
૬ શ્રી અભિનંદનનાથ અર્હતે નમઃ ૭૭
૬ શ્રી અભિનંદનનાથનાથાય નમઃ ૭૮
૬ શ્રી અભિનંદનનાથ સર્વજ્ઞાય નમઃ ૭૯
૭ શ્રી રત્નેશનાથનાથાય નમઃ ૮૦

(૧૭) જંબૂદ્વીપે ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી શ્યામકોષ્ઠ સર્વજ્ઞાય નમઃ ૮૧
૧૯ શ્રી મરૂદેવનાથ અર્હતે નમઃ ૮૨
૧૯ શ્રી મરૂદેવનાથ સર્વજ્ઞાય નમઃ ૮૩
૧૯ શ્રી મરૂદેવનાથનાથાય નમઃ ૮૪
૧૮ શ્રી અતિપાર્શ્વનાથનાથાય નમઃ ૮૫

(૧૮) જંબૂદ્વીપે ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી નંદિષેણુસર્વજ્ઞાય નમઃ ૮૬
૬ શ્રી વ્રતધરનાથઅર્હતે નમઃ ૮૭
૬ શ્રી વ્રતધરનાથનાથાય નમઃ ૮૮

૬ શ્રી વ્રતધરનાથસર્વજ્ઞાય નમઃ ૮૯
૭ શ્રી નિર્વાણનાથનાથાય નમઃ ૯૦

(૧૯) ધાતકીખંડે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી સૌંદર્યસર્વજ્ઞાય નમઃ ૯૧
૬ શ્રી ત્રિવિક્રમનાથઅર્હતે નમઃ ૯૨
૬ શ્રી ત્રિવિક્રમનાથનાથાય નમઃ ૯૩
૬ શ્રી ત્રિવિક્રમનાથસર્વજ્ઞાય નમઃ ૯૪
૭ શ્રી નરસિંહનાથનાથાય નમઃ ૯૫

(૨૦) ધાતકીખંડે પૂર્વ અરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી ખેમંત સર્વજ્ઞાય નમઃ ૯૬
૧૯ શ્રી સંતોષિતનાથઅર્હતે નમઃ ૯૭
૧૯ શ્રી સંતોષિતનાથનાથાય નમઃ ૯૮
૧૯ શ્રી સંતોષિતનાથસર્વજ્ઞાય નમઃ ૯૯
૧૮ શ્રી કામનાથનાથાય નમઃ ૧૦૦

(૨૧) ધાતકીખંડે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી મુનિનાથસર્વજ્ઞાય નમઃ ૧૦૧
૬ શ્રી ચંદ્રદાહઅર્હતે નમઃ ૧૦૨
૬ શ્રી ચંદ્રદાહનાથાય નમઃ ૧૦૩

૬ શ્રી ચંદ્રદાહસર્વજ્ઞાય નમઃ ૧૦૪
૭ શ્રી દિલાદિત્યનાથાય નમઃ ૧૦૫

(૨૨) પુષ્કરાર્ધે પૂર્વ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી અષ્ટાહિકસર્વજ્ઞાય નમઃ ૧૦૬
૬ શ્રી વણિક્નાથ અર્હતે નમઃ ૧૦૭
૬ શ્રી વણિક્નાથનાથાય નમઃ ૧૦૮
૬ શ્રી વણિક્નાથસર્વજ્ઞાય નમઃ ૧૦૯
૭ શ્રી ઉદયજ્ઞાનનાથાય નમઃ ૧૧૦

(૨૩) પુષ્કરાર્ધે પૂર્વ ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી તમોકંદસર્વજ્ઞાય નમઃ ૧૧૧
૧૯ શ્રી સાયકાક્ષઅર્હતે નમઃ ૧૧૨
૧૯ શ્રી સાયકાક્ષનાથાય નમઃ ૧૧૩
૧૯ શ્રી સાયકાક્ષસર્વજ્ઞાય નમઃ ૧૧૪
૧૮ શ્રી ક્ષેમંતનાથનાથાય નમઃ ૧૧૫

(૨૪) પુષ્કરાર્ધે પૂર્વ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી નિર્વાણિકસર્વજ્ઞાય નમઃ ૧૧૬
૬ શ્રી રવિરાજઅર્હતે નમઃ ૧૧૭
૬ શ્રી રવિરાજનાથાય નમઃ ૧૧૮

૬ શ્રી રવિરાજસર્વજ્ઞાય નમઃ ૧૧૯
૭ શ્રી પ્રથમનાથનાથાય નમઃ ૧૨૦

(૨૫) ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી.

૪ શ્રી પૂરૂરવાસર્વજ્ઞાય નમઃ ૧૨૧
૬ શ્રી અવબોધઅર્હતે નમઃ ૧૨૨
૬ શ્રી અવબોધનાથાય નમઃ ૧૨૩
૬ શ્રી અવબોધસર્વજ્ઞાય નમઃ ૧૨૪
૭ શ્રી વિક્રમેંદ્રનાથાય નમઃ ૧૨૫

(૨૬) ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે વર્તમાન ચોવીશી.

૨૧ શ્રી સુશાંતિસર્વજ્ઞાય નમઃ ૧૨૬
૧૯ શ્રી હરદેવઅર્હતે નમઃ ૧૨૭
૧૯ શ્રી હરદેવનાથાય નમઃ ૧૨૮
૧૯ શ્રી હરદેવસર્વજ્ઞાય નમઃ ૧૨૯
૧૮ શ્રી નંદિકેશનાથાય નમઃ ૧૩૦

(૨૭) ધાતકીખંડે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.

૪ શ્રી મહામૃગેંદ્રસર્વજ્ઞાય નમઃ ૧૩૧
૬ શ્રી અશોચિતનાથાય નમઃ ૧૩૨
૬ શ્રી અશોચિસતર્વજ્ઞાય નમઃ ૧૩૩

૬ શ્રી અશોચિતસર્વજ્ઞાય નમઃ ૧૩૪
૭ શ્રી ધર્મેન્દ્રનાથનાથાય નમઃ ૧૩૫
(૨૮) પુષ્કરવર દ્વીપે પશ્ચિમ ઐરવતે અતીત ચોવીશી.
૪ શ્રી અશ્વવૃંદસર્વજ્ઞાય નમઃ ૧૩૬
૬ શ્રી કુટિલકઅર્હતે નમઃ ૧૩૭
૬ શ્રી કુટિલકનાથાય નમઃ ૧૩૮
૬ શ્રી કુટિલકસર્વજ્ઞાય નમઃ ૧૩૯
૭ શ્રી વર્દ્ધમાનનાથાય નમઃ ૧૪૦
(૨૯) પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે વર્તમાન ચોવીશી.
૨૧ શ્રી નંદિકેશસર્વજ્ઞાય નમઃ ૧૪૧
૧૯ શ્રી ધર્મચંદ્રઅર્હતે નમઃ ૧૪૨
૧૯ શ્રી ધર્મચંદ્રનાથાય નમઃ ૧૪૩
૧૯ શ્રી ધર્મચંદ્રસર્વજ્ઞાય નમઃ ૧૪૪
૧૮ શ્રી વિવેકનાથનાથાય નમઃ ૧૪૫
(૩૦) પુષ્કરવરદ્વીપે પશ્ચિમ ઐરવતે અનાગત ચોવીશી.
૪ શ્રી કલાપકસર્વજ્ઞાય નમઃ ૧૪૬
૬ શ્રી વિશોમનાથઅર્હતે નમઃ ૧૪૭
૬ શ્રી વિશોમનાથનાથાય નમઃ ૧૪૮
૬ શ્રી વિશોમનાથસર્વજ્ઞાય નમઃ ૧૪૯
૭ શ્રી અરણ્યનાથનાથાય નમઃ ૧૫૦

### પંડિત શ્રી રૂપવિજયજી વિરચિત

# મૌન એકાદશીનાં દેવવંદન.

## પ્રથમ દેવવંદન જોડો.

સ્થાપનાચાર્ય આગળ અથવા નવકાર પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણુ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### પ્રથમ ચૈત્યવંદન.

નગરગજપુરં પુરંદરપુર—શોભયા અતિજિત્વરં,
ગજવાજિરથવરકોટિકલિતં, ઇંદિરાભૃતમંદિરં;
નરનાથબત્રીસસહસસેવિત—ચરણપંકજસુખકરં;
સુરઅસુરવ્યંતરનાથપૂજિત—નમો શ્રીઅરજિનવરં. ૬
અપ્સરા સમરૂપઅદ્દ્ભુત—કલાયોવનગુણભરી,
એક લાખ બાણુ સહસ ઉપર, સોહિયે અંતેઉરી;
ચોરાશી લખ ગજ વાજી સ્યંદન,
કોટિ છન્નૂ ભટવરં—સુર અ૦ ૨

સગ પણિંદી સગ એગિંદી, ચઉદ રત્નશું શોભિતં;
નવ નિધાનાધિપતિ નાકી[૧], ભક્તિભાવભૃતૈર્નતં;
કોટિ છન્નૂ ગ્રામનાયક,
સકલશત્રુવિજિત્વરં—સુર અ૦ ૩

સહસ અષ્ટોત્તર સુલંછન—લક્ષિતં કનકચ્છવિં,
ચિહ્નનંદાવર્તશોભિત, સ્વપ્રભાનિર્જિતરવિં;
ચક્રી સપ્તમ ભુક્તભોગી,
અષ્ટાદશમો જિનવરં—સુર અ૦ ૪

લોકાંતિકામરબોધિતો જિન, ત્યક્તરાજ્યરમાભરં;
મૃગશિર એકાદશી શુકલપક્ષે, ગ્રહિતસંયમ સુખકરં;
અરનાથ પ્રભુપદ પદ્મસેવન,
શુદ્ધરૂપ સુખાકરં—સુર અ૦ ૫

પછી જંકિંચિ૦ નમુથ્થુણં૦ અને જયવીયરાય અર્ધા કહી પછી ખમાસમણ દેઇને બીજું ચૈત્યવંદન કહેવું; તે આ પ્રમાણે—

## દ્વિતીય ચૈત્યવંદન.

રાય સુદર્શન કુલ નભે, નૂતન [૨]દિનમણિ રૂપ;
દેવી માતા જનમિયો, નમે સુરાસુર ભૂપ. ૧

---

૧ દેવ. ૨ સૂર્ય.

કુમર રાજ્ય ચક્રીપણે, ભોગવી ભોગ ઉદાર;
ત્રેસઠ સહસ વરષાં પછી, લીયે પ્રભુ સંયમભાર. ૨

સહસ પુરૂષ સાથે લીયે, સંયમ શ્રીજિનરાય;
તસ પદ પદ્મ નમ્યા થકી,
શુદ્ધ રૂપ નિજ થાય. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી થોય એક કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરવો. પછી પારી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવર૦ સુઅસ્સ ભગવઓ કરેમિ કાઉસગ્ગં વંદણ વત્તિઆએ૦ અન્નથ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુધ્ધાણં૦ વેયાવચ્ચગરણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણે—

## શ્રી અરજિનની થોયો.

શ્રી અરનાથ જિનેશ્વરુ, ચક્રી સપ્તમ સોહે;
કનક વરણ છબી જેહની, ત્રિભુવન મન મોહે;
ભોગ કરમનો ક્ષય કરી, જિન દીક્ષા લીધી;
મનઃપર્યવ નાણી થયા, કરી યોગની સિદ્ધિ. ૧

માગશિર શુદિ એકાદશી, અર દીક્ષા લીધી;
મલ્લિ જનમ વ્રત કેવલી, નમી કેવલ ઋદ્ધિ;
દશ ક્ષેત્રે ત્રણ કાલનાં, પંચ પંચ કલ્યાણ;
તિણે એ તિથિ આરાધતાં, લહીએ શિવપુર ઠાણ. ૨

અંગ ઈગ્યાર આરાધવા, વલી બાર ઉપાંગ;
મૂલ સૂત્ર ચારે ભલાં, ષટ્ છેદ સુચંગ;
દશ પયન્ના દીપતા, નંદી અનુયોગદ્વાર;
આગમ એહ આરાધતાં, લહો ભવ જલ પાર. ૩

જિનપદ સેવા નિત્ય કરે, સમકિત શુચિકારી;
જક્ષેશ જક્ષ સોહામણો, દેવી ધારણી સારી;
પ્રભુ પદ પદ્મની સેવના, કરે જે નરનારી;
ચિદાનંદ નિજ રૂપને, લહે તે નિરધારી. ૪

પછી બેસી નમુત્થુણં૦ કહી અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોર્હત્૦ કહી બીજા જોડાની પ્રથમ થોય કહેવી. ત્યાર પછી લોગ્ગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજા જોડાની બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં૦ વેયાવચ્ચ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી

પારી ચોથી થોય કહેવી. એ રીતે ચારે થોય કહેવી. તે થોયો નીચે પ્રમાણે—

## શ્રી અરજિનની થોયો.

શ્રી અરજિન ધ્યાવો, પુણ્યના થોક પાવો;
સવિ દુરિત ગમાવો, ચિત્ત પ્રભુ ધ્યાન લાવો;
મદ મદન વિરાવો, ભાવના શુદ્ધ ભાવો;
જિનવર ગુણ ગાવો, જિમ લહો મોક્ષ ઠાવો. ૧
સવિ જિન સુખકારી, ક્ષય કરી મોહ ભારી;
કેવલ શુચિ ધારી, માન માયા નિવારી;
થયા જગ ઉપગારી, ક્રોધ યોદ્ધાપહારી;
શુચિ ગુણ ગણધારી, જે વર્યા સિદ્ધિ નારી. ૨
નવ તત્ત્વ વખાણી, સપ્તભંગી પ્રમાણી;
સગ નયથી મિલાણી, ચાર અનુયોગ ખાણી;
જિનવરની વાણી, જે સુણે ભવ્ય પ્રાણી;
તિણે કરી [1]અઘહાણી, જઈ વરે સિદ્ધિ રાણી. ૩
સમકિતિ નરનારી, તેહની ભક્તિકારી;
ધારણી સુરી સારી, વિઘ્નના થોક હારી;
પ્રભુ આણા કારી, લચ્છી લીલા વિહારી;
સંઘ દુરિત નિવારી, હોજયો આણંદ કારી. ૪

૧. પાપનો નાશ.

પછી નમુત્થુણું૦ કહી જાવંતિ ચેઇઆઇં૦ કહી જાવંત કેવિ સાહૂ૦ કહી પછી નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે આ પ્રમાણે:—

### શ્રી અરજિન દીક્ષા કલ્યાણક સ્તવન.

ફતેમલના ગીતની દેશી.

જગપતિ શ્રી અરજિન જગદીશ,
હસ્તિનાગપુર રાજીયો;
જગપતિ રાય સુદર્શનનંદ,
મહિમા મહી માંહે ગાજીયો. ૧
જગપતિ કંચન વરણુ શરીર, કામિત પુરણુ સુરતરૂ;
જગપતિ લંછન નંદાવર્ત્ત, ત્રણુ ભુવન મંગલ કરૂ. ૨
જગપતિ ષટ ખંડ ભરત અખંડ, ચક્રવર્તીની સંપદા;
જગપતિ સહસ બત્રીસ ભૂપાલ,
સેવિત ચરણુ કમલ સદા. ૩
જગપતિ સોહે સુંદર વાન, ચઉસઠ સહસ અંતેઉરી;
જગપતિ ભોગવી ભોગ રસાલ,
જોગદશા ચિત્તમાં ધરી. ૪
જગપતિ સહસ પુરૂષ સંઘાત, મૃગશિર શુદિ એકાદશી;
જગપતિ સંયમ લીયે પ્રભુ ધીર,
ત્રિકરણુ યોગે ઉલ્લસી. ૫

જગપતિ ચોસઠ સુરપતિ તામ, ભક્તિ કરે ચિત્ત ગહગહી;
જગપતિ નાચે સુરવધૂ કોડી,
અંગ મોડી આગલ રહી. ૬
જગપતિ વાજે નવ નવ છંદ, દેવ વાજિંત્ર સોહામણા;
સુરપતિ દેવદુષ્ય ઠવે ખંધ,
પુષ્પવૃષ્ટિ કરે સુર ઘણા. ૭
જગપતિ ધન્ય વેલા ઘડી તેહ, ધન્ય તે સુરનર ખેચરા;
જગપતિ જેણે કલ્યાણક દીઠ,
ધન્ય જનમ તે ભવ તર્યા. ૮
જગપતિ પ્રભુપદ પદ્મની સેવ, ત્રિકરણ શુદ્ધે જે કરે;
જગપતિ કરીય કરમનો અંત,
શુદ્ધ રૂપ નિજ તે વરે. ૯

પછી જયવીયરાય અર્ધા કહીને ખમાસમણ દઈ ચૈત્ય-વંદનનો આદેશ માગી ત્રીજું ચૈત્યવંદન કહેવું; તે આ પ્રમાણે—

## તૃતીય ચૈત્યવંદન.

અવધિજ્ઞાને આભોગીને, નિજ દીક્ષા કાલ;
દાન સંવચ્છરી જિન દીયે, મનોવાંછિત તતકાલ. ૧
ધન કણ કંચન કામિની, રાજ ઋદ્ધિ ભંડાર;
છંડી સંયમ આદરે, સહસ પુરૂષ પરિવાર. ૨

મૃગશિર શુદિ એકાદશી એ, સંયમ લીયે મહારાજ;
તસ પદ પદ્મ સેવન થકી, સીઝે સઘલાં કાજ. ૩

પછી જંકિંચિ૰ કહી નમુથ્થુણં૰ કહીને, જયવીયરાય સંપૂર્ણ કહેવા. **ઇતિ પ્રથમ દેવવંદન જોડો.** ૧

## દેવવંદનનો બીજો જોડો.

**વિધિ**–પ્રથમના જોડાની માફક જ હવે પછીના સઘળા જોડાની વિધિ જાણવી.

### પ્રથમ ચૈત્યવંદન.

જય જય મલ્લિ જિણંદ ચંદ, ગુણ કંદ અમંદ;
નમે સુરાસુર ચંદ, તિમ ભૂપતિ વૃંદ. ૧
કુસુમગેહ શય્યા કુસુમ, કુસુમાભરણ સોહાય;
જનની કુખે જબ જિન હુતા, મલ્લિ નામ તિણે ઠાય. ૨
કુંભ નરેશ્વર કુલતિલો એ, મલ્લિનાથ જિનરાજ;
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ. ૩

### દ્વિતીય ચૈત્યવંદન.

નીલ વરણ દુઃખ હરણ, શરણ શરણાગત વત્સલ;
નિરૂપમ રૂપ નિધાન સુજસ, ગંગાજલ નિરમલ. ૧
સુગુણ સુરાસુર કોડિ, દોડી નિત્ય સેવા સારે;
ભકિત જુકિત નિત્યમેવ, કરી નિજ જન્મ સુધારે. ૨

બાલપણે જિનરાજને એ, સવિ મલી હુલરાવે;
જિન મુખ પદ્મ નિહાલીને, બહુ આણંદ પાવે. ૩

### થોયોનો પ્રથમ જોડો.

સુણુ સુણુ રે સાહેલી, ઉઠી સહુથી પહેલી;
કરી સ્નાન વહેલી, જિમ વધે પુણ્ય વેલી;
તજી મોહની પલ્લી, ખંડ કરી કામવલ્લી;
કરી ભકિત સુભલ્લી, પૂજી જિનદેવ મલ્લી. ૧
સવિ જિન સુખકારી, મોહ નિદ્રા નિવારી;
ભવિજન નિસ્તારી, વાણી સ્યાદ્વાદધારી;
નિર્મલ ગુણધારી, ઘાત મિથ્યાત ગારી;
નમિએ નર નારી, પાપ સંતાપ છારી. ૨
મૃગશિર અજુઆલી, સર્વ તિથિમાં રસાલી;
એકાદશી પાલી, પાપની શ્રેણિ ગાલી;
આગમમાં રસાલી, તિથિ કહી તે સંભાલી;
શિવવધૂ લટકાળી, પરણશે દેઈ તાલી. ૩
વૈરૂટયા દેવી, ભકિત હિયડે ધરેવી;
જિન ભકિત કરેવી, તેહનાં દુઃખ હરેવી;
મમ મહિર કરેવી, લચ્છી લીલા વરેવી;
કવિ રૂપ કહેવી, દેજો સુખ નિત્યમેવી. ૪

## થોયોનો બીજો જોડો.

મિથિલાપુરી જાણી, સ્વર્ગ નગરી સમાણી;
કુંભ નૃપ ગુણખાણી, તેજથી વજ્રપાણી;
પ્રભાવતી રાણી, દેવનારી સમાણી;
તસ કુખ વખાણી, જન્મ્યા જિહાં મલ્લિ નાણી. ૧
દિશિકુમરી આવે, જન્મ કરણી ઠરાવે;
જિનના ગુણ ગાવે, ભાવના ચિત્ત ભાવે;
જન્મોત્સવ દાવે, ઇંદ્ર સુર શૈલ ઠાવે;
હરિ જિન ગૃહ આવે, લેઈ પ્રભુ મેરૂ જાવે. ૨
અચ્યુત સુર રાજા, સ્નાત્ર કરે ભકિત ભાજા;
નિજ નિજ સ્થિતિ ભ્રાજા, પૂજે જિન ભકિત તાજા;
નિજ ચઢત દિવાજા, સૂત્રમર્યાદ ભાજા;
સમકિત કરી સાજા, ભોગવે સુખ માજા. ૩
સુરવધૂ મલી રંગે, ગાય ગુણ બહુ ઉમંગે;
જિન લઇ ઉચ્છરંગે, ગોદે થાપે ઉમંગે;
જિનપતિને સંગે, ભકિતરંગ પ્રસંગે;
સંઘ ભકિત તરંગે, પામે લચ્છી અભંગે. ૪

## શ્રી મલ્લિજિન જન્મ કલ્યાણક સ્તવન.

મારો પીયુડો પર ઘર જાય, સખી શું કહીએ રે;
કિમ એકલડાં રહેવાય, વિયોગે મરીએ રે–એ દેશી.

મિથિલા તે નયરી દીપતી રે, કુંભ નૃપતિ કુલહંસ;
મલ્લિ જિણંદ સોહામણો રે, સયલદેવ અવતંસ. ૧
સખી સુણ કહિયે રે, મ્હારો જિનજી મોહનવેલી;
હિયડે વહિયે રે–એ આંકણી.
છપ્પન દિશી કુમરી મલી રે, કરતી જન્મનાં કાજ;
હેજાલી હરખે કરી રે,
હુલરાવે જિનરાજ. સખી૦ મ્હારો૦ ૨
વીણા વજાવે વાલહી રે, લળી લળી જિનગુણ ગાય;
ચિરંજીવો એ બાલુડો રે,
જિમ કંચનગિરિ રાય. સખી૦ મ્હારો૦ ૩
કેઈ કરમાં વીંજણ ગ્રહી રે, વીંજે હરખે વાય;
ચતુરા ચામર ઢાલતી રે,
સુરવધૂ મન મલકાય. સખી૦ મ્હારો૦ ૪
નાચે નાચે પ્રેમથી રે, રાચે માચે ચિત્ત:
જાચે સમકિત શુદ્ધતા રે,
ભવજલ તરણ નિમિત્ત. સખી૦ મ્હારો૦ ૫

ઉર શિર સ્કંધ ઉપર ધરે રે, સુરવધૂ હોડાહોડી;
જગત તિલક ભાલે ધરી રે,
કરતી મોડા મોડી. સખી૦ મ્હારો૦ ૬
તવ સુરપતિ સુરગિરિ શિરે રે, નમન કરે કર જોડી;
તીર્થોદક કુંભા ભરી રે,
સાઠ લાખ એક કોડી. સખી૦ મ્હારો૦ ૭
જિન જનની પાસે ઠવી રે, વરશી રયણુની રાશિ;
સુરપતિ નંદીશ્વર ગયા રે,
ધરતાં મન ઉલ્લાસ. સખી૦ મ્હારો૦ ૮
સુરપતિ નરપતિએ કર્યો રે, જન્મ ઉચ્છવ અતિ ચંગ;
મલ્લિ જિણંદ પદપદ્મશું રે,
રૂપવિજય ધરે રંગ. સખી૦ મ્હારો૦ ૯

## તૃતીય ચૈત્યવંદન.

પુરૂષોત્તમ પરમાતમા, પરમ જ્યોતિ પરધાન;
પરમાનંદ સ્વરૂપ રૂપ, જગતમાં નહિ ઉપમાન. ૧
મરકત રત્ન સમાન વાન, તનુ કાંતિ બિરાજે;
મુખ સોહા શ્રીકાર દેખી, [1]વિધુમંડલ લાજે. ૨
ઈંદિવરદલ નયન સયલ, જન આણંદકારી;
કુંભરાય કુલ ભાલ ભાલ, દીધિત મનોહારી. ૩

૧. ચંદ્ર મંડલ. ૨. કમલના પત્ર જેવી નયન.

સુરવધૂ નરવધૂ મલી મલી, જિનગુણ ગણ ગાતી;
ભક્તિ કરે ગુણવંતની, મિથ્યા અઘ ઘાતી. ૪
મલ્લિ જિણંદ પદ પદ્મની એ, નિત્ય સેવા કરે જેહ;
રૂપ વિજય પદ સંપદા, નિશ્ચય પામે તેહ. ૫

ઈતિ દ્વિતીય દેવવંદન જોડો. ૨

## દેવવંદનનો તૃતીય જોડો.

**વિધિ**—હવે પછીના બધા જોડામાં પ્રથમ જોડાની પેઠે સર્વે વિધિ કરવી.

### પ્રથમ ચૈત્યવંદન.

અદ્ભુત રૂપ સુગંધિ શ્વાસ, નહિ રોગ વિકાર;
મેલ નહી જસ દેહ રેખ, પ્રસ્વેદ લગાર. ૧
સાગર વર ગંભીર ધીર, સુરગિરિ સમ જેહ;
ઔષધિપતિ સમ સૌમ્ય કાંતિ, વર ગુણગણ ગેહ. ૨
સહસ અષ્ટોત્તર લક્ષણે એ, લક્ષિત જિનવર દેહ;
તસ પદ પદ્મ નમ્યા થકી, ન રહે પાપની રેહ. ૩

### દ્વિતીય ચૈત્યવંદન.

મલ્લિનાથ શિવ સાથ, આઠ વર અક્ષયદાયી;
છાજે ત્રિભુવન માંહિ, અધિક પ્રભુની ઠકુરાઈ. ૧

અનુત્તર સુરથી અનંત ગુણ, તનુ શોભા છાજે;
આહાર નિહાર અદૃશ જાસ, વર અતિશય રાજે. ૨
મૃગશિર શુદી એકાદશી એ, લીયે દીક્ષા જિનરાજ;
તસ પદ પદ્મ નમ્યા થકી, સીઝે સઘલાં કાજ. ૩

થોયોનો પ્રથમ જોડો.

નમો મલ્લિ જિણંદા, જિમ લહો સુખ વૃંદા;
દલી દુરગતિ દંદા, ફેરી સંસાર ફંદા;
પદ યુગ અરવિંદા, સેવિયે થઈ અમંદા;
જિમ શિવ સુખ કંદા, વિસ્તરે છંડી દંદા. ૧
જિનવર જયકારી, વિશ્વ ભવ્યોપકારી;
કરે જબ વ્રત ત્યારી, જ્ઞાન ત્રીજે નિહારી;
તવ સુર અધિકારી, વિનવે ભક્તિ ધારી;
વરો સંયમનારી, પરિગ્રહારંભ છારી. ૨
મણપજજવ નાણી, હુઆ ચારિત્ર ખાણી;
સુર નર ઇંદ્રાણી, વંદે બહુ ભાવ આણી;
તે જિનની વાણી, સૂત્રમાંહિ લખાણી;
આદરે જેહ પ્રાણી, તે વરે સિદ્ધિ રાણી. ૩
પારણું જસ ગેહે, નાથ કરે જઈ સ્વદેહે;
ભરે કંચન મેહે, ઓક[૧] તસ દેવ નેહે;

૧ ઘર.

સંઘ દુરિત હરેહિ, દેવ દેવી વરેહિ;
કુબેર સુરેહિ, રૂપ વિજય પ્રદેહિ. ૪

### દ્વિતીય થોય જોડો.

મલ્લિ જિન નામે, સંપદા કોડી પામે;
દુરગતિ દુઃખ વામે, સ્વર્ગના સુખ જામે;
સંયમ અભિરામે, જે યથાખ્યાત નામે;
કરી કર્મ વિરામે, જઇ વસે સિદ્ધિ ધામે. ૧
પંચ ભરહ મઝાર, પંચ એરવત સાર;
ત્રિહું કાલ વિચાર, નેવું જિનનાં ઉદાર;
કલ્યાણક વાર, જાપ જપિયે શ્રીકાર;
જિમ કરી ભવ પાર, જઈ વરો સિદ્ધિ નાર. ૨
જિનવરની વાણી, સૂત્રમાંહે ગુંથાણી;
ષટ દ્રવ્ય વખાણી, ચાર અનુયોગ ખાણી;
સગ ભંગી પ્રમાણી, સપ્ત નયથી ઠરાણી;
સાંભળે દિલ આણી, તે વરે સિદ્ધિ રાણી. ૩
વૈરૂટયા દેવી, મલ્લિ જિન પાય સેવી;
પ્રભુ ગુણ સમરેવી, ભક્તિ હિયડે ધરેવી;
સંઘ દુરિત હરેવી, પાપ સંતાપ ખેવી;
રૂપવિજય કહેવી, લચ્છી લીલા વરેવી. ૪

## શ્રી મલ્લિજિન દીક્ષા કલ્યાણક સ્તવન

(સખી આવી દેવ દિવાલી રે—એ દેશી.)

પંચમ સુરલોકના વાસી રે,
નવ લોકાંતિક સુવિલાસી રે;
કરે વિનતિ ગુણની રાશિ. ૧
મલ્લિજિન નાથજી વ્રત લીજે રે,
ભવિ જીવને શિવસુખ દીજે. મલ્લિ૦—એ આંકણી.
તુમે કરૂણારસ ભંડાર રે,
પામ્યા છો ભવજલ પાર રે;
સેવકનો કરો ઉદ્ધાર. મલ્લિ૦ ભવિ૦ ૨
પ્રભુ દાન સંવત્સરી આપે રે,
જગનાં દારિદ્ર દુઃખ કાપે રે;
ભવ્યત્વ પણે તસ છાપે. (થાપે) મલ્લિ૦ ભવિ૦ ૩
સુરપતિ સઘલા મલી આવે રે,
મણિ રયણ સોવન વરસાવે રે;
પ્રભુ ચરણે શીશ નમાવે. મલ્લિ૦ ભવિ૦ ૪
તીર્થોદક કુંભા લાવે રે,
પ્રભુને સિંહાસન ઠાવે રે;
સુરપતિ ભકતે નવરાવે. મલ્લિ૦ ભવિ૦ ૫

વસ્ત્રાભરણે શણગારે રે,
ફૂલ માલા હૃદય પર ધારે રે;
દુખડાં ઇંદ્રાણી ઉવારે. મલ્લિ૦ ભવિ૦ ૬
મલ્યા સુર નર કોડાકોડી રે,
પ્રભુ આગે રહ્યા કર જોડી રે;
કરે ભકિત યુકિત મદ મોડી. મલ્લિ૦ ભવિ૦ ૭
મૃગશિર શુદીની અજુઆલી રે,
એકાદશી ગુણની આલી રે;
વર્યા સંયમ વધુ લટકાલી. મલ્લિ૦ ભવિ૦ ૮
દીક્ષા કલ્યાણક એહ રે,
ગાતાં દુઃખ ન રેહ રે;
લહે રૂપવિજય જસ નેહ. મલ્લિ૦ ભવિ૦ ૯

## તૃતીય ચૈત્યવંદન.

જય જય મલ્લિ જિણંદ દેવ, સેવા સુરપતિ સારે;
મૃગશિર શુદી એકાદશી, સંયમ અવધારે. ૧
અભ્યંતર પરિવારમેં, સંયતિ ત્રણશેં જાસ;
ત્રણશેં ષટ નરસંયમે, સાથે વ્રત લીએ ખાસ. ૨
દેવદુષ્ય ખંધે ધરી એ, વિચરે જિનવર દેવ:
તસ પસ પદ્મની સેવના, રૂપ કહે નિત્ય મેવ. ૩

( ઈતિ તૃતીય જોડો. ૩ )

## દેવવંદનનો ચોથો જોડો.

વિદર્ભદેશ મિથિલાપુરી, કુંભ નૃપતિ કુલ ભાણુ;
પુણ્યવલ્લી મલ્લિ નમો, ભવિયણ સુહ ઝાણુ. ૧
પણુવિશ ધનુષની દેહડી, નીલ વરણુ મનોહાર;
કુંભ લંછન કુંભની પરે, ઉતારે ભવ પાર. ૨
મૃગશિર શુદી એકાદશી એ, પામ્યા પંચમ નાણુ;
તસ પદ પદ્મ વંદન કરી, પામો શાશ્વત ઠાણુ. ૩

## દ્વિતીય ચૈત્યવંદન.

[૧]પહેલું ચોથું પાંચમું, ચારિત્ર ચિત્ત લાવે;
ક્ષપક શ્રેણી જિનજી ચઢી, ઘાતી કર્મ ખપાવે. ૧
દીક્ષા દિન શુભ ભાવથી, ઉપન્યું કેવલનાણુ;
સમવસરણુ સુરવર રચે, ચઉ વિહ સંઘ મંડાણુ. ૨
વરસ પંચાવન સહસનું એ, જિનવર ઉત્તમ આય;
તસ પદ પદ્મ નમ્યા થકી, ચિદ્રૂપ ચિત્ત ઠાય. ૩

## પ્રથમ સ્તુતિ.

નમો મલ્લિ જિણુંદા, જાસ નમે દેવ વૃંદા;
તિમ ચોસઠ ઇંદા, સેવે પાદારવિંદા;
દુરગતિ દુઃખ દંદા, નામથી સુખકંદા;
પ્રભુ સુજસ સુરિંદા, ગાય ભકતે નરિંદા. ૧

૧. સર્વ વિરતિ સામાયિક, ૪ સૂક્ષ્મ સંપરાય, ૫ યથાખ્યાત.

ભવંતિ જિનરાયા, શુક્લ ધ્યાને સુહાયા;
સોહં પદ પાયા, ત્યક્ત મદ મોહ માયા;
સુર નર ગુણ ગાયા, કેવલશ્રી સુહાયા;
તે સવિ જિનરાયા, આપજો મોક્ષ માયા. ૨

કેવલ વર નાણે, વિશ્વના ભાવ જાણે;
બાર પરષદ ઠાણે, ધર્મ જિનજી વખાણે;
ગણધર તિણે ટાણે, ત્રિપદીએ અર્થ માણે;
જે રહે સુહ ઝાણે, તે રમે આત્મ નાણે. ૩

વૈરૂટ્યા દેવી, ભક્તિ હિયડે ધરેવી;
જિન સેવા કરેવી, વિઘ્નનાં વૃંદ ખેવી;
સંઘ દુરિત હરેવી, લચ્છી લીલા વરેવી;
રૂપવિજય કહેવી, આપજો માજ દેવી. ૪

## દ્વિતીય સ્તુતિ.

મલ્લિ જિનરાજા, સેવીયે પુણ્યભાજા;
જિમ ચઢત દિવાજા, પામીએ સુખ તાજા;
કોઈ લોપે ન માજા, નિત્ય નવા (વ) સુખ સાજા;
કોઈ ન કરે જા જા, પુણ્યની એહ [1]માજા. ૧

૧ મર્યાદા.

મલ્લિ નમી નામે, કેવલજ્ઞાન પામે;
દસ ક્ષેત્ર સુઠામે, તિમજ ભિન્ન ભિન્ન નામે;
ત્રણ કાલ [1]નિમામે, ઘાતિયાં કર્મ વામે;[2]
તે જિન પરિણામે, જઈ વસે સિદ્ધિ ધામે. ૨
જિનવરની વાણી, ચાર અનુયોગ ખાણી;
નવ તત્વ વખાણી, દ્રવ્ય ષટમાં પ્રમાણી;
ગણધરે ગુંથાણી, સાંભલે જેહ પ્રાણી;
કરી કર્મની હાણી, જઈ વરે સિદ્ધિ રાણી. ૩
સુર કુબેર આવે, શીશ જિનને નમાવે;
મિથ્યાત્વ ખપાવે, શુદ્ધ સમ્યક્ત્વ પાવે;
પુણ્ય થોક જમાવે, સંઘ ભક્તિ પ્રભાવે;
પદ્મવિજય સુહાવે, શિષ્ય તસ રૂપ ગાવે. ૪

### શ્રી મલ્લિજિન કેવલજ્ઞાન કલ્યાણક સ્તવન.

( સાંભલ રે તું સજની મોરી, રજની કિહાં રમી આવી જી રે—એ દેશી. )

મલ્લિ જિનેશ્વર અરચિત કેશર,
અલવેસર અવિનાશી જી;
પરમેશ્વર પૂરણ પદ ભોક્તા,
ગુણરાશિ શિવ વાસી, જિનજી ધ્યાવો જી. ૧

૧ નિર્મમત્વ. ૨ ખપાવે.

મલ્લિ જિણંદ મુણિંદ,
ગુણ ગણ ગાવો જી—એ આંકણી.
મૃગશિર શુદી એકાદશી દિવસે, ઉપન્યું કેવલનાણ જી;
લોકાલોક પ્રકાશક ભાસક,
પ્રગટચો અભિનવ ભાણ; જિનજી૦ મલ્લિ૦ ૨
મત્યાદિક ચઉ નાણનું [1]ભાસન,
એહમાં સકલ સમાય જી;
ગ્રહ [2]ઉડુ તારા ચંદ પ્રભા જિમ,
[3]તરણી તેજમાં જાય; જિનજી૦ મલ્લિ૦ ૩
જ્ઞેય ભાવ સવિ જ્ઞાને જાણે, જે સામાન્ય વિશેષ જી;
આપ સ્વભાવે રમણ કરે પ્રભુ,
તજી પુદ્ગલ સંકલેશ; જિનજી૦ મલ્લિ૦ ૪
ચાલીશ સહસ મહામુનિ જેહના, રત્નત્રય આધાર જી;
સહસ પંચાવન સાહુણી જાણો,
ગુણમણિ રયણ ભંડાર; જિનજી૦ મલ્લિ૦ ૫
શત સમ [4]ન્યૂન સહસ પંચાવન,
વરસ કેવલ ગુણ ધરતા જી;
વિચરે વસુધા ઉપર જિનજી,
બહુ ઉપગારને કરતા; જિનજી૦ મલ્લિ૦ ૬

૧ પ્રકાશ. ૨ નક્ષત્ર. ૩ સૂર્ય. ૪ વર્ષ.

કેવલનાણ કલ્યાણક જિનનું,
જે ભવિયણ નિત્ય ગાવે જી;
જિન ઉત્તમ પદ પદ્મ પ્રભાવે,
શુદ્ધ રૂપ તે પાવે; જિનજી૦ મલ્લિ૦ ૭

## તૃતીય ચૈત્યવંદન.

જય નિર્જિત મદ મલ્લ, શલ્યત્રય વર્જિત સ્વામી;
જય નિર્જિત કંદર્પ દર્પ, નિજ આતમ રામી. ૧
દુર્જય ઘાતી કર્મ [1]મર્મ, ભંજન વડવીર;
નિર્મલ ગુણ સંભાર સાર, સાગર વર ગંભીર. ૨
અનંત જ્ઞાન દર્શન ધરૂ એ, મલ્લિ જિણંદ મુણિંદ;
વદન પદ્મ તસ દેખતાં, લહે ચિદ્રૂપ અમંદ. ૩

(ઇતિ ચોથો જોડો. ૪)

## દેવવંદનનો પાંચમો જોડો.

## પ્રથમ ચૈત્યવંદન.

સકલ સુરાસર ઇંદ વૃંદા, ભાવે કર જોડી;
સેવે પદ પંકજ સદા, જઘન્ય થકી એક કોડી. ૧
જાસ ધ્યાન એક તાન, કરે જે સુર નર ભાવે;
સંકટ કષ્ટ દૂરે ટલે, શુચિ સંપદ પાવે. ૨
સર્વ સમિહિત[2] પૂરવા એ, સુરતરૂ સમ સોહાય;
તસ પદ પદ્મ પૂજ્યા થકી, નિશ્ચય શિવ સુખ થાય. ૩

૧ ઘાતી કર્મનો મર્મ એટલે મોહનીય કર્મ. ૨ મનોવાંછિત.

## દ્વિતીય ચૈત્યવંદન.

નમો નમો શ્રીનમિ જિનવરૂ, જગનાથ નગીનો;
પદ યુગ પ્રેમે જેહના, પૂજે પતિ શચિનો.[1] ૧
સિંહાસન આસન કરી, જગ ભાસન જિનરાજ;
મધુર ધ્વનિ દીયે દેશના, ભવિ જનને હિત કાજ. ૨
ગુણ પાંત્રીસ અલંકરી એ, પ્રભુ મુખપદ્મની વાણી;
તે નમિ જિનની સાંભલી, શુદ્ધ રૂપ લહે પ્રાણી. ૩

## પ્રથમ સ્તુતિ.

શ્રી નમિજિન નમિયે, પાપ સંતાપ ગમીયે,
નિજ તત્ત્વમાં રમીયે, સર્વ અજ્ઞાન વમીએ;
સવિ વિઘ્નને દમીયે, વર્તીએ પંચ સમિયે;
નવિ ભવવન ભમીયે, નાથ આણા ન ક્રમીયે. ૧
દશે ખેત્રના ઈશ, તીર્થપતિ જેહ ત્રીશ;
ત્રિહું કાલ ગણીશ, નેવું જિનવર નમીશ;
અર્હંતે પદ ત્રીશ, સાઠ દીક્ષા જપીશ;
કેવલી જગદીશ, સાઠ સંખ્યા ગણીશ. ૨
સગ નય સુત વાણી, દ્રવ્ય છક્કે ગવાણી;
સમ ભંગી ઠરાણી, [2]નંદ તત્ત્વે વખાણી;

૧ ઈંદ્રાણી. ૨ નવ.

જે સુણે ભવિ પ્રાણી, શુદ્ધ શ્રદ્ધાન આણી;
તે વરે શિવરાણી, શાશ્વતાનંદ ખાણી. ૩
દેવી ગંધારી, શુદ્ધ સમ્યકત્વ ધારી;
પ્રભુ સેવા કારી, સંઘ ચઉવિહ સંભારી;
કરે સેવના સારી, વિઘ્ન દૂરે વિદારી;
રૂપવિજયને પ્યારી, નિત્ય દેવી ગંધારી. ૪

## દ્વિતીય સ્તુતિ.

નામ જિન જયકારી, સેવિયે ભકિત ધારી;
મિથ્યાત્વ નિવારી, ધારીએ આણુ સારી;
પરભાવ વિસારી, સેવિયે સુખકારી;
જિમ લહો શિવનારી, કર્મમલ દૂરે ડારી. ૧
વર કેવલનાણી, વિશ્વના ભાવ જાણી;
શુચિ ગુણ ગણ ખાણી, શુદ્ધ સત્તા પ્રમાણી;
ત્રિભુવનમાં ગવાણી, કીર્તિ કાંતા વખાણી;
તે જિન ભવિ પ્રાણી, વંદીયે ભાવ આણી. ૨
આગમની વાણી, સાત નયથી વખાણી,
નવ તત્ત્વ ઠરાણી, દ્રવ્ય ષટ્માં પ્રમાણી;
સગ ભંગ ભરાણી, ચાર અનુયોગે જાણી;
ધન્ય તાસ કમાણી, જે ભણે ભાવ આણી. ૩

એકાદશી સારી, મૃગશીર્ષે વિચારી;
કરે જે નર નારી, શુદ્ધ સમ્યકૃત્વ ધારી;
તસ વિઘ્ન વિદારી, દેવી ગંધારી સારી;
રૂપવિજયને ભારી, આપજો લચ્છી પ્યારી. ૪

## શ્રી નમિનાથ જિન સ્તવન.

[ થારા મહોલા ઉપર મેહ ઝબૂકે વીજલી, મારા લાલ—એ દેશી ]

પરમ રૂપ નિરંજન, જન મન રંજણો; લલના૦
ભક્તિવત્સલ ભગવંત, તું ભવ ભય ભંજણો; લલના૦
જગત જંતુ હિતકારક, તારક જગધણી; લલના૦
તુજ પદપંકજ સેવ, હેવ[1] મુજને ઘણી. લલના૦૧
આવ્યો રાજ હજુર, પૂરવ ભક્તિ ભરે; લલના૦
આપો સેવના આપ, પાપ જિમ સવિ ટલે; લલના૦
તુમ સરિખા મહારાજ, મહેર જો નહિ કરે; લલના૦
તો અમ સરિખા જીવનાં, કારજ કિમ સરે. લલના૦૨
જગતારક જિનરાજ, બિરૂદ છે તુમ તણો; લલના૦
આપો સમકિત દાન, પરાયા મત ગણો; લલના૦
સમરથ જાણી દેવ, સેવના મેં કરી; લલના૦
તુંહિ જ છે સમરથ, તરણ તારણ તરી.[2] લલના૦૩

---

૧ ટેવ. ૨ વહાણ.

મૃગશિર શિત[1] એકાદશી, ધ્યાન શુકલ ધરી; લલના૦
ઘાતી કરમ કરી અંત કે, કેવલ શ્રી વરી; લલના૦
જગનિસ્તારણ કારણ, તીરથ થાપીયો; લલના૦
આતમ સત્તા ધર્મ, ભવ્યને આપીઓ. લલના૦ ૪
અમ વેલા કિમ આજ, વિલંબ કરી રહ્યા; લલના૦
જાણો છો મહારાજ, સેવકે ચરણાં ગ્રહ્યાં; લલના૦
મન માન્યા વિના માહરૂં, નવિ છોડું કદા; લલના૦
સાચો સેવક તેહ જે, સેવ કરે સદા. લલના૦ ૫
વપ્રા માત સુજાત, કહાવો શ્યું ઘણું; લલના૦
આપો ચિદાનંદ દાન, જનમ સફલો ગણું; લલના૦
જિન ઉત્તમ પદ પદ્મ, વિજય પદ દીજીએ; લલના૦
રૂપવિજય કહે સાહિબ, મુજરો લીજીએ. લલના૦ ૬

## તૃતીય ચૈત્યવંદન.

સકલ મંગલ કેલિ કમલા, મંદિરં ગુણસુંદરં;
વર કનક વર્ણ સુપર્વ પતિ જસ, ચરણ સેવે મનહરં;
અમરાવતી સમ નયરી મિથિલા, રાજ્ય ભાર ધુરાધરં;
પ્રણમામિ શ્રી નમિનાથ જિનવર,
ચરણ પંકજ સુખકરં. ૧

૧ શુકલ. સુદી

ગજ વાજિ સ્યંદન[1] દેશ પુર ધન,
ત્યાગ કરી ત્રિભુવન ધણી;
ત્રણશે અઠયાશી કોડિ ઉપર, દીએ લખ એંશી ગણી;
દીનાર જનની જનક (નામાં) અંકિત;
દીયે ઇચ્છિત જિનવરં. પ્રણ૦ ૨
સહસ્રામ્ર વનમાં સહસ નર યુત,
સૌમ્ય[2] ભાવ સમાચરે;
નરક્ષેત્ર સંજ્ઞી ભાવ વેદી, જ્ઞાન મનઃપર્યવ વરે;
અપ્રમત્ત ભાવે ઘાતી ચઉ ખય,
લહે કેવલ દિનકરં[3] પ્રણ૦ ૩
તવ સકલ સુરપતિ નતિ[4] કરી,
તીર્થપતિ ગુણ ઉચ્ચરે;
જય જગત જંતુ જાત કરૂણાવંત તું ત્રિભુવન શિરે;
જય અકલ અચલ અનંત અનુપમ,
ભવ્ય જન મન ભયહરં. પ્રણ૦ ૪
સપ્તદશ જસ ગણધરા મુનિ, સહસ વિંશતિ ગુણનીલા;
સહસ એકતાલીશ સાહુણી, સોલસે કેવલી ભલા;
જિનરાજ ઉત્તમ પદ્મની પરે,
રૂપવિજય સુહા(હં)કરં. પ્રણ૦ ૫

પંડિત રૂપવિજયજીકૃત મૌનએકાદશી દેવવંદન સંપૂર્ણ. 卐

૧. રથ. ૨. ચારિત્ર. ૩. સૂર્ય. ૪. નમસ્કાર

# ચૈત્રી પુનમના દેવવંદનના રચનાર
# પં૦ દાનવિજયજી.

આ મુનિરાજ વિજયરાજસૂરિજીના કાળમ થયા છે. વિજય-રાજસૂરિજી સં૦૧૭૦૩માં સીરોહીમાં આચાર્ય પદ પામ્યા છે. અને સં૦ ૧૭૪૨ ના અશાડ વદી ૧૩ ખંભાતમાં કાળ ધર્મ પામ્યા છે. તેથી દાનવિજયજી તે દરમિઆનમાં થએલા સંભવે છે. તેઓશ્રીએ બનાવેલા અષ્ટાપદ સ્તવનના અંત ભાગમાં જણાવ્યું છે કે સંવત ૧૭૫૬ માં બારેજામાં ચોમાસું રહીને આ સ્તવન બનાવ્યું છે. એજ સ્તવનમાં પોતે વિજયરાજસૂરિના ચરણની સેવા કરનાર છે એમ જણાવ્યું છે.

વળી સંવત ૧૭૭૨ માં તેમણે બનાવેલ સપ્તભંગી ગર્ભિત વીરસ્તવનમાં જણાવ્યું છે કે વિજયરાજસૂરીશ્વરના રાજ્યમાં ગુરૂ શ્રી તેજવિજયના ચરણ કમલની સેવા કરી દાનવિજય હર્ષિત થાય છે. આ ઉપરથી તેઓના ગુરૂ શ્રી તેજવિજય છે. તેમજ તેમની કૃતિઓ સં૦ ૧૭૩૦થી સં૦૧૭૭૬ સુધીની સંભવે છે, તેમની વિશેષ હકીકત મળતી નથી.

---

## ચૈત્રી પુનમની કથા.

तीर्थराजं नमस्कृत्य, श्रीसिद्धाचलसंज्ञकम् ।
चैत्रशुक्लपूर्णिमायाः, व्याख्यानं क्रियते मया । १ ॥

અર્થ:—શ્રીસિદ્ધાચલ નામના તીર્થરાજને નમસ્કાર કરીને ચૈત્ર શુકલ (સુદી) પૂર્ણિમા-પૂનમનું વ્યાખ્યાન હું કરૂં છું.

સર્વ પૂનમની અંદર ચૈત્રી પૂનમ ઘણાં પુન્યને વધાર-નાર છે. કારણકે શ્રી સિદ્ધાચલ તીર્થને વિષે અનેક વિદ્યાધરો

તથા ચક્રવર્તી આદિ મહાપુરૂષો આ તિથિએ સિદ્ધિ પામ્યા છે. પ્રથમ તીર્થપતિ શ્રીઋષભદેવના નમિ–વિનમિ નામના બે પુત્રો મોક્ષે ગયા છે.

આ કારણથી આ ચૈત્રી પૂનમનો દિવસ સર્વથી મોટો કહ્યો છે. આથી આ દિવસને ઉત્તમ પર્વ સમાન જાણીને તેનું આરાધન કરવું.

પ્રથમ **નમિ વિનામનો** સંબંધ આ પ્રમાણેઃ–

નમિ વિનમિ શ્રીઋષભદેવના પુત્રો હતા. ઋષભદેવ ભગવાને જ્યારે દીક્ષા લીધી ત્યારે મોટા પુત્ર ભરતને અયોધ્યાનું રાજ્ય, નાના પુત્ર બાહુબલિને તક્ષશિલાનું રાજ્ય ને બીજા પુત્રોને પણ યથાયોગ્ય રાજ્ય વહેંચી આપ્યું. આ વખતે નમિ વિનમિ કોઈ કામ પ્રસંગે બહાર દૂર દેશાંતર ગયા હતા. તેથી તેમને રાજ્યનો ભાગ આપવાનો રહી ગયો. તેઓ જ્યારે પરદેશથી પાછા આવ્યા ત્યારે ભગવાનને નહિ જોવાથી ભરતને પૂછયું કે, “ આપણા પિતા ક્યાં ગયા છે ? ” જવાબમાં ભરતે જણાવ્યું કે, “ પિતાએ તો દીક્ષા લીધી છે માટે તમે જો મારી સેવા કરો તો હું મારા ભાગમાંથી કોઈક દેશનું રાજ્ય આપીશ. ”

પરંતુ તેમને ભરતની વાત પસંદ નહિ આવવાથી રાજ્યનો ભાગ મેળવવા પ્રભુ પાસે ગયા. છદ્મસ્થપણે વિચરતા ભગવાન તો કાંઈ પણ જવાબ આપતા નથી, તો પણ તેઓ ભગવાનની પાછળ પાછળ ભમવા લાગ્યા અને જ્યાં જ્યાં ભગવાન કાઉસગ્ગ ધ્યાને ઉભા રહે, ત્યાં ત્યાં પ્રભુની ચારે બાજુએથી કાંટા કાંકરા વગેરે દૂર કરે, પાણી છાંટી ભૂમિ

શુદ્ધ કરે, ડાંસ, મચ્છર વગેરે ઉડાડે. તથા સવાર સાંજ પ્રભુને વાંદીને "રાજ્ય આપો." એમ વિનતિ કરે.

એક વખત ધરણેંદ્ર પ્રભુને વાંદવા આવ્યા. પ્રભુની સેવા ભક્તિ કરતા નમિ વિનમિને જોઇને તેમના ઉપર પ્રસન્ન થએલા ધરણેન્દ્રે તેમને અડતાલીશ હજાર સિદ્ધવિદ્યાઓ આપી અને વૈતાઢય પર્વત ઉપર ઉત્તર દક્ષિણ શ્રેણિમાં નગરો વસાવ્યાં. તેમાં વિદ્યાના બલે વિદ્યાધરોને વસાવ્યાં. ત્યાં બંને ભાઇઓ રાજ્ય કરવા લાગ્યા. કેટલોક કાળ સુખે રાજ્ય કરીને પોત પોતાના પુત્રને રાજ્યગાદી સોંપીને તેમણે દીક્ષા લીધી. સિદ્ધાચલ તીર્થે આવીને પ્રભુ ઋષભદેવને વાંદીને તેજ તીર્થ ઉપર બે કોડી સાધુઓ સાથે મોક્ષે ગયા.

પ્રથમ તીર્થંકર શ્રી ઋષભદેવના પહેલા ગણધર શ્રી પુંડરિકજી ચૈત્રી પુનમના દિવસે એ પર્વત ઉપર મોક્ષે ગયા તેથી આ તીર્થનું નામ પુંડરિકગિરિ પણ કહેવાય છે. તે પુંડરિક ગણધરની કથા આ પ્રમાણે:—

ઋષભદેવ પ્રભુ છદ્મસ્થપણે વિહાર કરતાં અયોધ્યા નગરીની બહાર પુરિમતાલ ઉદ્યાનમાં આવ્યા. ત્યાં તેમને કેવલજ્ઞાન ઉપન્યું. દેવોએ સમોસરણની રચના કરી. સેવકે ભરતરાજાને પ્રભુને કેવલજ્ઞાન ઉપજ્યાની ખબર આપી. તે વખતે બીજા સેવકે આયુધશાલામાં ચક્રરત્ન ઉત્પન્ન થયાની હકીકત હતી. બંને વધામણીઓ સાથે આવવાથી ભરતરાજા પ્રથમ કોનો મહોત્સવ કરવો તેના વિચારમાં પડયા. તેમણે વિચાર્યું કે ચક્રરત્ન તો કર્મબંધનું કારણ અને આ ભવમાં જ લાભદાયી છે. પરંતુ તીર્થંકરના કેવલજ્ઞાનનો ઉત્સવ તો

આ લોક અને પરલોકમાં લાભદાયી છે. આવું વિચારી પ્રભુને વાંદવા જવાની તૈયારી કરી.

પછી પુત્રના વિયોગથી જેમનાં આંખે પડલ વળ્યાં છે તથા પોતાના પુત્રની બીલકુલ કાળજી રાખતો નથી એમ કહીને વારંવાર ઠપકો આપતા મરૂદેવા માતાને, "ચાલો તમારા પુત્રની ઋદ્ધિ દેખાડું" એમ કહી હાથી ઉપર બેસાડીને ભરત રાજા ચતુરંગી સેના લઇને પ્રભુને વાંદવા ગયા. દેવદુંદુભીનો નાદ સાંભળી મરૂદેવાએ ભરતરાજાને પૂછયું કે "આ શું વાગે છે. ?" તે વખતે ભરતરાજાએ કહ્યું કે તમારા પુત્રને કેવલજ્ઞાન થયું છે તેથી દેવદુદંભીનો આ ધ્વનિ સંભળાય છે. તમો તમારા પુત્રની ઋદ્ધિ જુઓ. માતાને હર્ષનાં આંસુ આવ્યાં, તેથી પડલ ઉતરી જતાં પુત્રની ઋદ્ધિ જોઇ. તે વખતે હું પુત્રની પાછળ આંધળી થઈ અને આટલી ઋદ્ધિવાળા પુત્રે તો મારી ખબર પણ પૂછી નહિ એવી અન્યત્વ ભાવના ભાવતાં શુકલ ધ્યાનથી કેવલજ્ઞાન પામી અંતકૃત કેવલી થઈ મોક્ષે ગયા. ભરત મહારાજાએ માતાના શરીરને ક્ષીર સમુદ્રમાં પધરાવ્યું.

પછી ભરત મહારાજા સમોસરણમાં આવ્યા. પ્રભુને ત્રણ પ્રદક્ષિણા દઇ વિધિ પૂર્વક વાંદીને યોગ્ય સ્થાને બેઠા. ભગવાને વૈરાગ્યમય ધર્મોપદેશ આપ્યો. તે સાંભળીને ભરત રાજાએ શ્રાવક ધર્મ સ્વીકાર્યો. તે વખતે ભરત રાજાના પુત્ર ઋષભસેન જેમનું બીજું નામ પુંડરિક હતું તેમણે ઘણા પરિવાર સાથે પ્રભુ આગળ ચારિત્ર લીધું. પ્રભુએ ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. તે વખતે પ્રભુએ ૮૪ ગણધરો સ્થાપ્યા. તેમાં પુંડરિકજીને પ્રથમ ગણધર સ્થાપ્યા.

શુદ્ધ ચારિત્રનું પાલન કરતા શ્રી પુંડરિક ગણધર પ્રભુની સાથે વિચરે છે. કેટલાક સમય પછી ભગવાન પરિવાર સાથે શ્રીસિદ્ધાચલ તીર્થને વિષે રાયણ વૃક્ષ તલે સમોસર્યા. ઈન્દ્રાદિક વંદન કરવા આવ્યા. તે વખતે પ્રભુએ તેમની તથા પુંડરિકાદિ મુનિરાજોની આગળ શ્રી શત્રુંજય તીર્થનો મહિમા કહ્યો. તેમ જ આ તીર્થ ઉપર પુંડરિક ગણધરને મોક્ષ મળશે એમ જણાવીને કહ્યું કે "હે ભવ્ય જીવો! આ તીર્થ અનાદિ કાળનું શાશ્વતું છે. અહીં અનેક તીર્થંકરોને અનંતા મુનીશ્વરો ઘાતી કર્મોનો ક્ષય કરી સિદ્ધિ પામ્યા છે. તેમજ પામશે. અભવ્ય જીવો તો પ્રાયે આ તીર્થને નજરે પણ જોતાં નથી. વળી આ અવસર્પિણીમાં એ તીર્થ પુંડરિકગિરિ નામથી વિશેષ પ્રસિદ્ધિ પામશે. આ પ્રમાણે તીર્થનો મહિમા કહીને પ્રભુએ અન્યત્ર વિહાર કર્યો.

હવે એક વાર પુંડરિક ગણધર પાંચ કોડી સાધુના પરિવાર સાથે ગામો ગામ વિહાર કરતા સોરઠ દેશમાં આવ્યા. તે વખતે તેમને વાંદવાને રાજાદિક ઘણા લોકો આવ્યા. વાંદીને ઉચિત આસને સૌ બેઠા, તે વખતે ગણધર મહારાજાએ ધર્મદેશના આપી. તે વખતે કોઇક ચિંતાતુર સ્ત્રી પોતાની દુઃખી વિધવા પુત્રીને ત્યાં લઇને આવી. ગણધર મહારાજને નમસ્કાર કરીને "પોતાની પુત્રીએ એવું કયું પાપ કર્મ કર્યું હશે કે જેથી તેણી લગ્ન મંડપમાં જ હાથ મેળાવા વખતે જ વિધવા થઈ?" એમ પૂછયું. તે વખતે ચાર જ્ઞાની શ્રીપુંડરિક ગણધરે કહ્યું કે "દરેક જીવને જેવું કર્મ બાંધ્યું તેવું ભોગવ્યા વિના છુટકો નથી. અશુભ કર્મનું

ફલ પણ અશુભ જ હોય. દરેક જીવ પોતે કરેલાં શુભાશુભ કર્મનાં ફળ પામે છે. બીજા તો નિમિત્ત માત્ર છે. હું એનો પૂર્વ ભવ કહું તે સાંભળ:—

"જંબૂદ્વીપમાં પૂર્વ મહાવિદેહમાં **ચંદ્રકાતા** નગરીનો **સમરથસિંહ** નામનો રાજા હતો. તેને **ધારણી** નામે રાણી હતી. તેજ નગરનાં પરમ શ્રાવક મહાધનવાન **ધનવાહ** નામે શેઠને **ચંદ્રશ્રી** અને **મિત્રશ્રી** નામની બે સ્ત્રીઓ હતી. તે બંને વારા પ્રમાણે પતિ સાથે વિષયસુખ ભોગવતી હતી. પરંતુ એક દિવસે કામવશ થએલી ચંદ્રશ્રી મર્યાદા મૂકીને શોકયનો વારો હતો છતાં શેઠ પાસે ગઇ. શેઠે તેને કહ્યું કે "આજ તારો વારો નથી તે છતાં મર્યાદા મૂકોને કેમ આવી" કામવશ થએલી ચંદ્રશ્રીએ કહ્યું કે "એમાં મર્યાદા શી ?" શેઠે તેને કહ્યું કે "કુલવંતને મર્યાદા છોડવી યોગ્ય નથી." તેથી ગુસ્સે થએલી તે વીલા મોંએ પાછી ફરીને મિત્રશ્રી ઉપર ઘણો દ્વેષ રાખવા લાગી.

કેટલાએક દિવસ પછી પિતાને ઘેર ગએલી ચંદ્રશ્રીએ મંત્ર, તંત્ર, કામણ વગેરે કરીને મિત્રશ્રીના શરીરમાં ડાકણનો પ્રવેશ કરાવ્યો. તેથી શેઠ શોભા રહિત થએલી મિત્રશ્રીનો ત્યાગ કરીને ચંદ્રશ્રીને વશ થયા. પાછળથી શેઠે ખરી હકીકત જાણી તેથી ચંદ્રશ્રીનો ત્યાગ કર્યો. આ ચંદ્રશ્રી શ્રાવક ધર્મ પાલવા લાગી. કરેલા પાપને આલોવ્યા સિવાય મરણ પામીને તારી પુત્રી રૂપે ઉત્પન્ન થઇ છે. એણે પૂર્વ ભવમાં મિત્રશ્રીને પતિનો વિયોગ પાડયો તેથી તે વિષકન્યા થઈ છે. એને એવું કર્મ ઉદય આવ્યું છે કે ભરતાર એનું મુખ પણ ન જુવે. કર્મની ગતિ વિચિત્ર છે. તેણે પોતે પૂર્વ

ભવમાં કરેલાં પાપ જ તે ભોગવે છે. તેથી તે દુઃખી થઇ છે. ”

ઉપર પ્રમાણેનાં પુંડરિક ગણધરનાં વચનો સાંભળીને તે કન્યાની માતાએ કહ્યું કે “ ભરતારના વિરહથી પીડાએલી એ આજે વૃક્ષની ડાળને વિષે ફાંસો ખાઇને મરતી હતી. તેને ફાંસામાંથી બચાવીને હું આપની પાસે લાવી છું. માટે આપ એને સર્વ દુઃખથી મૂકાવનારી દીક્ષા આપો. ”

તે વખતે ગણધર મહારાજે કહ્યું કે “ આ તારી પુત્રી દીક્ષા લેવાને અયોગ્ય છે. ” ત્યારે માતાએ કહ્યું કે “ હે કૃપાળુ મહારાજ ! એને માટે જે યોગ્ય ધર્મ હોય તે બતાવો. ” તે વખતે ગુરૂએ કહ્યું કે “ એને ચૈત્રી પુનમની આરાધના કરાવો તો તેના અશુભ કર્મોનો નાશ થાય.” તે વખતે કન્યાએ કહ્યું કે “ મહારાજ ! તમો મને એની આરાધનાનો વિધિ બતાવો. ”

તે વખતે ગણધર મહારાજે કહ્યું કે “ ચૈત્ર સુદ પુનમના દિવસે શુભ ભાવથી ઉપવાસ કરવો. ભગવંતના દેરાસરે જઈને તેમની પૂજા કરવી, સ્નાત્ર મહોત્સવ કરવો. સર્વ દેરાસરે વંદન કરવું. ગુરૂની પાસે ચૈત્રી પુનમનું વ્યાખ્યાન સાંભળવું. દીન હીન જનોને દાન આપવું. શીયલ પાલવું, જીવની રક્ષા કરવી, મોતીથી અથવા ચાવલથી પાટ ઉપર વિમલગિરિની સ્થાપના કરવી. ગુરૂની પાસે પાંચે શક્રસ્તવે દેવ વાંદવા. દશ, વીશ, ત્રીસ, ચાલીશ ને પચાસ લોગસ્સના કાઉસગ્ગ કરવા. સ્તવન કહેવાં. બે ટંક પડિક્કમણાં કરવાં વગેરે દિવસ રાત્રીનાં કર્તવ્ય કરવાં. પારણાને દિવસે મુનિ મહારા-

જને વહોરાવીને પારણું કરવું. આ પ્રમાણે પંદર વર્ષ સુધી તપસ્યા કરવી. તપસ્યા પૂરી થાય ત્યારે શક્તિ પ્રમાણે ઉજમણું કરવું આ તપથી જે દરિદ્રી હોય તે ધનવાન થાય, પુત્ર, કલત્ર, સૌભાગ્ય, યશ કીર્તિ વધે. સ્ત્રી ભરતારનો વિયોગ ન થાય. રોગ, શોક, વિધવાપણું, મૃતવત્સાપણું વગેરે દોષોનો નાશ થાય. વળી વિષકન્યાપણું તથા ભૂત, પ્રેત, શાકિની, ડાકિની વગેરેના દોષ નાશ પામે. ભાવથી આ ચૈત્રી પુનમની આરાધના કરનાર સ્વર્ગનાં તથા મોક્ષનાં સુખ પામે છે. ”

શ્રી ગણધર મહારાજની વાણી સાંભળીને હર્ષિત થએલી કન્યાએ કહ્યું કે “ હે મહારાજ ! હું આ તપ કરીશ.” ગુરૂ પાસે તપ અંગીકાર કરી ગુરૂને નમીને તે માત-પિતા સાથે ઘેર ગઈ. પછી ચૈત્રી પુનમ આવી ત્યારે ભાવ પૂર્વક આરાધના કરી. જ્યારે તપ પૂરો થયો ત્યારે ઉજમણું કર્યું. સિદ્ધગિરિની યાત્રા કરી ઋષભદેવનું ધ્યાન કરીને રહી. છેવટે અનશન કરી આયુ પૂર્ણ થયે સૌધર્મ દેવલોકે દેવતા થઇ. ત્યાં દેવ સંબંધી ભોગો ભોગવી આયુ પૂર્ણ થયે મહાવિદેહ ક્ષેત્રમાં **સુકચ્છ** વિજયમાં **વસંતપુર** નગરમાં **નરચંદ્ર** રાજા રાજ્ય કરે છે. તે નગરમાં **તારાચંદ** નામે શેઠની **તારા** નામે ભાર્યાની કૂખને વિષે પુત્રપણે ઉપજશે. તેનું **પૂર્ણચંદ્ર** નામ થશે. બહોંતેર કલાનો જાણકાર થશે. ક્રોડ દ્રવ્યનો સ્વામી થશે. પંદર સ્ત્રીઓને પંદર પુત્ર પામશે. ઘણું સુખ ભોગવશે. છેવટે **જયસમુદ્ર** નામના ગુરૂ પાસે દીક્ષા લઇને ચારિત્ર પાળી મોક્ષે જશે. ”

બીજા પણ ઘણા જીવો ચૈત્રી પુનમનું તપ કરી મોક્ષે ગયા છે. વળી આ તીર્થ ઉપર શ્રીકૃષ્ણના પુત્ર શાંબ ને

પ્રદ્યુમ્ન, દશરથ રાજાના પુત્ર ભરત, શુક મુનિરાજ, શૈલકજી, પંથકજી, રામચંદ્ર, દ્રવિડરાજા, નવ નારદ, પાંચ પાંડવ વગેરે મોક્ષે ગયા છે. ચૈત્રી પુનમનો ઉપવાસ કરી જે પ્રાણી સિદ્ધાચલની યાત્રા કરે તે પ્રાણી નરક તિર્યંચની અશુભ ગતિનો નાશ કરે છે. તે દિવસે મંત્રાક્ષરે પવિત્ર સ્નાત્રજળ ઘરમાં છાંટે તો મરકી વગેરે ઉપદ્રવ ન થાય. સર્વદા છાંટે તે જીવ ઋદ્ધિ વૃદ્ધિ સુખ સંપદા પામે. શુભ ભાવથી આરાધતાં માંગલિકની માલા વધે. મોક્ષનાં સુખ પામે. નંદીશ્વર દ્વીપને વિષે શાશ્વતા ભગવાનને પૂજવાથી જે પુણ્ય થાય તેનાથી અધિક પુણ્ય ચૈત્ર સુદી પુનમે શત્રુંજય તીર્થ ઉપર ભગવાનની પૂજા કરવાથી થાય છે. બીજે ઠેકાણે રહેલો મનુષ્ય આ ચૈત્રી પુનમે શ્રી ઋષભદેવની તથા પુંડરિક ગણધરની પૂજા કરે તો દેવતાની પદવી પામે. વિમલાચલ ઉપર રહીને ભક્તિ કરે તો તેથી ઘણું જ અધિક ફલ પામે. આ દિવસે કરેલું દાન, તપસ્યા, ધ્યાન, સામાયિક તથા જિનપૂજા વગેરે ધર્મકાર્ય પાંચ કોડી ગુણાં ફળને આપે છે. વળી જે જીવ શુદ્ધ વિધિથી ચૈત્રી પૂનમનું આરાધન કરે તે જીવ પોતાના સ્થાનમાં બેઠો થકો ભાવના ભાવે તો પણ તીર્થ યાત્રાનું ફળ પામે. માટે હે ભવ્યો! તમો આવા પ્રભાવશાલી ચૈત્રી પુનમની આરાધના કરી શાશ્વત સુખને મેળવો.

## ચૈત્રી પુનમની કથા સંપૂર્ણ.

### મુનિવર્ય શ્રીદાનવિજયજીકૃત

# ચૈત્રી પૂનમનાં દેવવંદન

વિધિ–પ્રથમ ચૌમુખ પ્રતિમા સ્થાપી સ્નાત્ર ભણાવવું, પછી પ્રભુને દશ તિલક કરવાં, ફૂલના હાર દશ ચઢાવવા, દશ વખત અગરબત્તી ઉખેવવી, દશ વખત ચામર વીંજવા, દશ દીવેટનો દીવો કરવો, પછી દશ વખત ઘંટ વગાડવો, ચોખાના સાથિયા દશ કરવા, સાથિયાની ઉપર દશ બદામો મૂકવી, ચૌમુખજીને ચારે પાસે ચાર શ્રીફલ મૂકવાં, અખિયાણું ગોધૂમ (ઘઉં) શેર ત્રણ મૂકવું, તેની ઉપર એક શ્રીફલ મૂકવું, નૈવેદ્ય મધ્યે સર્વે જાતિનાં પક્વાન્ન દશ દશ મૂકવાં. પછી જે જે જાતિનાં ફળ મલે તે તે સર્વ ફળ ઉત્તમ જાતિનાં લેવાં. પછી દેવ વાંદીએ.

## દેવવંદનનો પ્રથમ જોડો.

વિધિ–પ્રથમ ઈરિયાવહિ પડિક્કમી એક લોગસ્સનો કાઉસગ્ગ કરી, પારી પછી પ્રગટ લોગસ્સ કહીને ચૈત્યવંદન કહીયે, તે આ પ્રમાણે—

### પ્રથમ ચૈત્યવંદન.

નાભિ નરેસર વંશ ચંદ, મરુદેવા માત;
સુર રમણી રમણીય જાસ, ગાયે અવદાત;
કંચન વર્ણ સમાન કાંતિ, [1]કમનીય શરીર;

1. સુંદર.

સુંદર ગુણગણુ પૂર્ણ, ભવ્ય જન તરૂ [1]કીર;
આદીશ્વર પ્રભુ પ્રણુમીયે એ, પ્રણુત સુરાસુર વૃંદ;
મન [2]મોદે મુખ દેખતાં, દાન મિટે દુઃખ દંદ.

પછી નમુત્થુણું૦ કહી અડધા જયવીયરાય૦ કહેવા. પછી બીજું ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે—

## દ્વિતીય ચૈત્યવંદન.

પૂર્ણચંદ્ર ઉપમાન જાસ, [3]વદનાંબુજ દીઠે;
ભવ ભવ સંચિત પાપ તાપ, તે સઘલા નીઠે;
ભવિજન નયન ચકોર (ચક્ર) ચંદ્ર, તવ હરખિત થાય;
અંધકાર અજ્ઞાન તિમ, નિર્વિષયી જાય;
સમતા શીતલતા વધે એ, પૂર્ણ જ્યોતિ પરકાશ;
ઋષભ દેવ જિન સેવતાં, દાન અધિક ઉલ્લાસ.

પછી જંકિંચિ૦ નમુત્થુણું૦ અરિહંત ચેઇયાણું૦ કહી અનુક્રમે થોયો કહેવી. તે આ પ્રમાણે:—

## પ્રથમ થોય જોડો.

સિરિ શત્રુંજય ગિરિ મંડણો,
દુઃખ દોહગ દુરિય વિહંડણો;

૧. પોપટ. ૨. હર્ષ પામે. ૩ મુખ રૂપી કમળ.

ચૈત્રી પૂનમે સિરિ રિસહેસરુ,
પૂજો પુંડરીક ગણિ સુંદરુ. ૧
અતીત અનાગત વર્તમાન,
જિનવર આવી અનંત તાન;
ચૈત્રી પૂનમ દિવસે સમોસર્યા,
તે ધ્યાચી મુક્તિ વધૂ વર્યા. ૨
વિમલાચલ મહિમા ભાખિયો,
જિનવર ગણધર તિહાં દાખીયો;
તે આગમ સમરો ધરિય ભાવ,
દુસ્તર ભવસાગર સાર નાવ. ૩
ચક્કેસરી દેવી સુરવરા,
જિનવર પય સેવે હિતકરા;
વિમલાચલ ગિરિ રખવાલિકા,
વરદાન દેજો ગુણ માલિકા. ૪

પછી નમુત્થુણં૰ અરિહંત ચેઇઆણં૰ વગેરે કહી પૂર્વની માફક ચાર થોયો કહેવી.

### થોય જોડો બીજો.

વિમલાચલ ભૂષણ, ઋષભ જિનેશ્વર દેવ;
તસ આણ લહીને, ઋષભસેન [1]ગણદેવ;

---

૧ ગણધર

તે તીરથ મંડપ (તીરથમાં મુખ્ય), પરણી શિવ વહુ સાર;
ચૈત્રી પૂનમ દિન, આણી હર્ષ અપાર. ૧
વિમલાચલ મહિમા, જિનવર કોડી અનંત;
ઉપદેશે પંડિત, પરિષદ માંહિ અનંત;
તે જિનવર દેજો, મંગલ માલા ઋદ્ધિ;
ચૈત્રી પૂનમ તપ, આરાધકને સિદ્ધિ. ૨
અષ્ટાપદ પમુહા, તીરથ કોડી અનેક;
તેહમાં એ રાજા, એમ કહે આગમ છેક;
તે આગમ નિસુણો, આણી હૃદય વિવેક;
ચૈત્રી પૂનમ દિન, જિમ હોય પુણ્ય વિવેક. ૩
ચક્કેસરી દેવી, જિનશાસન રખવાલી;
સિંહાસન બેઠી, સિંહલંકી લટકાલી;
ચૈત્રી પૂનમ તપ, વિઘ્ન હરજો માય;
શ્રી વિજય રાજસૂરિ, દાન માન વરદાય. ૪

પછી નમુત્થુણં૦ જાવંતિ ચેઈઆઈં૦ કહી ખમાસમણ દેઇ જાવંત કેવિ સાહૂ૦ નમોઽર્હત્૦ કહી નીચેનું સ્તવન કહીયે.

### શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

( એકવીશાની દેશી )

સુખકારી રે, સિદ્ધાચલ ગુણ ગેહ રે;
ભવિ પ્રણમો રે, હૃદય ધરી બહુ નેહ રે; ત્રુટક–

બહુ નેહ આણી એહ જાણી, સકલ તીરથ સેહરો;
શ્રી ઋષભદેવ જિણંદ પૂજી, પૂર્વ સવિ દુષ્કૃત હરો;
અસુર સુર મુનિરાજ કિન્નર, જાસ દરસન અહિલસે;
જેહનું ફરસન કરી ભવિજન,
મુક્તિ સુખમાં ઉલ્લસે. ૧

ઢાલ—આદીશ્વર રે, વિહરંતા જગમાંહિ રે;
સિદ્ધાચલ રે, આવી સમોસર્યા ત્યાંહિ રે. ત્રુટક—
ત્યાંહિ ગણધર પુંડરીકને, ભુવન ગુરુ એમ ઉપદિશે;
તુમ નામથી એ તીર્થ કેરો, અધિક મહિમા વાધશે;
કર્મ સવિ તોડી મોહ મોડી, લહી કેવલ નાણ રે;
ચૈત્રી પૂનમ દિવસે ઈણ ગિરિ,
પામશો નિર્વાણ રે. ૨

ઢાલ ઈમ નિસુણી રે, શ્રી ગણધર પુંડરીક રે;
ભવજલથી રે, અલગું જિમ પુંડરીક[1] રે; ત્રુટક—
પુંડરીક[2] પરે જે ભય ન પામે, પરીસહ ઉપસર્ગથી;
ક્રોધને મદ માન માયા, જાસ ચિત્તે રતિ[3] નથી;
પંચ કોડિ મુનિવર સંઘાતે, તિહાં અણસણ ઉચ્ચરે;
આઠ કર્મ જાલી[4] દોષ ટાલી, સિદ્ધમંદિર અનુસરે. ૩

૧. કમળ. ૨. સિંહ. ૩. લેશ માત્ર. ૪. બાળી.

ઢાલ—તે દિનથી રે, એ ગિરિનું અતિ ઋદ્ધિ રે;
પુંડરિક ઇતિ રે, નામ થયું (સુ) પ્રસિદ્ધ રે; ત્રુટક—
સુપ્રસિદ્ધ મહિમા ચૈત્રી પૂનમ, દિને જેહનો જાણીયે;
બહુ ભાવ આણી સાર જાણી, સુગુણ જાસ વખાણીયે;
દશ વીશ ત્રીશ ચાલીસ ને, પચાસ પુષ્પની માલ રે;
લોગસ્સ તે તો કાઉસગ્ગ થુઈ, નમુક્કાર રસાલ રે. ૪
ઢાલ—ફૂલ તેતા રે, હોય તેની પ્રદક્ષિણા;
ચૈત્રી પૂજા રે, ઈણિ વિધ કીજે વિચક્ષણા. ત્રુટક—
વિચક્ષણા જિનરાજ પૂજી, પુંડરીક હિયડે ધરો;
શત્રુંજય ગિરિવર આદિ જિનવર, નમી ભવસાયર તરો;
ઈમ ચૈત્રી પૂનમ તણો ઓચ્છવ, જે કરે ભવિ લોય રે;
શ્રી વિજયરાજ સૂરીંદ વિનયી, દાન શિવસુખ હોય રે. ૫

પછી જયવીયરાય આભવમખંડા સુધી કહેવા. પછી ખમાસમણ દઈ ઈચ્છા૦ સંદિ૦ ભગવન્ ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી ત્રીજું ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે—

## તૃતીય ચૈત્યવંદન.

ચૈત્રી પૂનમનો અખંડ, શશીધર[1] જીમ દીપે;
અંગારક આદિ અનેક, ગ્રહ ગણુને જીપે;

---

[1] ચંદ્ર.

તિમ પર તીર્થી દેવથી, જેહ અધિક વિરાજે;
લોકોત્તર અતિશય અનંત દીપંત દિવાજે;
ચૈત્રી પૂનમને દિને એ, ભજો એહ ભગવંત;
શ્રી વિજયરાજ સુરીંદનો, દાન સકલ સુખ હુંત. ૩

પછી અહીંયાં નમુત્થુણં૦ તથા જયવીયરાય સંપૂર્ણ કહેવા. પછી સંતિકરં સ્તોત્ર કહીયે—

## સંતિકરં સ્તવન.

સંતિકરં સંતિજિણં, જગસરણં જયસિરિઈ દાયારં; સમરામિ ભત્ત–પાલગ,–નિવ્વાણી–ગરૂડ–કય–સેવં. ૧ ૐ સ નમો વિપ્પોસહિ–પત્તાણં સંતિસામિ–પાયાણં; ઝ્રૌં સ્વાહા મંતેણં, સવ્વાસિવ–દુરિઅ–હરણાણં. ૨ ૐ સંતિ–નમુક્કારો, ખેલોસહિમાઇ–લદ્ધિપત્તાણં; સોં હ્રીં નમો સવ્વોસહિ–પત્તાણં ચ દેઇ સિરિં. ૩ વાણી તિહુઅણ–સામિણી, સિરિદેવી જક્ખરાય ગણિપિડગા, ગહ–દિસિપાલ–સુરિંદા, સયાવિ રક્ખંતુ જિણભત્તે. ૪ રક્ખંતુ મમ રોહિણી, પન્નત્તી વજ્જસિંખલા ય સયા; વજ્જંકુસિ ચક્કેસરી, નરદત્તા કાલી મહાકાલી. ૫ ગોરી તહ ગંધારી, મહજાલા માણવી અ વઇરૂટ્ટા; અચ્છુત્તા માણસિઆ, મહામાણસિયાઓ દેવીઓ. ૬ જક્ખા ગોમુહ મહજક્ખ, તિમુહ જક્ખેસ તુંબરૂ કુસુમો; માયંગ–વિજય–અજિયા, બંભો મણુઓ સુરકુમારો. ૭ છમ્મુહ પયાલ કિન્નર, ગરૂલો ગંધવ્વ તહય જક્ખિંદો; કુબર વરૂણો ભિઉડી, ગોમેહો પાસ–માયંગા. ૮ દેવીઓ ચક્કેસરી, અજિઆ દુરિઆરી કાલી મહાકાલી; અચ્ચુઅ સંતા જાલા, સુતારયા–સોય સિરિવચ્છા. ૯ ચંડા

વિજયંકુસિ, પન્નઇત્તિ નિવ્વાણી અચ્ચુઆ ધરણી; વઇરૂટ્ટ છુત્ત ગંધારી, અંબ પઉમાવઇ સિદ્ધા. ૧૦ ઈઅ તિત્થ—રક્ખ-ણુરયા, અન્નેવિ સુરાસુરી ય ચઉહાવિ; વંતર જોઇણિ પમુ-હા; કુણંતુ રક્ખં સયા અમ્હં. ૧૧ એવં સુદિટ્ઠિ સુરગણ, સહિઓ સંઘસ્સ સંતિ જિણચંદો; મજઝવિ કરેઉ રક્ખં, મુણિસુંદરસૂરિ—થુઅ—મહિમા. ૧૨ ઈઅ સંતિનાહ સમ્મદિટ્ઠી રક્ખં સરઇ તિકાલં જો, સવ્વોવદ્દવ—રહિઓ, સ લહઈ સુહસંપયં પરમં ૧૩. તવગચ્છગયણ દિણયર, જુગવર-સિરિસોમસુંદરગુરૂણં, સુપસાય—લદ્ધ—ગણહર, વિજ્જાસિદ્ધી ભણઇ સાસો. ૧૪

પછી શ્રી શત્રુંજયનાં એકવીશ નામ (દશ વખત) લેવાં. તે એકવીશ નામ આ પ્રમાણે—

૧ શ્રી વિમલાચલાય નમઃ
૨ શ્રી પુંડરીકગિરયે નમઃ
૩ શ્રી સિદ્ધક્ષેત્રાય નમઃ
૪ શ્રી સુરાચલાય નમઃ
૫ શ્રી મહાચલાય નમઃ
૬ શ્રી શ્રીપદગિરયે નમઃ
૭ શ્રી પવતેંદ્રાય નમઃ
૮ શ્રી પુણ્યરાશયે નમઃ
૯ શ્રી દૃઢશક્તયે નમઃ
૧૦ શ્રી મુક્તિધરાય નમઃ
૧૧ શ્રી મહાતીર્થાય નમઃ
૧૨ શ્રી અકર્મણે નમઃ
૧૩ શ્રી શાશ્વતગિરયે નમઃ
૧૪ શ્રી સર્વકામદાય નમઃ
૧૫ શ્રી પુષ્પદંતાય નમઃ
૧૬ શ્રી મહાપદ્માય નમઃ
૧૭ શ્રી પૃથ્વીપીઠાય નમઃ
૧૮ શ્રી પ્રભુપદગિરયે નમઃ
૧૯ શ્રી પાતાલમૂલાય નમઃ
૨૦ શ્રી કૈલાસપર્વતાય નમઃ
૨૧ શ્રી ક્ષિતિમંગલપર્વતાય નમઃ

એ એકવીશ નામ (દશ વાર) કહીને, પછી દશ નવકાર ગણીએ, પછી ખમાસમણ દશ દેઇએ, પછી ભંડાર ઢોઇએ, એટલે તીહાં યથાશક્તિયે રૂપાનાણું મૂકીએ, પછી પ્રદક્ષિણા દશ દેઇએ, એ રીતે દેવવંદનના પ્રથમ જોડામાં સર્વ કહી અને નૈવેદ્ય, દીવેટ, ટીલી, ચામર; આરતી, ચોખાના સાથિયા પ્રમુખ સર્વ દશ દશ કરવા. તેમજ બીજા જોડામાં વીશ, ત્રીજા જોડામાં ત્રીસ, ચોથા જોડામાં ચાલીશ અને પાંચમા જોડામાં પચાસ એમ અનુક્રમે વસ્તુ મૂકવી.

## દેવવંદનનો બીજો જોડો.

વિધિ—બીજા જોડાની વિધિ પણ શરૂઆતના જોડાની વિધિમાં દર્શાવેલી છે ત્યાંથી ( પૃષ્ટ ૧૯૬ જુઓ ) જોઇ લેવી.

### પ્રથમ ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સાચો;
આદીસર જિનરાયનો, જીહાં મહિમા જાચો;
ઈહાં અનંત ગુણવંત સાધુ, પામ્યા શિવવાસ;
એ ગિરિ સેવાથી અધિક, હોય લીલ વિલાસ;
દુષ્કૃત સવિ દૂરે હરે એ, બહુ ભવ સંચિત જેહ;
સકલ તીર્થ શિર સેહરો, દાન નમે ધરી નેહ. ૧

### દ્વિતીય ચૈત્યવંદન.

આદીસર જિનરાયનો, ગણધર ગુણવંત;
પ્રગટ નામ પુંડરીક જાસ, મહી માંહે મહંત;

પંચ કોડી સાથે મુણીંદ, અણસણ તિહાં કીધ;
શુકલ ધ્યાન ધ્યાતાં અમૂલ, કેવલ તિહાં લીધ;
ચૈત્રી પૂનમને દિન એ, પામ્યા પદ મહાનંદ;
તે દિનથી પુંડરીક ગિરિ, નામ દાન સુખકંદ. ૨

## પ્રથમ થોય જોડો.

શ્રી શત્રુંજય ગિરિવર વાસવ, વાસવ સેવિત પાયજી;
જયવંતા વરતો તિહું કાલે, મંગલ કમલા દાયજી;
સિરિ રિસહેસર શિષ્ય શિરોમણિ,
પુંડરીકથી તે સાધ્યોજી;
ચૈત્રી પૂનમ આ ચોવીસી,
મહિમા જેહનો વાધ્યોજી. ૧
અનંત તીર્થંકર શત્રુંજય ગિરિ,
સમોસર્યા બહુવાર જી;
ગણધર મુનિવરશું પરવરિયા,
તિહુઅણના આધાર જી;
તે જિનવર પ્રણમો ભવિ ભાવે,
તિહુંઅણ સેવિત ચરણા જી;
ભવ ભય ત્રાતા મંગલ દાતા,
પાપ રજો ભર[1] હરણાં જી. ૨

[1] પાપ રૂપી રજનો સમૂહ.

શ્રી આદીસર વચન સુણીને, પુંડરીક ગણધાર જી;
આગમ રચના કીધી (મો) પોઢી, નય નિક્ષેપાધારજી;
ચૈત્રી પૂનમને દિન આગમ, આરાધો ભવિ પ્રાણી જી;
આતમ નિર્મલતા વર ભાલો,
કતક ફલે જિમ પાણી જી. ૩
શત્રુંજય સેવાનો રસિયો, વસિયો ભવિજિન ચિત્તે જી;
ચઉવિહ સંઘનાં વિઘન હરેવા, ઉદ્યત અતિશય નિત્ત જી;
કવડ યક્ષ જિન શાસન મંડપે, મંગલવેલી વધારો જી;
શ્રી વિજયરાજ સૂરીશ્વર સેવક,
સફલ કરો અવતારો જી. ૪

## દ્વિતીય થોય જોડો.

શત્રુંજય મંડણ મોહ ખંડણ, નાભિ નંદન દેવ;
વાર પૂર્વ નવાણું આવ્યા, સહિત ગણધર દેવ;
રાયણ હેઠે ઠવી આસન, સુણત પર્ષદ બાર;
શત્રુંજય મહિમા પ્રગટ કીધો, લોકને હિતકાર. ૧
વિમલ ગિરિવર સેવનાથી, પાપના [1]ભડવાય;
[2]તમ ઘટા જિમ સૂર દેખી, દૂર દહ દિશિ જાય;
ચૈત્રી પૂનમ ઉપદિશિ ઇમ, તીર્થંકરની કોડી;

૧ સુભટો, ૨ અંધકારનો સમૂહ.

સેવિયે ભવિકા તેહ જિનવર, નિત્ય નિજ કર જોડી. ૨
સાત છઠ્ઠ ને એક દોય અટ્ઠમ, જાપ વિધિશું મેલી;
શત્રુંજય ગિરિ આરાધી ઇમ, વામે ગુણની કેલી;
ઇમ કહે આગમ વિવિધ વિધિશું, કર્મ ભેદ ઉપાય;
તે સમય નિસુણો ભક્તિ આણી, દલિત દુર્મતિ દાય. ૩
ગોમુખ સુંદર યક્ષ ગોમુખ, યક્ષ વર્ગ પરધાન;
જૈન તીરથ વિઘન વારણ, નિપુણ બુદ્ધિ નિધાન;
શ્રી નાભિનંદો શિષ્ય મુનિવર, પુંડરીક ગણધાર;
શ્રી વિજયરાજસૂરીંદ સંઘને, કરો કુશલ વિસ્તાર. ૪

## શ્રી શત્રુંજય ગિરિવરનું સ્તવન.

(ચોપાઈની દેશી)

શ્રી શત્રુંજય તીરથ સાર, પ્રણમો આણી ભક્તિ ઉદાર;
નંદીશ્વર યાત્રાએ ફલ જેહ,
કુંડલગિરિ બમણું હોય તેહ. ૧
તેહ ત્રમણું રુચકાચલ જોય, તેહ ગજદંતે ચઉગુણું હોય;
તેહથી બમણું જંબૂવૃક્ષ, ચૈત્ય વંદતાં હોય પ્રત્યક્ષ. ૨
ચૈત્ય જે ધાતકીખંડ મઝાર,
છ ગુણું તેહ ફલ નમતાં સાર;
છત્રીશ ગુણું ફલ તેહથી હોય,
પુષ્કરવર જિન નમતાં જોય. ૩

મેરૂ ચૂલાના જિન પ્રણમંત, તેહથી તેરગુણું ફલ હુંત;
તેહથી સહસગુણું ફલ થાય,
સમેત શિખર જે યાત્રા જાય. ૪
તે લખ ગુણું અંજનગિરિ જાણુ,
તે દશલખ ગુણુ રેવત ઠાણુ;
અષ્ટાપદ વંદે મન ભાય,
તેહને પણુ એહિજ ફલ થાય. ૫
પુંડરગિરિ પ્રણુમી ગહ ગહે,
તેહથી કોડીગુણું ફલ લહે;
ભાખ્યું એહ ફલ પરિમાણુ,
ભાવથી જન અધિક મન આણુ. ૬
પુંડરીક ગણુધર જિહાં સિદ્ધ,
પુંડરીક ગિરિ તેહ પ્રસિદ્ધ;
વંદી એ ગિરિ લહી સંપદા,
દાનવિજય ભાખે એમ મુદા. ૭

## તૃતીય ચૈત્યવંદન.

સકલ સુહંકર સિદ્ધક્ષેત્ર, સિદ્ધાચલ સુણીએ;
સુર નર નરપતિ અસુર ખેચર, [1]નિકરે જે થુણીએ;

૧. સમૂહવડે.

સકલ તીરથ અવતાર સાર, બહુ ગુણ ભંડાર;
પુંડરીક ગણધાર જબ, પામ્યા ભવપાર;
ચૈત્રી પૂનમને દિન એ, કર્મ મર્મ કરી દૂર;
તે તીરથ આરાધિયે, દાન સુયશ ભરપૂર. ૩

અહીં જંકિંચિ૦ નમુત્થુણં૦ તથા જયવીયરાય૦ પૂર્ણ કહી નમિઊણ૦ કહેવું.

## નમિઊણ સ્તોત્ર.

નમિઊણ પણય સુરગણ–ચૂડામણિ કિરણ રંજિઅં મુણિણો;
ચલણ જુઅલં મહાભય–પણાસણં સંથવં વુચ્છં. ૧
સડિય કર–ચરણ–નહ–મુહ, નિબુડ્ડ નાસા વિવન્નલાયન્ના;
કુટ્ઠ મહારોગાનલ,–ફુલિંગ નિદ્દડ્ઢ સવ્વંગા. ૨
તે તુહ ચલણારાહણ–સલિલંજલિ સેય વુડ્ઢિય–ચ્છાયા;
વણદવદડ્ઢા ગિરિપા,–યવવ્વ પત્તા પુણો લચ્છિં. ૩
દુવ્વાય–ખુભિય જલનિહિ, ઉબ્ભડ કલ્લોલ ભીસણારાવે;
સંભંત ભય વિસંઠુલ–નિજ્જામય મુક્ક વાવારે. ૪
અવિદલિઅ જાણવત્તા, ખણેણ પાવંતિ ઈચ્છિઅં કૂલં;
પાસજિણચલણજુઅલં, નિચ્ચં ચિઅ જે નમંતિ નરા. ૫
ખરપવણુદ્ધુય વણદવ–જાલાવલિ મિલિય સયલ દુમગહણે;
ડજ્ઝંત મુદ્ધ મયવહુ–ભીસણરવ ભીસણંમિ વણે. ૬
જગગુરુણો કમજુઅલં, નિવ્વાવિઅ સયલ તિહુઅણાભોઅં;
જે સંભરંતિ મણુઆ, ન કુણઈ જલણો ભયં તેસિં. ૭

વિલસંત ભોગભીસણ—ફુરિઆરૂણ નયણ—તરલજીહાલં;
ઉગ્ગભુઅંગં નવ જલય—સત્થહં ભીસણાયારં. ૯

મન્નંતિ કીડસરિસં, દૂર પરિચ્છૂઢ વિસમ વિસ વેગા;
તુહ નામક્ખર ફુડસિદ્ધ,—મંતગુરુઆ નરા લોએ. ૧૦

અવિલુત્ત વિહવસારા, તુહ નાહ પણામ મત્ત વાવારા;
વવગયવિગ્ઘા સિગ્ઘં, પત્તાહિય ઇચ્છિયં ઠાણં. ૧૧

પજ્જલિઆનલનયણં, દૂર વિયારિય મુહં મહાકાયં;
નહકુલિસઘાય વિઅલિઅ—ગઇંદ કુંભત્થલાભોઅં. ૧૨

પણય સસંભમ પત્થિવ—નહમણિ માણિક્ક પડિઅપડિમસ્સ;
તુહ વયણ પહરણધરા, સીહં કુદ્ધંપિ ન ગણંતિ. ૧૩

સસિ ધવલ દંતમુસલં, દીહ કરૂલ્લાલ વુડ્ઢિ ઉચ્છાહં;
મહુપિંગ નયણજુઅલં, સસલિલ નવજલહરારાવં. ૧૪

ભીમં મહાગઇંદં, અચ્ચાસન્નંપિ તે ન વિ ગણંતિ;
જે તુમ્હ ચલણ જુઅલં, મુણિવઇ તુંગં સમલ્લીણા. ૧૫

સમરમ્મિ તિક્ખખગ્ગા—ભિગ્ઘાયપવિદ્ધ ઉદ્ધુય કબંધે;
કુંત વિણિભિન્ન કરિકલહ—મુક્ક સિક્કાર પઉરંમિ. ૧૬

નિજ્જિઅ દપ્પુદ્ધરરિઉ—નરિંદનિવહા ભડા જસં ધવલં;
પાવંતિ પાવ—પસમિણ, પાસજિણ ! તુહપ્પભાવેણ. ૧૭

રોગ—જલ—જલણ—વિસહર—ચોરારિ—મઇંદ—ગય—રણભયાઈં;
પાસજિણ—નામસંકિત્તણેણ, પસમંતિ સવ્વાઇં. ૧૮

એવં મહાભયહરં, પાસજિણિંદસ્સ સંથવમુઆરં;
ભવિયજણાણંદયરં, કલ્લાણ—પરંપર—નિહાણં. ૧૯

રાયભય–જક્ખ–રક્ખસ્સ,–કુસુમિણુ–દુસ્સઉણુ–રિક્ખપીડાસુ;
સંઝાસુ દોસુ પંથે, ઉવસગ્ગે તહય રયણીસુ. ૨૦

જો પઢઈ જો અ નિસુણઈ, તાણં કઈણો ય માણુતુંગસ્સ;
પાસો પાવં પસમેઉ, સયલભુવણચ્ચિયચલણો. ૨૧

ઉવસગ્ગંતે કમઠા–સુરમ્મિ, ઝાણાઓ જો ન સંચલિઓ;
સુર–નર–કિન્નર–જુવઈહિં, સંથુઓ જયઉ પાસજિણો. ૨૨

એઅસ્સ મજ્ઝયારે, અઢારસઅક્ખરેહિં જો મંતો;
જો જાણઈ સો ઝાયઈ, પરમ–પયત્થં ફુડં પાસં. ૨૩

પાસહ સમરણ જો કુણઈ, સંતુટ્ઠે હિયએણ;
અટ્ઠુત્તરસય વાહિ ભય, નાસઈ તસ્સ દૂરેણ. ૨૪

## દેવવંદનનો ત્રીજો જોડો–પ્રથમ ચૈત્યવંદન.

એ તીરથ ઉપર અનત તીર્થંકર આવ્યા;
વલી અનંતા આવશે, સમતા રસ ભાવ્યા;
આ ચોવીશી માંહિ એક, નેમીશ્વર પાખે;
જિન ત્રેવીશ સમોસર્યા, એમ આગમ ભાખે;
ગણધર મુનિવર કેવલી, સમોસર્યા ગુણવંત;
પ્રેમે તે ગિરિ પ્રણમતાં, હરખે દાન હસંત. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

એ તીરથના ઉપરે, થયા ઉદ્ધાર અસંખ્ય;
તિમ પ્રતિમા જિનરાયની, થઈ તાસ નવિ સંખ્ય;

અજિત શાંતિ જિનરાજ ઇત્થ, રહ્યા ચૌમાસી,
એ તીરથે મુનિ અનંત, હુઆ શિવપુર વાસી;
ચૈત્રી પૂનમને દિને એ, મહિમા જાસ મહાન;
એ તીરથ સેવન થકી, દાન વધે બહુ વાન. ૨

પ્રથમ થોય જોડો.

વિમલાચલ સિહર શિરોમણિ,
તનુ તેજે નિર્જિત દિનમણિ;
શ્રી નાભેય જિન જગ ગૃહમણિ,
જયો તિહુઅણુ વાંછિત સુરમણિ. ૧
એકશત અડ સાનુ[1] સોહામણા,
નિષધાદિક છે ગુણે વામણા;[2]
શિખરે શિખરે બહુ જિનવરા,
આવી સમોસર્યા ગુણ સાયરા. ૨
પુંડરીક (કે) તપોવિધ ભાખિયો,
મધુરાકારે શત્રુંજય સાખીયો;
સુહ ગુરુ સંઘ પૂજા જિહાં કહી,
તે આગમ અભ્યાસે ગહગહી. ૩
શશી વયણી કમલ વિલોચના,

૧. શિખર. ૨. સુંદર.

ચક્કસરી દેવ વિરોચના,
રિસહેસર ભક્તિ વિધાયિકા,
વરદાન દેજો સુપ્રભાવિકા. ૪

### દ્વિતીય થોય જોડો.

(સતી) મરુદેવી ઉર સરોવર હંસ,
નૃપ નાભિ [1]કુલાંબર (જે) વર હંસ;
સિરિ રિસહેસર સેવો સદા,
ચૈત્રી પૂનમ લહો સંપદા. ૧
ઐરવત વિદેહ ને ભરતે જેહ,
તે જિન પ્રશંસે તીરથ એહ;
તે તીર્થંકર ભવ ભયહરો,
ભવિયણ ચૈત્રી તપ અનુસરો. ૨
તીરથ યાત્રા તે દુઃખ હરે,
એ કરણીથી શિવસુખ વરે;
ઈમ ઉપદેશે ગણધર દેવ,
ચૈત્રી તપ કરો નિત્યમેવ. ૩
શ્રુત દેવી સિત[2] કમલે રહી,
વિમલાચલ સેવા ગહગહી;

૧. કુલ રૂપી આકાશને વિષે. ૨. ધોળા.

ચૈત્રી તપ સાન્નિધ્ય કરે માય,
(જિમ) દાન સકલ દુઃખમાં દૂર જાય. ૪

### શ્રી પુંડરીક ગિરિનું સ્તવન.

( રસીયાની દેશી )

પ્રણમો પ્રેમે પુંડરીક (ગિરિ) રાજીયો,
ગાજીયો જગમાં રે એહ; સોભાગી,
યાત્રાયે જાતાં પગે પગે નિર્જરે,
બહુ ભવ સંચિત ખેહ. સોભાગી. પ્રણ૦ ૧
પાપ હોય વજ્રલેપ સમોવડ,
તેહ પણ જાય રે દૂર; સો૦
જો એહ ગિરિનું દર્શન કીજીએ,
ભાવ ભગતિ ભરપૂર સો૦ પ્ર૦ ૨
[1]ગૌહત્યાદિક હત્યા પંચ છે,
કારક તેહના જે હોય; સો૦
તે પણ એ ગિરિ દર્શન જો કરે,
પામે શિવગતિ સોય. સો૦ પ્ર૦ ૩
શ્રી શુકરાજ નૃપતિ પણ ઇણ ગિરિ,
કરતો જિનવર ધ્યાન; સો૦

૧. ગૌહત્યા, બ્રહ્મહત્યા, સ્ત્રીહત્યા, બાલહત્યા, રાજહત્યા.

ષટ માસે રિપુ વિજય ગયા સર્વે,
વાધ્યો અધિક તસ વાન. સો૦ પ્ર૦ ૪
ચંદ્રશેખર નિજ ભગિની ભોગવી,
કીધું પાપ મહંત; સો૦
તે પણ એ તીરથ આરાધતાં,
પામ્યો શુભ ગતિ સંત. સો૦ પ્ર૦ ૫
મોર સર્પ ને વાઘ પ્રમુખ બહુ,
જીવ છે જે વિકરાલ; સો૦
તે પણ એ ગિરિદર્શન પુણ્યથી,
પામે સુગતિ વિશાલ. સો૦ પ્ર૦ ૬
એહવો મહિમા એ તીરથ તણો,
ચૈત્રી પૂનમે વિશેષ; સો૦
શ્રી વિજયરાજસૂરીશ્વર શિષ્યને,
દાન ગયાં દુઃખ લેશ. સો૦ પ્ર૦ ૭

## તૃતીય ચૈત્યવંદન.

અષ્ટાપદ આદિ અનેક, જગ તીરથ મોટાં;
તેહથી અધિકું સિદ્ધક્ષેત્ર, એહ વચન નવિ ખોટાં;
જે માટે એ તીર્થ સાર, સાસય પ્રાતિરૂપ;
જેહ અનાદિ અનંત શુદ્ધ, ઈમ કહે જિન ભૂપ;

કલિકાલે પણ જેહનો એ, મહિમા પ્રબલ પડુર;
શ્રી વિજયરાજસૂરીંદથી, દાન વધે બહુ નૂર. ૩

આ જોડા પછી તિજયપહુત્ત૦ કહેવું.

## તિજય પહુત્ત સ્તોત્ર.

તિજય–પહુત્ત–પયાસય, અટ્ઠ–મહાપાડિહેર–જુત્તાણં; સમયક્ખિત્ત–ઠિઆણં, સરેમિ ચક્કં જિણિંદાણં. ૧ પણવીસા ય અસીઆ; પનરસ પન્નાસ જિણવર સમૂહો; નાસેઉ સયલ દુરિઅં, ભવિઆણં ભત્તિ–જુત્તાણં. ૨ વીસા પણયાલાવિય, તીસા પન્નત્તરી જિણવરિંદા, ગહ–ભૂઅ–રક્ખ–સાઇણિ, ઘોરૂવસગ્ગં પણાસંતુ. ૩ સત્તરિ પણતીસાવિય, સટ્ઠી પંચેવ જિણગણો એસો; વાહિ–જલ–જલણ–હરિકરિ, ચોરારિ–મહાભયં હરઉ. ૪ પણ પન્નાય દસેવ ય, પન્નટ્ઠી તહય ચેવ ચાલીસા; રક્ખંતુ મે સરીરં, દેવાસુર–પણમિઆ સિદ્ધા. ૫ ૐ હરહુંહઃ સરસુંસઃ હરહુંહઃ તહય ચેવ સરસુંસઃ; આલિહિય–નામ–ગબ્ભં, ચક્કં કિર સવ્વઓભદ્દં. ૬ ૐ રોહિણી પન્નત્તિ, વજ્જસિંખલા તહ ય વજ્જઅંકુસિઆ; ચક્કેસરી નરદત્તા, કાલી મહાકાલી તહ ગોરી. ૭ ગંધારી મહજ્જાલા, માણવી વઇરૂટ્ટ તહય અચ્છુત્તા; માણસી મહમાણસિઆ, વિજ્જાદેવીઓ રક્ખંતુ. ૮ પંચદસ કમ્મભૂમિસુ, ઉપ્પન્નં સત્તરિ જિણાણ સયં, વિવિહ– રયણાઈ–વન્નો,–વસોહિઅં હરઉ દુરિઆઈં. ૯ ચઉ-તીસ અઇસય–જુઆ, અટ્ઠ–મહાપાડિહેર–કયસોહા; તિત્થયરા ગયમોહા, ઝાએઅવ્વા પયત્તેણં. ૧૦ ૐ વરકણય સંખવિદ્દુમ, –મરગય–ઘણસંનિહં વિગયમોહં; સત્તરિસયં જિણાણં, સવ્વા-

મર–પૂઇઅં વંદે સ્વાહા. ૧૧ ૐ ભવણવઈ વાણવંતર, જોઈસ વાસી વિમાણવાસી અ, જે કેવિ દુઠ્ઠ દેવા, તે સવ્વે ઉવસમંતુ મમ સ્વાહા. ૧૨ ચંદણકપ્પૂરેણં ફલએ, લિહિઊણ ખાલિઅં પીઅં; એગંતરાઇ–ગહ–ભૂઅ, સાઈણિ–મુગ્ગં પણાસેઈ. ૧૩ ઈઅ સત્તરિસયં જંતં, સમ્મં મંતં દુવારિ પડિલિહિઅં; દુરિઆરિ વિજયવંતં,નિબ્ભંતં નિચ્ચ–મચ્ચેહ. ૧૪.

અહીંયાં પૂર્વની પરે વિધિ ત્રિગુણો કરવો.

## દેવવંદનનો ચોથો જોડો–પ્રથમ ચૈત્યવંદન.

જોયણ [1]શત પરિમાણ એક, જે પહિલે આરે;
બીજે આરે જોયણ જેહ, એંશી વિસ્તારે;
તિમ ત્રીજે જોયણ સાઠ, ચોથે પચાસ;
પાંચમે આરે બાર સાર, વિસ્તાર છે જાસ;
છટ્ઠાને અંતે હુશે એ, એક હસ્ત જસ માન;
એવ અવસ્થિત છે સદા, તે પ્રણમે મુનિ દાન. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

ભરત નરેસર ભરત ક્ષેત્ર, ચક્રી ઈણ ઠામે;
આવ્યો સંઘ સજી સનૂર, મન આણંદ પામે;
કંચનમય પ્રાસાદ કીધ, ઉત્તુંગ ઉદાર;
મંડપ તોરણ વિવિધ જાલ, માલિત ચઉ બાર;

---

૧. જ્ઞાનવિમલસૂરિકૃત ચૈત્રી પૂનમનાં દેવવંદનમાં તેમજ અન્યત્ર સ્થલે પ્રથમ દ્વિતીય આરે અનુક્રમે ૮૦, ૭૦, યોજન માન દર્શાવ્યું છે.

ધણુ પણુ સય મિત્ત મણિતણી એ,
થાપી ઋષભની મૂર્તિ;
દાન દયાકર તીર્થથી, પ્રસરી જગ જસ કીર્તિ. ૨

## પ્રથમ થોય જોડો.

ચૈત્રી તપ તીરથ ભાવતો,
અનુભવમાં આતમ રાખ (આવ) તો;
રિસહેસર જિન ભવિ ભજો,
જિમ થાયે ભવ જલશું ત્યજો. ૧
જયવંતા વરતો જિનવરા,
તિહુઅણુ વર ભવિયણુ હિતકરા;
પુંડરિક તપોવિધિ જાણુતા,
ચૈત્રી પૂનમ દિવસ વખાણુતા. ૨
નય ગમ પર્યાયે પૂરિયો, નવિ પાખંડીયે ચૂરિયો;
જિનવરનો આગમ મન ધરો,
જિમ દુર્મતિ દુષ્કૃત પરિહરો. ૩
જિન શાસન દેવી ચક્કેસરી,
જિન હેતે દાન દ્યો ઈશ્વરી;
જિનશાસન ઉદય વધારજો,
ચૈત્રી તપ વધન નિવારજો. ૪

## દ્વિતીય થોય જોડો.

શત્રુંજય મહિમા, પ્રગટયો જેહથી સાર;
ચત્રી પૂનમ દિન, આપ્યો એહ ઉદાર;
રિસહેસર સેવા, શિર વહો ધરી આણંદ;
તિહુઅણુ [1]ભવિકૈરવ, [2]વિપિન વિકાસન ચંદ. ૧

જિનવર ઉપદેશે, ભરતાદિક નૃપ છેક;
શત્રુંજય શિખરે, ચૈત્ય કરાવ્યાં અનેક;
તે જિન આરાહો, ભકિત ધરી અતિ છેક;
આતમ અનુભાવી, વાધે બુદ્ધિ વિશેષ; ૨

શત્રુંજય સિહરે, સમોસર્યા જિનરાજ;
આગમ ઉપદેશે, પ્રતિબોધી સુસમાજ;
તે આગમ નિસુણી, ચૈત્રી તપ કરો સાર;
પુંડરીક મુનીસર પરે, લેહશો જયજયકાર. ૩

ગોમુખ ચક્કેસરી, શાસન ચિંતાકારી;
રિસહેસર સેવા, રસિક વસે સુખધારી;
વિમલાચલ સેવક, વિઘન નિવારો માઈ;
શ્રી વિજયરાજસૂરિ, શિષ્ય કહે ચિત્ત લાઈ. ૪

૧. ભવ્યો રૂપી કુમુદ. ૨. વન.

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

( વેલની દેશી. )

શ્રી સિદ્ધાચલ શત્રુંજય, સિદ્ધક્ષેત્ર અભિરામ;
દર્શન કરતાં દુરગતિ ત્રૂટે, છુટે બંધ નિદાન;
શ્રી રિસહેસર પટ્ટ ધુરંધર, અસંખ્યાત નરરાય;
શ્રી આદિત્યયશાથી યાવત્–અજિત જિનેશ્વર તાય. ૧
ચઉદશ ઈગ ઈગ ચઉ દશ ઈણુ વિધ,
થઈ શ્રેણિ અસંખ્યાત;
સિદ્ધદંડિકા માંહે સઘલો, એહ અછે અવદાત;
સર્વાર્થસિદ્ધ ને શિવગતિ વિણુ, ત્રીજી ગતિ નવિ પામી;
તિણે પણુ એ તીરથ ફરસ્યો, વંદો ભવિ શિર નામી. ૨
નમિ વિનમિ વિદ્યાધર નાયક, દો કોડી મુનિ સંઘાતે;
એ ગિરિ સેવ્યાથી શિવગતિ પામ્યા,
સકલ કર્મ નિપાતે;
શ્રી આદીશ્વર સુતના નંદન, દ્રાવિડ વારિખિલ જાણુ;
કાર્તિક પૂનમ દિન દશ કોડી, ઋષિ યુત લહે નિર્વાણુ. ૩
અષ્ટાદશ [1]અક્ષૌહિણી દલના, ચૂરક જે બલવંત;

---

૧. એક અક્ષૌહિણી સેનામાં ૨૧૮૭૦ રથ, ૨૧૮૭૦ હાથી, ૬૫૬૧૦ અશ્વ અને ૧૦૯૩૫૦ પાયદળ હોય છે.

ગોત્ર નિકંદન કરીને સંચ્યો, જેણે પાપ અનંત;
તે પણ એહ જ તીરથ ઉપરે, કરી અણસણ ઉચ્ચાર;
ઉત્તમ નર તે પાંચે પાંડવ, પામ્યા ભવજલ પાર. ૪
ત્રણ કોડી ને લાખ એકાણું, ઋષિ યુત રામ મુણીંદ;
તિમ નારદાદિક સાધુ અનંતા, પામ્યા પદ મહાનંદ;
તે માટે એ ગિરિનું સાચું, સિદ્ધક્ષેત્ર ઈતિ નામ;
શ્રી વિજયરાજ સૂરીશ્વર વિનયી, દાન કરે ગુણગ્રામ. ૫

## તૃતીય ચૈત્યવંદન.

ઋષભની પ્રતિમા મણિમયી, ભરતેશ્વર કીધી;
તે પ્રતિમા છે ઇણ ગિરિ, એહ વાત પ્રસિદ્ધિ;
દેખે દરિસણ કોઈ જાસ, માનવ ઇણ લોકે;
ત્રીજે ભવે જે મુક્તિ યોગ્ય, નર તેહ વિલોકે;
સ્વર્ણગુફા પશ્ચિમ દિશે એ, એ છે જાસ અહિઠાણ;
દાન સુહંકર વિમલગિરિ, તે પ્રણમું હિત આણ. ૩

અહીંયાં ભકતામર સ્તોત્ર કહીને જે પૂર્વે વિધિ લખ્યો છે, તેથી ચોગુણો વિધિ કરવો.

# શ્રી ભક્તામર સ્તોત્ર.

ભક્તામર પ્રણત મૌલિમણિપ્રભાણા–મુદ્યોતકં દલિત-પાપતમોવિતાનમ્: સમ્યક્ પ્રણમ્ય જિનપાદયુગં યુગાદા–વાલંબનં ભવજલે પતતાં જનાનામ્ ૧ યઃ સંસ્તુતઃ સકલવાઙ્મયતત્ત્વબોધા–દુદ્ભૂતબુદ્ધિપટુભિઃ સુરલોક-નાથૈઃ; સ્તોત્રૈર્જગત્રિતયચિત્તહરૈરુદારૈઃ-સ્તોષ્યે કિલાહ-મપિ તં પ્રથમં જિનેન્દ્રમ્. ૨ બુદ્ધયા વિનાપિ વિબુધા-ર્ચિતપાદપીઠ !, સ્તોતું સમુદ્યતમતિર્વિગતત્રપોઽહમ્; બાલં વિહાય જલસંસ્થિતમિંદુબિંબ–મન્યઃ ક ઇચ્છતિ જનઃ સહસા ગ્રહીતુમ્. ૩ વક્તું ગુણાન્ ગુણસમુદ્ર ! શશાંકકાંતાન્, કસ્તે ક્ષમઃ સુરગુરુપ્રતિમોઽપિ બુદ્ધયા; કલ્પાંતકાલપવનોદ્ધતનક્રચક્રં, કો વા તરીતુમલમંબુનિ-ધિં ભુજાભ્યામ્. ૪ સોઽહં તથાપિ તવ ભક્તિવશાન્મુ-નીશ !, કર્તું સ્તવં વિગતશક્તિરપિ પ્રવૃત્તઃ; પ્રીત્યાત્મ-વીર્યમવિચાર્ય મૃગો મૃગેન્દ્રં, નાભ્યેતિ કિં નિજશિશોઃ પરિપાલનાર્થમ્. ૫ અલ્પશ્રુતં શ્રુતવતાં પરિહાસધામ, ત્વદ્ભક્તિરેવ મુખરીકુરૂતે બલાન્મામ્; યત્કોકિલઃ કિલ મધૌ મધુરં વિરૌતિ, તચ્ચારુચૂતકલિકાનિકરૈકહેતુઃ ૬ ત્વત્સંસ્તવેન ભવસંતતિસન્નિબદ્ધં, પાપં ક્ષણાત્ ક્ષય-મુપૈતિ શરીરભાજામ્; આક્રાંતલોકમલિનીલમશેષમાશુ, સૂર્યાંશુભિન્નમિવ શાર્વરમંધકારમ્ ૭ મત્વેતિ નાથ !

તવ સંસ્તવનં મયેદ–મારભ્યતે તનુધિયાડપિ તવ પ્રભાવાત્; ચેતો હરિષ્યતિ સતાં નલિનીદલેષુ, મુક્તાફલદ્યુતિમુપૈતિ નનૂદબિંદુઃ. ૮ આસ્તાં તવ સ્તવનમસ્તસમસ્તદોષં, ત્વત્સંકથાપિ જગતાં દુરીતાનિ હન્તિ; દૂરે સહસ્રકિરણઃ કુરુતે પ્રભૈવ, પદ્માકરેષુ જલજાનિ વિકાશભાંજિ. ૯ નાત્યદ્ભુતં ભુવનભૂષણ ! ભૂતનાથ !, ભૂતૈર્ગુણૈર્ભુવિ ભવંતમભિષ્ટુવન્તઃ; તુલ્યા ભવન્તિ ભવતો નનુ તે ન કિંવા, ભૂત્યાશ્રિતં ય ઇહ નાત્મસમં કરોતિ. ૧૦ દૃષ્ટ્વા ભવન્તમનિમેષવિલોકનીયં, નાન્યત્ર તોષમુયપાતિ જનસ્ય ચક્ષુઃ; પીત્વા પયઃ શશિકરદ્યુતિ દુગ્ધસિંધોઃ, ક્ષારં જલં જલનિધેરશિતું ક ઇચ્છેત્. ૧૧ યૈઃ શાંતરાગરુચિભિઃ પરમાણુભિસ્ત્વં, નિર્માપિતસ્ત્રિભુવનૈકલલામભૂત; તાવંત એવ ખલુ તેડપ્યણવઃ પૃથિવ્યાં, યત્તે સમાનમપરં ન હિ રૂપમસ્તિ. ૧૨ વક્ત્રં કવ તે સુરનરોરગનેત્રહારિ, નિઃશેષનિર્જિતજગત્ત્રિતયોપમાનમ્; બિંબં કલંકમલિનં કવ નિશાકરસ્ય, યદ્વાસરે ભવતિ પાંડુપલાશકલ્પમ્. ૧૩ સંપૂર્ણમંડલશશાંકકલાકલાપ, શુભ્રા ગુણાસ્ત્રિભુવનં તવ લંઘયન્તિ; યે સંશ્રિતાસ્ત્રિજગદીશ્વરનાથમેકં કસ્તાન્નિવારયતિ સંચરતો યથેષ્ટમ્. ૧૪ચિત્રં કિમત્ર યદિ તે ત્રિદશાંગનાભિ–ર્નીતં મનાગપિ મનો ન વિકારમાર્ગમ્; કલ્પાંતકાલમરુતા ચલિતાચલેન,

કિં મંદરાદ્રિશિખરં ચલિતં કદાચિત્ ૧૫ નિર્ધૂમવર્તિ-રપવર્જિતતૈલપૂરઃ, કૃત્સ્નં જગત્ત્રયમિદં પ્રગટીકરોષિ; ગમ્યો ન જાતુ મરુતાં ચલિતાચલાનાં, દીપોઽપરસ્ત્વમસિ નાથ ! જગત્પ્રકાશઃ. ૧૬ નાસ્તં કદાચિદુપયાસિ ન રાહુગમ્યઃ, સ્પષ્ટીકરોષિ સહસા યુગપજ્જગંતિ; નાંભો-ધરોદરનિરૂદ્ધમહાપ્રભાવઃ,સૂર્યાતિશાયિમહિમાસિ મુનીંદ્ર! લોકે. ૧૭ નિત્યોદયં દલિતમોહમહાંધકારં, ગમ્યં ન રાહુવદનસ્ય ન વારિદાનામ્; વિભ્રાજતે તવ મુખાબ્જ-મનલ્પકાંતિ, વિદ્યોતયજ્જગદપૂર્વશશાંકબિંબમ્. ૧૮ કિં શર્વરીષુ શશિનાહ્નિ વિવસ્વતા વા,યુષ્મન્મુખેંદુદલિ-તેષુ તમસ્સુ નાથ; નિષ્પન્નશાલિ વનશાલિનિ જીવલોકે, કાર્યં કિયજ્જલધરૈર્જલભારનમ્રૈઃ. ૧૯ જ્ઞાનં યથા ત્વયિ વિભાતિ કૃતાવકાશં,નૈવં તથા હરિહરાદિષુ નાયકેષુ;તેજઃ સ્ફુરન્મણિષુ યાતિ યથા મહત્ત્વં; નવં તુ કાચશકલે કિરણાકુલેઽપિ. ૨૦ મન્યે વરં હરિહરાદય એવ દૃષ્ટા, દૃષ્ટેષુ યેષુ હૃદયં ત્વયિ તોષમેતિ; કિં વીક્ષિતેન ભવતા ભુવિ યેન નાન્યઃ, કશ્ચિન્મનો હરતિ નાથ ! ભવાંતરેઽપિ. ૨૧ સ્ત્રીણાં શતાનિ શતશો જનયન્તિ પુત્રાન્, નાન્યા સુતં ત્વદુપમં જનની પ્રસૂતા; સર્વા દિશો દધતિ ભાનિ સહસ્રરશ્મિં,પ્રાચ્યેવ દિગ્ જનયતિ સ્ફુરદંશુજાલમ્.૨૨ ત્વામામનન્તિ મુનયઃ પરમં પુમાંસ–માદિત્યવર્ણમમલં તમસઃ પુરસ્તાત્; ત્વામેવ સમ્યગુપલભ્ય જયંતિ મૃત્યું,

નાન્યઃ શિવઃ શિવપદસ્ય મુનીંદ્ર ! પંથાઃ. ૨૩ ત્વામ-વ્યયં વિભુમચિંત્યમસંખ્યમાદ્યં, બ્રહ્માણમીશ્વરમનંત-મનંગકેતુમ્; યોગીશ્વરં વિદિતયોગમનેકમેકં, જ્ઞાનસ્વરૂ-પમમલં પ્રવદંતિ સંતઃ ૨૪ બુદ્ધસ્ત્વમેવ વિબુધાર્ચિત-બુદ્ધિબોધાત્, ત્વં શંકરોઽસિ ભુવનત્રયશંકરત્વાત્; ધાતા-સિ ધીર ! શિવમાર્ગવિધેર્વિધાનાત્, વ્યક્તં ત્વમેવ ભગવન્ પુરુષોત્તમોઽસિ. ૨૫ તુભ્યં નમસ્ત્રિભુવનાર્ત્તિહરાય નાથ! તુભ્યં નમઃ ક્ષિતિતલામલભૂષણાય; તુભ્યં નમસ્ત્રિજગતઃ પરમેશ્વરાય, તુભ્યં નમો જિન! ભવોદધિશોષણાય. ૨૬ કો વિસ્મયોઽત્ર યદિ નામ ગુણૈરશેષૈ–સ્ત્વં સંશ્રિતો નિર-વકાશતયા મુનીશ; દોષૈરુપાત્તવિવિધાશ્રયજાતગર્વૈઃ, સ્વ-પ્નાંતરેઽપિ ન કદાચિદપીક્ષિતોઽસિ. ૨૭ ઉચ્ચૈરશોક-તરુસંશ્રિતમુન્મયૂખ–માભાતિ રૂપમમલં ભવતો નિતાં-તમ્; સ્પષ્ટોલ્લસત્કિરણમસ્તતમોવિતાનં, બિમ્બં રવે-રિવ પયોધરપાર્શ્વવર્ત્તિ. ૨૮ સિંહાસને મણિમયૂખ-શિખાવિચિત્રે, વિભ્રાજતે તવ વપુઃ કનકાવદાતમ્; બિંબં વિયદ્વિલસદંશુલતાવિતાનં, તુંગોદયાદ્રિશિરસીવ સહસ્રરશ્મેઃ. ૨૯ કુંદાવદાતચલચામરચારુશોભં, વિ-ભ્રાજતે તવ વપુઃ કલધૌતકાંતમ્; ઉદ્યચ્છશાંકશુચિનિ-ર્ઝરવારિધાર–મુચ્ચૈસ્તટં સુરગિરેરિવ શાતકૌમ્ભમ્. ૩૦ છત્રત્રયં તવ વિભાતિ શશાંકકાંત–મુચ્ચૈઃ સ્થિતં

૧૫

સ્થગિતભાનુકરપ્રતાપમ્; મુક્તાફલપ્રકરજાલવિવૃદ્ધશોભ, પ્રખ્યાપયત્ત્રિજગતઃ પરમેશ્વરત્વમ્. ૩૧ ઉન્નિદ્રહેમનવપંકજપુંજકાંતિ-પર્યુલ્લસન્નખમયૂખશિખાઽભિરામૌ; પાદૌ પદાનિ તવ યત્ર જિનેંદ્ર! ધત્તઃ, પદ્માનિ તત્ર વિબુધાઃ પરિકલ્પયંતિ. ૩૨ ઇત્થં યથા તવ વિભૂતિરભૂજ્જિનેંદ્ર! ધર્મોપદેશનવિધૌ ન તથા પરસ્ય; યાદૃક્ પ્રભા દિનકૃતઃ પ્રહતાંધકારા, તાદૃક્ કુતો ગ્રહગણસ્ય વિકાશિનોઽપિ. ૩૩ શ્ચ્યોતન્મદાવિલવિલોલકપોલમૂલ,-મત્તભ્રમદ્ભ્રમરનાદવિવૃદ્ધકોપમ્; ઐરાવતાભમિભમુદ્ધતમાપતન્તં, દૃષ્ટ્વા ભયં ભવતિ નો ભવદાશ્રિતાનામ્. ૩૪ ભિન્નેભકુંભગલદુજ્જ્વલશોણિતાક્ત- મુક્તાફલપ્રકરભૂષિતભૂમિભાગઃ; બદ્ધક્રમઃ ક્રમગતં હરિણાધિપોઽપિ, નાક્રામતિ ક્રમયુગાચલસંશ્રિતં તે. ૩૫ કલ્પાંતકાલપવનોદ્ધતવહ્નિકલ્પં, દાવાનલં જ્વલિતમુજ્જ્વલમુત્સ્ફુલિંગમ્; વિશ્વં જિઘત્સુમિવ સંમુખમાપતંતં, ત્વન્નામકીર્ત્તનજલં શમયત્યશેષમ્. ૩૬ રક્તેક્ષણં સમદકોકિલકંઠનીલં, ક્રોધોદ્ધતં ફણિનમુત્ફણમાપતંતમ્; આક્રામતિ ક્રમયુગેન નિરસ્તશંક-સ્ત્વન્નામનાગદમની હૃદિ યસ્ય પુંસઃ. ૩૭ વલ્ગત્તુરંગગજગર્જિતભીમનાદ-માજૌ બલં બલવતામપિ ભુપતીનામ્; ઉદ્યદ્દિવાકરમયૂખશિખાપવિદ્ધં, ત્વત્કીર્ત્તનાત્તમ ઇવાશુ ભિદામુપૈતિ. ૩૮ કુંતાગ્રભિન્નગજશોણિત-

વારિવાહ,વેગાવતારતરણાતુરયોધભીમે; યુદ્ધે જયં વિજિ-
તદુર્જયજેયપક્ષા–સ્ત્વત્પાદપંકજવનાશ્રયિણો લભંતે.
૩૯ અંભોનિધૌ ક્ષુભિતભીષણનક્રચક્ર–પાઠીનપીઠભયદો-
લ્બણવાડવાગ્નૌ; રંગત્તરંગશિખરસ્થિતયાનપાત્રાસ્ત્રાસં
વિહાય ભવતઃ સ્મરણાદ્ વ્રજંતિ. ૪૦ ઉદ્ભૂતભીષણ-
જલોદરભારભુગ્નાઃ, શોચ્યાં દશામુપગતાશ્ચ્યુતજીવિ-
તાશાઃ; ત્વત્પાદપંકજરજોઽમૃતદિગ્ધદેહા, મર્ત્યા ભવંતિ
મકરધ્વજતુલ્યરૂપાઃ. ૪૧ આપાદકંઠમુરુશૃંખલવેષ્ટિતાં-
ગા, ગાઢં બૃહન્નિગડકોટિનિઘૃષ્ટજંઘાઃ; ત્વન્નામમંત્રમ-
નિશં મનુજાઃ સ્મરંતઃ, સદ્યઃ સ્વયં વિગતબંધભયા
ભવંતિ. ૪૨ મત્તદ્વિપેંદ્રમૃગરાજદવાનલાહિ–સંગ્રામ–
વારિધિ–મહોદરબંધનોત્થમ્; તસ્યાશુ નાશમુપયાતિ
ભયં ભિયેવ, યસ્તાવકં સ્તવમિમં મતિમાનધીતે.
૪૩ સ્તોત્રસ્રજં તવ જિનેન્દ્ર! ગુણૈર્નિબદ્ધાં, ભક્ત્યા
મયા રુચિરવર્ણવિચિત્રપુષ્પામ્; ધત્તે જનો ય ઇહ
કંઠગતામજસ્રં, તં માનતુંગમવશા સમુપૈતિ
લક્ષ્મીઃ. ૪૪.

# દેવવંદનનો પાંચમો જોડો.

## પ્રથમ ચૈત્યવંદન.

સગરાદિક નરપતિ અનેક, ઇણે પર્વત આવ્યા;
વિવિધ વિચિત્ર વિરાજમાન, પ્રાસાદ કરાવ્યા;
ભક્તિ ધરી જિનવર તણી, બહુ પ્રતિમા થાપી;
તિણે મહિયલમાં તેહની, કીરતિ અતિ વ્યાપી;
સુરપતિ નરપતિના થયા એ, ઈહાં બહુ ઉદ્ધાર;
તે શત્રુંજય સેવિયે, દાન સકલ સુખકાર. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

એહ ગિરિ ઉપર આદિ દેવ, પ્રભુ પ્રતિમા વંદો;
રાયણ હેઠે પાદુકા, પૂજી આણંદો;
એહ ગિરિનો મહિમા અનંત, કુણ કરે વખાણ;
ચૈત્રી પૂનમને દિવસે, તેહ અધિકો જાણ;
એહ તીરથ સેવો સદા એ, આણી ભક્તિ ઉદાર;
શ્રી શત્રુંજય સુખદાયકો, દાનવિજય જયકાર. ૨

## પ્રથમ થોય જોડો.

પરમ સુખ વિલાસી, શુદ્ધ ચિદ્રૂપભાસી;
સહજ રુચિ વિકાસી, મોક્ષ આવાસ વાસી;

મદ મદન નિવાસી, વિશ્વથી જે ઉદાસી;
ઋષભ જિન અનાસી, વંદીયે તે નિરાસી. ૧
જિનવર હિતકારા, પ્રાપ્ત સંસાર પારા;
કૃત કપટ વિદારા, પૂર્ણ પુણ્ય પ્રચારા;
કલિમલ મલહારા, મર્દિતાનંગ ચારા;
દુઃખ વિપિન કુઠારા, પૂજીયે પ્રેમ ધારા. ૨
પ્રબલ નયન પ્રકાશા, શુદ્ધ નિક્ષેપ વાસા;
વિવિધ નયન વિલાસા, પૂર્ણ નાણાવભાસા;
પરિહરિત કદાસા, દત્ત દુર્વાદિ વાસા;
ભવિજન સુણી ખાસા, જૈનવાણી જયાસા. ૩
સકલ સુર વિશિષ્ટા, પાલિતાનેક શિષ્ટા;
ગરિમ ગુણ ગિરિષ્ટા, નાશિતાશેષરિષ્ટા;
જનમ મરણ નિષ્ટા, દાન લીલાપદિષ્ટા;
હરતુ સકલ દુષ્ટા, દેવી ચક્રા વરિષ્ટા. ૪

દ્વિતીય થોય જોડો.

વિમલાચલ તીરથ સુંદર, એકાશત અડ નામ સુહંકરં,
[૧]ઈતિ ઉપદ્રવ સંહરૂ, જસ નામે લહીએ સુખ વરૂ;
તસુ સિહરે શ્રીરિસહેસરૂ, મૂરતિ છે મહિમા સાયરૂ;

૧ સાત પ્રકારની ઈતિ ૧ અતિવૃષ્ટિ, ૨ અનાવૃષ્ટિ, ૩ ઉંદર, ૪ તીડ, ૫ પોપટ, ૬ સ્વચક્રભય ૭ પરચક્રભય.

જપતાં જસ નામ ગુણાસરૂ, પામીજે શિવસંપદતરૂ. ૧
આ ચઉવીશી જિનવરા, એક નેમિ વિના ત્રેવીશ વરા;
વિમલાચલ આવ્યા સાદરા, જસ સેવે સુર નર કિન્નરા;
વલી કોડાકોડી મુનીશ્વરા, અણુસણ કરી નિર્વૃત્તિધરા;
એ તીરથ ફરસો ભવિ નરા, ચૈત્રી પૂનમ દિન ગતડરા[1]. ૨
ઉપદેશી વાણી જિનેશ્વરે, તે શ્રુતિપથ આણી ગણધરે;
તે અંગાદિક રચના કરે, જિહાં જીવાદિક ભાંખ્યા વિવરે;
તે નિસુણી ભવિ ઉચ્છાહ ધરે, પુંડરિકાદિક તપ આદરે;
તે આગમ જગ દુરમતિ હરે,
શિવનારી મેલો દૃઢ કરે. ૩

વજ્રસેન સૂરીશ્વરની વાણી,
સાંભલીને મન મમતા નાણી;
પચ્ચખ્ખાણ કર્યું તિણ શુભ જાણી,
તેહથી થયો વ્યંતર સુર નાણી;
તેહ યક્ષ કદર્પી બહુમાણી,
મુજ દુઃખ દોહગ નાંખો તાણી;
શ્રી વિજયરાજ ગુરુ ગુણખાણી,
એમ દાન કહે સુણો ભવિ પ્રાણી. ૪

---

૧ ભય રહિત.

## શ્રી સિદ્ધગિરિનું સ્તવન.

( રાગ ગોડી, મન લાગ્યો—એ દેશી. )

ભાવ ભગતિ ભવિજન ધરી,
ભેટો એ ગિરિરાય રે; એ તીરથ વારૂ;
અતિશય ગુણ એ ગિરિ તણા,
એક મુખે ન કહેવાય રે; એ તીરથ વારૂ. ૧
જોયણ દશ જસ ચૂલિકા,
પચાસ જોયણ વિસ્તાર રે; એ૦
આઠ જોયણ ઉન્નતપણે,
એહ માન ઋષભને વારે રે. એ૦ ૨
ઇણ ઠામે આદિસરૂ, સાથે બહુ પરિવાર રે; એ૦
રાયણ [1]રૂખ સમોસર્યા, પૂર્વ નવાણું વાર રે. ૩
થાવચ્ચા સુત મુનિવરૂ,
તિમ શુકરાજ મુનીશ રે. એ૦
પંથગ શેલગ ઇણ ગિરિ,
આપ થયા જગદીશ રે. એ૦ ૪
શાંબ પ્રદ્યુમ્ન આદિ જિહાં,
અસંખ્યાત મુનિરાય રે; એ૦

---

૧ વૃક્ષ.

શાશ્વત સુખ પામ્યા સહી,
વંદુ તેહનાં પાય રે. એ૦ ૫
સીમંધર સ્વામી ઉપદિશે,
પરષદ બાર મઝાર રે. એ૦
ઇંદ્ર પ્રતે કહે ભરતમાં,
એક શત્રુંજય સાર રે. એ૦ ૬
ઇમ નિસુણી એ ગિરિ નમી,
આવ્યા કાલિકસૂરિ પાસ રે; એ૦
પૂછી વિચાર નિગોદના,
વાત કહી તવ ખાસ રે. એ૦ ૭
પ્રતિમા ચૈત્ય થયાં ઇહાં,
તિમ અસંખ્ય ઉદ્ધાર રે; એ૦
ચૈત્રી પૂનમ દિન એહનો,
મહિમા ભાંખ્યો અપાર રે. એ૦ ૮
ચૈત્રી ઉત્સવ જે કરે,
તે લહે ભવદુઃખ ભંગ રે; એ૦
શ્રી વિજયરાજસૂરીસરૂ,
દાન અધિક ઉછરંગ રે. એ૦ ૯

## તૃતીય ચૈત્યવંદન.

ચૈત્રી પૂનમને દિવસ, શત્રુંજય ભેટે;
ભક્તિ ધરે જે ભવ્યલોક, તે ભવ દુઃખ મેટે;
આદીશ્વર જિનની અમૂલ, પૂજા વિરચાવે;
ઇતિ ભીતિ સઘલી ટળે, સુખ સંપદ પાવે;
પરમાતમ પરકાશથી એ, પ્રગટે પરમાનંદ;
શ્રી વિજયરાજસૂરીશ્વરૂ, દાન અધિક આણંદ. ૩

પછી નમુત્થુણં૦ જયવીયરાય૦ સંપૂર્ણ કહી દેવવંદન ભાષ્ય (પાના ૨૩૪ થી) કહીને અને વિધિ પૂર્વે લખ્યો છે, તેથી પાંચ ગુણણું કરીએ.

卐 મુનિરાજ શ્રીદાનવિજયજી વિરચિત ચૈત્રીપૂનમના દેવવંદન સમાપ્ત. 卐

卐

# ચૈત્યવંદન ભાષ્ય

વંદિત્તુ વંદણિજ્જે, સવ્વે ચિઇવંદણાઇ સુવિયારં; બહુ વિત્તિભાસચૂણ્ણી-સુયાણુસારેણ વુચ્છામિ. ૧ દહતિગ અહિગમપણગં, દુદિસિ તિહુગ્ગહ તિહાઉ વંદણયા; પણિવાય નમુક્કારા, વણ્ણા સોલસય સીયાલા. ૨ ઇગસિઇસયં તુ પયા, સગનઉઇ સંપયા ઉ પણ દંડા; બાર અહિગાર ચઉવં-દણિજ્જ સરણિજ્જ ચઉહ જિણા. ૩ ચઉરો થુઇ નિમિત્તટ્ઠ-બારહ હેઉ અ સોલ આગારા; ગુણવીસ દોસ ઉસ્સગ્ગ-માણ થુત્તં ચ સગ વેલા. ૪ દસ આસાયણચાઓ, સવ્વે ચિઇવંદણાઇ ઠાણાઇં; ચઉવીસ દુવારેહિં, દુસહસ્સા હુંતિ ચઉ સયરા. ૫ તિન્નિ નિસીહી તિન્નિઉ, પયાહિણા તિન્નિ ચેવ ય પણામા; તિવિહા પૂયા ય તહા, અવત્થતિય ભાવણં ચેવ. ૬ તિદિસિ નિરિક્ખણ વિરઈ, પયભૂમિ પમજ્જણં ચ તિક્ખુત્તો; વન્નાઇતિયં મુદ્દા-તિયં ચ તિવિહં ચ પણિહાણં. ૭ ઘર જિણહર જિણપૂઆ-વાવારચ્ચાયઓ નિસીહિતિગં; અગ્ગદારે મજ્ઝે, તઇયા ચિઇવંદણાસમએ. ૮ અંજલિબદ્ધો અદ્ધો,-ણઓ અ પંચંગઓ અ તિપણામા; સવ્વત્થ વા તિવારં, સિરાઇનમણે પણામતિયં. ૯ અંગગ્ગ ભાવ ભેયા, પુપ્ફાહાર

થુઇહિં પૂયતિગં; પંચોવયારા અટ્ઠો,—વયાર સવ્વોવયા-
રા વા. ૧૦ ભાવિજ્જ અવત્થતિયં, પિંડત્થ પયત્થ રૂવ-
રહિઅત્તં; છઉમત્થ કેવલિત્તં, સિધ્ધત્તં ચેવ તસ્સત્થો.
૧૧ ન્હવણચ્ચગેહિં છઉમત્થ. વત્થપડિહારગેહિં કેવલિ-
યં; પલિયંકુસ્સગ્ગેહિ ય, જિણસ્સ ભાવિજ્જ સિદ્ધત્તં.
૧૨ ઉડ્ઢાહો તિરિઆણં, તિદિસાણ નિરિક્ખણં ચ-
ઇજ્જહવા; પચ્છિમ દાહિણ વામણ, જિણમુહન્નત્થ
દિટ્ઠિજુઓ. ૧૩ વન્નતિયં વન્નત્થા—લંબણમાલંબ-
ણંતુ પડિમાઇ; જોગ જિણમુત્તાસુત્તી—મુદ્દાભેએણ મુદ્દ-
તિયં. ૧૪ અન્નુન્નંતરિ અંગુલિ—કોસાગારેહિ દોહિં
હત્થેહિં; પિટ્ટોવરિ કુપ્પરિસં—ઠિએહિં તહ જોગમુદ્દત્તિ.
૧૫ ચત્તારિ અંગુલાઇં, પુરઓ ઉણાઇં જત્થ પચ્છિમ-
ઓ; પાયાણં ઉસ્સગ્ગો, એસા પુણ હોઇ જિણમુદ્દા.
૧૬ મુત્તાસુત્તી મુદ્દા, જત્થ સમા દોવિ ગબ્ભિઆ હત્થા;
તે પુણ નિલાડદેસે, લગ્ગા અન્ને અલગ્ગત્તિ. ૧૭
પંચંગો પણિવાઓ, થયપાઢો હોઇ જોગમુદ્દાએ; વંદણ
જિણમુદ્દાએ, પણિહાણં મુત્તસુત્તીએ. ૧૮ પણિહાણ-
તિગં ચેઇઅ—મુણિવંદણ પત્થણા સરૂવં વા; મણ વય
કાએગત્તં, સેસતિગત્થો ય પયડુત્તિ ૧૯ સચ્ચિત્ત
દવ્વમુજ્જણ,—મચિત્તમણુજ્જણ મણેગત્તં; ઇગસાડિ
ઉત્તરાસંગ, અંજલિ સિરસિ જિણદિટ્ઠે. ૨૦ ઇય પંચ-

વિહાભિગમો, અહવા મુચંચતિ રાયચિન્હાઈ; ખગ્ગં છત્તોવાણહ, મઉડં ચમરે અ પંચમએ. ૨૧ વંદંતિ જિણે દાહિણ,-દિસિટ્ઠિઆ પુરિસ વામદિસિ નારી; નવકર જહન્નુ સટ્ઠિ કર, જિટ્ઠ મજ્ઝુગ્ગહો સેસો. ૨૨ નમુક્કારેણ જહન્ના, ચિઇવંદણ મજ્ઝ દંડ થુઈ જુઅલા; પણદંડ થુઈ ચઉક્કગ, થયપણિહાણેહિં ઉક્કોસા. ૨૩ અન્ને બિંતિ ગેણં, સક્કત્થએણં જહન્ન વંદણયા; તદ્દુગતિગેણ મજ્ઝા, ઉક્કોસા ચઉહિં પંચહિં વા. ૨૪ પણિવાઓ પંચંગો, દો જાણુ કરદુગુત્તમંગં ચ; સુમહત્થ નમુક્કારા, ઈગ દુગ તિગ જાવ અટ્ઠસયં. ૨૫ અડસટ્ઠિ અટ્ઠવીસા, નવનઉય સયં ચ દુસયસગનઉઆ; દોગુણતીસ દુસટ્ઠા, દુસોલ અડનઉઅસય દુવન્નસયં. ૨૬ ઈઅ નવકાર ખમાસમણ, ઈરિય સક્કત્થઆઈ દંડેસુ; પણિહાણેસુ અ અદુરૂત્ત, વન્ના સોલસય સીયાલા. ૨૭ નવ બત્તીસ તિત્તીસા, તિચત્ત અડવીસ સોલ વીસ પયા; મંગલ ઈરિયા સક્કત્થ-યાઈસુ ઈગસીઈસયં. ૨૮ અટ્ઠટ્ઠ નવટ્ઠ ય અટ્ઠવીસ, સોલસ ય વીસ વીસામા; કમસો મંગલ ઈરિયા, સક્કત્થયાઈસુ સગનઉઈ. ૨૯ વન્નટ્ઠસટ્ઠિ નવ પય, નવકારે અટ્ઠ સંપયા તત્થ; સગ સંપય પય તુલ્લા, સત્તરક્ખર અટ્ઠમી દુપયા. ૩૦ પણિવાય અક્ખરાઈં, અટ્ઠાવીસં તહા ય ઈરિયાએ; નવન-

ઉયમક્ખરસયં, દુતીસપયસંપયા અટ્ઠ. ૩૧ દુગ દુગ ઇગ ચઉ ઇગ પણ, ઇગાર છગ ઇરિય સંપયાઇ પયા; ઇચ્છા ઇરિ ગમ પાણા, જે મે એગિંદિ અભિ તસ્સ. ૩૨ અબ્ભુવગમો નિમિત્તં, ઓહેયર હેઉ સંગહે પંચ; જીવ વિરાહણ પડિક્કમણ,–ભેયઓ તિન્નિ ચૂલાએ. ૩૩ દુતિ ચઉ પણ પણ પણ દુ ચઉ, તિપય સક્કત્થય સંપયાઇ પયાઃ નમુ આઇગ પુરિસો લોગુ, અભય ધમ્મપ્પ જિણ સવ્વં. ૩૪ થોઅવ્વ સંપયા ઓહ, ઇયરહેઊ-વઓગ તદ્ધેઊ; સવિસેસુવઓગ સરૂવહેઉ, નિયસમફલય મુકખે. ૩૫ દો સગનઉઆ વણ્ણા, નવ સંપય પય તિત્તીસ સક્કત્થએ; ચેઇયથયટ્ઠ સંપય, તિચત્ત પય વણ્ણ દુસય-ગુણતીસા. ૩૬ દુ છ સગ નવ તિય છ ચઉ, છપ્પય ચિઇસંપયા પયા પઢમા; અરિહં વંદણ સદ્ધા, અન્ન સુહુમ એવ જા તાવ. ૩૭ અબ્ભુવગમો નિમિત્તં, હેઉ ઇગ બહુવયંત આગારા; આગંતુગ આગારા, ઉસ્સ-ગ્ગાવહિ સરૂવટ્ઠ. ૩૮ નામથયાઇસુ સંપય, પયસમ અડવીસ સોલ વીસ કમા; અદુરૂત્ત વન્ન દોસટ્ઠ, દુસ-યસોલટ્ઠનઉઅ સયં. ૩૯ પણિહાણિ દુવન્નસયં, કમેણ સગ તિ ચઉવીસ તિત્તીસા; ગુણતીસ અટ્ઠવીસા, ચઉતી-સિગતીસ બાર ગુરુ વણ્ણા. ૪૦ પણ દંડા સક્કત્થય, ચેઇઅ નામ સુઅ સિદ્ધત્થય ઇત્થ; દો ઇગ દો દો પંચ ય, અહિગારા બારસ કમેણ. ૪૧ નમુ જેયઅ અરિહં,

લોગ સવ્વ પુક્ખ તમ સિદ્ધ જો દેવા; ઉજ્જિં ચત્તા વેયાવચ્ચગ, અહિગાર પઢમપયા. ૪૨ પઢમઅહિગારે વંદે, ભાવજિણે બીયઅંમિ દવ્વજિણે; ઇગચેઇયઠવણ-જિણે, તઇય ચઉત્થંમિ નામજિણે. ૪૩ તિહુઅણ ઠવ-ણજિણે પુણ, પંચમએ વિહરમાણજિણ છટ્ઠે; સત્તમએ સુયનાણં, અટ્ઠમએ સવ્વસિદ્ધથુઈ. ૪૪ તિત્થાહિવ વીર થુઇ, નવમે દસમે ય ઉજ્જયંત થુઇ; અટ્ઠાવયાઈ ઇગદિ-સિ, સુદિટ્ઠિ સુરસમરણા ચરિમે. ૪૫ નવ અહિગારા ઇહ લલિ-અવિત્થરા વિત્તિઆઇ અણુસારા; તિન્નિ સુયપરંપરયા, બીયઓ દસમો ઇગારસમો. ૪૬ આવ-સ્સયચુણ્ણીએ, જં ભણિયં સેસયા જહિચ્છાએ; તેણં ઉજ્જિંતાઇ વિ, અહિગારા સુયમયા ચેવ. ૪૭ બીઓ સુઅત્થયાઈ, અત્થઓ વન્નિઓ તહિં ચેવ; સક્કત્થયંતે પઢિઓ, દવ્વારિહવસરિ પયડત્થો. ૪૮ અસઢાઇન્નણવ-જ્જં, ગીઅત્થ અવારિયંતિ મજઝત્થા; આયરણાવિ હુ આણ-ત્તિ, વયણઓ સુબહુ મન્નંતિ ૪૯ ચઉવંદણિ-જ્જ જિણ મુણિ, સુય સિદ્ધા ઇહ સુરા ય સરણિજ્જા; ચઉહ જિણા નામ ઠવણ, દવ્વ ભાવ જિણ ભેએણં. ૫૦ નામજિણા જિણનામા, ઠવણજિણા પુણ જિણંદ પડિમાઓ; દવ્વજિણા જિણજીવા, ભાવજિણા સમવ-સરણત્થા. ૫૧ અહિગયજિણ પઢમ થુઈ, બીયા સવ્વાણ તઇઅ નાણસ્સ; વેયાવચ્ચગરાણં, ઉવઓગત્થં ચઉત્થ-

થુઈ. ૫૨ પાવખવણત્થ ઇરિયાઈ, વંદણવત્તિઆઈ છ નિમિત્તા; પવયણ સુર સરણત્થં, ઉસ્સગ્ગો ઇઅ નિમિત્તટ્ઠ. ૫૩ ચઉ તસ્સ ઉત્તરીકરણ–પમુહ સદ્ધાઇયા ય પણ હેઊ; વેયાવચ્ચગરતાઇં, તિન્નિ ઇઅ હેઊ બારસગં. ૫૪ અન્નત્થયાઇ બારસ, આગારા એવમાઇયા ચઉરો; અગણી પણિંદિ છિંદણ, બોહી ખોભાઈ ડક્કો ય. ૫૫ ઘોડગ લય ખંભાઈ, માલુદ્ધિ નિઅલ સબરિ ખલિણ વહુ; લંબુત્તર થણ સંજઈ, ભમુહંગુલિ વાયસ કવિટ્ઠો. ૫૬ સિરકંપ મૂઅ વારુણિ, પેહત્તિ ચઈજ્જ દોસ ઉસ્સગ્ગે, લંબુત્તરથણ સંજઇ, ન દોસ સમણીણ સવહુસટ્ઢીણં.૫૭ ઈરિઉસ્સગ્ગ પમાણં, પણવીસુસ્સાસ અટ્ઠ સેસેસુ; ગંભીર મહુરસદ્દં, મહત્થજુત્તં હવઇ થુત્તં. ૫૮ પડિક્કમણે ચેઇય જિમણ, ચરમ પડિક્કમણ સુઅણ પડિબોહે; ચિઈવંદણ ઇઅ જઇણો, સત્ત ઉ વેલા અહોરત્તે. ૫૯ પડિક્કમઓ ગિહિણોવિ હુ, સગવેલા પંચવેલ ઇયરસ્સ; પૂઆસુ તિસંઝાસુ અ, હોઈ તિવેલા જહન્નેણં. ૬૦ તંબોલ પાણ ભોઅણ–વાણહ મેહુન્ન સુઅણ નિટ્ઠવણં; મુત્તુચ્ચારં જુઅં, વજ્જે જિણનાહજગઈએ ૬૧ ઇરિ નમુક્કાર નમુત્થુણ, અરિહંત થુઈ લોગ સવ્વ થુઈ પુક્ખ; થુઈ સિદ્ધા વેઆ થુઇ, નમુત્થુ જાવંતિ થય જયવી. ૬૨ સવ્વોવાહિ વિસુદ્ધં, એવં જો વંદએ સયા દેવે; દેવિંદવિંદ મહિઅં, પરમપયં પાવઈ લહુસો. ૬૩. ચૈત્યવંદન ભાષ્ય સમાપ્ત.

# દિવાળીના દેવવંદનના કર્તા

# શ્રીજ્ઞાનવિમલસૂરિ.

આ સૂરિનો જન્મ સં. ૧૬૯૪ માં ભિન્નમાલ શહેરમાં થયો હતો. તેમનું મૂળ નામ **નાથુમલ્લ** હતું. તેમના પિતા **વાસવ** શેઠ અને માતાનું નામ **કનકાવતી** હતું. તેમની વીશા ઓશવાળ જ્ઞાતિ હતી. તેમણે સં. ૧૭૦૨ માં આઠ વર્ષની ઉંમરે ધીરવિમલ પાસે દીક્ષા લીધી. **નયવિમલ** નામ પાડયું. તેમણે અમૃતવિમલગણી તથા મેરૂવિમલગણી પાસે અભ્યાસ કર્યો. તેમને સં. ૧૭૨૭ ના મહા સુદી ૧૦ મે તપાગચ્છાધિપતિ આચાર્ય વિજયપ્રભસૂરિએ સાદડી પાસે ધાણેરાવ ગામમાં પંડિત (પન્યાસ) પદ આપ્યું. તેમના ગુરૂ ધીરવિમલગણી સં. ૧૭૩૯ માં સ્વર્ગવાસી થયા છે.

આચાર્ય વિજયપ્રભસૂરિની આજ્ઞાથી મહિમાસાગરસૂરિએ પાટણ પાસે આવેલા સંડેસર ( સંડેર ) માં સં. ૧૭૪૪ ના ફાગણ સુદી પાંચમને ગુરૂવારે આચાર્ય પદવી આપી. તેમનું **જ્ઞાનવિમલસૂરિ** નામ રાખ્યું. તે વખતે શેઠ નાગજી પારેખે આચાર્યપદનો મહોત્સવ કર્યો હતો.

તેમનો બિહાર ઘણા ભાગે સુરત, અમદાવાદ, પાટણ, સાદડી, રાધનપુર, ખંભાત, ધાણેરાવ, શિરોહી, પાલીતાણા, જુનાગઢ વગેરે સ્થળોમાં થયો છે. તેમના ઉપદેશથી સુરતના શેઠ પ્રેમજી પારેખે સં. ૧૭૭૭ માં શ્રી સિદ્ધાચળનો સંઘ કાઢયો હતો. તે સંઘનું વર્ણન કવિ દીપસાગરગણીના શિષ્ય સુખસાગર કવિએ પોતાના પ્રેમવિલાસ નામના રાસમાં કર્યું છે. પાલીતાણામાં તેમના હાથે જિનપ્રતિમાની સત્તર વાર પ્રતિષ્ઠા થઈ છે. તેમણે છેલ્લું ચોમાસું ખંભાતમાં સં. ૧૭૮૨ માં કર્યું. ત્યાં આસો વદમાં ૮૯ વર્ષની ઉંમરે તેઓ

સ્વર્ગવાસી થયા ત્યાં શ્રાવકોએ તેમના પગલા યુક્ત દેરી ખંભાતમાં સક્કરપરામાં કરાવી જે આજે વિદ્યમાન છે.

તેઓશ્રીએ ઘણાં ગ્રંથો રચ્યા છે. ૧ નરભવ દૃષ્ટાંતમાળા, ૨ પાક્ષિક વિધિ પ્રકરણ, ૩ સાધુ વંદન રાસ તથા ૪ ઉપાસક દશાંગ ટબાર્થ વગેરે ૧૩ ગ્રંથો નયવિમલગણીની અવસ્થામાં રચ્યા છે. તથા ૭૫૦૦ શ્લોક પ્રમાણ પ્રશ્ન વ્યાકરણ વૃત્તિ, તથા સંસારદાવાવૃત્તિ વગેરે ૧૫ ગ્રંથો આચાર્યપણામાં બનાવ્યા છે. તે સિવાય અનેક સ્તવનો, સજઝાયો, થોયો વગેરે બનાવ્યા છે. આ પ્રમાણે ગુજરાતી પદ્ય સાહિત્યમાં તેમણે મોટો ફાળો આપ્યો છે. તેમનું વિશેષ ચરિત્ર જાણવા ઈચ્છનારે વીજાપુરનો ઇતિહાસ તથા પં૦ મુકિતવિમલગણી સંગૃહિત પ્રાચીન સ્તવન સંગ્રહ જોવા.

---

## દીવાલી પર્વની કથા.

ઉજ્જયિની નામની મોટી નગરી હતી. તેમાં સંપ્રતિ નામે રાજા રાજ્ય કરતા હતા. તે નગરીમાં જીવતસ્વામીની પ્રતિમાને વંદન કરવા માટે આર્યસુહસ્તી નામના આચાર્ય આવ્યા હતા. એક વખતે રથયાત્રાનો વરઘોડો નીકળ્યો. તે વરઘોડામાં- આર્ય સુહસ્તિસૂરિ સંઘ સાથે ચાલતા હતા. રાજા પોતના મહેલના ગોખમાંથી વરઘોડો જોઇ રહ્યો હતો. વરઘોડામાંઆર્ય સુહસ્તી સૂરિને જોઇને સંપ્રતિ રાજાને વિચાર થયો કે આવો વેશ મેં કોઇક સ્થળે જોયો છે. વિચારમાં તલ્લીન થતાં તેમને જાતિસ્મરણ જ્ઞાન થયું. પોતાનો પૂર્વ ભવ જોયો. તેથી આર્ય સુહસ્તી જે પોતાના પૂર્વ ભવના ગુરૂ હતા તેમને ઓળખ્યા.

ગુરૂને ઓળખીને સંપ્રતિ રાજા નીચે આવી ગુરૂને નમીને કહેવા લાગ્યા કે "મને ઓળખો છો ?" ગુરૂએ કહ્યું કે "દેશના રાજાને કોણ ન જાણે ?" રાજાએ કહ્યું કે 'હું જાણવાનું કહેતો નથી.' ગુરૂએ શ્રતના ઉપયોગથી જાણીને કહ્યું કે "તું મારો શિષ્ય હતો." રાજાએ પૂછ્યું કે "મને ચારિત્ર કેમ ફળદાયી થયું તે હું જાણતો નથી."

આચાર્યે કહ્યું કે "હે રાજન્! પૂર્વ ભવમાં તું ભિક્ષુ હતો. ભીખ માગવા છતાં તને કોઇ ખાવા આપતું નહોતું. એક વાર તું ઘણો ભૂખ્યો હતો પરંતુ તને કોઈ ખાવાનું આપતું નથી. એવામાં ગોચરી લેવા માટે નીકળેલા સાધુઓને તેં જોયા. તેઓને લોકો આદરથી બોલાવી લાડવા વગેરે આપે છે, તેથી તેં વિચાર કર્યો કે હું ઘેર ઘેર માગું છું છતાં કોઈ કાંઇ આપતું નથી અને આ સાધુઓને લોકો આદરપૂર્વક બોલાવીને આપે છે. આ સાધુઓને ઘણા લાડવા મળે છે, માટે હું તેમની પાસે માગું. એમ વિચારી અમારા ઉપાશ્રયે આવીને તેં લાડવા માગ્યા. અમે તને કહ્યું કે અમારા જેવો થાય તો ખાવાનું આપીએ. તેથી ખાવાની લાલચે તેં અમારી પાસે દીક્ષા લીધી. અમે તને લાડવા ખાવા આપ્યા. ઘણો ભૂખ્યો હોવાથી તેં હદ ઉપરાંત લાડવા ખાધા. તેથી રાત્રીએ વિષુચિકા (ઝાડા,ઉલટી) થઇ. સાધુઓ તથા શ્રાવકો તારી વેયાવચ્ચ કરવા લાગ્યા. તે વખતે તેં વિચાર કર્યો કે "મને કોઈ ખાવાનું પણ આપતું નહોતું, પરંતુ મેં આ વેશ ધારણ કર્યો તો સાધુઓ તથા શ્રાવકો મારી કેટલી વેયાવચ્ચ કરે છે. આ સાધુ વેશ ઘણો ઉત્તમ છે." આવા શુભ વિચારમાં તેજ

રાત્રીમાં મરણ પામી તું અહીં સંપ્રતિ રાજા થયો છે. આ પ્રમાણે તેં ચારિત્રના કારણભૂત સાધુ વેશની અનુમોદના કરી તેનું તને આ ફળ મળ્યું છે."

તે વખતે સંપ્રતિ રાજાએ ગુરૂને કહ્યું કે "આપની કૃપાથી મને રાજ્ય વગેરે ઋદ્ધિ મળી છે, માટે તમે તે રાજ્ય ગ્રહણ કરો." આચાર્ય મહારાજે કહ્યું કે "હે રાજા! અમને તો અમારા શરીર ઉપર પણ મમતા નથી તો રાજ્યને શું કરીએ. અમારે રાજ્યની ઇચ્છા નથી. એ રાજ્ય તો તમને તમારા પુણ્યથી મળ્યું છે. પરંતુ હવે ફરીથી પણ તમે સમકિત ધારણ કરો. અને જૈન શાસનની પ્રભાવના કરી ધર્મને દીપાવો. સદ્‌ગુરૂની પાસે ધર્મ સાંભળો. દાન શીલ તપ અને ભાવ રૂપ ચાર પ્રકારનો ધર્મ કરો. વળી પર્વ દિવસે તો ધર્મકરણી વિશેષતાથી કરો."

ઉપર પ્રમાણેનાં ગુરૂનાં વચન સાંભળી સંપ્રતિ રાજાએ ગુરૂને પૂછયું કે "પર્યુષણાદિક પર્વ તો જિન આગમમાં પ્રસિદ્ધ છે. પરંતુ દિવાલી પર્વ શાથી થયું? તે દિવસે લોકો નવાં વસ્ત્રો તથા ઘરેણાંદિક શા માટે પહેરે છે તથા દીવાઓ શા માટે કરે છે તેનું સ્વરૂપ જણાવો."

તે વખતે આર્યસુહસ્તીસૂરિએ સંપ્રતિ રાજાને દિવાળી પર્વની કથા આ પ્રમાણે કહી:—

"ભરત ક્ષેત્રમાં ક્ષત્રિયકુંડ નગરમાં સિદ્ધાર્થ રાજાની ત્રિસલા રાણીની કૂખમાં શ્રી વીર–વર્ધમાનસ્વામીને દેવે

લાવીને મૂક્યા તે વખતે રાણીએ ચૌદ મોટાં સ્વપ્ન જોયાં. ચૈત્ર સુદ તેરસે ભગવાન જન્મ્યા. ઇંદ્રો સહિત દેવોએ જન્મોત્સવ કર્યો. પ્રભુ જ્યારથી ગર્ભમાં ઉપન્યા ત્યારથી સિદ્ધાર્થ રાજાને ત્યાં ધન ધાન્યાદિકની વૃદ્ધિ થવાથી વર્ધમાન એવું તેમનું નામ પાડયું. પ્રભુએ ઘોર ઉપસર્ગો સહન કર્યા, તેથી દેવોએ મહાવીર એવું નામ પાડયું. અનુક્રમે યૌવન પામી જશોદા નામે રાજકન્યા પરણ્યા. સુદર્શના નામે એક પુત્રી તેમને થઈ. તેમને નંદિવર્ધન નામે મોટા ભાઈ હતા.

જ્યારે ભગવાન અઠ્ઠાવીસ વર્ષના થયા ત્યારે તેમના માત પિતા મરણ પામ્યા. ભગવાન ગર્ભમાં હતા ત્યારે તેમણે એવો અભિગ્રહ કર્યો હતો કે માતા પિતા જીવતા હશે ત્યાં સુધી ચારિત્ર લેશું નહિ. એ અભિગ્રહ પૂરો થવાથી મોટા ભાઈના આગ્રહથી બે વર્ષ ઘરવાસમાં રહ્યા. તે વખતે લોકાંતિક દેવોએ 'હે ભગવન્! ધર્મ તીર્થ પ્રવર્તાવો' એમ પ્રાર્થના કરી.

"પ્રભુએ સંવત્સરી દાન આપી કારતક વદ ૧૦ ને દિવસે દીક્ષા લીધી. તે વખતે તેમને ચોથું મનઃપર્યવ જ્ઞાન ઉપન્યું. દીક્ષા લીધા પછી સાડાબાર વર્ષ સુધી તપ કર્યું. તે દરમિઆન તેમણે અનેક ઘોર ઉપસર્ગો સહન કર્યા. ત્યાર પછી ઋજુવાલિકા નદીના તીરે શુકલ ધ્યાન ધ્યાવતાં તેમને કેવલ જ્ઞાન ઉપજ્યું. તે વૈશાખ સુદ દશમનો દિવસ હતો."

તે પ્રસંગે દેવોએ સમવસરણની રચના કરી. તે વખતે ઇંદ્રભૂતિ વગેરે અગિયાર ગણધરો થયા. ચતુર્વિધ સંઘની સ્થાપના કરી. ત્યાર પછી ત્રીસ વર્ષ સુધી કેવલીપણે વિચ-

રીને છેલ્લું ચોમાસું પાવાપુરીમાં હસ્તિપાલ રાજાની સભામાં કર્યું. ત્યાં પોતાનું અલ્પ આયુષ્ય જાણીને અંત કાલ વખતે પ્રભુએ સોલ પહોર સુધી દેશના દીધી.

તે વખતે પુણ્યપાલ નામે રાજા ત્યાં આવ્યો. તેણે પૂછ્યું કે "હે ભગવંત મેં આજે આઠ સ્વપ્ન જોયાં તે સ્વપ્નોનો અર્થ મને કહો." તે વખતે પ્રભુએ તે આઠ સ્વપ્નોનો ભાવાર્થ સમજાવ્યો. તેમાં આ પાંચમા આરામાં કેવી સ્થિતિ પ્રવર્તશે તેનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું.

તે વખતે ગૌતમ સ્વામીએ ભગવાનને પૂછ્યું કે આપના નિર્વાણ પછી શું થશે તે જણાવો. તે વખતે ભગવાને પોતાની પાટે સુધર્મા સ્વામી થશે. તે પછી જંબૂસ્વામી, તે પછી પ્રભવસ્વામી, તેમની પાટે સય્યંભવસૂરિ, તે પછી યશોભદ્રસૂરિ વગેરેથી માંડીને આર્યમહાગિરિજી સુધી પરંપરા જણાવી. બીજા પણ અનેક જાતના પાંચમા આરામાં બનનારા બનાવો તથા છેવટે કલંકીનું સ્વરૂપ વિસ્તારથી જણાવ્યું.

હવે પ્રભુએ પોતાનો મોક્ષ ગમન કાલ નજીક જાણીને તથા ગૌતમ સ્વામીનો પોતાના ઉપર ઘણો સ્નેહ છે એમ જાણીને પાસેના ગામમાં દેવશર્મા નામે બ્રાહ્મણ રહે છે તેને પ્રતિબોધ કરવાને ગૌતમસ્વામીને આજ્ઞા અપીને મોકલ્યા.

પ્રભુ શ્રી મહાવીર સ્વામી ૩૦ વર્ષ ગૃહસ્થાવાસમાં, સાડા બાર વર્ષ છદ્મસ્થપણામાં, ૩૦ વર્ષ કેવલી અવસ્થામાં એમ સર્વ મળીને કુલ બોંતેર વર્ષાધિક આયુષ્ય પૂરું કરીને

આસો વદ અમાવાસ્યાને દિવસે પલાંઠીવાળીને બેઠા. તે વખતે ત્યાં આવેલા શક્રેન્દ્રે કહ્યું કે "હે ભગવન્ ! આપના મરણ નક્ષત્ર ઉપર બે હજાર વર્ષની સ્થિતિનો ત્રીસમો ભસ્મગ્રહ આવશે. તે ઘણો ક્ષુદ્ર છે, માટે એક મુહૂર્ત માત્ર આયુ વધારો તો તમારા તીર્થની પૂજા પ્રભાવના સારી થશે, નહિ તો પાછળ શિષ્યાદિક ચતુર્વિધ સંઘને પીડા થશે, તે મારાથી પણ ટાળી શકાશે નહિ."

તે વખતે પ્રભુએ કહ્યું કે "હે ઇન્દ્ર ! આ વાત ત્રણ કાળમાં કદાપિ બને તેમ નથી. કારણ કે આયુષ્યમાં એક સમયનો વધારો કરવાને પણ કોઈ સમર્થ નથી. વળી ભાવી કાળમાં જે બનવાનું છે તે પણ બન્યા વિના રહેવાનું નથી."

ત્યાર પછી ૫૫ અધ્યયન પુણ્ય ફળ વિપાકનાં અને ૫૫ અધ્યયન પાપ ફળ વિપાકનાં કહ્યાં. ત્યાર પછી ત્રણ યોગોને રૂંધી ચૌદમા અયોગી ગુણઠાણે પાંચ હ્રસ્વાક્ષર કાલ રહીને સર્વ કર્મનો ક્ષય કરી પ્રભુ મોક્ષે ગયા.

આ આસો વદ અમાસની રાતનો કાળ હતો.

તે દિવસે નવ મલ્લકી જાતિના રાજા તથા નવ લેચ્છકી જાતિના રાજાઓ તથા કાશી કોશલના અધિપતિ પ્રભુને વાંદવા આવ્યા હતા. તે પોસહ ઉપવાસ કરીને રહ્યા હતા. તેમણે ભગવંતનું નિર્વાણ સાંભળ્યું. તેથી જાણ્યું કે ભાવ ઉદ્યોત તો ગયો પણ દીપકનો દ્રવ્ય ઉદ્યોત કરો. એમ વિચારી દીવા કર્યા. વળી ભગવાનનો નિર્વાણ મહોત્સવ કરવા માટે આકાશ માર્ગે જતા આવતા દેવ દેવીઓની જ્યોતિને

લીધે તે રાત્રી ઉદ્યોતવાળી થઇ. તેમ જ 'મેરઈયાં મેરઇયાં' એવો દેવોના મુખથી કોલાહલ થયો. તેથી લોકોમાં દીવાના મેરઇયા કરવાની પ્રથા શરૂ થઇ.

હવે શ્રી ગૌતમ સ્વામી દેવોના મુખથી ભગવંતનું નિર્વાણ જાણીને વિચારવા લાગ્યા કે "હે પ્રભુ! મને અંતકાલે વેગળો કાઢયો! હું તમારો ભક્ત તેને જ તમોએ દૂર કાઢયો. હું તમારા મોક્ષમાં ભાગ તો પડાવવાનો નહોતો. વીર વીર એ પ્રમાણે બોલતાં બોલતાં વિચાર આવ્યો કે પ્રભુ તો વીતરાગ હતા અને હું તો રાગવાળો છું. વીતરાગને સ્નેહ ક્યાંથી હોય? મારી જ મોટી ભૂલ હતી કે અત્યાર સુધી હું સમજ્યો નહિ. એ પ્રમાણે એકત્વ ભાવનામાં આગળ વધતાં ક્ષપક શ્રેણિમાં ચઢી કેવલજ્ઞાન પામ્યા. આ કારતક સુદ ૧ ની પ્રાતઃકાલનો સમય હતો.

આ પ્રમાણે પ્રભુ શ્રી મહાવીર સ્વામીના મોક્ષ કલ્યાણક નિમિત્તે આસો વદ અમાસના દિવસે દીપાલિકા–દીવાળીનું પર્વ લોકોમાં શરૂ થયું. વળી દેવોએ તે વખતે ભગવાનનો નિર્વાણ મહોત્સવ કર્યો. તથા સુદ પડવાને દિવસે ગૌતમ સ્વામીનો કેવલ મહોત્સવ કર્યો. તેથી લોકોમાં આ દીવાળી પર્વ શરૂ થયું.

પ્રભુનું નિર્વાણ સાંભળીને ભગવંતના ભાઇ નંદિવર્ધન રાજાએ શોકાકુલ થઇને પડવાને દિવસે ઉપવાસ કર્યો. સુદર્શના બ્હેને કારતક સુદ બીજને દિવસે નંદિવર્ધનને

પોતાને ઘેર જમાડીને શોક દૂર કરાવ્યો. તે દિવસથી લોકોમાં ભાઈ બીજની પ્રવૃત્તિ શરૂ થઈ.

આ પર્વમાં આસો વદ ચૌદશ તથા અમાવાસ્યાને દિવસે છઠ્ઠ કરીને અષ્ટપ્રકારી પૂજા કરીએ. પચાસ હજાર ફૂલથી શ્રુતજ્ઞાનની પૂજા કરીએ. ગૌતમ સ્વામીને સુવર્ણકમલમાં સ્થાપીને ધ્યાન કરીએ. ચોવીશ જિનનાં પટ આગળ પ્રત્યેક જિન આશ્રયી પચાસ હજાર અક્ષત એટલે કુલ બાર લાખ અક્ષત મૂકી તેની ઉપર, દીવો મૂકી શ્રી ગૌતમ સ્વામીનું આરાધન કરવું. આ આરાધનાથી સર્વોત્કૃષ્ટ સંપત્તિ તથા પરંપરાએ પરમ પદ–મોક્ષ મળે છે.

તથા અમાવાસ્યાને દિવસે ઉજમણું કરે, નંદીશ્વર તપ માંડે. તે દિવસે નંદીશ્વર પટની પૂજા પૂર્વક ઉપવાસ કરવો. એમ સાત વર્ષ સુધી દરેક અમાવાસ્યાએ ઉપવાસ કરવો. સાત વર્ષ પૂરાં થાય ત્યારે મહાવીર સ્વામીના નિર્વાણ કલ્યાણકની અમાવાસ્યાએ ઉજમણું કરવું. નંદીશ્વર દ્વીપના પટ આગળ બાવન પ્રકારનાં પકવાન શ્રીફળ, નારંગી વગેરે બાવન બાવન મૂકવા.

વળી એ દીવાલી પર્વને દિવસે અક્ષતનો સાથીયો કરી પવિત્ર થઈ શ્રી ગૌતમ સ્વામીનો "ૐ હ્રીં શ્રી ગૌતમાય નમઃ" એ મંત્રનો સાડી બાર હજાર વખત તથા "ૐ હ્રીં શ્રી ગૌતમ સુવર્ણલબ્ધિનિધાનાય નમઃ" એનો સાડી બારસે વખત જાપ કરવો.

આ દીવાલી પર્વ અન્ય સર્વ પર્વોમાં મોટું છે, કારણ કે તે શાસન નાયક શ્રીવીર ભગવાનનો મોક્ષકલ્યાણકનો દિવસ છે. તે મહા પ્રભાવક છે. વળી શ્રી ગૌતમસ્વામી કેવલજ્ઞાન પામ્યાને દિવસે ઘણા રાજાઓએ દીપોત્સવ કર્યો છે. તેથી આ દીવાલી પર્વ શરૂ થયું છે."

ગુરૂના મુખમાંથી દીવાલી પર્વની હકીકત જાણીને સંપ્રતિ રાજા પણ દીવાલી પર્વનું આરાધન કરવા લાગ્યા. તેમજ સર્વ લોકો પણ એ પર્વ કરવા લાગ્યા. મિથ્યાત્વીઓને એ પર્વ કર્મબંધના કારણ રૂપ અને સમકિતી જીવોને કર્મની નિર્જરાનું કારણ થયું. એ પ્રમાણે ટુંકાણમાં દીવાળી પર્વની કથા જાણવી.

## દિવાલી પર્વ કથા સમાપ્ત.

### દીવાળીનું ગરણું.

૧ શ્રી મહાવીરસ્વામી સર્વજ્ઞાય નમઃ

૨ શ્રી મહાવીરસ્વામી પારગતાય નમઃ

૩ શ્રી ગૌતમસ્વામી સર્વજ્ઞાય નમઃ

દરેક પદની વીશ વીશ (૨૦) નવકારવાળી ગણવી.

## શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત

# દિવાલીનાં દેવવંદન.

સ્થાપનાચાર્ય આગળ અથવા નવકાર પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી૦ અન્નત્થ૦ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દઈ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### પ્રથમ ચૈત્યવંદન.

વીર જિનવર, વીર જિનવર, ચરમ ચોમાસ,
નયરી અપાપાયે આવીયા;
હસ્તિપાલ રાજન સભાયે,
કાર્તિક અમાવાસ્યા રયણીયે,
મુહૂર્ત શેષ નિર્વાણ તાંહિ;
સોલ પહોર દેઈ દેશના, પહોત્યા મુક્તિ મોઝાર;
નિત્ય દિવાલી નય કહે, મલિયા નૃપતિ અઢાર. ૧

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી આભવમખંડા સુધી અર્ધા જયવીયરાય કહેવા.

પછી ખમાસમણુ દેઇને ઇચ્છાકારેણુ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં? ઇચ્છં કહી બીજું ચૈત્યવંદન કહેવું; તે આ પ્રમાણે—

## દ્વિતીય ચૈત્યવંદન.

દેવ મલિયા દેવ મલિયા, કરે ઉત્સવ રંગ,
મેરઈયાં હાથે ગ્રહી;
દ્રવ્ય તેજ ઉદ્યોત કીધો, ભાવ ઉદ્યોત જિનેંદ્રને;
ઠામ ઠામ એહ ઓચ્છવ પ્રસિદ્ધો;
લખ કોડી છટ્ઠ ફલ કરી, કરો એહ;
કવિ નયવિમલ કહે ઈશ્યું, ધન ધન દહાડો તેહ. ૨

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી અરિહંત ચેઈયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી પ્રથમ થોય કહેવી. પછી લોગસ્સ૦ સ૦વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ કરેમિ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોઽર્હત્૦ કહી ચોથી થોય કહેવી. તે ચાર થોયો આ પ્રમાણે—

## પ્રથમ વીરસ્તુતિ.

મનોહર મૂર્તિ મહાવીર તણી,
જિણે સોલ પહોર દેશના પભણી;

નવ મલ્લી નવ લચ્છી નૃપતિ સુણી,
કહી શિવ પામ્યા ત્રિભુવન ધણી. ૧

શિવ પહોંત્યા ઋષભ ચઉદશ ભકતે,
બાવીશ લહ્યા શિવ માસ થિતે;
છટ્ઠે શિવ પામ્યા વીર વલી,
કાતિ વદી અમાવાસ્યા નિરમલી. ૨

આગામી ભાવી ભાવ કહ્યા,
દિવાલી કલ્પે જેહ લહ્યા;
પુણ્ય પાપ ફલ અજ્ઝયણે કહ્યાં,
સવિ તહત્તિ કરીને સદ્દહ્યાં. ૩

સવિ દેવ મલી ઉદ્યોત કરે,
પરભાતે ગૌતમ જ્ઞાન વરે;
જ્ઞાનવિમલ સદા ગુણ વિસ્તરે,
જિન શાસનમાં જયકાર કરે. ૪

પછી બેસી નમુત્થુણં૦ કહી અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોર્હત્૦ કહી બીજા જોડાની પ્રથમ થોય કહેવી. ત્યાર પછી લોગસ્સ૦ સવ્વલોએ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજા જોડાની બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો

કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં૦ વેયાવચ્ચ૦ તસ્સ ઉતરી૦ અન્નત્થ૦ કહી પારી નમોર્હત્૦ કહી ચોથી થોય કહેવી. એ રીતે પૂર્વની પેઠે ચારે થોય કહેવી.

## અથ દ્વિતીય વીરસ્તુતિ.

જય જય ભવિ હિતકર, વીર જિનેશ્વર દેવ;
સુર નરના નાયક જેહની સારે સેવ;
કરૂણા રસ કંદો, વંદો આણંદ આણી;
ત્રિસલા સુત સુંદર, ગુણમણિ કેરો ખાણી. ૧
જસ પંચ કલ્યાણ, દિવસ વિશેષ સુહાવે;
[1]પણ થાવર નારક, તેહને પણ સુખ થાવે;
તે ચ્યવન જનમ વ્રત, નાણ અને નિર્વાણ;
સવિ જિનવર કેરાં, એ પાંચે અહિઠાણ. ૨
જિહાં પાંચ સમિતિ યુત, પંચ મહાવ્રત સાર;
જેહમાં પરકાશ્યા, વલિ પાંચે વ્યવહાર;
પરમેષ્ઠિ અરિહંત, નાથ સર્વજ્ઞને પાર;
એહ પંચ પદે લહ્યો, આગમ અર્થ ઉદાર. ૩
માતંગ સિદ્ધાઈ, દેવી જિનપદ સેવી;
દુઃખ દુરિત ઉપદ્રવ, જે ટાલે નિતમેવી;

૧ પાંચ

શાસન સુખદાયી, આઈ સુણો અરદાશ;
શ્રી જ્ઞાનવિમલ ગુણ, પૂરો વંછિત આશ. ૪

ઇતિ દ્વિતીય થુઈ જોડો.

બેસી નમુત્થુણં૦ જાવંતિ ચેઈઆઇં૦ ખમાસમણ૦ જાવંત કેવિ સાહૂ૦ નમોઽર્હત્૦ કહી સ્તવન કહેવું. તે સ્તવન આ પ્રમાણે—

## શ્રી મહાવીરજિન સ્તવન.

(આજ સખી સંખેશ્વરો—એ દેશી.)

શ્રી મહાવીર મનોહરૂ, પ્રણમું શિર નામી;
કંથ જસોદા નારીનો, શિવગતિ ગામી. ૧
ભગિની જાસ સુદંસણા, નંદીવર્ધન ભાઈ;
હરિ લંછન હેજાલુઓ, સહુકોને સુખદાયી. ૨
સિદ્ધાર્થ ભૂપતિ તણો, સુત સુંદર સોહે;
નંદન ત્રિશલા દેવીનો, ત્રિભુવન મન માહે. ૩
એક શત દશ અધ્યયન જે, પ્રભુ આપ પ્રકાશે;
પુણ્ય પાપ ફલ કેરડાં, સુણે ભવિક ઉલ્લાસે. ૪
ઉત્તરાધ્યયન છત્રીશ જે, કહે અર્થ ઉદાર;
સોલ પહોર દિયે દેશના, કરે ભવિક ઉપગાર. ૫
સર્વાર્થસિદ્ધ મુહૂર્તમાં, પાછલી જે રયણી;
યોગનિરોધ કરે તિહાં, શિવની નીસરણી. ૬

[૧]ઉત્તરાફાલ્ગુનની ચંદ્રમા, જોગે શુભ આવે;
અજરામરપદ પામીયા, જયજય રવ થાવે. ૭
ચોસઠ સુરવર આવીયા, જિન અંગ પખાલી;
કલ્યાણક વિધિ સાચવી, પ્રગટી દિવાલી. ૮
લાખ કોડી ફલ પામીયે, જિન ધ્યાને રહીયે;
ધીરવિમલ કવિરાજનો, જ્ઞાનવિમલ કહીયે. ૯

ઈતિ વીરજિન સ્તવન.

પછી અર્ધા જયવીયરાય કહેવા.

પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી ત્રીજું ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે—

## તૃતીય ચૈત્યવંદન.

શ્રી સિદ્ધાર્થ નૃપ કુલ તિલો, ત્રિશલા જસ માત;
હરિ લંછન તનુ સાત હાથ, મહિમા વિખ્યાત;
ત્રીશ વરસ ગૃહવાસ છંડી, લીયે સંયમ ભાર;
બાર વરસ છદ્મસ્થ માન, લહી કેવલ સાર;
ત્રીસ વરસ એમ સવિ મલી એ, બહોંતેર આયુ પ્રમાણ;
દિવાલી દિન શિવ ગયા, કહે નય તેહ ગુણખાણ. ૩

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ કહી આખા જયવીરાય૦ કહેવા.

---

૧ વીર પ્રભુ સ્વાતી નક્ષત્રમાં મોક્ષે ગયા છે.

## ઇતિ પ્રથમ જોડો.

---

## બીજો જોડો.

આ બીજા જોડામાં પણ પ્રથમ ઇચ્છાકારેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં કહી પ્રથમ ચૈત્યવંદન કહેવું વગેરે પ્રથમના જોડાની પેઠે સર્વ વિધિ કરવી.

### પ્રથમ ચૈત્યવંદન.

નમો ગણધર નમો ગણધર, લબ્ધિભંડાર;
ઇંદ્રભૂતિ મહિમા નિલો, વડ વજીર મહાવીર કેરો;
ગોતમ ગોત્રે ઉપન્યો, ગણિ અગ્યાર માંહે વડેરો;
કેવલજ્ઞાન લહ્યું જિણે, દિવાલી પરભાત;
જ્ઞાનવિમલ કહે જેહનાં, નામ થકી સુખ શાત. ૧

### દ્વિતીય ચૈત્યવંદન.

ઇંદ્રભૂતિ પહિલો ભણું, ગૌતમ જસ નામ;
ગોબર ગામે ઊપન્યા, વિદ્યાનાં ધામ;
પંચ સયા પરિવારશું, લેઈ સંયમ ભાર;
વરસ પચાસ ગૃહે વસ્યા, વ્રતે વર્ષજ ત્રીસ;
બાર વરસ કેવલ વર્યા એ, બાણું વરસ સવિ આય;
નય કહે ગૌતમ નામથી, નિત્ય નિત્ય નવનિધ થાય. ૩

## પ્રથમ થોય જોડો.

ઇંદ્રભૂતિ અનુપમ ગુણ ભર્યા,
જે ગૌતમ ગોત્રે અલંકર્યા;
પંચ શત છાત્રશું પરિવર્યા,
વીર ચરણ લહી ભવજલ તર્યા. ૧
ચઉ અઠ દશ દોય જિનને સ્તવે,
દક્ષિણ પશ્ચિમ ઉત્તર પૂરવે;
સંભવ આદિ અષ્ટાપદ ગિરિયે વલી,
જે ગૌતમ વંદે લળી લળી. ૨
ત્રિપદી પામીને જેણે કરી,
દ્વાદશાંગી સકલ ગુણે ભરી;
દીયે દીક્ષા તે લહે કેવલસિરિ,
ગૌતમને રહું અનુસરી. ૩
જક્ષ માતંગ ને સિદ્ધાયિકા,
સૂરિ શાસનની પરભાવિકા;
શ્રી જ્ઞાનવિમલ દીપાલિકા,
કરો નિત્ય નિત્ય મંગલમાલિકા. ૪

ઇતિ સ્તુતિ.

## દ્વિતીય થુઈ જોડો.

શ્રી ઇંદ્રભૂતિં ગણવૃદ્ધિભૂતિં,
શ્રી વીરતીર્થાધિપમુખ્યશિષ્યમ્;
સુવર્ણકાંતિં કૃતકર્મશાંતિં,
નમામ્યહં ગૌતમગોત્રરત્નમ્. ૧

તીર્થંકરા ધર્મધુરાધુરીણા,
યે ભૂતભાવિપ્રતિવર્તમાનાઃ;
સત્પંચ કલ્યાણક વાસરસ્થા,
દિશંતુ તે મંગલમાલિકાં ચ. ૨

જિનેંદ્રવાક્યં પ્રથિતપ્રભાવં,
કર્માષ્ટકાનેકપ્રભેદસિંહમ્;
આરાધિતં શુદ્ધમુનીંદ્રવર્ગૈ-,
ર્જગત્યમેયં જયતાત્ નિતાંતમ્. ૩

સમ્યગ્દશાં વિઘ્નહરા ભવંતુ,
માતંગયક્ષાઃ સુરનાયકાશ્ચ;
દીપાલિકાપર્વણિ સુપ્રસન્નાઃ,
શ્રી જ્ઞાનસૂરિવરદાયકાશ્ચ. ૪

ઇતિ ગૌતમસ્વામી સ્તુતિઃ.

## અથ સ્તવન.

( તુંગીયા ગિરિ શિખર સોહે- એ દેશી. )

વીર મધુરી વાણી ભાંખે, જલધિ જલ ગંભીર રે;
ઈંદ્રભૂતિ ચિત્ત ભ્રાંતિ રજકણ,
હરણ પ્રવર સમીર રે. વીર૦ ૧
પંચ ભૂત થકી જ પ્રગટે, ચેતના વિજ્ઞાન રે;
તેહમાં લયલીન થાયે,
ન પરભવ સંજ્ઞાન રે. વીર૦ ૨
વેદ પદનો અર્થ એહવો, કરે મિથ્યારૂપ રે;
વિજ્ઞાનઘન પદ વેદ કેરાં,
તેહનું એહ સ્વરૂપ રે. વીર૦ ૩
ચેતના વિજ્ઞાનઘન છે, જ્ઞાન દર્શન ઉપયોગ રે;
પંચભૂતિક જ્ઞાનમય તે,
હોય વસ્તુ સંયોગ રે. વીર૦ ૪
જિહાં જેહવી વસ્તુ દેખિયે, હોય તેહવું જ્ઞાન રે;
પૂરવ જ્ઞાન વિપર્યયથી,
હોય ઉત્તમ જ્ઞાન રે. વીર૦ ૫
એહ અર્થ સમર્થ જાણી, મ ભણ પદ વિપરીત રે;
ઇણી પરે ભ્રાંતિ નિરાકરીને,
થયા શિષ્ય વિનીત રે. વીર૦ ૬

દીપાલિકા પ્રભાતે કેવલ, લહ્યું તે ગૌતમસ્વામિ રે;
અનુક્રમે શિખસુખ લહ્યા તેહને,
નય કરે પ્રણામ રે. વીર૦ ૭

## દ્વિતીય સ્તવન.

અલબેલાની દેશી.

દુઃખહરણી દીપાલિકા રે લાલ,
પરવ થયું જગમાંહિ, ભવિ પ્રાણી રે;
વીર નિર્વાણથી થાપના રે લાલ,
આજ લગે ઉચ્છાહિ. ભવિ૦ ૧

સમકિત દૃષ્ટિ સાંભલો રે લાલ—એ આંકણી.
સ્યાદ્વાદ ઘર ધોળીએરે લાલ,
દર્શનની કરી શુદ્ધિ; ભવિ૦
ચરિત્ર ચંદ્રોદય બાંધિયે રે લાલ,
ટાલો ( રજ ) દુઃકર્મ બુદ્ધિ. ભવિ૦ સમ૦ ૨

સેવા કરો જિનરાયની રે લાલ,
દિલ દોઠાં મિઠાશ; ભવિ૦
વિવિધ પદારથ ભાવના રે લાલ,
તે પકવાનની રાશિ. ભવિ૦ સમ૦ ૩

ગુણિજન પદની નામના રે લાલ,
તેહિજ જુહાર ભટ્ટાર; ભવિ૦
વિવેક રતન મેરાઈયાં રે લાલ,
ઉચિત તે દીપ સંભાર. ભવિ૦ સમ૦ ૪

સુમતિ સુવનિતા હેજશું રે લાલ,
મન ઘરમાં કરો વાસ; ભવિ૦
વિરતિ સાહેલી સાથશું રે લાલ,
અવિરતિ અલચ્છી નિકાસ. ભવિ૦ સમ૦ ૫

મૈત્રાદિકની ચિંતના રે લાલ,
તેહ ભલા શણગાર; ભવિ૦
દર્શન ગુણ વાઘા બન્યા રે લાલ,
પરિમલ પર ઉપગાર. ભવિ૦ સમ૦ ૬

પૂર્વસિદ્ધ કન્યા પૂંખે રે લાલ,
જાનઈયા અણુગાર; ભવિ૦
સિદ્ધશિલા વર વેદિકા રે લાલ,
કન્યા નિવૃત્તિ સાર. ભવિ૦ સમ૦ ૭

અનંત ચતુષ્ટય દાયજો રે લાલ,
શુદ્ધા યોગ નિરોધ; ભવિ૦

પાણિગ્રહણ પ્રભુજી કરે રે લાલ,
સહુને હરખ વિબાધ. ભવિ૦ સમ૦ ૮
ઇણિ પેરે પર્વ દીપાલિકા રે લાલ,
કરતાં કોડિ કલ્યાણ; ભવિ૦
જ્ઞાનવિમલ પ્રભુ ભક્તિશું રે લાલ,
પ્રગટે સકલ ગુણ ખાણ. ભવિ૦ સમ૦ ૯

## તૃતીય ચૈત્યવંદન.

જીવકેરો જીવકેરો, અછે મનમાંહિ;
સંશય વેદ પદે કરી, કહી અર્થ અભિમાન વાર્યો;
શ્રી મહાવીર સેવા કરી, ગ્રહી સંયમ આપ તાર્યો;
ત્રિપદી પામી ગુંથીયા, પૂરવ ચઉદ ઉદાર;
નય કહે તેહના નામથી, હોયે જય જયકાર. ૧

ઇતિ ગૌતમ ચૈત્યવંદનત્રયમ્.

શ્રી દિવાલીનાં દેવ વાંદવાનો વિધિ સમાપ્ત.

卐 દીવાલીના દેવ સમાપ્ત 卐

卐

છપાય છે !　　છપાય છે !　　છપાય છે !

ટૂંક સમયમાં જ બહાર પડશે.

# શ્રી ચૈત્યવંદન સ્તુતિ સ્તવન સજઝાયાદિ સંગ્રહ.

---

આ સોળ પેજી લગભગ ચાલીસ ફરમાના પુસ્તકમાં પ્રાચીન આચાર્યોના બનાવેલાં **ચૈત્યવંદનો સ્તુતિઓ, સ્તવનો** તથા **સજઝાયો**, ઢાળીયાં વગેરે આપવામાં આવેલાં છે. કિંમત રૂા. પાંચ.

---

પ્રાપ્તિસ્થાન.

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ.**

ઠે. દોશીવાડાની પોળ સામે, ઢાળમાં—**અમદાવાદ.**

છપાય છે !!! 卐 છપાય છે !!!

# 卐 શ્રી પૂજાસંગ્રહ 卐

પંચ કલ્યાણક, નવાણું પ્રકાર, બારવ્રત, નવપદ, વિશ સ્થાનક, ચોસઠ પ્રકારી વગેરે અનેક પ્રચલિત પૂજાઓનો સંગ્રહ અમારા તરફથી છપાઈને બહાર પાડવામાં આવશે. શુદ્ધિ તરફ ખાસ ધ્યાન આપવામાં આવે છે.

# 卐 શ્રી સજ્ઝાયમાળા. 卐

પૂજ્ય પૂર્વાચાર્યોએ તથા પૂ૦ મુનિરાજોએ રચેલી પ્રાચીન સજ્ઝાયોનું પુસ્તક પણ અમારા તરફથી થોડા વખતમાં બહાર પાડવામાં આવશે.

પ્રાપ્તિસ્થાન.

**મહેતા નાગરદાસ પ્રાગજીભાઈ.**

ઠે. દોસીવાડની પોળ સામે ઢાળમાં—અમદાવાદ.

---

તા. ક. અમારે ત્યાંથી દરેક જાતનાં જૈન ધર્મનાં પુસ્તકો મળશે.

## શ્રીજ્ઞાનવિમલસૂરિ વિરચિત
# મૌન એકાદશીનાં દેવવંદન.

**વિધિ**—પ્રથમના મૌન એકાદશીનાં દેવવંદન પ્રમાણે સર્વ વિધિ પાંચે જોડામાં ઈહાં પણ જાણી લેવી. માત્ર ત્યાં જે ચૈત્યવંદન સ્તવન અને સ્તુતિ હતાં, તેને બદલે અહીં જણાવેલાં ચૈત્યવંદન, સ્તવન અને સ્તુતિઓ લેવાં.

## દેવવંદનનો પ્રથમ જોડો–પ્રથમ ચૈત્યવંદન.

સયલ સંપત્તિ સયલ સંપત્તિ તણો દાતાર; શ્રી અરનાથ જિનેસરૂ, શુદ્ધ દરિસણ જેહ આપે; ભૂપ સુદર્શન નંદનો, કઠિન કર્મ વન વેલી કાપે; એહી જ ચક્રી સાતમો, અઢારસમો જિન એહ; જ્ઞાનવિમલ સુખ સુજસનો, વર ગુણ મણિનો ગેહ. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

કલ્પતરૂવર કલ્પતરૂવર, આજ મુજ બાર; ફલ દલ સંયુત પગટિયો, કામ કુંભ શુભ સુરવેલી પાઈ; ચિંતામણિ કરતલે ચઢિયો, કામધેનુ ઘર આજ આઈ; દોષ અઢાર રહિત પ્રભુ દીઠો, સવિ સુખકાર; જ્ઞાનવિમલ અરજિન તણા, ગુણ અનંત અપાર. ૧

**તૃતીય ચૈત્યવંદન**—એહ તારક એહ તારક, અછે જગમાંહિ; અરજિન સરિખો કો નહિ, ભવિક લોકને ગ્રહે બાંહિ; જે છે ચક્રી સાતમો, લહિ દોય પદવી ઉચ્છાહે;

અઢારસમો એ જિનવરૂ એ, જ્ઞાનવિમલ ઘણું નૂર; આરો ભવનો એ દીએ, નામે સુખ ભરપૂર. ૩

### પ્રથમ સ્તુતિ.

અરનાથ સનાથ કરો સ્વામી, મેં તુમ સેવા પુણ્યે પામી; કરૂં વિનતિ લળી લળી શિર નામી, આપો અવિચલ સુખનો કામી. ૧ જિનરાજ સવે પર-ઉપગારી, જિણે ભવની ભાવઠ સવિ વારી; તે પ્રણમો સહુ એ નર નારી, ચિત્તમાંહિ શંકા સવિ વારી. ૨ આગમ અતિ અગમ છે દરિયો, બહુ નય પ્રમાણ રયણે ભરીયો; તેહને જે આવી અનુસરીયો, તે ભવી ભવ સંકટ નિસ્તરિયો. ૩ શ્રી શાસન સુર રખવા-લિકા, કરે નિત્ય નિત્ય મંગલ માલિકા; શ્રી જ્ઞાનવિમલ પ્રભુ નામ જપે, તે દિન દિન તરણી પેરે તપે. ૪

### દ્વિતીય સ્તુતિ.

અરજિન આરાધો, સંયમ માર્ગ સાધો; મનુજ જનમ લાધ્યો, કામ ક્રોધ ન (નવિ) બાંધો; ચઉગતિ દુઃખ દાધો; ન હોયે તમ મોહ ગાધો; સુખ સંપત્તિ વાધો, મોહ મિથ્યા નબાંધો. ૧ સવિ જિન સુખકારી, વિશ્વ વિશ્વોપકારી; ત્રણ જિન ચક્રધારી, શાંતિ કુંથુ-અર જિતારી; મદ મદન નિવારી, વંદીયે પુણ્ય ધારી; નમો સવિ નર નારી, દુઃખ કર્મારિ વારી. ૨ સકલ

નયતરંગા, નૈગમાનેક ભંગા; જિહાં છે બહુ રંગા, જેહ એકાદશાંગા; વલી દસ દોય અંગા, જૈન વાણી સુચંગા; ભવ દવ સમ ગંગા, સાંભલો થઇ સુચંગા. ૩ જિન ચરણ ઉપાસે, જક્ષણી ધારણી પાસે; જક્ષેંદ્ર સહવાસે, નામથી દુઃખ નાસે; જ્ઞાનવિમલ પ્રકાસે, બોધ (ધિ) વાસે સુવાસે; અરિ સકલ નિકાસે, હોય સંપૂર્ણ આસે. ૪

## અરનાથ જિન સ્તવન.

[ આદર જીવ ક્ષમા, ગુણ આદર-એ દેશી. ]

આદર કરીને અહોનિશ સેવો, શ્રી અરનાથ જિણંદ જી; અનુપમ ફલ દીએ દરિસણ જેહનું, કેવલનાણ દિણંદ જી. આદર૦ ૧ પાપસ્થાન અઢાર નિવારી, રથ શિલાંગને ધારી જી; કિરિયા વિધિ જોગે દેખાડે, એહવા સહસ અઢાર જી. આદર૦ ૨ ગજપુર રાય સુદર્શન ભૂપતિ, દેવી રાણી નંદ જી; રેવતી રિખ મૃગશિર શુદી દશમી, દિને જાયા સુખકંદ જી. આદર૦ ૩ અનુક્રમે ચક્રી થઈ મૃગશિર શુદિ, એકાદશી દિને દીક્ષા જી; વિજયા શિબિકા સહસ નર છઠ તપ, પાછલે પ્રહરે શિક્ષા જી. આ૦ ૪ મીન રાશિ નંદાવર્ત લંછન, ત્રીશ ધનુષ તનુ કણગા જી; આયુ ચોરાશી વરસ સહસનું, કેવલ

લહી શિવસંગા જી. આ૦ ૫ તેત્રીસ ગણુ ગણુધર જસ જાણો, મુનિવર સહસ પચાસ જી; આઠ સહસ સુખદાયી સાહુણી, પૂરે વાંછિત આશ જી. આ૦ ૬ જેહ અબંભ અઢાર નિવારી, દાખે શિવપદ પંથાજી; જ્ઞાનવિમલ ગુણુ પામે અહનિશ, સેવો શ્રીઅરનાથ જિણુંદજી. ૭

## દ્વિતીય જોડો--પ્રથમ ચૈત્યવંદન.

રયણુ રાશિ પરે જે ગંભીર, મંદરગિરિ ધીર; વિધુમંડલપરે નિર્મલા, જિમ શારદ નીર; રાગ દોષ દૂષિત નહી, નહી ભવભય જેહને; ગુણુ અનંત ભગવંત, તે પ્રણુમું હું તેહને; જ્ઞાનવિમલ ગુણુ જેહના એ, કહેતાં નાવે પાર; મલ્લિ જિનેશ્વર પ્રણુમતાં, લહિયે ભવજલ પાર. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

અભ્યંતર જસ પર્ષદા, કન્યા ત્રણુ શતની; બાહ્ય પર્ષદા જાણીયે, નૃપ સુત ત્રણુ શતની; મૃગશિર શુદિ એકાદશી, દિન સંયમ લેવે; સકલ સુરાસુર તિહાં મલી, જિનના પદ સેવે; દીક્ષા સમયથી ઉપજે એ, તિમ મણુપજ્જવ નાણુ; મલ્લિનાથ કેવલ લહે, જ્ઞાનવિમલ સુહ ઝાણુ. ૧

## પ્રથમ સ્તુતિ.

મનમોહન મલ્લિ જિણંદ જી, જયો કુંભ નરેસર નંદજી, ઉપગારી જિન ઓગણીશમો, માહરે મન અહોનિશ તે રમ્યો. ૧ ઋષભાદિક ચઉવીસ જિનવરા, જે વરતે છે ભવિ સુખકરા; વલી કેવલજ્ઞાન દિવાકરા, તે વંદે સુરવર નરવરા. ૨ મલ્લિ જિનવર દીયે દેશના, સુણે ભવી જન બહુવિધ દેશના; દષ્ટિવાદ મહાશ્રુત વંદીએ, જિમ પાતક દૂર નિકંદીએ. ૩ કુબેર દેવ સાંન્નિધ્ય કરે, વૈરૂટયા સવિ સંકટ હરે; વાણી સુણવા મન ખંતડી, જ્ઞાનવિમલ તણી સોહામણી. ૪

## દ્વિતીય સ્તુતિ.

મલ્લિ જિનેશ્વર વાને લીલા, દીયો મુજ સમકિત લીલા જી; અણપરણે જિણે સંયમ લીધો, સુધા સંયમ શીલા જી; તે નરભવમાં પશુ પરે જાણો, જે કરે તુમ અવહીલા જી; તુમ પદ પંકજ સેવાથી હોય, બોધિબીજ વસીલા જી. ૧ અષ્ટાપદ ગિરિ ઋષભ જિનેશ્વર, શિવપદ પામ્યા સારજી; વાસુપૂજય ચંપાએ યદુપતિ, શિવ પામ્યા ગિરનાર જી; તિમ અપાપાપુરી શિવ પહોંત્યા, વર્ધમાન જિનરાય જી; વીશ સમેત-

શિખર ગિરિ સિધ્યા, ઇમ જિન ચઉવીશ થાય જી. ૨ જીવ અજીવ પુણ્ય પાપ ને આશ્રવ, બંધ સંવર નિર્જરણા જી; મોક્ષ તત્ત્વ નવ ઇણી પરે જાણો, વલી ષટ્ દ્રવ્ય વિવરણા જી; ધર્મ અધર્મ નભ કાલ ને પુદ્ગલ, એહ અજીવ વિચારોજી; જીવ સહિત ષટ્ દ્રવ્ય પ્રકાશ્યા, તે આગમ ચિત્ત ધારોજી. ૩ વિદ્યાદેવી સોલ કહી જે, શાસન સુરા સુરી લીજે જી; લોકપાલ ઇંદ્રાદિક સઘલા, સમકિતદૃષ્ટિ ભણીજે જી; જ્ઞાનવિમલ પ્રભુ શાસનભકતા, દેખી જિનને રીઝે જી; બોધિબીજ શુદ્ધ વાસન દૃઢતા, માસ વિરહ નવિ કીજે જી. ૪

## શ્રી મલ્લિનાથ જિન સ્તવન.

લાછલ દે માત મલ્હાર—એ દેશી.

મલ્લિ જિનેશ્વર દેવ, સારે સુર નર સેવ; આજ હો જેહનો રે મહિમા મહીમાંહે ગાજતોજી. ૧ નીલ વરણ જસ છાય, પણવીશ ધનુષની કાય; આજ હો આયુ રે પંચાવન વરસ સહસનું જી. ૨ કુંભ નરેસર તાત, પ્રભાવતી જસ માત; આજ હો દીઠે રે આનંદિત હોયે ત્રિભુવન જના જી. ૩ લંછન મીસી રહ્યો કુંભ, તારક ગુણથી અદંભ; આજ હો એહવા રે

ગુણ વસીયા આવી તેહમાં જી. ૪ જ્ઞાનવિમલ ગુણ નૂર, વાધે અતિ મહપૂર; આજ હો પાવે રે મનવાંછિત પ્રભુના નામથી જી. ૫

## તૃતીય ચૈત્યવંદન.

મલ્લિ જિનવર મલ્લિ જિનવર, સયલ સુખ હેતે; સંયમ ગુણધારી થયા, ભૂપ મિત્ર ષટ્ બોધિ આપે; કંચનમય કરી પુતળી, પૂર્વ પ્રેમ સંકેત થાપે; માયા તપ પરભાવથી એ, પામ્યા સ્ત્રીનો વેદ; જ્ઞાનવિમલ ગુણથી થયા, અચલ અરૂપ અવેદ. ૩

## દેવવંદનનો ત્રીજો જોડો—પ્રથમ ચૈત્યવંદન.

જયો જિનવર જયો જિનવર, જીમ જીય લોય જસ પસર્યો; દહ દિસિ ધણો દૂધ સિંધુ વર ફેણ પંડુર, લૌકિક દેવતણો જિણે; ખય કીધ પાખંડ ડંબર, અંબર મણિ જિમ ઝલહલે એ, દિન દિન અધિક પ્રતાપ, જ્ઞાનવિમલ પ્રભુ મલ્લિ જિન ધ્યાને નાસે પાપ. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

બુદ્ધિ થોડિય બુદ્ધિ થોડિય જિભ મુખે, એક મહિમા જસ મહી મંડલે; જલધિ જેમ ગુરૂ ગુહિર ગાજે,

ત્રિભુવનમાં ઉપમાન કો; તુમ્હ સમાન જે વસ્તુ છાજે, જ્ઞાનવિમલ ગુણ પ્રભુ તણા, ભાખી શકે કહો કોય; જાણે પણ ન કહી શકે, અક્ષય જ્ઞાન જો હોય. ૧

## પ્રથમ સ્તુતિ.

સુણો વિનતડી મલ્લિનાથ જી, તું મલિયો મુગતિનો સાથ જી; મન મલીયું તુજશું નિર્મલું, તે કહીએ ન હોજો વેગળું. ૧ સિત્તરી સો જિનવર વંદિયે, ભવ સંચિત પાપ નિકંદીયે; ત્રણ કાલ નમું ધરી નેહશું, ભવ ભવ મન બાંધ્યું જેહશું. ( જેહ હેજશું. ) ૨ જિહાં પંચ કલ્યાણક જિન તણાં, જિનરાજ સયલનાં જિહાં ભણ્યાં; તે અગમ અતિ ઉલટ ધરી, સુણીએ સવિ કપટ નિરાકરી. ૩ સમકિતદૃષ્ટિ પ્રતિપાલિકા, જિનશાસનની રખવાલિકા; જિનધર્મે નિત્યદીપાલિકા, જ્ઞાનવિમલ મહોદય માલિકા. ૪

## દ્વિતીય સ્તુતિ.

નમું જિનવર મલ્લી, જેહથી બોધિ વલ્લી; બહુવિધ ગુણ ફેલી, જાણીએ જૈન શૈલિ; લહો મુગતિ વહેલી, ભાંજીએ કર્મપલ્લી; ભવ ભેદન ભલ્લી, દુર્ગતિ દ્વાર ખીલી. ૧ સવિ જિનવર રાજે, કર્મના મર્મ ભાજે; નમે સુર નર રાજે, તીર્થની ઋદ્ધિ છાજે; સજલ જલદ

ગાજે, દુંદુભિ તેમ વાજે; સવિ ભવિ હિત કાજે, ચાર નિક્ષેપે રાજે. ૨ જિનવરની વાણી, દ્વાદશાંગી રચાણી; ગણિ મતિ [ગુણ ખાણી] ગુંથાણી, પુણ્ય પીયૂષ પાણી; ભવિ શ્રવણે સુહાણી, ભાવશું ચિત્ત આણી; લહી તિણે શિવરાણી, સાર કરી એહ જાણી. ૩ જસ યક્ષ કુબેર, સેવ સારે સવેર; કરે દુશ્મન જેર, ન હોય સંસાર ફેર; શિવ વધૂ તસ હેરે, પુણ્ય સંપત્તિ પેરે; લહે સમકિત સેરે, જ્ઞાનવિમલાદિ કેરે. ૪

## શ્રી મલ્લિજિન દીક્ષાકલ્યાણક સ્તવન.

( શત્રુંજય ઋષભ સમોસર્યા—એ દેશી )

મૃગશિર શુદી એકાદશી, દિન જાયા રે; ત્રિભુવન ભયો રે ઉદ્યોત, સેવે સુર આયા રે. ૧ સુખીયા થાવર નારકી, શુભ છાયા રે; પવન થયા અનુકૂલ, સુખાલા વાયા રે. ૨ અનુક્રમે જોવન પામીયા, સુણી આયા રે; પૂરવ ષટ મિત્ર, કહી સમજાયા રે. ૩ શુદિ એકાદશીને દિને, વ્રત પાયા રે; તિણે દિને કેવલ-નાણ, લહે જિનરાયા રે. ૪ જ્ઞાનવિમલ મહિમા થકી, સુજસ સવાયા રે; મલ્લિ જિનેસર ધ્યાને, નવ નિધિ પાયા રે. ૫

## તૃતીય ચૈત્યવંદન.

મલ્લિ જિનવર મલ્લિ જિનવર, ભવિક સુખદાય; મિથિલા નયરી ઉપન્યા, કુંભરાય કુલ કમલ હંસા; કુંભલંછન ઓગણીસમા, પ્રભાવતી કૂખે સર રાજ-હંસા; ત્રણ કલ્યાણક જેહનાં એ, જનમ ચરણ ને નાણ; મૃગશિર શુદિ એકાદશી, જ્ઞાનવિમલ ગુણખાણ. ૩

## દેવવંદનનો ચોથો જોડો--પ્રથમ ચૈત્યવંદન.

નમો મલ્લિ નમો મલ્લિનાથ શિવ સાથ, હાથ દીયે ભવિ બૂડતાં એ; અપાર ભવ જલધિ માંહે, પાપતાપ વ્યાપે નહીં; એહ જિન સુરવૃક્ષ (છાંહે) છાજે, સકલ સમીહિત પૂરણો; ઓગણીશમો જિનરાજ, જ્ઞાનવિમલ પ્રભુ નામથી, સિધ્યાં સઘલાં કાજ. ૧

## દ્વિતીય ચત્યવંદન.

નીલ વાને નીલ વાને જેહ જિનરાજ; પણવીશ ધનુષ તનુ દીપતો, ઇંદ્રનીલ જિમ રત્ન સોહે; ત્રિગડે બેઠા જિનવરૂ, કહે ધર્મ ભવિ ચિત્ત મોહે; જ્ઞાનવિમલ ગુણથી થયો, લોકાલોક પ્રકાશ; મલ્લિ જિનવર પ્રણમતાં, પહોંચે મનની આશ. ૨

## પ્રથમ સ્તુતિ.

મલ્લિ જિનવરશું પ્રીતડી, તે ભેદ રહિત જુગતિ

જડી; અલગો ન રહું હું એક ઘડી, જિમ ભાતી પટોલા માંહિ પડી. ૧ સવિ જિનવરના ગુણમાલતણી; કંઠે આરોપો ભવિક ગુણી; શિવસુંદરી વરવા હુંશ કરો, તો શ્રી જિન આણા શિર ધરો. ૨ ઉપદેશ અનુપમ જલધરૂ, વરસે નિત્ય મલ્લિ જિનવરૂ; બોધિબીજ સુભિક્ષ હોય અતિ ઘણો, એ મહિમા શ્રીજિનરાજ તણો. ૩ શાસનવચ્છલ જે ભવિક જના, જિનધર્મે જે છે એકમના; તસ સાન્નિધ્ય કરજો સુરવરા, શ્રી જ્ઞાનવિમલ ઉદ્યોતકરા. ૪

## દ્વિતીય સ્તુતિ.

કુંભ નરેશ્વર ઘર જિન જાયા, મલ્લિ નામે જિનવર રાયા, નીલવરણ જસ છાયા; પ્રભાવતી છે જેહની માયા, પણવીશ ધનુ માને છે કાયા, કુંભ લંછન સુખદાયા; પૂરવ તપની પ્રગટી માયા, સ્ત્રી રૂપે એ અચરિજ થાયા, સકલ સુરાસુરે ગાયા; બાલપણે સુખકાર કહાયા, ઇંદ્ર ઇંદ્રાણી સવિ મલિ આયા; મેરૂ શિખરે નવરાયા. ૧ ચોવીશે જિન સંપ્રતિ કાળે, પ્રણમતાં સવી પાતક ગાળે, ભવિજનને પ્રતિપાલે; જેહ અનાદિ મિથ્યામત ટાળે, કરતાં સમકિત સુખ

સુગાલે, નાઠાં દુષ્કૃત દુકાલે; ગ્રંથીભેદ કરી પંક પખાલે, આતમ અનુભવશક્તિ સંભાળે, પુણ્ય સરોવર પાલે; અનંત ચોવીશી જિનવર માલે, લોકે ચઉ નિક્ષેપ રસાળે, પ્રણમું તેહ ત્રિકાલે. ૨ મતિ શ્રુત અવધિ ગ્રહે ત્રણ નાણ, સંયમથી મણપજ્જવનાણ, જિહાં છદ્મસ્થ મંડાણ; પામે પંચમ કેવલનાણ, જાણે ઉદયો અભિનવ ભાણ, સમવસરણ ગુણખાણ; તિહાં તીર્થ થાપે સુપ્રમાણ, અર્થ થકી ભાખે પ્રભુ વાણ, સરખી જોયણ પ્રમાણ; સૂત્રે ગૂંથે ગણધર જાણ, નય નિક્ષેપ ગમ ભંગ પ્રમાણ, સમજે જે હોય જાણ. ૩ મલ્લિ જિનેશ્વર મહિમા પૂરે, વૈરુટયા સવિ સંકટ ચૂરે, દિન દિન અધિક સનૂરે; યક્ષ કુબેર તે પરતા પૂરે, જીત તણાં વલી વાજે તૂરે, નાસે દુશ્મન દૂરે; પ્રગટે જ્ઞાનવિમલનો નૂર, જાણે ઊગ્યો અનુભવ સૂર, તેજ પ્રતાપ પડૂર; હર્ષિત હેજે હોય હજુર, મહણાદિક ગુણ સવિ મહભૂર, શ્રીજિન ધ્યાન સનૂર. ૪

## શ્રી મલ્લિજિન સ્તવન.

( જાવડ સમરા ઉદ્ધાર—એ દેશી )

શ્રીમલ્લિ જિનસાર, અડવીશ ગણ ગણધાર;

સહસ ચાલીશ અણુગાર, પંચોવન સહસ સાહુણી સાર. ૧ એક લાખ સહસ્ર ચોરાશી, શ્રાવક સમકિત વાસી; ત્રણ લાખ પાંસઠ સહસ્ર, શ્રાવિકા એહ જગીશ. ૨ પણવીશ ધનુ તનુ માન, અણપરણ્યા વ્રત ધ્યાન; સહસ પંચાવન વરીસ, આયુ સકલ ગુણ ધરીશ. ૩ કુબેર શાસન દેવ વૈરુટ્યા કરે સેવ; માસ સંલેષણ કીધ, કાઉસ્સગ્ગે થયા સિદ્ધ. ૪ જે જિનવરને આરાધે, જ્ઞાનવિમલ સુખ સાધે; એણી પેરે દેવ વાંદિજે, માનવ ભવ ફલ લીજે. ૫

## તૃતીય ચૈત્યવંદન.

ગોત્ર કાશ્યપ ગોત્ર કાશ્યપ, વંશ ઇક્ષાગ (સ્વામ) ત્યાગ નિર્દંભ જે; કુંભ ભૂપ કુલે જે કુમારી, મયણ મહા ભડ ભંજીયો; વય તરુણપણે નિર્વિકારી, સારી સંયમસિરિ વરી; ઓગણીશમા જિન એહ, મલ્લિનાથ નામે થયા, જ્ઞાનવિમલ ગુણ ગેહ. ૩

## દેવવંદનનો પાંચમો જોડો-પ્રથમ ચૈત્યવંદન.

નમો નમિ જિન નમો નમિ જિન, મુગતિ દાતા રે; સોવન વાને સોહતો, સકલ લોક જસ સેવા સારે,

સુમતિ સુગતિને આપતો, સકલ કર્મના દોષ વારે;
એકવીશમો જિન પૂજીએ, જિમ લહિયે ભવ પાર;
જ્ઞાનવિમલસૂરિ એમ ભણે, એ પ્રભુ જગદાધાર. ૧

દ્વિતીય ચૈત્યવંદન.

ગોત્ર કાશ્યપ ગોત્ર કાશ્યપ, વંશ ઈક્ખાગ;
શ્રી નમિજિનનો જાણીયે, સયલ લોય આણંદ કારણ;
અવનીતલમાં ઉપન્યા, માનું તેહ સવિ ભવિક તારણ;
કારણ એહિ જ મુકિતનું, શ્રી જિનવરની સેવ;
જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, આય મલે સ્વયમેવ. ૨

પ્રથમ થોય જોડો.

નમિ નાથ નિરંજન દેવતણી, સેવા ચાહું (હું) નિશદિન ઘણી; જસ લંછન નિલ કમલ સોહે, એક વિશમા જિનવર મન મોહે. ૧ દોઢસો કલ્યાણક જિન તણાં, દશ ક્ષેત્રે એહ સોહામણાં; મૃગશિર એકાદશી ઉજલી, જિન સેવા પુણ્યે આવી મલી. ૨ એહ અંગ ઈગ્યાર આરાધીએ, જ્ઞાન ભાવે શિવસુખ સાધીએ; આગમ દિનકર કર વિસ્તરે, તો મોહ તિમિરને અપહરે. ૩ સમકિત દૃષ્ટિ સુપ્રભાવિકા, શાસનની સાન્નિધ્ય કારિકા; કહે જ્ઞાનવિમલ સૂરીસરૂ, જગમાંહે હોજો જયકરૂં. ૪

## દ્વિતીય થાય જોડો.

શ્રી નમિનાથ નિરંજન દેવા, કીજે તેહની સેવા જી; એહ સમાન અવર નહિ દીસે, જિમ મીઠા બહુ મેવા જી; અહનિશ આતમ માંહી વસીયા, જિમ ગજને મન રેવા[1]જી; આદર ધરીને પ્રભુ આણા, શિર ધારૂં નિત્ય સેવા જી. ૧ ચોત્રીશ અતિશય પાંત્રીશ જાણો, વાણીના ગુણ છાજે જી; આઠ પ્રાતિહારજ નિરંતર, તેહને પાસે બિરાજે જી; જાસ વિહારે દશ દિશિ કેરા, ઈતિ[2] ઉપદ્રવ ભાજે જી; તે અરિહંત સકલ ગુણ ભરિયા, વાંછિત દેઈ નિવાજે જી. ૨ મિથ્યામત તત[3] દુષ્ટ ભુજંગમ, તેણે જે જન ડસીયાજી; આગમ નાગમતા[4] પેરે જાણો, તેહથી તે વિષ નસીયા જી; શ્રી જિન વયણ સુણવાને હેતે, ભવિ મધુકર છે રસીયા જી; ભાવ ગંભીર અનુપમ ભાંખ્યા, ધન્ય તે જસ ચિત્ત વસીયાજી. ૩ શ્રી નમિ જિનવર શાસન ભાસન, ભ્રકુટી યક્ષ જયકારી જી; પરતા

---

૧ નર્મદા નદી. ૨ તીડ વગેરેનું પતન. ૩ વિસ્તાર. ૪ નાગદમની ઔષધી.

પૂરે સંકટ ચૂરે, વરદાઈ ગંધારી જી; જ્ઞાનવિમલ પ્રભુ આણા ધારે, કુમતિ કદાગ્રહ વારી જી; બોધિબીજ વડબીજ તણી પરે, હોજો મુજ વિસ્તારી જી. ૪

## શ્રી નમિનાથ જિન સ્તવન.

રાગ—કાફી.

નમિયે શ્રી નમિનાથનેરે લાલ, વિજય નરેસર નંદ મેરે પ્યારે રે; અપરાજિતથી[1] આવીયા રે લાલ, વપ્રા ઉર અરવિંદ મેરે પ્યારે રે. નમિયે૦ ૧ મૃગશિર શુદી એકાદશી રે લાલ, નક્ષત્ર અશ્વિની સાર મેરે પ્યારે રેં; પ્રથમ પ્રહર અટ્ઠમ તપે રે લાલ, બકુલ તરૂ તલે સાર મેરે પ્યારે રે. નમિયે૦ ૨ ઘાતી કરમ ક્ષયે કેવલી રે લાલ, સત્તર ગણધર જાસ મેરે પ્યારે રે; વીશ સહસ મુનિ સાધવી રે લાલ, સહસ એકતાલીસ ખાસ મેરે પ્યારે રે. નમિયે૦ ॥૩॥ શ્રાવક એક લક્ષ ઉપરે રે લાલ, સત્તરી સહસ્સ ઉદાર મેરે પ્યારે રે; ત્રણુ લાખ વર શ્રાવિકા રે લાલ, અડતાલીશ હજાર મેરે પ્યારે રે. નમિયે૦ ૪ પન્નર ધનુષ તનુ જેહનું રે લાલ, દસ સહસ વરસનું આય મેરે પ્યારે રે; નિલ

૧ વીરવિજયકૃત ચોમાસી દેવ વગેરે સ્થળોએ 'પ્રાણત' દેવલોક છે.

કમલ લંછન ભલું રે લાલ, સમેતગિરિ સિદ્ધ થાય મેરે પ્યારે રે. નમિયે૦ ૫ એકવિશમા જિન જાણીયે રે લાલ, પ્રણમતાં પાતક જાય મેરે પ્યારે રે; જ્ઞાન વિમલ પ્રભુ સાન્નિધે રે લાલ, નામે નવ નિધ થાય મેરે પ્યારે. નમિયે૦ ૬

## તૃતીય ચૈત્યવંદન.

દુઃખ દોહગ દુઃખ દોહગ, જાય સવિ દૂર, દુર્મતિ દુર્ગતિ સુપનમાં, તેહ જનની પાસે નાવે; જે શ્રીનમિ-જિનનું સદા, નામ ધ્યાન એકાગ્ર ધ્યાવે; કરૂણારસનો કૂપલો, ત્રિભુવનનો આધાર; જ્ઞાનવિમલ પ્રભુ સેવતાં, લહીએ લીલા અપાર. ૩

છેવટે અગીઆર લોગસ્સનો કાઉસ્સગ્ગ કરી બેસીને અગી-આર નવકાર ગણવા.

卐 શ્રીજ્ઞાનવિમલસૂરિકૃત મૌન એકાદશીના દેવવંદન સમાપ્ત. 卐

## શ્રી જ્ઞાનવિમલસૂરિકૃત

# ચૈત્રી પૂનમના દેવવંદન.

**વિધિ**-પ્રથમ પ્રતિમા ચાર માંડીએ તથા ચોમુખ હોય તો ચોમુખ માંડીએ. તિહાં પ્રથમ ટીકી દશ કરવી, ફૂલના હાર દશ, અગરબત્તી દશ વાર ઉખેવવી, દશ દીવેટનો દીવો કરવો, દશ વાર ઘંટ વગાડવો, દશ વાર ચામર વીંઝવા, દશ સાથિયા ચોખાના કરવા, જેટલી જાતિનાં ફૂલ મળે તે સર્વ જાતિના પ્રત્યેક દશ દશ મૂકવાં, સોપારી પ્રમુખ સર્વ દશ દશ મૂકવાં, નૈવેદ્ય મધ્યે સાકરીયા ચણા તથા એલચીપાક, દ્રાખ, ખારેક, શિંગોડાં, નિંમજાં, પિસ્તાં, બદામાદિ મેવા જે જાતિના મળે તે સર્વ જાતિના પ્રત્યેકે દશ દશ વાનાં મૂકવાં. અખીયાણું—ગોધૂમ અથવા ચોખા શેર ત્રણ, લીલાં નાળિયેર ચાર મૂકવાં, ઈત્યાદિક વિધિ મેળવીને દેવ વાંદવા.

**દેવવંદન વિધિ**—સ્થાપનાચાર્ય આગળ અથવા નવકાર પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને પ્રથમ ઈરિયાવહી૰ તસ્સ ઉત્તરી અન્નત્થ૰ કહી એક લોગસ્સનો કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણ દઈ ઇચ્છાકરેણ સંદિસહ ભગવન્! ચૈત્યવંદન કરું? ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

### દેવવંદનનો પ્રથમ જોડો-પ્રથમ ચૈત્યવંદન.

આદીશ્વર અરિહંત દેવ, અવિનાશી અમલ;

અક્ષય સરૂપી ને અનૂપ અતિશય ગુણ વિમલ; મંગલ કમલા કેલી વાસ, વાસવ નિત્ય પૂજિત; તુજ સેવા સહકાર સાર, કરતાં ફલ કુંજિત; યોજિત યુગ આદિ જિણે એ, સકલ કળા વિજ્ઞાન; શ્રી જ્ઞાનવિમલસૂરિ ગુણ તણો, અનુપમ નિધિ ભગવાન. ૧

પછી જંકિંચિ૦ નમુથ્થુણં૦ અને જયવીયરાય અર્ધા કહી ખમાસમણ દેઈને બીજું ચૈત્યવંદન નીચે પ્રમાણે કરવું.

## દ્વિતીય ચૈત્યવંદન.

વંશ ઈક્ષ્વાગ સોહાવતો, સોવન વન કાય; નાભિરાયા કુલ મંડણો, મરૂદેવી માય; ભરતાદિક શત પુત્રનો, જે જનક સોહાય; નારી સુનંદા, સુમંગલા, તસ કંત કહાય; બ્રાહ્મી સુંદરી જેહની એ, તનયા બહુ ગુણખાણ; જ્ઞાનવિમલ ગુણ તેહના, સંભારો સુવિહાણ. ૨

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી એક થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવર૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં બુદ્ધાણં૦ વેયાવચ્ચગરાણં૦ અન્નત્થ૦ કહી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણે—

## પ્રથમ થાય જોડો.

શ્રી શત્રુંજય મંડણ, રિસહ જિણેસર દેવ; સુર નર વિદ્યાધર, સારે જેહની સેવ; સિદ્ધાચલ શિખરે, સોહાકર શૃંગાર; શ્રીનાભિ નરેસર, મરૂદેવીનો મલ્હાર. ૧ એ તીરથ જાણી, જિન ત્રેવીસ ઉદાર; એક નેમ વિના સવિ, સમવસર્યા સુખકાર; ગિરિકંડણે આવી, પહોંતાં ગઢ ગિરનાર; ચૈત્રી પૂનમ દિને, તે વંદુ જયકાર. ૨ જ્ઞાતાધર્મકથાંગે, અંતગડ સૂત્ર મોઝાર; સિદ્ધાચલ સિદ્ધા, બોલ્યા બહુ અણગાર; તે માટે એ ગિરિ, સવિ તીરથ શિરદાર; જિણ ભેટે થાવે, સુખ સંપત્તિ વિસ્તાર. ૩ ગોમુખ ચક્કેસરી, શાસનની રખવાલી, એ તીરથ કેરી, સાન્નિધ્ય કરે સંભાળી; ગિરૂઆ જસ મહિમા, સંપ્રતિ કાલે જાસ; શ્રીજ્ઞાનવિમલસૂરિ, નામે લીલ વિલાસ. ૪

પછી બેસી નમુત્થુણં૦ અરિહંત ચેઈઆણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમોર્હત્‌૦ કહી બીજા થોય જોડાની પ્રથમ થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વ-લોએ૦ અન્નત્થ૦ કહી કાઉસગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુક્ખરવરદી૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણં

બુદ્ધાણું૦ વેયાવચ્ચગરાણું૦ અન્નત્થ૦ કહી કાઉસગ્ગ કરી પારી ચોથી થોય કહેવી. એ રીતે નીચે પ્રમાણે ચારે થોય કહેવી.

## દ્વિતીય થોય જોડો.

ત્રેસઠ લખ પૂરવ રાજ કરી, લીયે સંયમ અતિ આણંદ ધરી, વરસ સહસે કેવલ લચ્છી વરી, એક પૂર્વે શિવરમણી વરી. ૧ ચોવીશે પહિલા ઋષભ થયા, અનુક્રમે ત્રેવીશ જિણંદ ભયા, ચૈત્રી પૂનમ દિન તેહ નમો, જિમ દુર્ગતિ દુઃખમાં દૂર ગમો. ૨ એકવીસ એકતાલીસ નામ કહ્યાં, આગમે ગુરૂવયણે તેહ લહ્યાં; અતિશય મહિમા ઈમ જાણીએ, તે નિશ દિન મનમાં આણીએ. ૩ શત્રુંજયનાં સવી વિઘન હરે, ચક્કેસરી દેવી ભક્તિ કરે; કહે જ્ઞાનવિમલસૂરીસરૂ, જિનશાસન તે હોજો જયકરૂ. ૪

પછી નમુત્થુણં કહી, જાવંતિચેઈઆઈં૦ જાવંત કેવિ સાહૂ૦નમોર્હત્૦ કહી શ્રી સિદ્ધાચલજીનું સ્તવન કહેવું. તે પ્રમાણે—

## શ્રી સિધ્ધાચલનું સ્તવન.

( લાછલદે માત મલ્હાર—એ દેશી. )

સિદ્ધાચલ ગુણગેહ, ભવિ પ્રણમો ધરી નેહ; આજ હો સોહે રે મન મોહે તીરથ રાજીયો જી. ૧ આદી-

શ્વર અરિહંત, સુગતિ વધૂનો કંત; આજ હો પૂરવ વાર નવાણું આવી સમોસર્યા જી. ૨ સકલ સુરાસુર રાજ, કિન્નર દેવ સમાજ; આજ હો સેવા રે સારે કર જોડી કરી જી. ૩ દરશનથી દુઃખ દૂર, સેવે સુખ ભરપૂર; આજ હો એણે રે કલિકાલે કલ્પતરૂ અછે જી. ૪ પુંડરિક ગિરિ ધ્યાન, લહીએ બહુ યશમાન; આજ હો દીપે રે અધિકી તસ જ્ઞાન કલા ઘણી જી. ૫

પછી અર્ધા જયવીયરાય કહીને ખમાસમણ દઇ ચૈત્યવંદનનો આદેશ માગી ત્રીજું ચૈત્યવંદન નીચે પ્રમાણે કહેવું.

## તૃતીય ચૈત્યવંદન.

પ્રથમ નાથ પ્રગટ પ્રતાપ, જેહનો જગે રાજે; પાપ તાપ સંતાપ વ્યાપ, જસ નામે ભાંજે; પરમ તત્ત્વ પરમાત્મ રૂપ, પરમાનંદ દાઈ; પરમ જ્યોતિ જસ જળહળે, પરમ પ્રભુતા પાઈ; ચિદાનંદ સુખ સંપદા એ, વિલસે અક્ષય સનૂર; ઋષભદેવને ચરણે નમે, શ્રી જ્ઞાનવિમલ ગુણસૂર. ૩

પછી જંકિંચિ૦ નમુથ્થુણં૦ કહી, જયવીયરાય સંપૂર્ણ કહેવા. ઇતિ પ્રથમ દેવવંદન જોડો.

પછી સંતિકરં કહેવું ( પૃ૦ ૨૦૨ જુઓ. )

પછી દશ નવકાર ગણવા. ત્યાર પછી ખમાસમણ પૂર્વક શ્રી શત્રુંજયનાં એકવીશ નામ લેવાં. તે નીચે પ્રમાણે—

૧. શ્રી શત્રુંજયાય નમઃ
૨. શ્રી શ્રીપુંડરીકાય નમઃ
૩. શ્રી સિદ્ધક્ષેત્રાય નમઃ
૪. શ્રી વિમલાચલાય નમઃ
૫. શ્રી સુરગિરયે નમઃ
૬. શ્રી મહાગિરયે નમઃ
૭. શ્રી પુણ્યરાશયે નમઃ
૮. શ્રી પદ્માય નમઃ
૯. શ્રી પર્વતેંદ્રાય નમઃ
૧૦. શ્રી મહાતીર્થાય નમઃ
૧૧. શ્રીશાશ્વતપર્વતાય નમઃ
૧૨. શ્રી દૃઢશક્તયે નમઃ
૧૩. શ્રીમુક્તિનિલયાય નમઃ
૧૪. શ્રી પુષ્પદંતાય નમઃ
૧૫. શ્રી મહાપદ્માય નમઃ
૧૬. શ્રી પૃથ્વીપીઠાય નમઃ
૧૭. શ્રી સુભદ્રાય નમઃ
૧૮. શ્રી કૈલાસાય નમઃ
૧૯. શ્રી પાતાલમૂલાય નમઃ
૨૦. શ્રી અકર્મકાય નમઃ
૨૧. શ્રી સર્વકામદાય નમઃ

પછી ભંડાર ઢોવવો અને દશ ખમાસમણ દઈ પ્રદક્ષિણા દશ દેવી.

## દેવવંદનનો દ્વિતીય જોડો

**વિધિ**—દેવવંદનના બીજા જોડાની વિધિ પ્રથમ જોડા પ્રમાણે જ છે. વસ્તુઓ પણ તે જ સર્વ મેળવવી, પરંતુ એટલો ફેર કે, દશ દશ વસ્તુને ઠેકાણે વીશ વીશ વસ્તુ મૂકવી. અખીઆણું તેટલું જ મૂકવું. ખમાસમણાં, નવકાર, પ્રદક્ષિણા વગેરે વીશ કરવાં અને સંતિકરંને સ્થાનકે નમિઊણ કહેવું. તેમજ દેવ વાંદવાની વિધિ પણ પ્રથમની પેઠે જ છે.

## પ્રથમ ચૈત્યવંદન.

નાભિ નરેસર વંશ મલય, ગિરિચંદન સોહે; જસ પરિમલશું વાસિયો, ત્રિભુવન મન મોહે; અપછર રંભા ઉવર્શી, જેહના અવદાત; ગાયે અહોનિશ હર્ષશું, મરુદેવી માત; નિરૂપાધિક જસ તેજશું એ, સમમય સુખનો ગેહ; જ્ઞાનવિમલ પ્રભુતા ઘણી, અખય અનંતી જેહ. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

જિમ ચૈત્રી પૂનમ તણો, અધિકો વિધુ દીપે; ગ્રહ ગણ તારાદિક તણા, પરમ તેજને જીપે; તિમ લૌકિકના દેવ તે, તુમ આગે હીણા; લોકોત્તર અતિશય ગુણે, રહે સુર નર લીણા; નિવૃત્તિ નગરે જાયવા એ, એહિ જ અવિચલ સાથ; જ્ઞાનવિમલસૂરિ એમ કહે, ભવ ભવ એ મુજ નાથ ૨

## પ્રથમ થોય જોડો.

શ્રી શત્રુંજય મંડણ સિંહ જિણંદ, પાપ તણો ઉન્મૂલે કંદ; મરુદેવી માતાનો નંદ, તે વંદુ મન ધરી આણંદ. ૧ ત્રણ ચોવીશી બિહુત્તર જિના, ભાવ ધરી વંદુ એકમના; અતીત અનાગત ને વર્તમાન, તિમ

અનંત જિનવર ધરો (ધર્યો) ધ્યાન. ૨ જેહમાં પંચ કહ્યા વ્યવહાર, નય પ્રમાણ તણા વિસ્તાર; તેહના સુણવા અર્થ વિચાર, જિમ હોય પ્રાણી અલ્પ સંસાર; ૩ શ્રી જિનવરની આણા ધરે, જગ જશવાદ ઘણો વિસ્તરે; શ્રી જ્ઞાનવિમલસૂરિ સાન્નિધ્ય કરે, શાસનદેવી સંકટ હરે. ૪

## દ્વિતીય થોય જોડો.

પ્રણમો ભવિયા રિસહ જિણેસર, શત્રુંજય કેરો રાય જી; વૃષભ લંછન જસ ચરણે સોહે, સોવન વરણી કાય જી; ભરતાદિક શત પુત્ર તણો જે, જનક અયોધ્યા રાય જી; ચૈત્રી પૂનમને દિન જેહના, મહોટા મહોત્સવ થાય જી. ૧ અષ્ટાપદ ગિરિ શિવપદ પામ્યા, શ્રીરિસહેસર સ્વામી જી; ચંપાએ વાસુપૂજ્ય નરેસર, નંદન શિવગતિ ગામીજી; વીર અપાપાપુર ગિરનારે, સિદ્ધા નેમ જિણંદો જી; વીશ સમેતગિરિ શિખરે પહોંતા, એમ ચોવીશે વંદો જી. ૨ આગમ નાગમતા પરે જાણો, સવિ વિષનો કરે નાશ જી; પાપ તાપ વિષ દૂરે કરવા, નિશિદિન જેહ ઉપાસે જી; મમતા કંચુકી કીજે અલગી, નિર્વિષતા આદરીયે જી; ઇણી પરે સહજ

થકી ભવ તરીયે, જિમ શિવસુંદરી વરીએ જી. ૩ કવડ જક્ષ પ્રત્યક્ષ થઇને, જેહના પરતા પૂરે જી; દોહગ દુર્ગતિ દુર્જનનો ડર, સંકટ સઘળાં ચૂરે જી; દિન દિન દોલત દીપે અધિકી, જ્ઞાનવિમલ ગુણ નુર જી; જીત તણાં નિશાન વજાવો, બોધિ બીજ ભરપૂર જી. ૪

## પુંડરીકગિરિનું સ્તવન.

( નાયકાની દેશી )

એક દિન પુંડરીક ગણધરૂ રે લાલ, પૂછે શ્રી આદિ-જિણંદ સુખકારી રે; કહીયે તે ભવજલે ઊતરી રે લાલ, પામીશ પરમાનંદ ભવ વારી રે. એક દિન૦ ૧ કહે જિન ઈણ ગિરિ પામશો રે લાલ, જ્ઞાન અને નિર્વાણ જયકારી રે; તીરથ મહિમા વાધશે રે લાલ, અધિક અધિક મંડાણ નિરધારી રે. એક દિન૦ ૨ એમ નિસુણી તિહાં આવીયા રે લાલ, ઘાતીકર્મ કર્યાં દૂર તમ વારી રે, પંચ કોડી મુનિ પરિવર્યા રે લાલ, હુવા સિદ્ધિ હજુર ભવ વારી રે. એક દિન૦ ૩ ચૈત્રી પૂનમ દિન કીજીયે રે લાલ, પૂજા વિવિધ પ્રકાર દિલ ધારી રે; ફલ પ્રદક્ષિણા કાઉસ્સગ્ગા રે લાલ, લોગસ્સ થુઈ નમુક્કાર નર નારી રે. એક દિન૦ ૪ દશ વીશ ત્રીશ ચાલીશ ભલા રે

લાલ, પચાસ પુષ્પની માળ અતિ સારી રે; નરભવ લાહો લીજીયે રે લાલ, જિમ હોયે જ્ઞાન વિશાલ મનોહારી રે. એક દિન૦ ૫

## તૃતીય ચૈત્યવંદન.

અજર અમર અકલંક અરૂજ, નિરૂજ અવિનાશી; સિદ્ધ સરૂપી શંકરો, સંસાર ઉદાસી; સુખ સંસારે ભોગવી, નહીં ભોગ વિલાસી; જીતી કર્મ કષાયને, જે થયો જિતકાશી; દાસી આશી અવગણી એ, સમીચીન સર્વાંગ; નય કહે તસ ધ્યાને રહો, જિમ હોય નિર્મલ અંગ. ૧

પછી નમિઊણ સ્તોત્ર કહેવું. (પૃષ્ટ ૨૦૯ જુઓ.)

## દેવવંદનનો તૃતીય જોડો.

વિધિ—પ્રથમ થોય જોડા પ્રમાણે વિધિ જાણવી. વિશેષમાં બધી ક્રિયામાં દશને ઠેકાણે ત્રીશ ત્રીશ વસ્તુઓ સમજવી અને સંતિકરંને સ્થાને 'જયતિહુઅણ સ્તોત્ર' કહેવું. તેમજ દેવ વાંદવાની વિધિ પ્રથમની પેઠે જાણવી.

## પ્રથમ ચૈત્યવંદન.

આદીશ્વર જિનરાયનો, પહેલો જે ગણધાર; પુંડરીક નામે થયો, ભવિજનને સુખકાર; ચૈત્રી પૂનમને દિને, કેવલસિરિ પામી; ઇણ ગિરિ તેહથી પુંડરીક,—ગિરિ અભિધા પામી; પંચ કોડિ મુનિશું લહ્યા એ, કરી અન-

શન શિવ ઠામ; જ્ઞાનવિમલસૂરિ તેહના, પય પ્રણમો અભિરામ. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

જાઈ જુઈ માલતી, દમણો ને મરુવો; ચંપક કેતકી કુંદ જાતિ, જસ પરિમલ ગિરુવો; બોલસિરિ જાસુલવેલ્લી, વાલો મંદાર; સુરભિ નાગ પુન્નાગ અશોક, વળી વિવિધ પ્રકાર; ગ્રંથિમ વેઢિમ ચઉવિધે એ, ચારુ રચી વરમાલ; નય કહે શ્રી જિન પૂજતાં, ચૈત્રી દિન મંગલમાલ. ૨

## પ્રથમ થોય જોડો.

ચૈત્રી પૂનમ દિન, શત્રુંજયગિરિ અહિઠાણ; પુંડરીક વર ગણધર, તિહાં પામ્યા નિર્વાણ; આદીશ્વર કેરા, શિષ્ય પ્રથમ જયકાર; કેવલ કમલા વર, નાભિ નરીંદ મલ્હાર. ૧ ચાર જંબૂદ્વીપે, વિચરતાં જિનદેવ; અડ ધાતકીખંડે, સુર નર સારે સેવ; અડ પુષ્કર અર્ધે, ઇણિ પરે વીશ જિનેશ; સંપ્રતિ એ સોહે, પંચ વિદેહ નિવેશ. ૨ પ્રવચન પ્રવહણ સમ, ભવજલનિધિ (થી)ને તારે; ક્રોધાદિક મ્હોટા, મત્સ્ય તણા ભય વારે; જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો; ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો. ૩ જિન-

શાસન સાન્નિધ્ય,—કારી વિઘન વિદારે; સમકિત દષ્ટિ સુર, મહિમા જાસ વધારે; શત્રુંજય ગિરિ સેવો, જેમ પામો ભવપાર; કવિ ધીરવિમલનો, શિષ્ય કહે સુખ-કાર. ૪

## દ્વિતીય થોય જોડો.

વંદુ સદા શત્રુંજય તીર્થરાજે, ચૂડામણિ આદિ જિણંદ ગાજે; દુટ્ઠ કમ્મટ્ઠ વિરોધ ભાજે, માનું શિવા-રોહણ એહ પાજે. ૧ દેવાધિદેવા કૃત દેવ સેવા, સંભારીયે જ્યું ગજ ચિત્ત રેવા; સવ્વેવિ તે થુત્તિ થયા મહીયા, અણાગયા સંપઈ જે અઈયા. ૨ જે મોહના યોધ વડા કહાયા, ચત્તારિ દુટ્ઠા કસિણા કસાયા; તે જીતીએ આગમ ચક્ખુ પામી, સંસાર પારુત્તરણાય ધામી. ૩ ચક્કેસરી ગોમુહ દેવજુત્તા, રક્ષા કરી સેવય ભાવ પત્તા; દિયો સયા નિમ્મલ નાણ લચ્છી, હોવે પસન્ના શિવ સિદ્ધિ લચ્છી. ૪

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

(શેત્રુંજે જઈએ લલના—એ દેશી.)

સિદ્ધગિરિ ધ્યાવો ભવિકા, સિદ્ધગિરિ ધ્યાવો; ઘેર બેઠાં પણ બહુ ફલ પાવો, ભવિકા બહુ ફલ પાવો. ૧

નંદીશ્વર યાત્રાયે જે ફલ હોવે, તેથી બમણું ફલ તે કુંડલગિરિ હોવે ભવિકા. કું૦ ૨ ત્રિગણું રુચક ગિરિ, ચઉ ગજદંતા; તેથી બમણેરું ફલ, જંબૂ મહંતા. ભવિકા. જંબૂ૦ ૩ ષટ્ગણું ધાતકી, ચૈત્ય જુહારે; છત્રીશ ગણું ફલ, પુષ્કર વિહારે ભવિકા. પુ૦ ૪ તેહથી તેરસ ગણું, મેરુ ચૈત્ય જુહારે; સહસ ગણું ફલ, સમ્મેતશિખરે ભવિકા. સ૦ ૫ લાખ ગણું ફલ, અંજનગિરિ જુહારે; દશ લાખ ગણું ફલ, અષ્ટાપદ ગિરનારે ભવિકા. અ૦ ૬ કોડી ગણું ફલ, શ્રી શેત્રુંજે ભેટે; જેમ રે અનાદિના, દુરિત ઉમેટે ભવિકા. દુ૦ ૭ ભાવ અનંતે, અનંત ફલ પાવે; જ્ઞાનવિમલસૂરિ, એમ ગુણ ગાવે ભવિકા. એ૦ ૮

## તૃતીય ચૈત્યવંદન.

ચૈત્રી પૂનમને દિન, જે ઇણ ગિરિ આવે; આઠ સત્તર બહુ ભેદશું, જે ભક્તિ રચાવે; આદીશ્વર અરિહંતની, તસ સઘલાં કર્મ; દૂર ટલે સંપદ મલે, ભાંજે ભવ ભર્મ; ઇહ ભવ પરભવ ભવ ભવ એ, ઋદ્ધિ વૃદ્ધિ કલ્યાણ; જ્ઞાનવિમલ ગુણમણિ તણો, ત્રિભુવન તિલક સમાન. ૩

પછી જયતિહુઅણ સ્તોત્ર નીચે પ્રમાણે—

## જય તિહુઅણ સ્તોત્ર.

જયતિહુઅણ વરકપ્પરુક્ખ! જય જિણધન્નંતરિ!; જય તિહુઅણ કલ્લાણકોસ! દુરિઅક્કરિ કેસરિ!; તિહુઅણજણઅવિલધિઆણ ભુવણત્તય સામિઅ!; કુણસુ સુહાઇ જિણેસ પાસ થંભપુરટ્ઠિઅ. ૧ તઈ સમરંત લહંતિ ઝત્તિ વરપુત્તકલત્તઈ; ધણ્ણ સુવણ્ણ હિરણ્ણ પુણ્ણ જણ ભુંજઈ રજ્જઈ; મુક્ખ અસંખ સુક્ખ તુહ પાસ! પસાઇણ; ઈઅ તિહુઅણવરકપ્પરુક્ખ! સુક્ખઇ કુણ મહ જિણ! ૨ જરજજ્જરપરિજુણ્ણકણ્ણનટ્ઠુસુકુટ્ઠિણ; ચક્ખુક્ખીણખએણ ખુણ્ણનરસલ્લિયસૂલિણ; તુહ જિણસરણરસાયણેણ લહુ હુંતિ પુણણ્ણવ; જય ધન્નંતરિ પાસ મહવિ તુહુ રોગહરો ભવ. ૩ વિજ્જાજોઈસમંતતંત સિદ્ધઉ અપયત્તિણ; ભુવણબ્ભુઉ અટ્ઠવિહ સિદ્ધિ સિજ્ઝહિ તુહ નામિણ; તુહ નામિણ અપવિત્તઓડવિ જણ હોઈ પવિત્તઉ; તં તિહુઅણકલ્લાણકોસ તુહ પાસ નિરુત્તઉ. ૪ ખુદ્દ પઉત્તઈ મંતતંત જંતાઇ વિસુત્તઈ; ચર થિરગરલ હુગ્ગખગ્ગ રિઉવગ્ગુવિ ગંજઈ; દુત્થિય સત્થ અણુત્થ—પત્થ નિત્થારઈ દય કરિ; દુરિયઇ હરઉ સ પાસ દેઉ દુરિયક્કરિકેસરિ. ૫ તુહ

આણા થંભેઈ ભીમદપ્પુદ્ધર સુરવર, રક્ખસજક્ખફ-
ણિંદવિંદ ચોરાનલ જલહર; જલ થલચારિરઉદ્દ–ખુદ્દ-
પસુજોઈણિ જોઈય; ઈય તિહુઅણ અવિલંઘિઆણ
જય પાસ સુસામિય. ૬ પત્થિય અત્થ અણત્થ તત્થ
ભત્તિબ્ભર નિબ્ભર; રોમંચંચિયચારુકાય કિન્નરનર
સુરવર; જસુ સેવહિ કમકમલજુયલ પક્ખાલિય
કલિમલુ; સો ભુવણત્તય સામિ પાસ મહ મદ્દઉ
રિઉબલુ. ૬ જય જોઈયમણકમલ ભયપંજરકુંજર;
તિહુઅણજણઆણંદચંદ ભુવણત્તયદિણયર; જય
મઈમેઈણિ વારિવાહ જય જંતુ પિયામહ, થંભણયટ્ઠિય-
પાસનાહ નાહત્તણ કુણ મહ. ૮ બહુવિહુ વન્નુ
અવન્નુ સુન્નુ વન્નિઉ છપ્પન્નિહિં; મુક્ખધમ્મકામ-
ત્થકામ નર નિયનિય સત્થિહિં; જં ઝાયહિ બહુ દરિ-
સણત્થબહુનામ પસિદ્ધઉ; સો જોઇય મણ કમલ ભસલ
સુહુ પાસ પવદ્ધઉ. ૯ ભયવિબ્ભરણઝણિરદસણ થર-
હરિયસરીરય; તરલિયનયણ વિસુન્નસુન્ન ગગ્ગરગિરિ
કરુણય; તઈ સહસત્તિ સરંતહુંતિ નરનાસિયગુરૂદર,
મહ વિજ્ઝવિ સિજ્જિઝસઈ પાસ ભયપંજરકુંજર!
॥૧૦॥ પઈ પાસિ વિયસંતનીત્તપત્તંત પવિત્તિય, બાહ-

પવાહપવૂઢરૂઢદુહદાહસુપુલઇયિ; મન્નઇ મન્નુ સઉન્નુ પુન્નુ અપ્પાણું સુરનર; ઇય તિહુયણઆણંદ ચંદ જય પાસજિણેસર. ॥૧૧॥ તુહ કલ્લાણમહેસુ ઘંટટંકારવ-પિલ્લિય; વલ્લિરમલ્લમહલ્લભત્તિસુરવરગ જુલ્લિય; હલ્લુ-પ્ફલિયપવત્તયંતિ ભુવણેવિ મહૂસવ; ઇય તિહુઅણ આણંદચંદ જય પાસ સુહુબ્ભવ. ॥૧૨॥ નિમ્મલકેવલ-કિરણનિયરવિહુરિયતમપહયર; દંસિયસયલપયત્થસત્થ-વિત્થરિય પહાયર; કલિકલુસિય જણ ઘૂયલોયલોયણહ-અગોચર; તિમિરઇ નિરૂહર પાસનાહ ભુવણત્તયદિણયર. ॥૧૩॥ તુહ સમરણ જલવરિસ સિત્તમાણવમઇમેઇણિ; અવરાવરસુહુમત્થબોહકંદલદલરેહણિ; જાયઇ ફલભર-ભરિયહરિયદુહદાહઅણોવમ; ઇય મઇમેઇણિવારિવા-હ દિસ પાસ મઇં મમ. ॥૧૪॥ કય અવિકલ કલ્લાણ વલ્લિ ઉલ્લુરિયદુહવણ; દાવિયસગ્ગપવગ્ગ મગ્ગ દુગ્ગઇ ગમવારણ; જયજંતુહ જણએણ તુલ્લ જંજણિય હિયા-વહુ; રમ્મુ ધમ્મુ સો જયઉ પાસ જય જંતુ પિયામહુ. ॥૧૫॥ ભુવણારણ્ણ નિવાસ દરિય પરદરિસણ દેવય; જોઇણિપૂયણ ખિત્તવાલ ખુદ્દાસુરપસુવય; તુહ ઉત્તટ્ઠુ-સુનટ્ઠુ સુટ્ઠુઅવિસંઠુલુ ચિટ્ઠહિ; ઇય તિહુઅણવણસીહ

પાસ પાવાઇ પણાસહિ. ॥૧૬॥ ફણિફણફારફુરંત રયણકર રંજિય નહયલ; ફલિણીકંદલદલતમાલનીલુપ્પલસામલ; કમઠાસુરઉવસગ્ગ વગ્ગ સંસગ્ગ અગંજિય; જય પચ્ચક્ખ જિણેસ પાસ થંભણયપુરટ્ઠિય. ॥૧૭॥ મહ મણુ તરલુ પમાણુ નેય વાયાવિ વિસંઠુલુ; નેય તણુરવિ અવિણયસહાવુ અલસવિહલંથલુ; તુહ માહપ્પુ પમાણુ દેવ! કારુણ્ણ પવિત્તઉ; ઇય મઇ મા અવહીરિ પાસ પાલિહિ વિલવંતઉ. ॥૧૮॥ કિં કિં કપ્પિઉ નેય કલુણુ કિં કિં વ ન જંપિઉ; કિં વ ન ચિટ્ઠિઉ કિટ્ઠુ દેવ! દીણયમવલંબિઉ; કાસુ ન કિય નિપ્ફલ્લ લલ્લિ અમ્હેહિ દુહત્તિહિ; તહવિ ન પત્તઉ તાણું કિંપિ પઇ પહુ પરિચત્તિહિ. ॥૧૯॥ તુહુ સામિઉ તુહુ માય બપ્પુ તુહુ મિત્ત પિયંકરુ; તુહુ ગઇ તુહુ મઇ તુહુ જિ તાણુ તુહુ ગુરુ ખેમંકરુ; હઉં દુહભરભારિઉ વરાઉ રાઉ નિબ્ભગ્ગહ; લીણઉ તુહ કમકમલ સરણુ જિણ પાલહિ ચંગહ. ॥૨૦॥ પઇ કિવિ કય નીરોયલોય કિવિ પાવિય સુહસય; કિવિ મઇમંત મહંત કેવિ કિવિ સાહિયસિવપય; કિવિ ગંજિયરિઉવગ્ગ કેવિ જસધવલિય ભૂયલ; મઇ અવહીરહિ કેણ

પાસ સરણાગયવચ્છલ! ॥૨૧॥ પચ્ચુવયારનિરીહ નાહ નિપ્ફન્નપઓયણ; તુહ જિણ પાસ પરોવયારક-રણિક્કપરાયણ; સત્તુમિત્તસમચિત્તવિત્તિનયનિંદયસમ-મણ; મા અવહીરિઅજુગ્ગઉવિ મઈ પાસ નિરંજણ! હઉ બહુવિહદુહતત્તગત્તુ તુહ દુહનાસણપરૂ; હઉ સુય-ણહ કરૂણિક્કઠાણુ તુહુ નિરૂકરુણાયરુ; હઉ જિણ પાસઅ સામિ સાલુ તુહુ તિહુઅણ સામિય; જં અવહીરહિ મઈ ઝખત ઈય પાસ ન સોહિય. ॥૨૩॥ જુગ્ગાજુગ્ગ વિભાગ નાહ ન હુ જોયહિ તુહ સમ;ભુવ-ણુવયારસહાવભાવ કરૂણારસસત્તમ; સમવિસમઈ કિં ઘણુનિયઈ ભુવિ દાહસમંતઉ; ઈય દુહિબંધવ પાસનાહ મઈપાલ થુણંતઉ. ॥૨૪॥ નય દીણહ દીણયું મુયવિ અન્નુવિ કિવિ જુગ્ગય; જં જોઈવિ ઉવયાર કરહિ ઉવયાર સમુજ્જય; દીણહ દીણુ નિહીણુ જેણ તઈનાહિણ ચત્તઉ; તો જુગ્ગઉ અહમેવ પાસ પાલહિ મઈ ચંગઉ. ॥૨૫॥ અહ અન્નુવિ જુગ્ગય વિસેસુ કિવિ મન્નહિ દીણહ; જં પાસિવિ ઉવયારૂ કરઈ તુહ નાહ સમગ્ગહ, સુચ્ચિય કિલ કલ્લાણુ જેણ જિણ તુમ્હ પસીયહ; કિં અન્નિણ તં ચેવ દેવ! મા મઈ અવ-

હીરહ. ॥૨૬॥ તુહ પત્થણુ ન હુ હોઈ વિહલુ જિન જાણુઉ કિં પુણુ; હઉ દુક્ખિયનિરુસત્ત ચત્ત દુક્ખહુ ઉસ્સુયમણુ; તં મન્નઉ નિમિસેણુ એઉ એઉવિ જઈ લબ્ભઈ; સચ્ચં જં ભુક્ખિયવસેણુ કિં ઉંબરુ પચ્ચઈ. ॥૨૭॥ તિહુઅણુ સામિય પાસનાહ મઈ અપ્પુ પયાસિઉ; કિજ્જઉ જં નિય રૂવ સરિસુ ન મુણુઉ બહુ જંપિઉ; અન્નુ ન જિણુ જગ્ગિ તુહ સમોવિ દક્ખિન્નુ દયાસઉ; જઈ અવગન્નસિ તુહ જિણુ અહહ કહ હોસુ હયાસઉ. ॥૨૮॥ જઈ તુહ રૂવિણુ કિણુવિ પેયપાઇણુ વેલવિયઉ; તુવિ જાણુઉ જિણુ પાસ તુમ્હિ હઉં અંગીકરિઉ; ઇય મહ ઇચ્છિઉ જં ન હોઇ સા તુહ ઓહાવણુ; રક્ખંખંતહ નિય કિત્તણેય! જુજ્જઈ અવહીરણુ. ॥૨૯॥ એહ મહારિય જત્તદેવ ઈહ ન્હવણુ મહુસઉ; જં અણુલિયગુણુ ગહણુ તુમ્હ મુણિજણુ અણિસિદ્ધઉ; એમ પસીય સુપાસહનાહ થંભણુયપુરટ્ઠિય; ઇય મુણિવરુ સિરિ અભયદેઉ વિન્નવઇ અણિંદિય. ॥ ૩૦ ॥

## દેવવંદનનો ચોથો જોડો.

વિધિ—પૂર્વની માફક જાણવી. વિશેષમાં સઘળી વસ્તુ અને સઘળી ક્રિયામાં દશને ઠેકાણે ચાલીશ જાણવી. અહીંયાં સંતિકરંને સ્થાને 'ભક્તામર' અગર 'કલ્યાણ મંદિર' કહેવું, તેમજ દેવવંદનની વિધિ પહેલાંની પેઠે જાણવી.

### પ્રથમ ચૈત્યવંદન.

શ્રી શત્રુંજય સિદ્ધક્ષેત્ર, પુંડરીક ગિરિ સાચો; વિમલાચલ ને તીર્થરાજ, જસ મહિમા જાચો; મુક્તિનિલય શતકૂટ નામ, પુષ્પદંત ભણીજે; મહાપદ્મ ને સહસ્રપત્ર, ગિરિરાજ કહીજે; ઈત્યાદિક બહુ ભાતિસું એ, નામ જપો નિરધાર; ધીરવિમલ કવિરાજનો શિષ્ય કહે સુખકાર. ૧

### દ્વિતીય ચૈત્યવંદન.

રજત કનક મણિ જડિતનાં, ભૂષણ વિરચાવો; તિલક મુકુટ કુંડલ યુગલ, બહેરખાં બનાવો; રૂચિર જ્યોતિ મોતી તણા, કંઠે ઠવો હાર; કંદોરો શ્રીફલ કરે; આપીજે સાર; એણી પરે બહુવિધ ભૂષણે, શોભાવો જિન દેહ; જ્ઞાનવિમલ કહે તેહને, શિવવધૂ વરે ધરી નેહ. ૧

## પ્રથમ થોય જોડો.

ઋષભદેવ નમું ગુણ નિર્મલા, દૂધ માંહે ભેલી સીતોપલા; વિમલશૈલ તણા શણગાર છે, ભવ ભવ મુજ ચિત્તે તે રૂચે. ૧ જેહ અનંત થયા જિન કેવલી, જેહ હશે વિચરંતા તે વલી; જેહ અસાસય સાસય ત્રિહું જગે, જિનપડિમા પ્રણમું નિત ઝગમગે. ૨ સરસ આગમ અક્ષર મહોદધિ, ત્રિપદી ગંગ તરંગ કરી વધી; ભવિક દેહ સદા પાવન કરે, દુરિત તાપ રજોમલ અપહરે. ૩ જિનશાસન ભાસન કારિકા, સુર સુરી જિન આણા ધારિકા; જ્ઞાનવિમલ પ્રભુતા દિયે દંપતી, દુરિત દુષ્ટ તણા ભય જીપતી. ૪

## દ્વિતીય થોય જોડો.

( માલીની વૃત્ત )

સવિ મલિ કરી આવો, ભાવના ભવ્ય ભાવો; વિમલગિરિ વધાવો, મોતિયાં થાલ લાવો; જો હોય શિવ જાવો, ચિત્ત તો વાત ભાવો; ન હોયે દુશ્મન દાવો, આદિ પૂજા રચાવો. ૧ શુભ કેશર (ઘૂસી) ઘોલી, માંહે કર્પૂર ચોલી; પહેરી સિત પટોલી, વાસિયે ગંધ ઘોલી; ભરી પુષ્કર નોલી, ટાલિયે દુઃખ હોલી; સવિ જિનવર

ટોલી, પૂજિયે ભાવ ભોલી. ૨ શુભ અંગ અગ્યાર, તેમ ઉપાંગ બાર; વલિ મૂલ સૂત્રિ ચાર, નંદી અનુ-યોગદ્વાર; દશ પયન્ના ઉદાર, છેદ ષટ વૃત્તિ સાર; પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિ સાર. ૩ જય જય જય નંદા, જૈનદૃષ્ટિ સૂરીંદા; કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા; જ્ઞાનવિમલ સૂરીંદા, સામ્ય માકંદ કંદા; વર વિમલ ગિરીંદા, ધ્યાનથી નિત્ય ભદ્દા. ૪

## શ્રી સિદ્ધાચલજીનું સ્તવન.

( આજ સખી શંખેસરો-એ દેશી. )

એ ગિરિઓ ગિરિ રાજીઓ, પ્રણમી જે ભાવે; ભવ ભવ સંચિત આકરાં, પાતકડાં જાવે. ૧ વજ્રલેપ સમ જે હોવે, તે પણ તસ દૂર; એહનું દર્શન કીજીએ, ધરી ભક્તિ પડુર. ૨ ચંદ્રશેખર રાજા થયો, નિજ ભગિની લુબ્ધો; તે પણ એ ગિરિ સેવતાં, ક્ષણ માંહે સિધ્યો. ૩ શુક રાજા જય પામીયો, એહને સુપસાયે; ગોહત્યાદિક પાપ જે, તે દૂર પલાયે. ૪ અગમ્ય અપેય અભક્ષ્ય જે, કીધાં જેણે પ્રાણી; તે નિર્મલ ઇણ ગિરિ થયા, એ જિનવર વાણી. ૪ વાઘ સર્પ પ્રમુખા પશુ, તે પણ શિવ પામ્યા; એ તીરથ સેવ્યા

થકી, સવિ પાતક વામ્યા.૬ ચૈત્રી પૂનમે વંદતાં, ટલે દુઃખ કલેશ; જ્ઞાન વિમલ પ્રભુતા ઘણી, હોય સુજસ વિશેષ. ૭

## તૃતીય ચૈત્યવંદન.

પ્રેમે પ્રણમો પ્રથમ દેવ, શત્રુંજય ગિરિ મંડન; ભવિયણ મન આનંદ કરણ, દુઃખ દોહગ ખંડણ; સુર નર કિન્નર નમે તુજ, ભકિત શું પાયા; પાવ પંક ફેડે સમત્થ, પ્રભુ ત્રિભુવનરાયા; જ્ઞાન વિમલ પ્રભુ તુમ તણે, ચરણે શરણે રાખો; કર જોડીને વિનવું, મુકિતમાગ મુજ દાખો. ૩

પછી ભકતામર કહેવું ( જુઓ પૃષ્ટ ૨૨૨. )

## દેવવંદનનો પાંચમો જોડો.

વિધિ—અહીંયાં પૂર્વની પેરે સર્વ વસ્તુ દશને બદલે પચાસ લેવી, અને સર્વ વિધિમાં દશને ઠેકાણે પચાસ પચાસ કરવી. છેવટે ચૈત્યવંદન ભાષ્ય કહેવું. અને દેવવંદનની વિધિ પણ પ્રથમની પેઠે જાણવી, જે જોડાને અંતે આપેલ છે.

## પ્રથમ ચૈત્યવંદન.

શત્રુંજય શિખરે ચઢિયા સ્વામી, કહીયે હું અર્ચિશું; રાયણ તરૂવર તલે પાય, આણંદે ચરચિશું; ન્હવણ વિલેપન પૂજના, કરી આરતી ઉતારીશ; મંગલ

દીપક જ્યોતિ થુતિ, કરી દુરિત નિવારીશ; ધન્ય ધન્ય તે દિન માહરો એ, ગણીશ સફલ અવતાર; નય કહે આદીશ્વર નમો, જિમ પામો જયકાર. ૧

## દ્વિતીય ચૈત્યવંદન.

તુજ મૂર્તિને નિરખવા, મુજ નયણાં તરસે; તુમ ગુણ ગણને બોલવા, રસના મુજ હરખે; કાયા અતિ આણંદ મુજ, તુમ પદયુગ ફરશે; તો સેવક તાર્યા વિના, કહો કિમ હવે સરશે; એમ જાણીને સાહેબા એ, નેક નજરે મોહિ જોય; જ્ઞાનવિમલ પ્રભુ સુનજરથી, તે શું જે નવિ હોય. ૧

## પ્રથમ થોય જોડો.

જિહાં ઓગણ્યોતર કોડાકોડી, તેમ પંચાશી લખ વલી જોડી, ચુમ્માલીશ સહસ્સ કોડી; સમવસર્યા જિહાં એતી વાર, પૂર્વ નવાણું એમ પ્રકાર, નાભિ નરિંદ મલ્હાર. ૧ સહસકૂટ અષ્ટાપદ સાર, જિન ચોવીશ તણા ગણધાર, પગલાંનો વિસ્તાર; વલી જિન-બિંબ તણો નહિ પાર, દેહરી થંભે બહુ આકાર, વંદુ વિમલગિરિ સાર. ૨ એંશી સિત્તેર સાઠ પચાસ, બાર જોયણ માને જસ વિસ્તાર, ઈગ દુ તી ચઉ પણ

આર; માન કહ્યું એહનું નિરધાર, મહિમા એહનો અગમ અપાર, આગમ માંહે ઉદાર. ૩ ચત્રી પૂનમ દિન શુભ ભાવે, સમકિત દૃષ્ટિ સુર નર આવે, પૂજા વિવિધ રચાવે; જ્ઞાનવિમલસૂરિ ભાવના ભાવે, દુરગતિ દોહગ દૂર ગમાવે, બોધિબીજ જસ પાવે. ૪

## દ્વિતીય થોય જોડો.

શત્રુંજય સાહેબ પ્રથમ જિણંદ, નાભિ ભૂપ કુલ કમલ દિણંદ, મરૂદેવીનો નંદ; જસ મુખ સોહે પૂનમ ચંદ, સેવા સારે ઇંદ નરિંદ, ઉન્મૂલે દુઃખ દંદ; વાંછિત પૂરણ સુરતરૂ કંદ, લંછન જેહને [1]સુરભિનંદ, ફેડે ભવ ભય ફંદ; પ્રણમે જ્ઞાનવિમલ સૂરિંદ, જેહના અહોનિશ પદ અરવિંદ, નામે પરમાનંદ. ૧ શ્રી સીમંધર જિનવર રાજે, મહાવિદેહે બાર [2]સમાજે, ભાખે ઇમ ભવિ કાજે; સિદ્ધક્ષેત્ર નામે ગિરિરાજે, એહ જ ભરત માંહે એ છાજે, ભવજલ તરણ જહાજે; અનંત તીર્થંકર વાણી ગાજે, ભવિ મન કેરા સંશય ભાંજે, સેવક જનને નિંવાજે, વાજે તાલ કંસાલ પવાજે, ચત્રી મહોત્સવ અધિક દીવાજે, સુર નર સજી બહુ સાજે. ૨ રાગ દ્વેષ

૧ વૃષભ. ૨ બાર પર્ષદે.

વિષ [૧]ખીલણુ મંત, ભાજી ભવભય [૨]ભાવઠ ભ્રાંત, ટાલે દુઃખ દુરંત; સુખ સંપત્તિ હોય જે સમરંત, ધ્યાયે અહનિશ સઘલા સંત, ગાયે ગુણ મહંત; શિવસુંદરી વશ કરવા તંત[૩], પાપતાપ પીલણુ એ જંત, સુણીએ તે સિદ્ધાંત; આણી મોટી મનની ખંત, ભવિયણ ધ્યાવો એકણુ ચિત્ત, રાન[૪] વેલાઉલ[૫] હુંત. ૩

આદિ જિનેશ્વર પદ અનુસરતી, ચતુરંગુલ ઊંચી રહે ધરતી, દુરિત ઉપદ્રવ હરતી; સરસ સુધારસ વયણુ ઝરંતી, જ્ઞાનવિમલ ગિરિ સાન્નિધ્ય કરંતી, દુશ્મન દુષ્ટ દલંતી; દાડિમ પક્વ કલી સમ દંતી, જ્યોતિ ગુણ ઇહાં રાજી પંતી, સમકિત બીજ વપંતી; ચક્કેસરી સુરસુંદરી હુંતી, ચૈત્રીપૂનમ દિન આવંતી, જય જયકાર ભણુંતી. ૪

## શ્રી વિમલગિરિજીનું સ્તવન.

તીરથ વારૂ એ તીરથ વારૂ, સાંભળજો સો તારૂ રે; ભવજલનિધિ તરવા ભવિ જનને, પ્રવહણ પરે એ તારૂ રે. તીરથ૦ ૧ એ તીરથનો મહિમા મોટો, નવિ માને તે કારૂ રે; પાર ન પામે કહેતાં કોઈ, પણુ કહિયે મતિ સારૂ રે. તીરથ૦ ૨ સાધુ અનંતા

---

૧ નષ્ટ કરવા. ૨ ભમભ્રમણુ. ૩ વશીકરણુ. ૪ રણુ. ૫ બંદર.

ઈહાં કણે સિદ્ધા, અંત કર્મના કીધા રે; અનુભવ અમૃત રસ જિણે પીધા, અભયદાન જગ દીધાં રે. તીરથ૦ ૩ નમિ વિનમિ વિદ્યાધર નાયક, દ્રવિડ વારિખિલ્લ જાણો રે; થાવચ્ચા શુક સેલગ પંથગ, પાંડવ પાંચ વખાણો રે. તીરથ૦ ૪ રામ મુનિ ને નારદ મુનિવર, શાંબ પ્રદ્યુમ્ન કુમારો રે; મહાનંદ પદ પામ્યા તેહના, મુનિવર બહુ પરિવારો રે. તીરથ૦ ૫ તેહ ભણી સિદ્ધક્ષેત્ર એહનું, નામ થયું નિરધાર રે; શત્રુંજય કલ્પે માહાત્મ્યે, એહનો બહુ અધિકાર રે. તીરથ૦ ૬ તીરથ નાયક વાંછિત દાયક, વિમલાચલ જે ધ્યાવે રે; જ્ઞાનવિમલસૂરિ કહે તે ભવિને, ધર્મ શર્મ ઘરે આવે રે. તીરથ૦ ૭.

## તૃતીય ચૈત્યવંદન.

માદલ તાલ કંસાલ સાર, ભુંગલ ને ભેરી; ઢોલ દદામા (દુંદુભિ) દડવડી, સરણાઈ નફેરી; શ્રી મંડલ વીણા રબાવ, સારંગી સારી; તંબૂરા કડતાલ શંખ, ઝલ્લરી ઝણુકાર; વાજિંત્ર નવ નવ છંદ શું એ, ગાઓ જિનગુણ ગીત; જ્ઞાનવિમલ પ્રભુતા લહો, જિમ હોય જગે જસ રીત. ૧

અહીં ચાત્યવંદન ભાષ્ય કહેવું (જુઓ પૃષ્ઠ. ૨૩૪)

**卐 શ્રીજ્ઞાનવિમલસૂરિકૃત ચૈત્રી પૂનમના દેવવંદન સમાપ્ત. 卐**

## શ્રી જ્ઞાનવિમલસૂરિવિરચિત—

# ચતુર્વિંશતિ જિન (ચોમાસી) દેવવંદન.

## શ્રી આદિજિન દેવવંદન.

સ્થાપનાચાર્ય ( આચાર્યજી ) આગળ અથવા નવકાર પંચિંદિય વડે પુસ્તકની સ્થાપના સ્થાપીને ઇરિયાવહી૦ તસ્સ ઉત્તરી અન્નત્થ૦ કહી એક લોગસ્સના કાઉસગ્ગ કરવો અને ન આવડે તો ચાર નવકારનો કાઉસગ્ગ કરી, પારી પ્રગટ લોગસ્સ કહી ખમાસમણુ દઇઇચ્છા કારેણ સંદિસહ ભગવન્! **શ્રીઋષભનાથજિન આરાધનાર્થે** ચૈત્યવંદન કરૂં ? ઇચ્છં, કહી યોગમુદ્રાએ બેસી નીચે પ્રમાણે ચૈત્યવંદન કરવું.

ચૈત્યવંદન—પ્રથમ જિનેશ્વર ઋષભદેવ, સવ્વટ્ઠથી ચવીયા; વદી ચઉથે અષાઢની, શક્રે સંસ્તવિયા; અષ્ટમી ચૈત્રહ વદી તણી, દિવસે પ્રભુ જાયા; દીક્ષા પણ તિણહિજ દિને, ચઉનાણી થાયા; ફાગુણ વદી ઇગ્યારસે એ, જ્ઞાન લહે શુભ ધ્યાન; મહા વદી તેરસે શિવ લહ્યા, પરમાનંદ નિધાન. ૧

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસ્સગ્ગ કરી પારી એક થોય કહેવી. પછી લોગસ્સ૦ સવ્વલોએ અરિહંત૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી બીજી થોય કહેવી. પછી પુખ્ખરવર૦ સુઅસ્સ ભગવઓ૦ અન્નત્થ૦ કહી એક

નવકારનો કાઉસગ્ગ કરી પારી ત્રીજી થોય કહેવી. પછી સિદ્ધાણું બુદ્ધાણું૦ વેયાવચ્ચગરાણું૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી પારી ચોથી થોય કહેવી. તે થોયો આ પ્રમાણે—

થોય—+ઋષભ જિન સુહાયા, શ્રી મરૂદેવી માયા; કનક વરણુ કાયા, મંગલા જાસ જાયા; વૃષભ લંછન પાયા, દેવ નર નારી ગાયા; પણુ સય ધનુ છાયા, તે પ્રભુ ધ્યાન ધ્યાયા. ॥ ૧ ॥ એ તીરથ જાણી, જિન ત્રેવીશ ઉદાર; એક નેમ વિના સવિ, સમવસર્યા નિરધાર; ગિરિકંડણે આવી, પહોંતા ગઢ ગિરનાર; ચૈત્રી પૂનમ દિને, તે વંદુ જયકાર. ॥ ૨ ॥ જ્ઞાતાધર્મ કથાંગે, અંતગડ સૂત્ર મોઝાર; સિદ્ધાચલ સિદ્ધયા બોલ્યા બહુ અણગાર; તે માટે એ ગિરિ, સવિ તીરથ શિરદાર; જિન ભેટ થાવે, સુખસંપત્તિ વિસ્તાર. ॥૩॥ ગોમુખ ચક્કેસરી, શાસનની રખવાલ; એ તીરથ કેરી, સાનિધ્ય કરે સંભાલ; ગિરૂઆ જસ મહિમા, સંપ્રતિ કાલે જાસ; શ્રી જ્ઞાનવિમલસૂરિ, નામે લીલ વિલાસ. ॥ ૪ ॥

પછી નમુત્થુણં કહી, જાવંતિ ચેઇઆઇં૦ કહી જાવંત કેવિ સાહૂ૦ નમોર્હત્૦ કહી સ્તવન કહેવું. તેઆ પ્રમાણે—

+થોયની પ્રથમ ગાથા માલીની છંદમાં અને બાકીની ૩ પુંડ ગિરિ મહિમા એ દેશીમાં છે.

## શ્રી ઋષભદેવ જિન સ્તવન.

(લલનાની દેશી.)

આદિ કરણ અરિહંત જી, ઓલગડી અવધાર લલના, પ્રથમ જિણેસર પ્રણમીયે, વાંછિત ફલ દાતાર લલના; આદિકરણ અરિહંતજી એ--આંકણી. ॥ ૧ ॥ ઉપગારી અવનીતલે, ગુણ અનંત ભગવાન લલના; અવિનાશી અક્ષય કલા. વરતે અતિશય ધામ લલના. આદિ૦ ॥ ૨ ॥ ગૃહવાસે પણ જેહને, અમૃતફલનો આહાર લલના; તે અમૃતફલને લહે, એ જુગતું નિરધાર લલના. આદિ૦ ॥ ૩ ॥ વંશ ઈક્ષાગ છે જેહનો, ચઢતો રસ સુવિશેષ લલના; ભરતાદિક થયા કેવલી, અનુભવ ફલ રસ દેખ લલના. આદિ૦ ॥ ૪ ॥ નાભિરાયા કુલ મંડણો, મરૂદેવી સર હંસ લલના; ઋષભદેવ નિત વંદિયે, જ્ઞાનવિમલ અવતંસ લલના. આદિ૦ ॥ ૫ ॥

પછી જયવીયરાય 'આભવમખંડા' સુધી કહેવા. પછી ખમાસમણ દઈ ઈચ્છાકારેણ સંદિસહ ભગવન્! શ્રી અજિતનાથ જિન આરાધનાર્થે ચૈત્યવંદન કરૂં ? ઈચ્છં, કહી ચૈત્યવંદન કરવું. તે આ પ્રમાણે—

## શ્રી અજિતનાથ જિન ચૈત્યવંદન.

ચૈત્યવંદન–શુદી વશાખની તેરસે, ચવિયા વિજયંત; મહા શુદી આઠમ જનમીયા, બીજા શ્રીઅજીત; મહા શુદી નવમે મુનિ થયા, પોષી ઇગ્યારસ; ઉજ્જવલ ઉજ્જવલ કેવલી, થયા અક્ષય કૃપા રસઃ ચૈત્ર (વૈશાખ) શુકલ પંચમી દિને એ, પંચમ ગતિ લહ્યા જેહ; ધીરવિમલ કવિરાયનો, નય પ્રણમે ધરી નેહ. ૧

પછી જંકિંચિ૦ નમુત્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી એક નવકારનો કાઉસગ્ગ કરી, પારી નીચે પ્રમાણે થોય કહેવી.

થોય--અજીત જિનપતિનો દેહ કંચન જરીનો; ભવિક જન નગીનો, જેહથી મોહ બીનો; હું તુજ પદ લીનો, જેમ જલ માંહે મીનો;નવિ હોય તે દીનો, તાહરે ધ્યાને પીનો. ૧

આ થોય કહી ઊભા ઊભા જયવીયરાય 'આભવમખંડા' સુધી કહેવા. આ પ્રમાણે સર્વ તીર્થંકર પ્રભુના દેવવંદનનો વિધિ જાણવો. એટલે કે સોલમા, બાવીસમા, ત્રેવીસમા અને ચોવીસમા તીર્થંકર પ્રભુના દેવવંદનનો વિધિ પ્રથમ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો અને બાકીના પ્રભુનો વિધિ બીજા શ્રી અજિતનાથ પ્રભુના વિધિ પ્રમાણે જાણવો.

## શ્રી સંભવનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--સપ્તમ ગ્રૈવેયક થકી, ચવિયા શ્રી

સંભવ; ફાગણ શુદી આઠમ દિને, ચઉદસી અભિનવ. ॥૧॥ મૃગશિર માસે જનમીયા, તિણી પૂનમ સંજમ; કાર્તિક વદી પંચમી દિને, લહે કેવલ નિરૂપમ. ॥૨॥ પંચમી ચૈત્રની ઉજલી એ, શિવ પહોંત્યા જિનરાજ; જ્ઞાનવિમલ પ્રભુ પ્રણમતાં, સીઝે સઘલાં કાજ. ॥૩॥

થોય--જિન સંભવ વારૂ, લંછને અશ્વધારૂ; ભવનિધિ તારૂ, કામગદ તીવ્ર દારૂ; સુરકરૂ પરિવારૂ, દૂષમા કાલ મારૂ; શિવસુખ કિરતારૂ, તેહના ધ્યાન સારૂ. ૧

## અભિનંદન જિન દેવવંદન.

ચૈત્યવંદન–જયંત વિમાન થકી ચવ્યા, અભિનંદન રાયા; વૈશાખ શુદી ચોથે, માઘ શુદી બીજે જાયા; માહા શુદી બારસ ગ્રહિય દિક્ખ, પોષ શુદી ચઉદશ; કેવલ શુદી વૈશાખની, આઠમે શિવસુખ રસ; ચઉથા જિનવરને નમી એ, ચઉગતિ ભમણ નિવાર; જ્ઞાનવિમલ ગણપતિ કહે, જિનગુણનો નહી પાર. ૧

થોય–અભિનંદન વંદો, સૌમ્ય માકંદ કંદો; નૃપ સંવર નંદો, ધર્ષિતાશેષ કંદો; તમ તિમિર

દિણુંદો, લંછને વાનરિંદો; જસ આગલ મંદો, સૌમ્ય ગુણ સારદિંદો. ૧

### શ્રી સુમતિનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન–શ્રાવણ શુદી બીજે ચવ્યા, મેહેલીને જયંત; પંચમી ગતિ દાયક નમું, પંચમ જિન સુમતિ; શુદી વૈશાખની આઠમે, જનમ્યા તિમ સંજમ; શુદી નવમી વૈશાખની, નિરૂપમ જસ શમ દમ; ચૈત્ર અગ્યારસ ઉજલી એ, કેવલ પામે દેવ; શિવ પામ્યા તિણે નવમીયે, નય કહે કરો તસ સેવ. ૧

થોય–સુમતિ સુમતિ આપે, દુઃખની કોડિ કાપે; સુમતિ સુજસ વ્યાપે, બોધિનું બીજ આપે; અવિચલ પદ થાપે, જાપ દીપ પ્રતાપે; કુમતિ કદ હી નાવે, જો પ્રભુ ધ્યાન વ્યાપે. ૧

### શ્રી પદ્મપ્રભસ્વામી જિન દેવવંદન.

ચૈત્યવંદન–નવમા ગ્રૈવેયકથી ચવ્યા, મહા વદી છઠ દિવસે, કાતિ વદી બારશે જનમ, સુર નર સવિ હરખે; વદી તેરસ સંજમ ગ્રહે, પદ્મપ્રભુ સ્વામી; ચત્રી પૂનમ કેવલી, વલી શિવગતિ પામી; મૃગશિર વદી

ઇગ્યારશે એ, રક્તકમલ સમ વાન; નય વિમલ જિન રાજનું, ધરીયે નિર્મલ ધ્યાન. ૧

થોય– પદ્મપ્રભુ સોહાવે, ચિત્તમાં નિત્ય આવે; મુગતિ વધૂ મનાવે, રક્ત તનુ કાંતિ ફાવે; દુઃખ નિકટ નાવે, સંતતિ સૌખ્ય પાવે; પ્રભુ ગુણ ગણુ ધ્યાવે, અષ્ટ મહાસિદ્ધિ થાવે. ૧

## શ્રી સુપાર્શ્વનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન–છટ્ઠા ગ્રૈવેયકથી ચવી, જિનરાજ સુપાસ; ભાદરવા વદી આઠમે, અવતરિયા ખાસ ;જેઠ શુક્લ બારસે જણ્યા, તસ તેરસે સંજમ; ફાગુણ વદી છટ્ઠે કેવલી, શિવ લહે તસ સત્તમી; સત્તમ જિનવર નામથી એ, સાત ઇતિ શમંતઃ જ્ઞાનવિમલસૂરિ નિત લહે, તેજ પ્રતાપ મહંત. ૧

થોય––ફલે કામિત આશ, નામથી દુઃખ નાશ; મહિમ મહિમ પ્રકાશ, સાતમા શ્રી સુપાસ; સુર નર જસ દાસ, સંપદાનો નિવાસ; ગાય ભવી ગુણ રાસ, જેહના ધરી ઉલ્લાસ. ૧

## શ્રી ચંદ્રપ્રભ જિન દેવવંદન.

ચૈત્યવંદન–ચંદ્રપ્રભ જિન આઠમા, ચંદ્રપ્રભ

સમ દેહ; અવતરીયા વિજયંતથી, વદી પંચમી ચૈત્રહ; પોષ વદી બારસ જનમીયા, તસ તેરસે સાધ; ફાગુણ વદીની સાતમે, કેવલ નિરાબાધ; ભાદ્રવ સાતમ શિવ લહ્યા એ, પૂરી પૂરણ ધ્યાન; અદ્ભુ મહાસિદ્ધિ સંપજે, નય કહે જિન અભિધાન. ૧

થોય--શુભ નરગતિ પામી, ઉદ્યમે ધર્મધામી; જિન નમો શિર નામી, ચંદ્રપ્રભુ નામ સ્વામી; મુજ અંતરજામી, જેહમાં નહિય ખામી; શિવગતિ વર ગામી, સેવના પુણ્યે પામી. ૧

## શ્રી સુવિધિનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન—ગોરા સુવિધિ જિણંદ, નામ બીજું પુષ્પદંત; ફાગુણ વદી નોમે ચવ્યા, મેહેલી સુર આનત; મૃગશિર વદી પંચમી જણ્યા, તસ છટ્ઠે દીક્ષા; કાતિ શુદી ત્રીજે કેવલી, દીયે બહુ પરે શિક્ષા; શુદી નવમી ભાદ્રવા તણી એ, અજર અમર પદ હોય; ધીરવિમલ સેવક કહે, એ નમતાં સુખ હોય. ૧

થોય-- સુવિધિ જિન ભદંત, નામ વલી પુષ્પદંત; સુમતિ તરૂણી કંત, સંતથી જેહ સંત; કીયો કર્મ

દુરંત, લચ્છી લીલા વરંત; ભવજલધિ તરંત, તે નમીજે મહંત. ૧

## શ્રી શીતલનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--પ્રાણુત કલ્પ થકી ચવ્યા, શીતલ જિન દશમા; વદી વૈશાખની છઠ્ઠે જાણુ, દાધજ્વર પ્રશમ્યા; માહા વદી બારસ જનમ દિકખા, તસ બારસે લીધ; વદી પોષ ચઉદશ દિને, કેવલી પરસિદ્ધ; વદી બીજે વૈશાખની એ, મોક્ષ ગયા જિનરાજ; જ્ઞાનવિમલ જિનરાજથી, સીઝે સઘલાં કાજ. ૧

થોય -સુણુ શીતલ દેવા, વાલહી તુજ સેવા; જેમ ગજ મન રેવા, તુંહિ દેવાધિદેવા; પર આણુ વહેવા, શર્મ છે નિત્ય મેવા; સુખ સુગતિ લહેવા, હેતુ દુઃખ ખપેવા. ૧

## શ્રી શ્રેયાંસનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--અચ્યુત કલ્પ થકી ચવ્યા, શ્રી શ્રેયાંસ જિણંદ; જેઠ અંધારી દિવસ છટ્ઠે, કરત બહુ આનંદ; ફાગુણ વદી બારશે જનમ, દીક્ષા તસ તેરસ; કેવલી મહા અમાવસી, દેશન ચંદન રસ; વદી શ્રાવણ ત્રીજે લહ્યા એ, શિવ સુખ અખય અનંત; સકલ સમીહિત પૂરણો, નય કહે એ ભગવંત. ૧

થોય--સવિ જિન અવતંસ, જાસ ઈક્ખાગ વંશ; વિજિત મદન કંસ, શુદ્ધ ચારિત્ર હંસ; કૃત ભય વિધ્વંસ, તીર્થનાથ શ્રેયાંસ; વૃષભ કકુદ અંશ, તે નમું પુણ્ય અંશ. ૧

## શ્રી વાસુપૂજ્ય જિન દેવવંદન.

ચૈત્યવંદન--પ્રાણુતથી ઇહાં આવિયા, જ્યેષ્ઠ શુદી નવમી; જનમ્યા ફાગુણ ચૌદશી, અમાવાસી સંજમી; મહા શુદી બીજે કેવલી, ચાદશ આષાઢી; શુદી શિવ પામ્યા કર્મ કષ્ટ, સવિ દૂરે કાઢી; વાસુપૂજ્ય જિન બારમા એ, વિદ્રુમ રંગે કાય; શ્રી નયવિમલ કહે ઇસ્યું, જિન નમતાં સુખ થાય ૧.

થોય--વસુદેવ નૃપ તાત, શ્રી જયાદેવી માત; અરૂણુ કમલ ગાત, મહિષ લંછન વિખ્યાત; જસ ગુણુ અવદાત, શીત જાણે નિવાત; હોય નિત સુખ સાત, ધ્યાવતા દિવસ રાત. ૧

## શ્રી વિમલનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--અટ્ઠમ કલ્પ થકી ચવ્યા, માધવ શુદી બારસ; શુદી મહા ત્રીજે જણ્યા, તસ ચોથે

વ્રત રસ; શુદી પોષ છઠ્ઠે લહ્યા, વર નિર્મલ કેવલ; વદી સાતમ અષાઢની, પામ્યા પદ અવિચલ; વિમલ જિણેસર વંદિયે એ, જ્ઞાનવિમલ કરી ચિત્ત; તેરસમો જિન નિત દિયે, પુણ્ય પરિગલ વિત્ત. ૧

થોય--વિમલ વિમલ ભાવે, વંદતાં દુઃખ જાવે; નવ નિધિ ઘર આવે, વિશ્વમાં માન પાવે; સુઅર લંછન કહાવે, ભોમિ ભર સ્વેદ થાવે; મુનિ વિનતિ જણાવે, સ્વામીનું ધ્યાન ધ્યાવે. ૧

## શ્રી અનંતનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--પ્રાણુત થકી ચવિયા ઇહાં, શ્રાવણ વદી સાતમ; વૈશાખ વદી તેરસી, જનમ્યા ચઉદસ વ્રત; વદી વૈશાખ ચઉદશી, કેવલ પુણ્ય પામ્યા; ચત્ર શુદી પંચમી દિને, શિવ વનિતા કામ્યા; અનંત જિનેશ્વર ચઉદમા એ, કીધા દુશ્મન અંત; જ્ઞાનવિમલ કહે નામથી, તેજ પ્રતાપ અનંત. ૧

થોય--અનંત જિન નમીજે, કર્મની કોટી છીજે; શિવ સુખ ફલ લીજે; સિદ્ધિ લીલા વરીજે; બોધિબીજ મોય દીજે, એટલું કામ કીજે; મુજ મન અતિ રીઝે, સ્વામીનું કાર્ય સીઝે. ૧

## શ્રી ધર્મનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--વશાખ શુદી સાતમે, ચવિયા શ્રીધર્મ; વિજય થકી મહા માસની, શુદી ત્રીજે જનમ; તેરસ માહે ઉજલી, લીયે સંજમ ભાર; પોષી પૂનમે કેવલી, ગુણના ભંડાર, જેઠી પાંચમ ઉજલી એ, શિવપદ પામ્યા જેહ; નય કહે એ જિન પ્રણમતાં, વાધે ધર્મ સનેહ. ૧

થોય--ધરમ જિનપતિનો, ધ્યાન રસ માંહે ભીનો; વર રમણ શચીનો, જેહને વર્ણ લીનો; ત્રિભુવન સુખ કીનો, લંછને વજ્ર દીનો, નવિ હોય તે દીનો, જેહને તું વસીનો. ૧

## શ્રી શાંતિનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન--ભાદ્રવા વદી સાતમ દિને, સવ્વટ્ઠથી ચવિયા; વદી તેરશ જેઠે જણ્યા, દુઃખ દોહગ સમીયા; જેઠ ચઉદસ વદી દિને, લીયે સંજમ પ્રેમ; કેવલ ઉજ્વલ-પોષની, નવમી દિને એમ; પંચમ ચક્રી પરવડા એ, સોલમા શ્રી જિનરાજ; જેઠ વદી તેરશે શિવ લહ્યા, નય કહે સારો કાજ. ૧

થોય--જિનપતિ જયકારી, પંચમે ચક્રધારી ત્રિભુવન સુખકારી, સપ્ત ભય ઈતિ વારી; સહસ ચઉસઠ નારી, ચઉદ રત્નાધિકારી; જિન શાંતિ જિતારિ, મોહ હસ્તિ મૃગારિ. ૧ શુભ કેસર ઘોલી, માંહે કર્પૂર ચોલી; પહેરી સીત પટોલી, વાસિયે ગંધ ઘલી; ભરી પુષ્પ પટોલી, ટાલિયે દુઃખ હોલી; સવિ જિનવર ટોલી, પૂજિયે ભાવ ભોલી. ॥ ૨ ॥ શુભ અંગ ઈગ્યાર, તેમ ઉપાંગ બાર; વલી મૂલ સૂત્ર ચાર, નંદી અનુયોગદ્વાર; દશ પયન્ન ઉદાર, છેદ ષટ્ વૃત્તિ સાર; પ્રવચન વિસ્તાર, ભાષ્ય નિર્યુક્તિ સાર. ॥ ૩ ॥ જય જય જય નંદા, જૈનદૃષ્ટિ સૂરિંદા; કરે પરમાનંદા, ટાલતા દુઃખ દંદા; જ્ઞાનવિમલસૂરિંદા, સામ્ય માકંદ કંદા; વર વિમલગિરિંદા, ધ્યાનથી નિત્ય ભદ્રા. ૪

### શ્રી શાંતિનાથ જિન સ્તવન.

( મોતીડાની દેશી. )

સકલ સમિહિત સુરતરુ કંદા, શાંતિકરણ શ્રીશાંતિ જિણંદા; સાહિબા જિનરાજ હમારા, મોહના જિનરાજ હમારા--એ આંકણી. ત્રિકરણ શુદ્ધ ચરણ તુજ વલગ્યો, પલક માત્ર ન રહું હવે અલગો. સાહિબા૦ ૧ વલગ્યો તે અલગો કેમ જાશે, છંડયો

પણ તુમ્હે નવિ છંડાશે સાહિબા૦; પ્રભુ તુમ્હે કોઇશું નેહ ન લાવો, વીતરાગ કહી સવિ સમજાવે. સાહિબા૦ ૨ બીજા અવર કહો એમ સમઝે, પણ છોરૂ દીધાથી રીઝે, સાહિબા૦ બાલકના હઠથી નવિ ચાલે, જે માગે તે માવિત્ર આલે. સાહિબા૦ ૩ ભક્તે ખેંચી મન માંહે આણ્યો, સહજ સ્વભાવે પણ મેં જાણ્યો, સાહિબા૦ માહારે એક પ્રતિજ્ઞા સાચી, તુમ પદ સેવા એક જ જાચી. સાહિબા૦ ૪ કબજે આવ્યા કેમ છૂટીજે, જેહ મુહ માંગે તેહ જ દીજે, સાહિબા૦ અભેદપણે જો મનમાં મલશો, કબજેથી પ્રભુ તોયે નીકલશો. સાહિબા૦ ૫ અક્ખય ભાવનિધિ તુમ પાસ, આપી દાસને પૂરો આશ, સાહિબા૦ જ્ઞાનવિમલ સમકિત પ્રભુતાઈ, દીધે સાહેબ એહ વડાઈ. સાહિબા૦ ૬

### શ્રી કુંથુનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન—શ્રાવણ વદી નવમી દિને, સવ્વટ્ઠથી ચવિયા; વદી ચઉદેશ વૈશાખની, જિન કુંથુ જણીયા; વદી પંચમી વૈશાખની, લીયે સંયમ ભાર; શુદી ત્રીજે ચૈત્રહ તણી, લહે કેવલ સાર; પડવા દિને વૈશાખની એ, પામ્યા અવિચલ ઠાણ; છટ્ઠા ચક્રી જયકરૂ, જ્ઞાનવિમલ સુખખાણ. ૧

થોય–જિન કુંથુ દયાલા, છાગ લંછન સુહાલા; જસ ગુણ શુભ માલા, કંઠે પહેરો વિશાલા; નમત ભવી ત્રિકાલા, મંગલ શ્રેણિ માલા; ત્રિભુવન તેજાલા, તાહરે તેજ માલા. ૧

### શ્રી અરનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન–સર્વારથથી આવિયા, ફાગણ શુદી (બીજે) ત્રીજે; મૃગશિર શુદી દશમી જણ્યા, અરદેવ નમીજે; મૃગશિર સુદી એકાદશી, સંજમ આદરિયો; કાતિ ઉજ્જવલ બારસે, કેવલ ગુણ વરીયો; શુદી દશમી મૃગશિર તણી એ, શિવ પદ લહે જિનનાથ; સત્તમ ચક્રીને નમું, નય કહે જોડી હાથ. ૧

થોય–અરજિન એ જુહારૂં, કર્મનો કલેશ વારૂં; અહનિશ સંભારૂં, તાહરૂં નામ ધારૂં; કૃત જય જય કારૂ, પ્રાપ્ત સંસાર સારૂ; નવિ હોય તે સારૂ, આપણો આપ તારૂ. ૧

### શ્રી મલ્લિનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન–ચવ્યા જયંત વિમાનથી, ફાગુણ શુદી ચઉથે; મૃગશિર શુદી ઈગ્યારસે, જન્મ્યા નિર્ગ્રંથે; જ્ઞાન લહ્યા એકણ દિને, કલ્યાણક તીન; ફાગુણ શુદી

બારસે લહે, શિવ સદન અદીન; મલ્લિ જિણેસર નીલડા એ, ઓગણીશમા જિનરાજ; અણુપરણ્યા અણુભૂપ-પદ, ભવજલ તરણ જહાજ. ૧

થોય–જિન મલ્લિ મહિલા, વાને છે જેહ નીલા; એ અચરિજ લીલા, સ્ત્રી તણે નામ પીલા; દુશ્મન સવિ પીલ્યા, સ્વામી જે છે વસિલા; અવિચલ સુખ લીલા, દીજીયે સુણી રંગીલા. ૧

## શ્રી મુનિસુવ્રત જિન દેવવંદન.

ચૈત્યવંદન--અપરાજિતથી આવિયા, શ્રાવણ સુદી પૂનમ; આઠમ જેઠ અંધારડી, થયો સુવ્રત જનમ; ફાગુણ શુદી બારસે વ્રત, વદી બારસે જ્ઞાન; ફાગુણની તિમ જેઠ નવમી, કૃષ્ણે નિર્વાણ; વર્ણ શ્યામ ગુણ ઉજ્જલા, તિહુયણ કરે પ્રકાશ; જ્ઞાનવિમલ જિનરા-જના, સુર નર નાયક દાસ. ૧

થોય–મુનિસુવ્રત સ્વામી, હું નમું શીશ નામી; મુજ અંતર્યામી, કામ દાતા અકામી; દુઃખ દોહગ વામી, પુણ્યથી સેવ પામી; શમ્યા સર્વદા રામી, રાજયતા પૂર્ણ પામી. ૧

## શ્રી નમિનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન–આસો શુદી પૂનમ દિને, પ્રાણતથી આયા; શ્રાવણ વદી આઠમ દિને, નમિ જિનવર જાયા; વદી નવમી આષાઢની, થયા તિહાં અણગાર; મૃગશિર શુદી અગ્યારસે, વર કેવલ ધાર; વદી દશમી વશાખની એ, અખય અનંતા સુખ; નય કહે શ્રી જિનનામથી, નાસે દોહગ દુઃખ. ૧

થોય–નમી જિનવર માનો, જેહ નહી વિશ્વ છાનો; સુત વપ્રા માનો, પુણ્ય કરો ખજાનો; કનક કમલ વાનો, કુંભ છે જે કૃપાનો; સવિ ભુવન પ્રમાનો, તેહ શું એક તાનો. ૧

## શ્રી નેમિનાથ જિન દેવવંદન.

ચત્યવંદન–અપરાજિતથી આવિયા, કાતિ વદી બારસ; શ્રાવણ શુદી પંચમી જણ્યા, યાદવ અવતંસ; શ્રાવણ શુદી છટ્ઠે સંજમી, આસો અમાવાસ નાણ; શુદી આષાઢની આઠમે, શિવ સુખ લહે રસાલ; અરિટ્ઠ નેમિ અણુપરણીયા એ, રાજિમતિના કંત; જ્ઞાનવિમલ ગુણ એહના, લોકોત્તર વૃત્તાંત. ૧

થોય--[1]ગયા શસ્ત્રાગારે, શંખ નીજ હાથ ધારે; કિયો શબ્દ પ્રચારે, વિશ્વ કંપ્યા તિવારે; હરિ સંશય ધારે, એહની કોઈ સારે; જયો નેમ કુમારે, બાલથી બ્રહ્મચારે. ૧ ચાર જંબૂદ્વીપે વિચરંતા જિનદેવ; અડ ધાતકી ખંડે, સુર નર સારે સેવ; અડ પુષ્કર અરધે, ઈણિ પરે વીશ જિનેશ; સંપ્રતિ એ સોહે, પંચ વિદેહ નિવેશ. ૨ પ્રવચન પ્રવહણ સમ, ભવ જલનિધિને તારે; કોહાદિક મહોટા, મચ્છ તણા ભય વારે; જિહાં જીવદયા રસ, સરસ સુધારસ દાખ્યો; ભવિ ભાવ ધરીને, ચિત્ત કરીને ચાખ્યો. ૩ જિન શાસન સાંનિધ્ય, કારી વિઘન વિદારે; સમકિત દષ્ટિ સુર, મહિમા જાસ વધારે; શત્રુંજય ગિરિ સેવો, (જિમ) પામો ભવ પાર; કવિ ધીરવિમલનો, શિષ્ય કહે સુખકાર. ૪

## શ્રી નેમિનાથ જિન સ્તવન.

રહો રહો રે નેમજી (યાદવ) દો ઘડીયાં, દો ઘડીયાં, દો ચાર ઘડીયાં; રહો રહો રે નેમજી૦--એ આંકણી. મોજ મહિરાણુ શિવાદેવી જાયા, તુમે છો

---

૧ પ્રથમ થોય માલિનિ છંદે, બીજી, ત્રીજી અને ચોથી થોય 'પુંડરગિરિ મહિમા' એ દેશીમાં છે.

આધાર અડવડિયાં. રહો૦ ૧ નાહ વિવાહ ચાહ કરીએ, કયું જાવત ફીર રથ ચડિયાં; રહો૦ પશુય પોકાર સુણીય કીય કરુણા, છોડી દીએ પશુ પંખી ચિડીયાં. રહો૦ ૨ ગોદ બિછાઉં મેં બલી જાઉં, કરું વિનતિ ચરણે પડિયાં; રહો૦ પીયુ વિણુ દીહા તે વરિસ સમોવડ, ન ગમે શયન ને સેજડિયાં. રહો૦ ૩ વિરહ દિવાની વિલપતી જોવન, વાડી વન ઘર શેરડીયાં; રહો૦ અષ્ટ ભવાંતર નેહ નિવાહત, નવમે ભવ તે વિછડિયાં. રહો૦ ૪ સહસા વન માંહે સ્વામી સુણીને, રાજુલ રૈવતગિરિ ચડિયાં; રહો૦ પીયુ કર નિજ શિર હાથ દેવાવત, ચાખે ચારિત્ર શેલડિયાં. રહો૦ ૪ યાદવ વંશ વિભૂષણ નેમજી, રાજુલ મીઠી વેલડિયાં; રહો૦ જ્ઞાનવિમલ ગુણ દંપતી નિરખતા, હરખિત હોત મેરી આંખડિયાં. રહો૦ ૬

## શ્રી પાર્શ્વનાથ જિન દેવવંદન.

ચૈત્યવંદન- કૃષ્ણ ચોથ ચૈત્રહ તણી, પ્રાણતથી આયા; પોષ વદી દસમી જનમ, ત્રિભુવન સુખ પાયા; પોસ વદી ઈગ્યારશે, લહે મુનિવર પંથ; કમઠાસુર ઉપસર્ગનો, ટાલ્યો પલીમંથ; ચૈત્ર કૃષ્ણ ચોથહ દિને

એ, જ્ઞાનવિમલ ગુણ નૂર; શ્રાવણ શુદી આઠમે લહ્યા, અવિચલ સુખ ભરપૂર. ૧

થોય-જલધર અનુકારે, પુણ્ય વલ્લી વધારે; કૃત સુકૃત સંચારે, વિઘનને જે વિદારે; નવ નિધિ આગારે, કષ્ટની કોડિ વારે; મુજ પ્રાણાધારે, માત વામા મલ્હારે. ૧ અર જનમ સુહાવે, વીર ચારિત્ર પાવે; અનુભવ લય લાવે, કેવલ જ્ઞાન પાવે; પંચ જે કલ્યાણ, સંપ્રતિ જે પ્રમાણ; સવિ જિનવર ભાણ, શ્રી નિવાસાહી ઠાણ. ૨ દશ વિધ આચાર, જ્ઞાનના જિહાં વિચાર; દશ સત્ય પ્રકાર, પચ્ચકખાણાદિ વિચાર; મુનિ દશ ગુણધાર, દયા જિહાં ઉદાર; તે પ્રવચન સાર, જ્ઞાનના જે આગાર. ૩ દશ દિશિ દિશિપાલા, જે મહા લોગપાલા; સુર નર મહીપાલા, શુદ્ધ દષ્ટિ કૃપાલા; નય વિમલ વિશાલા, જ્ઞાન લચ્છી મયાલા; જય મંગલમાલા, પાસ નામે સુખાલા. ૪

### શ્રી પાર્શ્વનાથ સ્વામીનું સ્તવન.

(થારે માથે પંચરંગી પાગ, સોનેરા છોગલો મારૂજી—એ દેશી.)

પ્રભુ પાસ જિણેસર ભુવન દિનેસર શંકરો સાહેબજી, લીલા અલવેસર ધીરમ મંદર ભૂધરો સાહેબજી;

તું અગમ અગોચર કૃત શુચિ સુંદર સંવરો. સાહે-બજી૦ પદ નમિત પુરંદર તનુ છવિ નિર્મલ જલધરો સાહેબજી૦ ૧ તું અક્ષય અરૂપી બ્રહ્મ સરૂપી ધ્યાનમાં, સા૦ ધ્યાયે જે જોગી તુમ ગુણ ભોગી જ્ઞાનમાં; સા૦ વ્યવહાર પ્રકાશી નિશ્ચય વાસી નિજમતે, સા૦ નિજ આતમ દરસી અમલ ઓજસી નયમતે. સા૦ ૨ ષટ્ દરશન ભાસે યુક્તિ નિરાસે શાસને સા૦, સ્યાદ્વાદ વિશાલે સહજ સમાજે ભાવને સા૦; તું જ્ઞાનને જ્ઞાની આતમ ધ્યાની આતમા સા૦, પરમાગમ વેદી ભેદ અભેદી નહીતમા સા૦. ૩ તું એક અનેકે બહુત વિવેકે દેખીયે સા૦, આતમ તત્ત કામી અવગુણ અકામી લેખીયે સા૦; સવિ ગુણ આરામી છો બહુ નામી ધ્યાનમાં સા૦, આપે ગત નામી અંતરજામી જ્ઞાનમાં સા૦. ૪ તું અનિયત ચારી નિયત વિચારી યોગમાં સા૦, અધ્યાત્મ સેલી એમ બહુ ફેલી આગમે સા૦; તું ધર્મ સંન્યાસી સહજ વિલાસી સમ ગુણે સા૦, મોહારિ વિનાશી તું જિતકાશી કવિ ભણે સા૦. ૫ જ્ઞાન દર્શન ખાયક ગુણ મણિ લાયક નાથ છે સા૦, દુર્ગતિ દુઃખ ઘાયક ગુણનિધિ દાયક હાથ છે સા૦; જિત મન્મથ સાયક

૨૨

ત્રિભુવન નાયક રંજણો સા૦, અનેકાંતિ એકાંતિ તું વેદાંતિ અંગજણો સા૦. ૬ ધ્યાનાનલ યોગે પુદ્ગલ ભોગે તેં દહ્યા સા૦, અંતર રિપુ હણીયા મૂલથી ખણીયા નવિ રહ્યા સા૦; તોહે તું સમીયો સુર વર નમીયો સહુ કહે સા૦, એ જગથી ન્યારો ચરિત્ર તમારો કુણ લહે સા૦. ૭ એમ તુમ ગુણ થુણીએ કર્મને હણીએ પલકમાં સા૦, પણ નવિ અવગણીએ સેવક ગણીએ લલકમાં સા૦; વામાચે નંદા ત્રિભુવન ઇંદા સંથુણે સા૦, જ્ઞાનવિમલ સૂરીંદા તુમ પય બંદા ગુણ ભણે સા૦. ૮.

## શ્રી વર્દ્ધમાન જિન દેવવંદન.

ચૈત્યવંદન–શુદી અષાઢ છઠ્ઠ દિવસે, પ્રાણુતથી ચવિયા; તેરસ ચૈત્રહ શુદી દિને, ત્રિશલાએ જણીયા; મૃગશિર વદી દશમી દિને, આપે સંયમ આરાધે; શુદી દશમી વૈશાખની, વર કેવલ સાધે; કાતી કૃષ્ણ અમાવાસીએ, શિવગતિ કરે ઉદ્યોત; જ્ઞાન વિમલ ગૌતમ લહે, પર્વ દીપોત્સવ હોત. ૧

થોય–લહ્યો ભવ જલ તીર, ધર્મ કોટીર હીર; દુરિત રજ સમીર, મોહભૂ સારસીર; દુરિત દહન

નીર, મેરૂથી અધિક ધીર; ચરમ શ્રી જિન વીરં, ચરણ કલ્પદ્રુ કીર. ૧ ઇમ જિનવર માલા, પુન્ય નીર પ્રવાલા; જગ જંતુ દયાલા, ધર્મની સત્રશાલા; કૃત સુકૃત સુગાલા, જ્ઞાન લીલા વિશાલા; સુર નર મહીપાલા, વંદતા છે ત્રિકાલા. ૨ શ્રી જિનવર વાણી, દ્વાદશાંગી રચાણી; સુગુણ રયણ ખાણી, પુણ્ય પીયૂષ પાણી; નવમ રસ રંગાણી, સિદ્ધિ સુખની નિશાણી; દુહ પીલણ ઘાણી, સાંભલો ભાવ આણી. ૩ જિન મત રખવાલા, જે વલી લોગપાલા: સમકિત ગુણવાલા, દેવ દેવી કૃપાલા; કરો મંગલ માલા, ટાલીને મોહ હાલા; સહજ સુખ રસાલા, બોધ દીજે વિશાલા. ૪

## શ્રી મહાવીર સ્વામીનું સ્તવન.

( આજ ગઈતી હું સમવસરણમાં–એ દેશી. )

વંદો વીર જિણેસર રાયા, ત્રિસલા માતા જાયા જી; હરિ લંછન કંચન વર્ણ કાયા, મુજ મન મંદિર આયા જી. વંદો૦ ૧ દુષમ સમયે શાસન જેહનો, શીતલ ચંદન છાયા જી; જે સેવંતા ભવિજન મધુકર, દિન દિન હોત સવાયા જી. વંદો૦ ૧ તે ધન્ય પ્રાણી

સદ્ગતિ ખાણી, જસ મનમાં જિન આયા જી; વંદન પૂજન સેવન કીધી, તે સાજનની માયા જી. વંદો૦ ૩ કર્મ કઠિન ભેદન બલવત્તર, વીર બિરૂદ જિન પાયા જી; એકલ મલ અતુલી બલ અરિહા, દુશ્મન દૂર ગમાયાજી. વંદો૦ ૪ વાંછિત પૂરણ સંકટ ચૂરણ, માતા પિતા તું સહાયા જી; સિંહ પરે ચારિત્ર આરાધો, સુજસ નિશાન બજાયા જી. વંદો૦ ૫ ગુણ અનંત ભગવંત બિરાજે, વર્દ્ધમાન જિનરાયા જી; ધીરવિમલ કવિ સેવક નય કહે, શુદ્ધ સમકિત ગુણ દાયા જી. વંદો૦ ૬.

પછી સંપૂર્ણ જયવીયરાય કહેવા. પછી—

## શ્રી શાશ્વતા અશાશ્વતા જિન દેવવંદન.

ચૈત્યવંદન—સકલ મંગલકાર એહી, સિદ્ધ સકલ પય ઠાણ; સ્યાદ્વાદ સાધન પદ એહી, અધ્યાતમ ગુણ ઠાણ; સહી એ નમો જિણાણં--એ આંકણી. ૧ બિહુંતેર લક્ખ સગ કોડિ ભવણવઇ, સાસય જિણહરમાણં; તેરસે નેવ્યાસી કોડી, સગસટ્ઠી બિંબહ પરિમાણં. સહી૦ ૨ મેરૂ વૈતાઢય વખારા કંચન, યમક કુંડ દ્રહ જાણું; એકત્રીશસેં ઓગણ્યાસી જિન-

હર, માનવ લોકે વખાણું. સહી૦ ૩ તિ લખ ઈક્યાસી સહસ ચારસો, એંશી (ત્રયાસી) અધિક બિંબ જાણું; રૂચક કુંડલ નંદીસર પ્રમુખે, સુંદર એંશી ચેઈયાણું. સહી૦ ૪ અડ શત નવ સહસા ચાલીસા, બિંબતણું પરિમાણું; સરવાલે બત્રીશસેં ગુણસઠ્ઠી, તિર્યગ લોકે ચેઇયાણું. સહી૦ ૫ પ્રતિમા ત્રણ લખ સહસ એકાણું, ચઉસય તેવીસ પરિમાણું; સાઠ ચોબારા અવર તિબારા, રુચક કુંડ નંદિઠાણું. સહી૦ ૬ બાર દેવલોકે નવ ગ્રૈવેયકે, અનુત્તર પંચ વિમાણું; લાખ ચોરાશી સહસ સત્તાણું, ત્રેવીસ ચેઈ જાણું. સહી૦ ૭ એકસો બાવન કોડી લખ ચોરાણું, સહસ ચુમાલીસ આણું; સાતસો સાઠ ઉપર ઊર્ધ્વ લોકે, જિન પડિમા મન આણું. સહી૦ ૮ ત્રિભુવનમાંહિ સાસય જિનહર, સગવન્ન લક્ખ બસેં બ્યાસી; આઠ કોડી અથ પ્રતિમા સંખ્યા, સુણજો સમકિત વાસી. સહી૦ ૯ પન્નરસેં કોડિ બેંતાલીસ કોડિ, તિમ અટ્ઠાવન્ન લક્ખા; છત્રીસ સહસ એંસી વલી સાધિક, સાસય બિંબની સંખ્યા. સહી૦ ૧૦ એક સો વીસ ત્રિબારે પ્રતિમા, ચોમુખે શત ચોવિસ; પાંચ સભા

તિહાં સાઠ વધારે, એક શત એંસી જગીશ. સહી૦ ૧૧ ઋષભ ચંદ્રાનન ને વર્દ્ધમાન, વારિષેણુ ચઉ નામે; વ્યંતર જ્યોતીષી માંહે અસંખ્યા, જિનવર પડિમા માને. સહી૦ ૧૨ સકલ સુરાસુર ભાવના ભાવે, સમકિત ગુણ દીપાવે; પરિત સંસાર કરી શિવ જાવે, કુમતિને મન નવિ ભાવે. સહી૦ ૧૩ પાતાલે ને તિર્યગ્ લોકે, પણ સય ધણુ પરિમાણુ; કપ્પે સગ કર પણ સય ધણુમાણુ, સાસય અસાસય જાણુ. સહી૦ ૧૪ તીર્થ વિશેષ વલી સાસય વિણુ, શેત્રુંજાદિક બહુલાં; તે સવિહુને ત્રિવિધે નમતાં, પાતિક જાએ સઘલાં. સહી૦ ૧૫ જ્ઞાનવિમલ પ્રભુ નામ જપંતા, લહીએ કોડિ કલ્યાણ; મનહ મનોરથ સઘલા સીઝે, જનમ સફલ સુવિહાણુ. સહી૦ ૧૬ ભયહર ભગવંતાણું જયતૂર, નમો જિણાણું સહીએ; નમો અવિચલ આદિગરાણું, સહીએ નમો અરિહંતાણું. સહી૦ ૧૭.

ઇહાં એક લોગસ્સનો કાઉસગ્ગ "ચંદેસુ નિમ્મલયરા" સુધી કરવો. એક જણુ કાઉસગ્ગ પારી ચાર થોયો નીચે પ્રમાણે કહે.

થોય- ઋષભદેવ નમું ગુણ નિર્મલા, દૂધ માંહે જિમ ભેલી સીતોપાલા; વિમલ શિલતણા શણગાર છે, ભવ ભવ મુજ ચિત્તે તે રુચે. ૧ જેહ અનંત થયા જિન કેવલી, જેહ હસે વિચરંતા જે વલી; જેહ અસાસય સાસય ત્રિહું જગે, જિનપડિમા પ્રણમું નિતુ ઝગમગે. ૨ સરસ આગમ ક્ષીરમહોદધિ, ત્રિપદી ગંગ તરંગ કરી વધી; ભવિક દેહ સદા પાવન કરે, દૂરિત તાપ રજોમલ અપહરે. ૩ જિનપ શાસન ભાસન કારિકા, સુર સુરી જિનઆણા ધારિકા; જ્ઞાનવિમલ પ્રભુતાયે દીપતા, દૂરિત દુષ્ટતણા ભય જીપતા. ૪.

અહીંયાં એક જણ મોટી શાંતિ ( જુઓ પૃષ્ઠ ૭૮ ) કહે, બીજા સર્વ કાઉસગ્ગમાં સાંભલે. પછી ( સર્વ જણા ) કાઉસગ્ગ પારીને, પ્રગટ લોગસ્સ કહેવો. પછી બેસીને ૨૧ નવકાર ગણવા. પછી સર્વે જણ સ્વમુખે શત્રુંજયનાં એકવીસ નામ નીચે પ્રમાણે કહે.

| | |
|---|---|
| ૧. શ્રી શત્રુંજયાય નમ: | ૪. શ્રી વિમલાચલાય નમઃ |
| ૨. શ્રી શ્રીપુંડરીકાય નમ: | ૫. શ્રી સુરગિરયે નમ: |
| ૩. શ્રી સિદ્ધક્ષેત્રાય નમ: | ૬. શ્રી મહાગિરયે નમઃ |

| | |
|---|---|
| ૭. શ્રી પુણ્યરાશયે નમઃ | ૧૫.શ્રી મહાપદ્માય નમઃ |
| ૮. શ્રી પર્વતાય નમઃ | ૧૬.શ્રી પૃથ્વીપીઠાય નમઃ |
| ૯. શ્રી પર્વતેંદ્રાય નમઃ | ૧૭.શ્રી સુરભદ્રગિરયે નમઃ |
| ૧૦. શ્રી મહાતીર્થાય નમઃ | ૧૮.શ્રી કૈલાસ ગિરિયે નમઃ |
| ૧૧.શ્રી શાશ્વતાય નમઃ | ૧૯.શ્રી પાતાલમૂલાય નમઃ |
| ૧૨. શ્રી દૃઢશક્તયે નમઃ | ૨૦.શ્રી અકર્મકાય નમઃ |
| ૧૩. શ્રી મુક્તિનિલયાય નમઃ | ૨૧.શ્રી સર્વકામ- |
| ૧૪. શ્રી પુષ્પદંતાય નમઃ | પૂરણાય નમઃ |

આ પ્રમાણે કહી પાંચ તીર્થનાં પાંચ સ્તવન કહેવાં. તે આ પ્રમાણે—

## શ્રી સિદ્ધાચલનું સ્તવન.

(સાહેલડિયાની–એ દેશી.)

નીલુડી રાયણ તરુતલે સાહેલડીયાં, પીલુડા પ્રભુજીના પાય, ગુણમંજરીયાં; ઉજ્જવલ ધ્યાને ધ્યાઇયે, સાહે૦ એહિજ મુગતિ ઉપાય. ગુણ૦ ૧ શીતળ છાયાએ બેસીએ, સાહે૦ રાતડો કરી મન રંગ; ગુણ૦ નાહી ધોઈ નિર્મલ થઈ, સાહે૦ પહેરી વસ્ત્રાદિક ચંગ. ગુણ૦ ૨ પૂજીએ સોવન ફૂલડે, સાહે૦ નેહ ધરીને એહ; ગુણ૦ તે ત્રીજે ભવ શિવ

લહે, સાહે૦ થાયે નિર્મલ દેહ. ગુણ૦ ૩ પ્રીત ધરી પ્રદક્ષિણા, સાહે૦ દિએ એહને જે સાર; ગુણ૦ અભંગ પ્રીતિ હોય જેહને, સાહે૦ ભવ ભવ તુમ આધાર. ગુણ૦ ૪ કુસુમ પત્ર ફલ મંજરે, સાહે૦ શાખા થડ ને મૂળ; સાહે૦ તીરથને અનુકૂલ. ગુણ૦ દેવ તણા વાસા અછે, ગુણ૦ ૫ તીરથ ધ્યાન ધરી મને, સાહે૦ સેવો એહને ઉછાહિ; ગુણ૦ જ્ઞાનવિમલ ગુરૂ ભાખીયો સાહે૦ શત્રુંજય મહાતમમાંહિ. ગુણ૦ ૬.

## શ્રી ગિરનારજીનું સ્તવન.

(દેખો કામની દોયકે, કામે વ્યાપીયોરે કે કામે વ્યાપીયો–એ દેશી.)

નેમ નિરંજન દેવ કે, સેવ સદા કરૂં રે કે, સેવ૦ અહનિંશ તાહરૂં ધ્યાન કે, દિલમાંહિ ધરૂં રે કે; દિલ૦ શંખ લંછન ગુણ ખાણ કે, અંજન વાન છે રે કે, અંજન૦; રાજમતીના કંત કે, પરણ્યા વિણુ અછે રે કે. પર૦ ૧ તુંહિ જ જીવન પ્રાણ કે, આતમરામ છે રે કે; આત૦ માહરે પરમાધાર કે, તાહરૂં નામ છે રે કે, તાહરૂં૦ સમુદ્રવિજયના નંદન કે, નિતુ નિતુ વંદના રે કે; નિતુ૦ કિજીયે કરૂણાવંત કે, કર્મ-નિકંદના રે કે. કર્મ૦ ૨ જીત્યા મન્મથ રાજ, રહી

ગઢ ઉપરે રે કે; રહી૦ પેહરી શીલ સન્નાહ કે, ઉદાસ એસી ધરો રે કે; ઉદા૦ સવિ જિનવરમાં સ્વામી કે, તુમ્હે અધિકું કર્યું રે કે; તુમ્હે૦ કુમરપણે ધરી ધીર, મહાવ્રત ઉચ્ચર્યાં રે કે. મહા૦ ૩ આઠ ભવાંતર નેહ જે, તેહ ઉવેખીને રે કે; તેહ૦ કરૂણા કીધી કેવલ, પશુયાં દેખીને રે કે; પશુ૦ પૂરણ પાલી પ્રીત, વલી નિજ નારીને રે કે; વલી૦ આપી સંજમ ભાર, પોંહચાડી પારને રે કે. પોહ૦ ૪ જણ જણશું જે પ્રીત, કરે તે જન ઘણા રે કે; કરે૦ નિર્વાહે ધરી નેહ કે, તે વિરલા સુણ્યા રે કે; તે વિરલા૦ રાજિમતીનો કંત, વખાણે કવિજના રે કે; વખા૦ તુમ્હે તો દીધો છેહ કે, તેહ તો થીરમના રે કે. તેહ૦ ૫ જાદવ નાથ સનાથ, કરો મુજને સદા રે કે; કરો૦ દીયો મુજ શિર પર હાથ, હોવે જેમ સંપદા રે કે; હોવે૦ જલિ જલિ મરે પતંગ, દીવાને મન નહી રે કે; દીવાને૦ નાણે મન અસવાર, ઘોડો દોડે સહી રે કે. ઘોડો૦ ૬ સબલા સાથે પ્રીત, નિર્બલને નવિ કહી રે કે; નિર્બલ૦ પણ લાગ્યા જે કેડે, કિહાં જાએ વહી રે કે; કિહાં૦ તે સજ્જન શું હોય જે, ભીડ ન ભંજીયે

રે કે; ભીડ૦ પોતાના જે હોય, સદા દિલ રંજીએ રે કે. સદા૦ ૭ તુમચી સુનજર હોય તો, કર્મને ભંજીયે રે કે; કર્મ૦ તો દુશ્મન હોય દૂરે, કોને નવિ ગંજીયે રે કે; કોને૦ પ્રાણાધાર પવિત્ર કે, દરશન દિજીયે રે કે; દરશન૦ જ્ઞાનવિમલ સુખ પૂર, મલીને કીજીયે રે કે. મલી૦ ૮

## શ્રી આબુજી તીર્થનું સ્તવન.

(ચાલો ચાલોને રાજ ગિરિધર રમવા જઈએ–એ દેશી.)

આવો આવોને રાજ, શ્રી અર્બુદ ગિરિવર જઇએ; શ્રી જિનવરની ભક્તિ કરીને, આતમ નિર્મલ થઇયે. આવો૦–એ આંકણી. વિમલ વસહીના પ્રથમ જિણેસર, મુખ નિરખે સુખ પઇએ; ચંપક કેતકી પ્રમુખ કુસુમ વર, કંઠે ટોડર ઠવિયે, આવો૦ ૧ જિમણે પાસ લુણુગ વસહી, શ્રી નેમીસર નમીયે; રાજિમતી વર નયણે નિરખી, દુઃખ દોહગ સવિ ગમીયે. આવો૦ ૨ સિદ્ધાચલ શ્રી ઋષભ જિણેસર, રૈવત નેમ સમરીયે; અર્બુદગિરિની યાત્રા કરંતા, ચિહું તીર્થ ચિત્ત ધરીયે. આવો૦ ૩ મંડપ મંડપ વિવિધ કોરણી, નિરખી હૈયડે ઠરીયે; શ્રી જિનવરના બિંબ નિહાલી,

નરભવ સફલો કરીયે. આવો૦૪ અચલગઢ આદી-શ્વર પ્રણમી, અશુભ કરમ સવિ હરિયે; પાસ શાંતિ નિરખી જબ નયણે, મન મોહ્યું ડુંગરીયે. આવો૦ ૫ પાજે ચઢતાં ઉજમ વાધે, જેમ ઘોડે પાખરીયે; સકલ જિનેસર પૂજી કેસર, પાપ પડલ સવિ હરીયે. આવો૦ ૬ એકણુ ધ્યાને પ્રભુને ધ્યાતાં, મનમાંહિ નવિ ડરીયે; જ્ઞાનવિમલ કહે પ્રભુ સુપસાયે, સકલસંઘ સુખ કરીયે. આવો૦ ૭

## શ્રી અષ્ટાપદ ગિરિનું સ્તવન.

અષ્ટાપદગિરિ યાત્રા કરણકું, રાવણ પ્રતિહરિ આયા; પુષ્પક નામે વિમાને બેસી, મંદોદરી સુહાયા; શ્રી જિન પૂજી લાલ, સમકિત નિર્મલ કીજે; નયણે નિરખી હો લાલ, નરભવ સફલો કીજે; હૈયડે હરખી લાલ, સમતા સંગ કરીજે.—એ આંકણી. ૧ ચઉમુખ ચઉ ગતિ હરણ પ્રાસાદે, ચઉવીસે જિન બેઠા; ચઉ-દિશિ સિંહાસન સમ નાસા, પૂરવદિશિ દોય જિટ્ઠા. શ્રી૦ ૨ સંભવ આદે દક્ષિણ ચારે, પશ્ચિમ આઠ સુપાસા; ધર્મ આદિ ઉત્તર દિશિ જાણો, એવં જિન ચઉવીસા. શ્રી૦ ૩ બેઠા સિંહ તણે આકારે, જિણ-

હર ભરતે કીધાં; રયણુ બિંબ મુરતિ થાપીને, જગ જશવાદ પ્રસિદ્ધા. શ્રી૦ ૪ કરે મંદોદરી રાણી નાટક, રાવણુ તાંત બજાવે; માદલ વીણા તાલ તંબૂરો, પગ રવ ઠમ ઠમકાવે. શ્રી૦ ૫ ભક્તિ ભાવે એમ નાટક કરતાં, ત્રૂટી તંતી વિચાલે; સાંધી આપ નસા નિજ કરની, લઘુ કલાશું તતકાલે. શ્રી૦ ૬ દ્રવ્ય ભાવશું ભક્તિ ન ખંડી, તો અક્ષય પદ સાધ્યું; સમકિત સુર-તરૂ ફળ પામીને, તીર્થંકર પદ બાંધ્યું. શ્રી૦ ૭ એણિ પરે ભવિજન જે જિન આગે, પહુ પરે ભાવના ભાવે; જ્ઞાનવિમલ ગુણુ તેહના અહર્નિશ, સુર નર નાયક ગાવે. શ્રી૦ ૮

## શ્રી સમેતશિખરજીનું સ્તવન.

સમેતશિખર ગિરિ ભેટીયે રે, મેટવા ભવના પાસ; આતમ સુખ વરવા ભણી રે, એ તીરથ ગુણુ નિવાસ રે ભવિયા, સેવો તીરથ એહ, સમેતશિખર ગુણુગેહ રે; ભવિયા સેવો૦—એ આંકણી. ૧ સમેતશિખર કલ્પે કહ્યો રે, વીશ ટુંક અધિકાર; વીશ તીર્થંકર શિવ વર્યા રે, બહુ મુનિને પરિવાર રે, ભવિયા સેવો૦ ૨ સિદ્ધક્ષેત્ર માંહે વસ્યા રે, ભાંખે નય વ્યવહાર;

નિશ્ચય નિજ સ્વરૂપમાં રે, દોય નય પ્રભુજીના સાર રે; ભવિયા સેવો૦ ૩ આગમ વચન વિચારતાં રે, અતિ દુર્ગમ નયવાદ; વસ્તુ તત્ત્વ જિણે જાણીએ રે, તે આગમ સ્યાદ્વાદ રે, ભવિયા સેવો૦ ૪ જયરથ રાય તણી પરે રે, જાત્રા કરો મનરંગ; ભવ દુઃખને દેઈ અંજલિ રે, થાય સિદ્ધિવધૂનો સંગ રે; ભવિયા સેવો૦ ૫ સમકિતયુત જાત્રા કરે રે, તો શિવ હેતુ થાય; ભવ હેતુ કિરિયા ત્યાગથી રે, આતમ ગુણ પ્રગટાય રે; ભવિયા સેવો૦ ૬ જેહ સમયે સમકિત થયું રે, તેહ સમયે હોય નાણ; જ્ઞાનવિમલ ગુરૂ ભાખીયા રે, આવશ્યક ભાષ્યની વાણ રે. ભવિયા સેવો૦ ૭.

**卐 શ્રીજ્ઞાનવિમલસૂરિવિરચિત ચોમાસી દેવવંદન સમાપ્ત. 卐**

## શ્રી જ્ઞાનવિમલસુરિકૃત-

# અગિયાર ગણધરના દેવવંદન.

વિધિ—પ્રથમ સ્થાપના સ્થાપી ઇરિયાવહી૦ પડિક્કમીને ચૈત્યવંદન કહેવું. તે આ પ્રમાણે—

### ૧ ગણધર શ્રી ગૌતમસ્વામીનું ચૈત્યવંદન.

બિરૂદ ધરી સર્વજ્ઞનું જિન પાસે આવે; મધુરે વચને વીરજી, ગૌતમ બોલાવે; પંચભૂત માંહે થકી, જે એ ઉપજે વિણસે; વેદ અરથ વિપરીતથી, કહો કિમ ભવ તરસે; દાન દયા દમ ત્રિહું પદે એ, જાણે તેહજ જીવ; જ્ઞાનવિમલ ઘન આતમા, સુખ ચેતના સદૈવ. પ્રથમ ચૈત્યવંદન સમાપ્ત.

પછી જંકિંચિ૦ નમુથ્થુણં૦ અરિહંત ચેઇયાણં૦ અન્નત્થ૦ કહી, એક નવકારનો કાઉસગ્ગ કરી પારી નમો અરિહંતાણં કહી પછી નમોર્હત્ કહી થોય કહેવી, અનુક્રમે ચારે થોયો કહેવી તે આ પ્રમાણે—

### પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીની થોય.

( માલિની વૃત્તં, કનક તિલક ભાલે-એ દેશી. )

ગુરૂ ગણપતિ ગાઉં, ગૌતમ ધ્યાન ધ્યાઉં; સવિ સુકૃત સબાહું, વિશ્વમાં પૂજ્ય થાઉં; જગજીત બજાઉં,

કર્મને પાર જાઉં; નવ નિધિ ઋદ્ધિ પાઉં, શુદ્ધ સમકિત ઠાઉં. ૧ સવિ જિનવર કેરા, સાધુ માંહે વડેરા; દુગવન અધિકેરા, ચઉદ સય સુભલેરા; દલ્યા દુરિત અંધેરા, વંદીયે તે સવેરા; ગણધર ગુણ ગુણ ઘેરા (નામ) નાથ છે તેહ મેરા. ૨ સવિ સંશય કાપે, જૈન ચારિત્ર છાપે; તવ ત્રિપદી આપે, શિષ્ય સૌભાગ્ય વ્યાપે; ગણધર પદ થાપે, દ્વાદશાંગી સમાપે, ભવ દુઃખ ન સંતાપે, દાસને ઇષ્ટ આપે. ૩ કરે જિનવર સેવા, જેહ ઇંદ્રાદિ દેવા; સમકિત ગુણ સેવા, આપતા નિત્ય મેવા; ભવજલ નિધિ તરેવા, નો સમી તીર્થ સેવા; જ્ઞાનવિમલ લહેવા, લીલ લચ્છી વરેવા. ૪

ઈહાં નમુથ્થુણું૦ જાવંતિ ચેઇયાઇં૦ ખમાસમણ દઈ જાવંત કેવિ સાહૂ અને નમોઽર્હત્૦ કહીને સ્તવન કહેવું. તે આ પ્રમાણે—

## પ્રથમ ગણધર શ્રી ગૌતમસ્વામીનું સ્તવન.

આજ સખી શંખેસરો, મેં નયણે નિરખ્યો—એ દેશી.

સકલ સમીહિત પૂરણો, ગુરૂ ગૌતમ સ્વામી; ઇંદ્રભૂતિ નામે ભલો, પ્રણમું શિર નામી; હાંરે પ્રણમું શિર નામી. ૧ મગધ દેશમાં ઉપન્યો, ગોબર ઇતિ ગામ; વસુભૂતિ દ્વિજ પૃથ્વિીતણો, નંદન ગુણ ધામ. ૨

જ્યેષ્ઠા નક્ષત્રે જણ્યો, સોવન વન દેહ; વરસ પચાસ ઘરે વસી, ધર્યો વીરશું નેહ. ૩ ત્રીશ વરસ છદ્મસ્થને, પર્યાય આરાધે; બાર વરસ લગે કેવલી, પછી શિવ સુખ સાધે. ૪ વીર મોક્ષ પહોંત્યા પછી, લહ્યા કેવલ મુક્તિ; રાજગૃહે તે પામીયા, સવિ લબ્ધિની શક્તિ. ૫ બાણું વરસ સવિ આઉખું, થયા માસ સંલેખે; જેહને શિર નિજ કર દિયે, તે કેવલ દેખે. ૬ પંચ સયા મુનિનો ધણી, સવિ શ્રુતનો દરિયો; જ્ઞાનવિમલ ગુણથી જેણે, તાર્યો નિજ પરિયો. ૭

પછી જયવીયરાય સંપૂર્ણ કહીએ. પછી "**ગોતમ સ્વામી-સર્વજ્ઞાય નમઃ**" એ પાઠ અગિયારવાર ગણવો. પછી અગિયાર નવકાર ગણવા, પછી ઊભા થઇને શ્રીગૌતમસ્વામી ગણધર આરાધનાર્થં કરેમિ કાઉસગ્ગં વંદણવત્તિઆએ૦ અન્નત્થ૦ કહી અગિયાર લોગસ્સનો કાઉસગ્ગ કરી, એક લોગસ્સ પ્રગટ કહીએ. આ પ્રમાણે પ્રથમ ગણધર દેવને વાંદવાનો વિધિ સંપૂર્ણ થયો. એ જ રીતે બીજા દશ ગણધરોને પણ વાંદવા, પરંતુ પ્રત્યેક ગણધરનું નામ, નમસ્કાર, ચૈત્યવંદન, સ્તુતિ અને સ્તવન એ પાંચ જુદાં કહેવાં. તેમાં વળી ચાર થોયો માંહેલી પાછલી ત્રણ થોયો તો તે જ કહેવી અને એક પ્રથમ થોય પ્રત્યેક ગણધરની જૂદી કરેલી છે, તે કહેવી આ રીતે સર્વત્ર વિધિ જાણવો.

## દ્વિતીય ગણધર શ્રી અગ્નિભૂતિજીનું દેવવંદન.

ચૈત્યવંદન-કર્મતણો સંશય ધરી, જિન ચરણે આવે; અગ્નિભૂતિ નામે કરી, તવ તે બોલાવે; એક સુખી એક છે દુઃખી, એક કિંકર સ્વામી; પુરૂષોત્તમ એકે કરી, કેમ શક્તિ પામી; કર્મ તણા પરભાવથી એ, સકલ જગત મંડાણ; જ્ઞાનવિમલથી જાણીયે, વેદારથ સુપ્રમાણ. ૧

### થોય ( માલિનીવૃત્ત )

અગ્નિભૂતિ સોહાવે, જેહ બીજો કહાવે; ગણધર પદ પાવે, બંધુને પક્ષ આવે; મન સંશય જાવે, વીરના શિષ્ય થાવે; સુર નર ગુણ ગાવે, પુષ્પ વૃષ્ટિ વધાવે. ૧

**સ્તવન.** ઢાલ લલનાની દેશી.

બીજો ગણધર ગાઈએ, અગ્નિભૂતિ ઇતિ નામ લલના; વસુભૂતિ દ્વિજ પૃથિવી માયનો, નંદન ગુણ અભિરામ. લ૦ બી૦ ૧ ગોબર ગામ મગધદેશે, ગૌતમ ગોત્ર રતન્ન લ૦; કૃતિકા નક્ષત્રે જનમિયો, સંશય કર્મનો (મર્મ) મન્ન. લ૦ બી૦ ૨ વરસ છેંતાલીશ ઘર વસ્યા, વ્રત પર્યાયે બાર લ૦; સોલ વરસ કેવળપણે, પંચ સયા પરિવાર. લ૦ બી૦ ૩ ચિહુંત્તેર વરસનું આઉખું, પાળી પામ્યા સિદ્ધિ લ૦; માસ ભકત સંલે-

પાણા, પૂર્ણ ઋદ્ધિ સમૃદ્ધિ. લ૦ બી૦ ૪ વીર થકાં શિવ પામીયા, રાજગૃહી સુખકાર. લ૦ બી૦ ૫

## તૃતીય ગણધર શ્રી વાયુભૂતિજીનું દેવવંદન.

ચૈત્યવંદન—વાયુભૂતિ ત્રીજો કહ્યો, તસ સંશય એહ; જીવ શરીર બેહુ એક છે, પણ ભિન્ન ન દેહ. ૧ બ્રહ્મ-જ્ઞાન તપે કરી, એ આતમ લહીયે; કર્મ શરીરથી વેગલો, એ વેદ સદ્દહિયે. ૨ જ્ઞાનવિમલ ગુણ ધન ધણી એ, જડમાં કેમ હોય એક; વીર વયણથી તે લહ્યો, આણી હૃદય વિવેક. ૩

### થોય (માલિની વૃત્ત)

વાયુભૂતિ વલી ભાઈ, જે ત્રીજો સહાઈ; જિણે ત્રિપદી પાઈ, જીત ભંભા વજાઈ; જિનપદ અનુયાયી, વિશ્વમાં કીર્તિ ગાઈ; જ્ઞાનવિમલ ભલાઈ, જેહને નામ પાઈ. ૧

તથા " સવિ જિનવર કેરા " ઈત્યાદિ ત્રણ થોય પૂર્વની પેરે કહેવી.

સ્તવન. (મહાવિદેહ ક્ષેત્ર સોહામણું—એ દેશી.)

ત્રીજો ગણપતિ ગાઈએ, વસુભૂતિ પૃથિવી નંદ લાલ રે; સ્વાતિ નક્ષત્રે જાઈઓ, ગૌતમ ગોત્રે અમંદ લા૦ ત્રી૦ ૧ મગધ દેશ ગામ ગોબરે, સગા સહોદર તીન લા૦; વરસ બેંતાલીશ ઘરે વસ્યા, પછે જિન-

ચરણે લીન. લા૦ ત્રી૦ ૨ છદ્મસ્થ દશ વરસની, કેવલી વરસ અઢાર લા૦; કંચન વર્ણ સવિ આઉખું, સિત્તેર વરસ ઉદાર. લા૦ ત્રી૦ ૩ રાજગૃહીએ શિવ પામીયા, માસભક્ત સુખકાર લા૦; પાંચશેં પરિકર સાધુનો, સવિ શ્રુતનો ભંડાર. લા૦ ત્રી૦ ૪ વીર છતે થયા અણુસણી, લબ્ધિ સિદ્ધિ દાતાર. લા૦; જ્ઞાનવિમલ ગુણ આગરૂ, વાયુભૂતિ અણુગાર. લા૦ ત્રી૦ ૫

## ચતુર્થ ગણધર શ્રી૦વ્યક્તજીનું દેવવંદન.

ચૈત્યવંદન—પંચ ભૂતનો સંશયી, ચોથો ગણી વ્યક્ત; ઇંદ્રજાલ પરે જગ કહ્યો, તો કિમ તસ સક્ત. ૧ પૃથિવી પાણી દેવતા, ઇમ ભૂતની સત્તા; પણ અધ્યાતમ ચિંતને, નહિ તેહની મમતા. ૨ ઇમ સ્યાદ્વાદ મતે કરી એ, ટાલ્યો તસ સંદેહ; જ્ઞાનવિમલ જિન ચરણશું, ધરતા અધિક સનેહ. ૩

## થોય. (માલિની વૃત્ત)

ચોથો ગણધર વ્યક્ત, ધર્મ કર્મે સુસક્ત; સુર નર જસ ભક્ત, સેવતા દિવસ નક્ત; જિનપદ અનુરક્ત, મૂઢતા વિપ્રમુક્ત; કૃત કરમ વિમુક્ત, જ્ઞાનલીલા પ્રસક્ત. ૧

તથા 'સવિ જિનવર કેરા' ઇત્યાદિ ત્રણ થોયો કહેવી.

**સ્તવન.** ( ઝુમખડાની દેશી )

ચોથો ગણધર ચોંપશું રે, વંદુ ચિત્ત ધરી ભાવ, સલુણે સાજનાં; કોલ્લાગ સન્નિવેશે થયો રે, પામ્યો ભવજલ નાવ. સ૦ ૧ ધનમિત્ર દ્વિજ વારુણી પ્રિયારે, નંદન દિયે આણંદ સ૦; શ્રવણ નક્ષત્રે જનમિયો રે, ભારદ્વાજ ગોત્ર અમંદ. સ૦ ૨ વરસ પચાસ ઘરે રહ્યા રે, બાર છઉમત્થ પર્યાય સ૦; વરસ અઢારહ કેવલી રે, વરસ એંશી સવિ આય. સ૦ ૩ પાંચશેં શિષ્ય કંચન વને રે, સંપૂર્ણ શ્રુત લબ્ધિ સ૦; માસ ભક્ત રાજગૃહે રે, વીર થકે લહ્યા સિદ્ધિ. ૪ પઢમ સંઘયણ સંસ્થાન છે રે, વીર તણો એ શિષ્ય સ૦; જ્ઞાનવિમલ તેજે કરી રે, દીપે અધિક જગીશ. સ૦ ૫

**પંચમ ગણધર શ્રીસુધર્માજીનું દેવવંદન.**

ચૈત્યવંદન–સોહમસ્વામીને મને, છે સંશય એહવો; જે ઇહાં હોય જેહવો, પરભવ તે તેહવો. ૧ શાલિ થકી શાલિ નીપજે, પણ ભિન્ન ન થાય; સુણી એહવો નિશ્ચય નથી, ઇમ કહે જિનરાય. ૨ ગોમયથી વિંછી હોયે એ, એમ વિસદશ પણ હોય; જ્ઞાનવિમલ મતિશું કરી, વેદારથ શુદ્ધ જોય. ૩

## થોય. (માલિનીવૃત્ત)

ગણધર અભિરામ, સોહમ સ્વામી નામ; જિત દુર્જય કામ, વિશ્વમાં વૃદ્ધિ મામ; દુપ્પસહ ગણી જામ, તિહાં લગે પટ્ટ ઠામ; બહુ દોલત દામ, જ્ઞાન (વિજ્ઞાન) વિમલ ધામ. ૧

તથા 'સવિ જિનવર કેરા' ઈત્યાદિ ત્રણ થોય કહેવી.

## સ્તવન. (દેશી નાયકાની)

સોહમ ગણધર પાંચમા રે લાલ, અગ્નિ વેશાયન ગોત્ર સુખકારી રે; કોલ્લાગ સન્નિવેશે થયો રે લાલ, ભદ્દિલા ધમ્મિલ પુત્ર. સુ૦ સો૦ ૧ ઉત્તરાફાલ્ગુનીયે જણ્યો રે લાલ, પંચ સયા પરિવાર સુ૦; વરસ પચ્ચાસ ઘરે રહ્યા રે લાલ, વ્રત બેંતાલીશ સાર. સુ૦ સો૦ ૨ આઠ વરસ કેવલીપણે રે લાલ, એક શત વરસનું આય સુ૦; વાધે પટ્ટપરંપરા રે લાલ, આજ લગે જસ થાય. (યાવત દુપ્પસહ રાય) સુ૦ સો૦ ૩ સંપૂરણ શ્રુતનો ધણી રે લાલ, સર્વ લબ્ધિ ભંડાર સુ૦; વીશ વરસ જિનથી પછી રે લાલ, શિવ પામ્યા જયકાર. સુ૦ સો૦ ૪ ઉદય અધિક કંચન વને રે લાલ, શત શાખા વિસ્તાર સુ૦; નામ થકી નવ નિધિ લહે રે લાલ, જ્ઞાનવિમલ ગણધાર. સુ૦ સો૦ ૫

## ષષ્ઠ ગણધર શ્રી મંડિતજીનું દેવવંદન.

ચૈત્યવંદન—છઠ્ઠો મંડિત બંભણો, બંધ મોક્ષ ન માને; વ્યાપક વિગુણુ જે આતમા, તે કિમ રહે છાને. ૧ પણ સાવરણુ થકી નહોય, કેવલ ચિદ્રુપ; તેહ નિરાવરણુ થઈ, હોય જ્ઞાન સરૂપ. ૨ તરણિ કિરણુ જેમ વાદલે એ, હોય નિસ્તેજ સતેજ; જ્ઞાન ગુણે સંશય હરી, વીર ચરણે કરે હેજ. ૩

થોય. ( માલિની વૃત્ત )

ગણિ મંડિત વારૂ, જેહ છઠ્ઠો કરારૂ; ભવ જલનિધિ તારૂ, દીસતો જે દિદારૂ; સકલ લબ્ધિ ધારૂ, કામગદ તીવ્ર દારૂ; દુશ્મન ભય વારૂ, તેહને ધ્યાન સારૂ. ૧

તથા ' સવિ જિનવર કેરા' ઇત્યાદિ ત્રણ થોય કહેવી.

સ્તવન (જી હો જાણ્યું અવધિ પ્રયુંજીને—એ દેશી.)

જી હો છઠ્ઠો પંડિત ગણધરૂ, જી હો મોર્ય સન્નિવેશ ગામ; જી હો વિજયા માતા જેહની, જીહો ધનદેવ જનકનું નામ; ભવિક જન વંદો ગણધર દેવ, જી હો વીરતણી સેવા કરે, જી હો ભાવ ધરી નિત્યમેવ. ભ૦-એ આંકણી. ૧ જી હો જન્મ નક્ષત્ર જેહનું મઘા, જીહો વરસ ત્રેપન ઘરવાસ; જી હો ચૌદ વરસ છદ્મસ્થમાં,

જીહો કેવલ સોલહ વાસ. ભ૦ ૨ જીહો ત્યાસી વરસ સવિ આઉખું, જીહો સયલ લબ્ધિ આવાસ; જીહો સંપૂરણ શ્રુતનો ધણી, જીહો કંચન વરણે ખાસ. ભ૦ ૩ જીહો માસ તણી સંલેખણા, જીહો આરાધી અતિ-સાર; જીહો વીર છતે શિવ પામીયા, જીહો ઉદ્ધસયા પરિવાર. ભ૦ ૪ જીહો વશિષ્ટ ગોત્ર સોહામણું, જીહો નામ થકી સુખ થાય; જીહો જ્ઞાનવિમલ ગણધર તણા, જીહો વાધે સુજશ સવાય. ભ૦ ૫

## સપ્તમ ગણધર શ્રીમૌર્ય પુત્રનું દેવવંદન.

ચૈત્યવંદન—સાતમો મૌર્યપુત્ર જે, કહે દેવ ન દીસે; વેદ પદે જે ભાખિયા, તિહાં મન નવિ હીસે. ૧ યજ્ઞ કરતો લહે સર્ગ, એ વેદની વાણી; લોકપાલ ઇંદ્રાદિક, સત્તા કિમ જાણી. ૨ ઇમ સંદેહ નિરાકરી રે, વીર વયણથી તેહ; જ્ઞાન વિમલ જિનને કહે, હું તુમ પગની ખેહ. ૩

### થોય. (માલિની વૃત્ત)

મૌર્યપુત્ર ગણીશ, સાતમો વીર શિષ્ય, નહિ રાગ ને રીશ, જાગતા છે જગીશ; નમે સુર નર ઇશ, અંગ લક્ષણ છુતીશ; જ્ઞાનવિમલ સૂરીશ, સંથુણે રાતિ દીશ. ૧

તથા 'સવિ જિનવર કેરા' એ ત્રણ થોયો કહેવી.

**સ્તવન.** (કર્મ ન છૂટે રે પ્રાણીયા—એ દેશી.)

મૌર્યપુત્ર ગણિ સાતમો, મૌર્ય સન્નિવેશ ગામ; દેવી વિજયા રે માડલી, મોરીય જનકનું નામ. ૧ વંદો ગણધર ગુણનીલો-એ આંકણી. રાહિણી નક્ષત્ર જેહનું, જનમ ચંદશું જોગ; પાંસઠ વરસ ઘરે રહ્યા, દશ ચઉ છઉમત્થે જોગ. વં૦ ૨ સોલ વરસ લગે કેવલી, વરસ પંચાણું રે આય; ઉઠુસય મુનિવર જેહને, પરિવારે સુખદાય. વં૦ ૩ સંપૂરણ શ્રુતનો ધણી, કંચન કોમલ ગાત્ર; લબ્ધિ સયલના રે આગરૂ, કાશ્યપ ગોત્ર વિખ્યાત. વં૦ ૪ વીર છતાં શિવ સુખ લહ્યો, માસ સંલેખણા લીધ; રાજગૃહે ગુણના ધણી, જ્ઞાનવિમલ સુખ દીધ. વં૦ ૫

**અષ્ટમ ગણધર શ્રીઅકંપિતજીનું દેવવંદન.**

ચૈત્યવંદન—અકંપિત દ્વિજ આઠમો, સંશય છે તેહને; નારક હોય પરલોકમાં, એ મિથ્યાજનને. ૧ જે દ્વિજ શૂદ્રાસન કરે, તસ નારક સત્તા; દાખી વેદે નવિ કહે, એ તુજ ઉન્મત્તા. ૨ મેરૂ પરે શાશ્વત કહે એ, પ્રાયિક એહવી ભાખી; તે સંશય દૂરે કર્યો, જ્ઞાનવિમલ જિન સાખી. ૩

## થોય. (માલિની વૃત્ત)

અકંપિત નમીજે, આઠમો જે કહીજે; તસ ધ્યાન ધરીજે, પાપ સંતાપ છીજે; સમકિત સુખ દીજે, પ્રહ સમે નામ લીજે; દુશ્મન સવિ ખીજે, જ્ઞાન લીલા લહીજે. ૧

( વાડી ફૂલી અતિ ભલી મન ભમરા રે–એ દેશી. )

અકંપિત નામે આઠમો, ભવિ વંદો રે; ગણધર ગુણની ખાણ, સદા આણંદો રે; મિથિલા નગરી દીપતી, ભ૦ ગોતમ ગોત્ર પ્રધાન . સ૦ ૧ દેવ નામે જેહનો પિતા, ભ૦ જયંતિ જસ માત; સ૦; ઉત્તરાષાઢાયે જણ્યા, ભ૦ ચાતુર્વેદી કહાય. સ૦ ૨ વરસ અડતાલીશ ઘર રહ્યા, ભ૦ છદ્મસ્થે નવ વાસ; સ૦ એકવીશ વરસ લગે કેવલી, ભ૦ વીર ચરણકજ વાસ. સ૦ ૩ વરસ અઠયોતેર આઉખું, ભ૦ ત્રણ સય મુનિ પરિવાર; સ૦ સંપૂરણ શ્રુતકેવલી, ભ૦ લબ્ધિતણા ભંડાર. સ૦ ૪ કંચન વન માસ અણસણી, ભ૦ વીર છતે ગુણગેહ; સ૦ રાજગૃહે શિવ પામિયા, ભ૦જ્ઞાન ગુણે નવ મેહ. સ૦ ૫

## નવમા ગણધર અચલનાથજીનું દેવવંદન.

ચૈત્યવંદન–અચલ ભ્રાતને મન વશ્યો, સંશય

એહ ખોટો; પુણ્ય પાપ નવિ દેખિયે, એ અચરિજ મોટો. ૧ પણ પ્રત્યક્ષે દેખીએ, સુખ દુઃખ ઘણેરાં; બીજાની પેરે દાખીયાં, વેદ પદે બહોત્તેરાં. ૨ સમજાવીને શિષ્ય કર્યો એ, વીરે આણી નેહ; જ્ઞાનવિમલ પામ્યા પછી, ગુણ પ્રગટયો તસ દેહ. ૩

## થોય. (માલિની વૃત્ત.)

નવમો અચલભ્રાત, વિશ્વમાં જે વિખ્યાત; સુત નંદા માત, ધર્મ કુંદાવદાત; કૃત સંશય પાત, સંયમે પારિજાત; દલિત દૂરિત વ્રાત, ધ્યાનથી સુખશાત. ૧

તથા 'સવિ જિનવર કેરા' ઈત્યાદિ ત્રણ થોય કહેવી.

**સ્તવન.** (નમો રે નમો શ્રીશત્રુંજય ગિરિવર—એ દેશી.)

નવમો અચલભ્રાત કહીજે, ગણધર ગિરૂઓ જાણો રે; કોશલા નગરીએ ઉપનો, હારિય ગોત્ર વખાણો રે. ૧ ભાવ ધરીને ભવિયણ વંદો. એ આંકણી. નંદા નામે જેહની માતા, વસુદેવ જનક કહીજે રે; મૃગશિર નક્ષત્ર જન્મ તણું જસ, કંચન કાંતિ ભણીજે રે. ભા૦ ૨ વરસ છેંતાલીશ ઘરમાં વસીયા, રસીયા વ્રતે વરસ બાર રે; ચઉદ વરસ કેવલ પર્યાયે, તીન સયા પરિવાર રે. ભા૦ ૩ બહોંતેર વરસ આઉ પરિમાણે,

લબ્ધિ સિદ્ધિ સુવિલાસી રે; સંપૂરણ શ્રુતધર ગુણવંતા, વીર ચરણ નિતુ વાસી રે. ભા૦ ૪ વીર છતે રાજગૃહી નગરે, માસભકતે શિવ પામ્યા રે; જ્ઞાનવિમલ થુણી સવિ સુરવર, આવી ચરણે નામ્યા રે. ભા૦ ૫

## દશમા ગણધર શ્રીમેતાર્યજીનું દેવવંદન.

ચૈત્યવંદન—પરભવનો સંદેહ છે, મેતાર્ય ચિત્તે; ભાંખે પ્રભુ તવ તેહને, દાખી બહુ જુગતે. ૧ વિજ્ઞાન ધન પદ તણો, એ અર્થ વિચારે; પરલોકે ગમનાગમે, મન નિશ્ચય ધારે. ૨ પૂર્વાપર બહુ પરે કહીએ, છેદ્યો સંશય તાસ; જ્ઞાનવિમલ પ્રભુ વીરને, ચરણે થયો તે દાસ. ૩

### થોય. (માલિની વૃત્ત)

દશમ ગણધર વખાણો, આર્ય મેતાર્ય જાણો; લહ્યો શુભ ગુણઠાણો, વીર સેવા મંડાણો; અછે એહિજ ટાણો, કર્મને વાજ આણો; એ પરમ દુજાણો, જ્ઞાનગુણ ચિત્ત આણો. ૧

તથા સવિ 'જિનવર કેરા' ઈત્યાદિ ત્રણ થોય કહેવી.

સ્તવન. (આદર જીવ ક્ષમા ગુણ આદર—એ દેશી.)

મેતારજ આરજ ગણી દશમો, સુપ્રભાતે નિત્ય નમીયે રે; મતુંગિય સન્નિવેશે, વિત્સભૂતેહને ધ્યાને

રમિયે રે. ૧ ગણુધર ગુણુવંતાને વંદો-એ આંકણી. વરૂણુદેવા જેહને છે માતા, દત્ત જનક જસ કહીયે રે; કોડિનગોત્ર નક્ષત્ર જન્મનું, અશ્વિની નામે લહીયે રે. ગ૦ ૨ વરસ છત્રીસ રહ્યા ઘરવાસે, છદ્મસ્થ દસ વરિસાજી; સોલ વરસ કેવલી પર્યાયે, ત્રણુશેં મુનિવર શિષ્યા જી. ગ૦ ૩ બાસઠ વરસ સવિ આઉખું પાલી, ત્રિપદીના વિસ્તારી જી; કનક કાંતિ સવિ લબ્ધિ સિદ્ધિના, જ્ઞાનાદિક ગુણુધારી જી. ગ૦ ૪ માસ સંલેષણ રાજગૃહીમાં, વીર થકે શિવ લહીયા જી; જ્ઞાનવિમલ ચરણુાદિકના ગુણ, કિણુહી ન જાયે કહિયાજી. ગ૦ ૫

### એકાદશ ગણધર શ્રીપ્રભાસજીનું દેવવંદન.

ચૈત્યવંદન—એકાદશમ પ્રભાસ નામ, સંશય મન ધારે; ભવ નિર્માણુ લહે નહિ, જીવ ઇણે સંસારે. ૧ અગ્નિહોત્ર નિત્યે કરે, અજરામર પામે; વેદારથ ઇમ દાખવે, તસ સંશય વામે. ૨ વીર ચરણુનો રાગિયો એ, તેહ થયો તતકાલ; જ્ઞાનવિમલ જિન ચરણુ તણી, આણુ વહે નિજ ભાલ. ૩

### થોય. (માલિની વૃત્ત.)

એકાદશ પ્રભાસ, પૂરતો વિશ્વ આશ; સુરનર

જસ દાસ, વીર ચરણે નિવાસ; જગ સુજસ સુવાસ, વિસ્તર્યો જ્યું બરાસ; જ્ઞાનવિમલ નિવાસ, હું જપું નામ તાસ. ૧

તથા ‘ સવિ જિનવર કેરા ’ ઇત્યાદિ ત્રણ થોય કહેવી.

**સ્તવન.** (કનક કમલ પગલાં ઠવે–એ દેશી.)

ગણધર જે અગ્યારમો એ, એ આશા પૂરણ પ્રભાસ; નમો ભવિ ભાવશું એ; કોડિન ગોત્ર છે જેહનું એ, રાજગૃહે જસ વાસ. ન૦ ૧ અતિભદ્રા જસ માવડી એ, બલભદ્ર નામે તાય; ન૦ પુષ્પ નક્ષત્રે જન્મીયા એ, ઘર ઘર ઉત્સવ થાય. ન૦ ૨ સોલ વરસ ઘરમાં વસ્યા એ, આઠ વરસ મુનિરાય; સોલ વરસ રહ્યા કેવલી એ, ચાલીસ વરસ સવિ આય. ન૦ ૩ ત્રણ શય મુનિ પરિકર ભલો એ, સંપૂરણ શ્રુતધાર, ન૦ લબ્ધિ નિધાન કંચન વને એ, કરતા ભવિ ઉપગાર. ન૦ ૪ વીર છતે શિવ પામીયા એ, માસ સંલેખણ જાસ: ન૦ જ્ઞાનવિમલ કીર્તિ ઘણી એ, સુંદર જિમ કૈલાસ. ન૦ ૫

## એકાદશ ગણધર દેવવંદન સંપૂર્ણ.

અહીં પ્રથમ ગણધરના દેવવંદનમાં ચાર ગાથાની ચાર થોય અને પછીના દશ ગણધરના દેવવંદનમાં એકેક ગાથાની

એકેક થાય મળીને ચૌદ ગાથાનું ( માલિની છંદે કમલબંધ ) સ્તવન પણ થાય છે, તેમજ અગિયાર ચૈત્યવંદનનું પણ સ્તવન થાય છે.

વળી ઉપર એક અધિક ચૈત્યવંદન કહી સર્વ ગણધરનું એક દેવવંદન પણ થાય છે, એ રીતે પણ વિધિ કહ્યો છે. તે આ પ્રમાણે—

## અગિયાર ગણધરોનું સાધારણ ચૈત્યવંદન.

એહ ગણધર એહ ગણધર, થયા અગ્યાર; વીર જિનેસર પયકમલે, રહી ભૃંગ પરે જેહ લીણા; સંશય ટાલી આપણા, થયા તેહ જિનમત પ્રવીણા; ઇદ્ર મહોત્સવ તિહાં કરે એ, વાસક્ષેપ કરે વીર; લબ્ધિ સિદ્ધિ દાયક હોજો, જ્ઞાનવિમલ ગુણ ધીર. ૧

## સર્વ ગણધરોનું સાધારણ ચૈત્યવંદન.

સયલ ગણધર સયલ ગણધર, જેહ જગ સાર; સકલ જિનેસર પયકમલે, રહી ભૃંગ પરે જેહ લીણા; જિનમતથી ત્રિપદી લહી, થયા જેહ સ્યાદ્વાદે પ્રવીણા; વાસક્ષેપ જિનવર કરે એ, ઇંદ્ર મહોત્સવ સાર; ઉદય અધિક દિન દિન હુવે, જ્ઞાનવિમલ ગુણધાર. ૧

## સર્વ ગણધરોની સાધારણ થોય.

ચૌદસયાં બાવન ગણધર, સવિ જિનવરનો એ

પરિવાર; ત્રિપદીના કીધા વિસ્તાર, શાસન સુર સવિ સાન્નિધ્યકાર. ૧

આ થોય ચાર વાર કહેવી.

## સર્વ ગણધરોનું સાધારણ સ્તવન.

(સકલ સદા ફલ પાસ-- એ દેશી.)

વંદુ સવિ ગણધાર, સવિ જિનવરના એ સાર; સમચઉરંસ સંઠાણ, સવિને પ્રથમ સંઘયણ. ૧ ત્રિપદીને અનુસારે, વિરચે વિવિધ પ્રકારે; સંપૂરણ શ્રુતના ભરિયા, સવિ ભવ જલનિધિ તરિયા. ૨ કનક વર્ણ જસ દેહ, લબ્ધિ સકલ ગુણગેહ; ગણધર નામકર્મ ફરસી, અજર અમર થયા હરસી. ૩ જનમ જરા ભવ વામ્યા; શિવ સુંદરી સવિ પામ્યા; અખય અનંતસુખ વિલસે, તસ ધ્યાને સવિ મલશે. ૪ પ્રહ સમે લીજે એ નામ, મન વાંછિત લહી કામ; જ્ઞાન વિમલ ઘણ નૂર, પ્રગટે અધિક સનૂર. ૫ સકલ સુરાસુર કોડી, પાય નમે કર જોડી; ગુણવંતના ગુણ કહીયે, તો શુદ્ધ સમકિત લહિયે. ૬

卐 શ્રીજ્ઞાનવિમલસૂરિ વિરચિત શ્રીએકાદશ ગણધર દેવવંદન સમાપ્ત. 卐

દેવવંદનમાળા સમાપ્ત.

# ચોમાસી દેવવંદન રચનાર
# આચાર્ય શ્રીબુદ્ધિસાગરસૂરિજી.

ગુજરાત દેશમાં આવેલ વડોદરા રાજ્યની અંદર વીજાપુર નામે ગામ આવેલું છે. તે ગામમાં આચાર્યશ્રીનો વિ. સં. ૧૯૩૦ ના મહા વદી ચૌદશ (શિવરાત્રી) ના દિવસે કણબી (પાટીદાર) કુટુંબમાં જન્મ થયો હતો. તેમના પિતાનું નામ શિવદાસ અને માતાનું નામ અંબા હતું. તેમનું બહેચરદાસ નામ પાડવામાં આવ્યું. ખેડુતને ત્યાં જન્મેલા આ મહાપુરૂષે ત્યાંની ગામડી શાળામાં તે વખતને યોગ્ય અભ્યાસ કર્યો. વિદ્યાર્થી ઉંમર પૂરી થતાં તેઓ શિક્ષક થયા. આ દરમિઆન તેમને પૂજ્ય શ્રી રવિસાગરજી મહારાજનો સંયોગ થયો. તેઓએ તેમની પાસે જૈન ધર્મના સિદ્ધાંતો સાંભળ્યા. તેની તેમના ઉપર અસર થવાથી દીક્ષાની ભાવના જાગી.

માતાપિતાએ તેમને પરણાવવાનો વિચાર કર્યો. પરંતુ બહેચરદાસે પોતાની ત્યાગ ભાવના જણાવી બ્રહ્મચારી રહેવાનું જણાવ્યું. તે છતાં માતાપિતાને આઘાત ન થાય તે હેતુથી તેમણે તેમનાં જીવતાં ચારિત્ર ગ્રહણ કર્યું નહિ. પરંતુ તે દરમિઆનમાં પૂ૦ શ્રીરવિસાગરજી મહારાજ તથા પૂ૦ શ્રીસુખસાગરજી મહારાજના સુસંયોગમાં તેમણે આગળ નવો અભ્યાસ ખંતથી જારી રાખ્યો. ન્યાય, વ્યાકરણ, કાવ્ય, સહિત્ય તથા ધાર્મિક શાસ્ત્રોનો સારો અભ્યાસ કર્યો.

વિ૦ સ૦ ૧૯૫૭ માં તેમનાં માતપિતાના મૃત્યુ બાદ તેઓએ પાલનપુરમાં વિ૦ સં૦ ૧૯૫૭ ના માગસર સુદ ૬ ને દિવસે શ્રીરવિસાગરજી મહારાજના પટ્ટશિષ્ય શ્રીસુખસાગરની પાસે દીક્ષા લીધી. તેમનું શ્રીબુદ્ધિસાગર નામ રાખવામાં આવ્યું.

ચારિત્ર લીધા પછી ગુરૂની સાથે વિહાર કરતા કરતા તેમણે નવા નવા અનેક ગ્રંથોની ગુર્જર ભાષામાં રચના કરી. તેમાં પણ તેમના ભજનોએ તો ઘણા લોકોને તેમની તરફ આકર્ષ્યા. વળી તેમની ઉદાર તથા વિશાળ ધર્મ ભાવનાએ બીજા અનેક વિદ્વાન પુરૂષોને પણ તેમની તરફ આકર્ષ્યા. તેમની ધર્મદેશનાની સચોટ શૈલિથી જૈનો ઉપરાંત અનેક મુસ્લીમો, પારસીઓ, બ્રાહ્મણો, પાટીદારો, ભીલ કોળી વગેરે લોકો પણ તેઓશ્રીના ભક્ત બન્યા હતા.

વિ૦ સં૦ ૧૯૬૯ માં તેમના ગુરૂનું સ્વર્ગગમન થયા પછી તેઓ ગચ્છનો ભાર વહન કરવા લાગ્યા. તેઓશ્રીની વિદ્વતા તથા જ્ઞાનથી અને અનેક પ્રકારની ધર્મસેવાથી આકર્ષાઈને પેથાપુરના જૈન સંઘે સંવત ૧૯૭૦ ના માગસર સુદ ૧૫ને દિવસે તેમને આચાર્ય પદવી આપી.

તેઓશ્રીએ ગુજરાત, મારવાડ, મેવાડ, સૌરાષ્ટ્ર, દક્ષિણ વગેરે સ્થળોએ વિહાર કર્યો અનેક ધર્મોપયોગી કાર્યો કર્યા. અને દેશના અનેક મહાપુરૂષોના સમાગમમાં આવ્યા. તેઓશ્રીએ આ દરમિયાન યોગ, અધ્યાત્મજ્ઞાન, ઉપનિષદ, ઇતિહાસ, વૈરાગ્ય, તત્ત્વજ્ઞાન, વગેરે સાહિત્યના સો ઉપરાંત ગ્રન્થો લખ્યા છે. કેટલાક ગ્રંથોની તો પાંચ સાત આવૃત્તિઓ થઈ છે.

તેઓશ્રીના ઉપદેશથી વીજાપુરમાં પત્થરનું એક ભવ્ય જ્ઞાનમંદિર તૈયાર થયું છે. તેમાં અનેક પ્રાચીન હસ્ત લિખિત તથા તાડપત્રો ઉપર લખેલ પુસ્તકો તથા અર્વાચીન પુસ્તકોનો અમૂલ્ય સંગ્રહ છે. તે વીજાપુર-ના સંઘને સ્વાધીન છે.

વિ૦ સં૦ ૧૯૮૧ માં આચાર્યશ્રી વીજાપુરથી ચાર કોશ છેટે આવેલા મહુડી (મધુપુરી) ગામમાં આવ્યા તે વખતે

પોતાને મૃત્યુકાળ નજીક જાણીને તેઓના સંબંધીઓને અગાઉથી સમાચાર આપેલા હોવાથી સઘળા વીજાપુર આવી પહોંચ્યા. આચાર્યશ્રી પણ જેઠ વદ ત્રીજના દિવસે સવારમાં વીજાપુર પહોંચ્યા અને તેજ દિવસે રાજયોગમાં સમાધિપૂર્વક કાળધર્મ પમ્યા.

તેઓશ્રીનાં અંગ લક્ષણો પણ ચમત્કારિક હતા. કપાળમાં ચંદ્ર હતો. તેઓશ્રીના હાથ ઢીંચણ સુધી પહોંચતા હતા. આંગળામાં અઢાર ચક્ર, ભવ્ય મુખમુદ્રા, પહાડી અવાજ, સાડા આઠમણની કાયા તેમને જોતાંજ એક યોગીનો ખ્યાલ આપતા હતા.

એ પ્રમાણે ટુંકમાં આચાર્યશ્રી બુદ્ધિસાગરસૂરીશ્વરની જીવનરેખા જણાવી. અર્વાચીન કાલમાં થઇ ગએલા મહાન આચાર્યોમાંના તેઓશ્રી એક હતા.

( આ દેવવંદન સાધ્વીજી **અમૃતશ્રીજી** મહારાજના ઉપદેશથી દાખલ કરવામાં આવ્યા છે.)

## આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ વિરચિત

# ચતુર્માસી દેવવંદન.

સ્થાપનાચાર્યાદિ આગળ ઇરિયાવહિયાદિ કરી, કાઉસગ્ગ કરી પારી લોગસ્સ કહીને પ્રથમ મંગલનિમિત્ત ચૈત્યવંદન કહેવું. પછી નમુથ્થુણં પછી જયવીયરાય આભવમખંડા સુધી કહી ખમાસમણ દેઈ ઋષભદેવનું ચૈત્યવંદન કહેવું. પછી નમુથ્થુણં કહી જયવીયરાય અર્ધા કહી ખમાસમણ દેઈ અજીતાદિ દેવનાં ચૈત્યવંદનો તથા થોયો કહેવી. શ્રી શાંતિનાથનું ચૈત્યવંદન કરી ચારે થોયે દેવ વાંદી સ્તવન કહેવું. બાકીના તીર્થંકરને એક ચૈત્યવંદન અને એક સ્તુતિથી વાંદવા. શ્રી નેમિનાથ, શ્રી પાર્શ્વનાથ અને શ્રી મહાવીર પ્રભુને ચાર થોયોને સ્તવનથી વાંદવા. મહાવીર પ્રભુનું સ્તવન કહી પછી

જયવીયરાય આખા કહેવા. પછી શ્રી શાશ્વતા અશાશ્વતા પ્રભુનું ચૈત્યવંદન કરવું અને નમુથ્થુણં, અરિહંત ચેઇયાણં આદિકથી ચારે થોયો કહેવી. પછી કાઉસગ્ગમાં એક જણે કાઉસગ્ગ પારી મોટી શાંતિ કહેવી. પછી કાઉસગ્ગ પારી લોગસ્સ કહી તેર નવકાર ગણવા. સિદ્ધાચલનાં તેર ખમાસમણાં દેવાં. પછી સિદ્ધાચલ, ગિરનાર, આબુ, અષ્ટાપદ અને સમ્મેત શિખરનાં સ્તવન કહી અવિધિ આશાતનાનો મિચ્છામિ દુક્કડં દેવો.

## ચોમાસી દેવવંદન—ચૈત્યવંદન.

પાનસરા મહાવીર જિન, વંદુ પૂજું ભાવે;
ચોમાસી ચોવીશ જિન, વંદુ ગુણગણ દાવે. ૧
ઋષભાદિક ચોવીશ દેવ, વંદીએ હિતકારી;
આતમશુદ્ધિ સંપજે, મુક્તિ મળે સુખકારી. ૨
અતીત અનાગત કાલના એ, વંદો સર્વ જિનેશ;
બુદ્ધિસાગર સંપ્રતિ, જિનવર ભાવ વિશેષ. ૩

એમ ચૈત્યવંદન કરી નમુથ્થુણં કહી આભવમખંડા સુધી જયવીયરાય કહેવા. પછીથી આદિનાથનું ચૈત્યવંદન કરવું. શ્રી પદ્મવિજયજી વગેરેની ચૌમાસી દેવવંદનની વિધિ પ્રમાણે અહીં પણ દેવવંદન વિધિ જાણવી.

### ઋષભદેવ ચૈત્યવંદન.

આદિનાથ અરિહંત જિન, ઋષભદેવ જયકારી,
સંઘ ચતુર્વિધ તીર્થને, સ્થાપ્યું જગ સુખકારી. ૧

પરમેશ્વર પરમાતમા, તનુયોગે સાકાર; અષ્ટ કર્મ દૂરે કર્યાં, નિરાકાર નિર્ધાર. ૨ સાકારી અરિહંતજી એ, નિરાકારથી સિદ્ધ; બુદ્ધિસાગર ધ્યાવતાં, પ્રગટે આતમ ઋદ્ધિ. ૩

સ્તુતિ–ઋષભ જિનેશ્વર સમ નિજ આતમ, સત્તાએ છે ધ્યાવવો; તિરોભાવને દૂર કરીને, વ્યક્તિભાવે લાવવો; આતમને પરમાતમ કરવા, અસંખ્ય યોગો ભિન્ન છે; સમ ઉપયોગે સર્વે મળતાં, સાપેક્ષાથી અભિન્ન છે. ૧ ભિન્ન ભિન્ન મત દર્શન પંથો, નિરપેક્ષે મિથ્યા સદા; સાત નયોની સાપેક્ષાએ, જાણે સમ્યક્ત્વ જ તદા; જૈન ધર્મમાં સર્વે ધર્મો, સાપેક્ષે સમાય છે; જૈન ધર્મ સેવે સહુ ધર્મો, સેવ્યા દેવો ગાય છે. ૨ જિનવાણી જાણંતાં જાણ્યું, સર્વે એ નિશ્ચય ખરો; જગ જાણ્યું સહુ આતમ જાણે, એવા નિશ્ચયને ધરો; આતમશુદ્ધિ માટે સર્વે બાહ્યાંતર ઉપાય છે; જેને જેથી શુદ્ધિ થાતી તેને તેજ સુહાય છે. ૩ બહિરાતમને અંતર આતમ કરવો આતમ જ્ઞાનથી; અંતર આતમને પરમાતમ કરવો ધ્યાનના તાનથી, અંતર-આતમ તે પરમાતમ જાણી પ્રભુને સેવતા, તેવા જૈનો જિનતા પામે સહાય કરંતા દેવતા. ૪

## ઋષભ જિન સ્તવન.

(કાનુડો ન જાણે મોરી પ્રીતિ—એ રાગ.)

પ્રભુજી ઋષભ જિનેશ્વર દેવ, હૃદયમાં વ્હાલા લાગ્યારે. પ્રભુ૦ આવિર્ભાવે દીલ પ્રગટો, કર્મ આવરણો વિઘટો; પ્રભુજી લાગ્યું તુજથી તાન, આત્મિક ભાવે જાગ્યારે. પ્રભુ૦ ૧ મોહનો પડદો દૂરે, થાતાં શુદ્ધાતમ સ્ફુરે; પછી રહે ન કિંચિત્ ભેદ, કર્મ સહુ ભાવે ભાગ્યાંરે. પ્રભુ૦ ૨ કાચીબે ઘડીમાં મળવું, જ્યોતિમાં જ્યોતે ભળવું; એવું અનુભવ નિશ્ચયભાન, જીત નગારાં વાગ્યાંરે. પ્રભુ૦ ૩ શુદ્ધોપયોગે સંગી, અંતરધાતો રંગી; બુદ્ધિસાગર પ્રભુ હજૂર, મલ્યા નહિ માગે માગ્યારે. પ્ર૦ ૪

## શ્રી અજિતનાથ ચૈત્યવંદન.

અજિત અજિત પદ આપતા, ભવ્ય જીવને જેહ; પુરૂષાર્થને ભાખતા, હેતુ મુખ્ય છે તેહ. ૧ જડ પરિણામી યત્નથી, જડ સાથે છે બન્ધ; શુદ્ધાત્મિક પરિણામના, પુરુષાર્થે નહિ બન્ધ. ૨ પુરુષાર્થ શિરોમણી એ, સહજ યોગ શિરદાર: શુદ્ધાતમ ઉપયોગ છે, અજિત થવા નિર્ધાર. ૩

## અજિત જિન સ્તુતિ.

અજિત જિનેન્દ્રે અજિત થવાને, સમ્યગ્ જ્ઞાન

પ્રકાશ્યુંજી; સાપેક્ષાએ ભવ્ય લોકના, મનમાં પ્રેમે વાસ્યુંજી; આતમ જ્ઞાન સમ જ્ઞાન નહીં કો, ક્ષણમાં થાવે મુક્તિજી; આતમજ્ઞાની નિર્લેપી થઈ, કર્મ કરે સહુ યુક્તિથી. ૧

## સંભવનાથ ચૈત્યવંદન.

સંભવ જિનને સેવતાં, સંભવતી નિજ ઋદ્ધિ; ક્ષાયિક નવ લબ્ધિ મળે, થતી આત્મની શુદ્ધિ. ૧ ઘાતી કર્મના નાશથી, અર્હન્ પદવી પામ્યા; આધિ વ્યાધિ ઉપાધિને, તુજ ધ્યાનારા વામ્યા. ૨ આતમા તે પરમાતમા, એ વ્યક્તિ ભાવે કરવા; સંભવ જિન ઉપયોગથી, ક્ષણ ક્ષણ દિલમાં સ્મરવા. ૩

## સંભવજિન સ્તુતિ.

આત્મ સ્વભાવે સંભવવું તે, સંભવ જિનની સેવાજી; ગુણ પર્યાયો આવિર્ભાવે, થાતા પોતે દેવાજી; અભેદ ભાવે સંભવ કરતા, જ્ઞાનાનંદ સ્વભાવેજી; નિજ આતમ સંભવ રૂપી છે, વ્યક્ત કરે ભવી ભાવેજી. ૧

## અભિનંદન ચૈત્યવંદન.

બાહ્યાંતર અતિશય ગણી, અભિનંદન જિનરાજ; પ્રભુ ગુણ ગણને પામવા, અંતરમાં બહુ દાઝ. ૧ પ્રભુ ગુણ વરવા ભકિત છે, સાધ્ય એજ મન ધરવુ;

ઘટાટોપ શો ગુણ વિના, ગુણ પ્રાપ્તિમાં મરવું. ૨
પ્રભુ ગુણ પોતામાં છતાં એ, આવિર્ભાવને કાજે;
અભિનંદનને વંદતા, પ્રકટ ગુણો થઈ છાજે. ૩

### શ્રી અભિનંદન સ્તુતિ.

આત્માનંદ પ્રગટ કરી અભિનંદે જેહ, અભિનંદન છે આતમા ગુણપર્યાય ગેહ; આતમ અભિનંદન થતો, અભિનંદન ધ્યાઈ; ધ્યાન સમાધિ એકતા લીનતા પદ પાઈ. ૧

### સુમતિનાથ ચૈત્યવંદન.

સુમતિનાથ પંચમ પ્રભુ, સુમતિના દાતાર; સર્વ વિશ્વનાયક વિભુ, અરિહંત અવતાર. ૧ સાત્વિક ગુણની શક્તિથી, બાહ્ય પ્રભુતા ધારી; ચિદાનંદ પ્રભુતા ભલી, આંતર નિત્ય છે પ્યારી. ૨ તુજમાં મનને ધારીને એ, નિ:સંગી થાનાર; કર્મ કરે પણ નહીં કરે, તુજ ભક્તો નર નાર. ૩

### સુમતિનાથ સ્તુતિ.

સન્મતિ ધારે દુર્મતિ, ત્યાગી જે નર નારી; સુમતિ પ્રભુ ભક્તો ખરા, નીતિ રીતિ ધારી; સુમતિ ગ્રહી શુદ્ધ ભાવથી, આત્મભાવે રમંતા; નિશ્ચય નય સુમતિ પ્રભુ, આપો આપ નમંતા. ૧

## પદ્મપ્રભુ ચૈત્યવંદન.

નવધા ભક્તિથી ખરી, પદ્મપ્રભુની સેવા; સેવામાં મેવા રહ્યા, આપ બને જિન દેવા. ૧ નવધા ભક્તિમાં પ્રભુ, પ્રગટપણે પરખાતા; આઠ કર્મ પડદા હઠે, સ્વયં પ્રભુ સમજાતા. ૨ પદ્મપ્રભુને ધ્યાવતાં એ, પૂર્ણ સમાધિ થાય; હૃદય પદ્મમાં પ્રકટતા, આત્મ પ્રભુજી જણાય.

## પદ્મપ્રભુ સ્તુતિ.

પદ્મપ્રભુને દેખતાં, દેખવાનું ન બાકી; પદ્મપ્રભુને ધ્યાવતાં, બને આતમ સાખી: પદ્મપ્રભુમય થઈ જતાં, કોઈ કર્મ ન લાગે; દેહ છતાં મુક્તિ મળે, જીત ડંકો વાગે ૧

## સુપાર્શ્વનાથ ચૈત્યવંદન.

સુપાર્શ્વનાથ છે સાતમા, તીર્થંકર જિનરાજા; પાસે પ્રભુ સુપાર્શ્વ તો, આતમ જગનો રાજા. ૧ આતમમાં પ્રભુ પાસ છે, બાહિર મૂર્ખા શોધે; અંતરમાં પ્રભુ ધ્યાનથી, જ્ઞાની ભક્તો બોધે. ૨ દ્રવ્ય ભાવથી વંદીએ એ, ધ્યાઈજે પ્રભુ પાસ; એક વાર પામ્યા પછી, ટળે નહી વિશ્વાસ. ૩

## સુપાર્શ્વનાથ સ્તુતિ.

શુદ્ધ પ્રેમ ને જ્ઞાનથી, સુપાર્શ્વને ધ્યાવો; જડમાં સુખ ક્યારે નહી, એવો નિશ્ચય લાવો; પ્રભુ પાસે નહી

આંતરું, એવું જેને ભાસે; જૈન મટી જિન તે બની, પૂર્ણાનંદે વિલાસે. ૧

## ચંદ્રપ્રભુ ચૈત્યવંદન.

અનંત ચંદ્રની જ્યોતિથી, અનંત જ્ઞાનની જ્યોત; ચંદ્ર પ્રભુ પ્રણમું સ્તવું, કરતાં જગ ઉદ્યોત. ૧ અસંખ્ય ચંદ્રો ભાનુઓ, ઇન્દ્રો જેને ધ્યાય; પરબ્રહ્મ ચંદ્ર પ્રભુ, જગમાં સત્ય સુહાય. ૨ શુદ્ધ પ્રેમથી વંદતાં એ, અસંખ્ય ચંદ્રનો નાથ; બુદ્ધિ સાગર આતમા, ટાળે પુદ્ગલ સાથ.

## ચંદ્રપ્રભુની સ્તુતિ.

ચંદ્રપ્રભુ વિભુ ઉપદિશે, જૈન ધર્મ તે સાચો; નય સાપેક્ષાએ ખરો, તેમાં ભવ્યો રાચો; આત્મજ્ઞાનને ધ્યાનથી, કરો આત્મની શુદ્ધિ; શુદ્ધાતમ ચંદ્રપ્રભુ, થાતાં આનંદ ઋદ્ધિ. ૧

## શ્રી સુવિધિનાથ ચૈત્યવંદન.

સુવિધિનાથ સુવિધિ દિયે, આત્મશુદ્ધિના હેત; શ્રાવક સાધુ ધર્મ બે, તેના સહુ સંકેત. ૧ દ્રવ્ય ભાવ વ્યવહાર ને, નિશ્ચય સુવિધિ બેશ, જૈન ધર્મની જાણતાં કરતાં રહે ન ક્લેશ. ૨ શુદ્ધાતમ પરિણામમાં એ, સર્વ

સુવિધિ સમાય; આતમ સુવિધિનાથ થઈ, ચિદાનંદમય થાય. ૩

### શ્રી સુવિધિ જિન સ્તુતિ.

આત્મિક શુદ્ધિની સુવિધિ, દ્રવ્ય ભાવથી સાચી; બાહ્યાંતર કિરિયા ભલી, સ્વાધિકારે રાચી; કરતાં ચિદાનંદ પરણુતિ, એજ સુવિધિ સોહે; ત્રણ જગતના લોકનાં, મન સુવિધિ મોહે. ૧

### શ્રી શીતલનાથ ચૈત્યવંદન.

આત્મિક ધર્મની શુદ્ધતા, કરીને શીતલનાથ, સર્વ લોક શીતલ કરો, સાચા શિવપુર સાથ. ૧ ધર્મ સુવિધિ આદરી, શીતલ થયા જિનંદ; સમતાથી શીતલ પ્રભુ, આતમ સ્વયં મહેન્દ્ર. ૨ સમતા શીતલતા થકી એ, શીતલ પ્રભુ થવાય; બુદ્ધિસાગર આતમા, પૂર્ણાનંદ સુહાય. ૩

### શીતલપ્રભુ સ્તુતિ.

શીતલ પ્રભુ શીતલ કરે, ભજે શીતલ ભાવે; શમ શીતલતા ધારતાં, સહુ સંતાપ જાવે; રાગ દ્વેષ નિવારીને, આપ શીતલ થાવો; આતમને શીતલ કરો, સત્ય નિશ્ચય લાવો. ૧

### શ્રેયાંસનાથ ચૈત્યવંદન.

સર્વ ભાવ શ્રેયો વર્યા, શ્રી શ્રેયાંસ જિણંદ; આત્મ

શીતલતા ધારીને, ટાળ્યા મોહના ફંદ. ૧ ઉપશમ ક્ષયોપશમ અને ક્ષાયિક ભાવે જેહ; સત્ય શ્રેયને પામતો, સ્વયં શ્રેયાંસ જ તેહ. ૨ શ્રી શ્રેયાંસ પ્રભુ સમો એ, નિજ આતમને કરવા; વંદો ધ્યાવો ભવિ જનો, ધરો ન જડની પરવા. ૩

## શ્રી શ્રેયાંસ જિન સ્તુતિ.

દ્રવ્ય ભાવથી શ્રેયને, નિજ આત્મનું જાણો; જાણી આચારે મૂકશો, પુરૂષાર્થને આણો; આત્મજ્ઞાન ને સત્ક્રિયા, વડે શ્રેયને સાધો; શ્રેયાંસ પ્રભુની પેઠે સહુ, પૂર્ણ શ્રેયેજ વાધો. ૧

## શ્રી વાસુપૂજ્ય ચૈત્યવંદન.

ક્ષાયિક લબ્ધિ શ્રેયથી, વાસુપૂજ્ય જિનદેવ, થયા હૃદયમાં જાણીને, કરો પ્રભુની સેવ. ૧ ચિદાનંદ વસુતા વર્યા, વિશ્વપૂજ્ય જિનરાજ; વાસુપૂજ્ય નિજ આતમા, કરશો સાધી કાજ. ૨ પ્રભુમય થઈ પ્રભુ સેવતાં એ, સ્વયં પ્રભુ જિન થાય; અનંત કેવલ જ્ઞાનની, જ્યોતિ જ્યોત સુહાય. ૩

## શ્રી વાસુપૂજ્ય સ્તુતિ.

આતમ વાસુપૂજ્ય છે, કરો આવિર્ભાવે; નિશ્ચય

નય દૃષ્ટિ બળે, બ્રહ્મ ભાવના દાવે; વાસુપૂજ્યના ધ્યાનથી, વાસુપૂજ્યજી થાવો; ધ્યાન સમાધિ એકતા, લીનતાથી સુહાવો. ૧

## વિમલનાથ ચૈત્યવંદન.

આત્મિક સિદ્ધિ આઠ જે, આઠ વસુના ભોગી; આત્મ વસુ પ્રગટાવીને, નિર્મલ થયા અયોગી. ૧ કરી વિમલ નિજ આતમા, થયા વિમલ જિનરાજ; પ્રભુ પેઠે નિજ વિમલતા, કરવી એ છે કાજ. ૨ આત્મ વિમલતા જે કરે એ, સ્વયં વિમલ તે થાય; વિમલ પ્રભુ આલંબને, વિમલપણું પ્રગટાય. ૩

## વિમલ જિન સ્તુતિ.

આર્ત રૌદ્રને વારીને, મન નિર્મલ કરવું; એવી પ્રભુની પૂજના, એહ ધ્યાન છે રવું; વિમલ પ્રભુ જગ ઉપદિશે, સહુ નિર્મલ થાવો; વિમલ થવું નિજ હાથમાં, શાને વાર લગાવો. ૧

## અનંતનાથ ચૈત્યવંદન.

વિમલાત્મા કરીને પ્રભુ, થયા અનંત જિનેશ; અનંત જ્યોતિર્મય વિભુ, નહી રાગ ને દ્વેષ. ૧ અનંત જીવન જ્ઞાનમય, આનંદ સહજ સ્વભાવે; દ્રવ્ય ક્ષેત્ર ને

કાલથી, ભાવથી સત્ય સુહાવે. ૨ અનંત રત્નત્રયી વર્યા એ, અનંત જિનવર દેવ; બુદ્ધિસાગર ભાવથી, કરવી ભકિત સેવ. ૩

## અનંતનાથ સ્તુતિ.

અનંત આતમ દ્રવ્યથી, ક્ષેત્ર કાલ ને ભાવે; જાણે અંત ન થાય છે, આઠ કર્મ અભાવે; દ્રવ્ય ક્ષેત્ર કાલ ભાવથી, અંત કર્મનો આવે; અનંતનાથ જણાવતા, બ્રહ્મ અંત ન થાવે. ૧

## ધર્મનાથ ચૈત્યવંદન.

પન્નરમા શ્રી ધર્મનાથ, વંદુ હર્ષોલ્લાસે; અનંત આતમ ભાખિયો, કેવલજ્ઞાન પ્રકાશે. ૧ આત્મ ધર્મ છે આત્મમાં, જડમાં જડનાં ધર્મો; વસ્તુ સ્વભાવે ધર્મ છે, સમજી ટાળો કર્મો. ૨ ચિદાનંદ ધર્મજ ખરો એ, ધર્મ ન તે જડમાંહે; આત્માવણુ જડ વિષયમાં, મળે ન આનંદ કયાંયે. ૩

## ધર્મનાથ સ્તુતિ.

ધર્મ પ્રભુ કહે આત્મનો, ધર્મ ગુણ પર્યાયો; સમજે વર્તે સહજથી, તે ધર્મી સુહાયો; ધર્મનાથ નિજ આતમા, કરે આવિર્ભાવે; અજ્ઞાની ધર્મ પન્થ સહુ, ટળે આત્મ સ્વભાવે. ૧

## શાંતિનાથ ચૈત્યવંદન.

દર્શન જ્ઞાન ચારિત્રથી, સાચી શાંતિ થાવે; શાંતિનાથ શાંતિ વર્યા, રત્નત્રયી સ્વભાવે. ૧ તિરોભાવ નિજ શાંતિનો, આવિર્ભાવ જે થાય; શુદ્ધાતમ શાંતિ પ્રભુ, સ્વયં મુક્તિ પદ પાય. ૨ બાહ્ય શાંતિનો અંત છે એ, આતમ શાંતિ અનંત; અનુભવે જે આત્મમાં, પ્રભુપદ પામે સંત. ૩

## શાંતિનાથ સ્તુતિ.

શાંતિ મળે નહી લક્ષ્મીથી, નહી રાજ્યના ભોગે; શાંતિ મળે નહી કામથી, બાહ્ય સત્તા પ્રયોગે: શાંતિ ન રાગ દ્વેષથી, સહુ વિષયને વામે; શાંતિ જિનેશ્વર ભાખતા, શાંતિ આતમ ઠામે. ૧ શાંતિ ન ક્રોધ ને માનથી, તેમ માયા ને લોભે; શાંતિ ન શાસ્ત્રાભ્યાસથી, જડમાં મન થોભે; શાંતિ ન બાહ્ય પદાર્થથી, હું ને મારૂં માને; સર્વ જિનેશ્વર ભાખતા, શાંતિ આતમ સ્થાને. ૨ સંકલ્પો ને વિકલ્પથી, મન શાંત ન થાવે; અજ્ઞાનને મોહ ભાવથી, કોઇ શાંતિ ન પાવે; નામરૂપ નિર્મોહથી, જિનવાણી જણાવે; શાંતિ આતમમાં ખરી, અનુભવથી આવે. ૩ મનને મારતાં આત્મમાં, સત્ય

શાંતિ સ્વભાવે; મન સંસાર ને મુકિત છે, સમજે શિવ થાવે; આતમમાં મન ઠારતાં, નિજ પાસ છે શાંતિ; શાસન દેવી સહાયથી, રહે નહિ કોઈ ભ્રાન્તિ. ૪

## શાંતિનાથ સ્તવન.

### સમકિત દ્વાર ગભારે પેસંતાજી–એ રાગ.

શાંતિ જિનેશ્વર પરમેશ્વર વિભુજી, ગાતાં ને ધ્યાતાં હર્ષ અપાર રે; શાંતિ સ્મરંતાં પ્રગટે શાંતતાજી, સહજ યોગે નિર્ધાર રે. શાં૦ ૧ મનમાં છે મોહ જ તાવત્ દુઃખ છે જી, મોહ ટળ્યાથી સાચી શાંતિ રે; તમને રજથી નહી શાંતિ આત્મની જી, સાત્વિક શાંતિ છેવટે શાંતિ રે. શાં૦ ૨ દેહને મનમાં શાંતિ નહી ખરી જી, શાંતિ ન બાહિર ભોગે થાય રે; યાવત્ મનમાં સંકલ્પો જાગતાજી, તાવત્ ન શાંતિ સત્ય સુહાયરે. શાં૦ ૩ શાંતિ અનુભવ આવે સમપણે જી, ઉપશમ આદિ ક્ષાયિક ભાવ રે; સહજ સ્વભાવે વિકલ્પો ટળેજી, શાંતિ અનંતી આતમ દાવ રે. શાં૦ ૪ દ્રવ્ય ને ભાવથી શાંતિ પામવા જી, જ્ઞાને લગાવો આતમતાન રે; શાંતિ પ્રભુમય આતમ થઈ રહે જી, બુદ્ધિસાગર ભગવાન રે. શાં૦ ૫

## કુંથુનાથ ચૈત્યવંદન.

શુદ્ધ સ્વભાવે શાંતિને, પામ્યા કુંથુ જિનંદ, કુંથુ-નાથ નિજ આતમા, સમજે નહિ મતિમન્દ. ૧ મનની ગતિ કુંઠિત થતાં, વૈકુંઠ મુકિત પાસે; ક્રોધાદિક દૂરે કરી, વર્તે હર્ષોલ્લાસે. ૨ બાહિર દૃષ્ટિ ત્યાગથી, આતમ દૃષ્ટિ યોગે; કુંથુનાથ ધ્યાવો સદા, નિજના નિજ ઉપયોગે. ૩

## કુંથુનાથની સ્તુતિ.

કુંથુનાથમય થઇને ભવ્યો, કુંથુનાથ આરાધોજી; આતમરૂપે થઇને આતમ, સિદ્ધિ પદને સાધોજી; આસકિત વણુ કર્મો કરતાં, આતમ નહી બંધાયજી, કરે ક્રિયા પણુ અક્રિય પોતે, ઉપયોગે પ્રભુ થાયજી.

## અરનાથ ચૈત્યવંદન.

રાગ દ્વેષારિ હણી, થયા અરિહંત જેહ; અર જિનેશ્વર વંદતાં, કર્મ રહે નહી રેહ. ૧ આતમના ઉપયોગથી, રાગ દ્વેષ ન હોય; સર્વ કાર્ય કરતાં થકાં, કર્મ બંધ નહી જોય. ૨ આત્મજ્ઞાન પ્રકાશથી એ, મિથ્યા તમ પલટાય; બુદ્ધિસાગર આત્મમાં, સહુ શકિત પ્રગટાય. ૩

## અરનાથ સ્તુતિ.

કર્મ કરો પણ કર્મથી, રહો નિર્લેપ ભવ્યો; જિન થાતાં પરમાર્થનાં, થાતાં કર્તવ્યો; જૈન દશામાં કર્મને, કરો સ્વાધિકારે; અર જિનવર એમ ભાખતાં, શક્તિ પ્રગટિ છે ત્યારે. ૧

## મલ્લિનાથ ચૈત્યવંદન.

મલ્લ બની ભવ રણ વિષે, જીત્યા રાગ ને દ્વેષ; મલ્લિ પ્રભુ તેથી થયા, ટાળ્યા સર્વે કલેશ. ૧ રાગ દ્વેષ ન જેહને, પરમાતમ તે જાણુ; દેહ છતાં વૈદેહી તે, કેવલી છે ભગવાન. ૨ મલ્લિનાથ પ્રભુ ધ્યાઇને એ, ભાવ મલ્લતા પામી; કર્મ કરો પ્રારબ્ધથી, બની અંતર નિષ્કામી. ૩

## મલ્લિનાથ સ્તુતિ.

મલ્લિનાથ ઘટ જેહના, સર્વ મલ્લને જીતે; આતમ મલ્લ જે જાણુતો, શુદ્ધ ધર્મ પ્રતીતે; હારે ન જગમાં કોઈથી, કોઈ તેને ન મારે; મોહ શત્રુને મારતો, તેને દેવ છે વ્હારે. ૧

## મુનિસુવ્રત ચૈત્યવંદન.

ભાવ મુનિ સુવ્રતપણું, પ્રગટાવીને જેહ; મુનિ સુવ્રત પ્રભુ જિન થયા, વંદુ તે ગુણગેહ. ૧ ક્ષાયિક ભાવે આતમમાં, ક્ષાયિક લબ્ધિ ધારી; મુનિસુવ્રતને

વંદતાં, રહે ન જડની યારી. ૨ મુનિસુવ્રતપણું આતમમાં એ, જાણી પામો ભવ્ય; મુનિસુવ્રત જિન ઉપદિશે, એવું નિજ કર્તવ્ય. ૩

### મુનિસુવ્રત સ્તુતિ.

સમકિત ને ચારિત્રથી, મુનિસુવ્રત થાવે, ઘાતી કર્મ વિનાશતાં, પ્રભુતા ઘટ પાવે; રાજયોગ ચારિત્રમાં, શુદ્ધ ઉપયોગ સમતા; મન વચ કાયની ગુપ્તિથી પરમાત્મ રમણતા. ૧

### નમિનાથ ચૈત્યવંદન.

આતમમાં પ્રણમી પ્રભુ, થયા નમિ જિનરાજ; નમવું ઉપશમ ક્ષાયિકે, ક્ષયોપશમે સુખ કાજ. ૧ નમ્યા ન જે તે ભવ ભમ્યા, નમી લહ્યા ગુણવૃંદ; નમિ પ્રભુ એ ભાખિયું, સેવા છે સુખ કંદ. ૨ આતમમાં પ્રણમી રહી એ, સ્વયં નમિ ઘટ જોવે; ધ્યાન સમાધિ યોગથી, આત્મ શકિત નહી ખોવે. ૩

### નમિનાથ સ્તુતિ.

નમિ જિનેશ્વર સેવા ભકિત, જગની સેવા ભકિતજી;
નિજ આતમની સેવા ભકિત, એક સ્વરૂપે શકિતજી;
નામ રૂપથી ભિન્ન નિજાતમ, ધારી પ્રભુ જે ધ્યાવેજી;
પ્રારબ્ધે છે કર્મનો ભોગી, તો પણ ભોગી ન થાવેજી. ૧

## શ્રી નેમિનાથ ચૈત્યવંદન.

બાવીશમા શ્રીનેમિનાથ, ઘોર બ્રહ્મવ્રત ધારી; શકિત અનંતી જેહની, ત્રણ ભુવન સુખકારી. ૧ ઇન્દ્ર ચંદ્ર નાગેન્દ્ર ને, વાસુદેવો સર્વે; ચક્રવર્તિઓ નેમિને, સેવે રહી અગર્વે. ૨ કૃષ્ણાદિક ભકતો ઘણા એ, જેની સેવા સારે; એવા પરમેશ્વર વિભુ, સેવંતાં સુખ ભારે. ૩

## શ્રી નેમિનાથની થોયો.

દ્રવ્ય ભાવથી નેમિ સરખા, બળિયા જૈનો થાવેજી; જૈનધર્મ પ્રસરાવે જગમાં, શુભ પરિણામના દાવેજી; શુભ તે ધર્મ પ્રશસ્ય કષાયો, કરતાં પુણ્યને બાંધેજી; શુદ્ધ પરિણામે વર્તતાં, મુકિત ક્ષણમાં સાધેજી. ૧ શુભ પરિણામી સમ્યગ્દૃષ્ટિ, શુદ્ધ ભાવને પામેજી; અશુભ કષાયો પ્રગટયા વારે, દેહાધ્યાસને વામેજી; નિર્ભય નિઃસંગી બળીયો થઈ, કાર્ય કરે નહિ હારેજી; તીર્થંકર સર્વે ઉપદેશે, પ્રભુપણું ઘટ ધારેજી. ૨ નામ રૂપમાં નિર્મોહી થઈ, પ્રભુભકતો શિવ વરતાજી; સર્વ કાર્ય કરતા અધિકારે, ભયથી ન પાછા પડતાજી; મર્દ બનીને દર્દ સહે સહુ, ધર્મ કર્મ વ્યવહારેજી; જ્ઞાન કર્મ ને ભકિત ઉપાસન–યોગને અંતર ધારેજી. ૩

મુક્તિ ભવમાં સમભાવી થઇ, ધર્મ કર્મ નહી મૂકેજી,
જીવન મુક્ત બને ત્હોયે પણ, કર્તવ્યો નહી ચૂકેજી;
દેવ ગુરૂને કરીને સ્વાર્પણ, જૈનો જિન થઈ જાતાજી;
શાસન દેવી સેવા સારે, ધર્મની સેવા વ્હાતાજી. ૪

## શ્રી નેમિનાથ સ્તવન.

પ્રથમ જિનેશ્વર પ્રણુમીએ, જાસ સુગંધીરે કાય-એ રાગ.

નેમિ જિનેશ્વર વંદીએ, ધ્યાઇજે સુખકાર; દ્રવ્ય કર્મ ને ભાવ કર્મ જેણે હણ્યાં, ધર્મ ચક્રી નિર્ધાર. નેમિ૦ ૧ ચોત્રીશ અતિશયે શોભતા, બાર ગુણે ગુણવંત; વાણી ગુણ પાંત્રીશના, ધારક જિનપતિ રૂપારૂપી ભદંત. નેમિ૦ ૨ વીશ સ્થાનકમાંહી એકનું, આરાધન કરી બેશ; પૂર્વ ભવે તીર્થંકર નામને બાંધિયું, ટાળ્યા સર્વે કલેશ. નેમિ૦ ૩ ચઉ નિક્ષેપે ધ્યાવતાં, સાત નયે કરી જ્ઞાન; નિજ આતમ અરિહંતપણું જલ્દી વરે, ટાળી મોહનું તાન. નેમિ૦ ૪ તુજ અનુભવ જેણે કર્યો, તે નહી બાંધે કર્મ; શાતા અશાતા ભોગવે તે સમભાવથી; વેદે આતમ શર્મ. ૫ તિરોભાવ નિજ શક્તિનો, આવિર્ભાવ જે અંશ; તે અંશે મુક્તિને મુક્તતા આત્મમાં વર્તે, છે સાપેક્ષ.

નેમિ૦ ૬ ધ્યાતા ધ્યેય ને ધ્યાનના, પરિણામે છે અભેદ; બુદ્ધિસાગર એકતા પ્રભુની સાથમાં, પામ્યો અનુભવ એક. નેમિ૦ ૭

## શ્રી પાર્શ્વનાથ ચૈત્યવંદન.

પાર્શ્વનાથ પાસે પ્રભુ, આત્મ જ્ઞાનથી દેખે; જડ વણુ આતમ ભાનથી, પ્રકટ પ્રભુ નિજ પેખે. ૧ જલધિમાં તારો યથા, ખેલે સ્વેચ્છાભાવે; તથા જ્ઞાની જડ વસ્તુમાં, ખેલે જ્ઞાન સ્વભાવે. ૨ પંચ વર્ણની માટીને, ખાઈ બને છે શ્વેત; શંખની પેઠે જ્ઞાની બહુ, નિઃસંગી સંકેત. ૩ દેખે અજ્ઞાની બહિર, અંતર દેખે જ્ઞાની; જ્ઞાનીના પરિણામની, સાક્ષી કેવલ જ્ઞાની. ૪ જ્ઞાનીને સહુ આસ્રવો, સંવરરૂપે થાય; સંવર પણ અજ્ઞાનીને, આસ્રવ હેતુ સુહાય. ૫ પાર્શ્વ પ્રભુએ ઉપદિશ્યો એ, જ્ઞાન અજ્ઞાનનો ભેદ; બુદ્ધિસાગર આત્મમાં, જ્ઞાનીને નહી ખેદ. ૬

## પાર્શ્વ પ્રભુની સ્તુતિ.

પાર્શ્વ પ્રભુ બોલે જગ લોકો, મોહ થતો મનમાંથી રોકો; પાડો નહિ દુઃખ પડતાં પોકો, ઉદ્યમથી પગ ઠોકો. જૈન ધર્મ જગમાં પ્રસરાવો, સંઘ ભક્તિ

આચારે લાવો; માનવ ભવનો લેશો લ્હાવો, નિશ્ચય એવો લાવો; જન ધર્મ શત્રુઓ હઠાવો, સંઘની રક્ષામાં લય લાવો; તન મન ધનનો ભોગ ધરાવો, નિશ્ચય મુકિત પાવો. જૈનોમાં જિનમાં નહી ભેદ, ભકિતમાં નહી ધારો ખેદ; પ્રભુ થવાની એહ ઉમેદ, નિર્મોહી થઈ વેદ. ૧ જૈન ધર્મ જગમાંહી પ્રચારો, નામર્દાઇ ભીતિ વારો; સંઘોન્નતિનો કરો સુધારો, શ્રધ્ધા ઉદ્યમ ધારો. આત્મરૂપ જૈન ધર્મને પ્યારો, ધારી માનવ ભવ નહિ હારો; જૈનો માટે દેહને ધારો, તેથી મુકિત આરો. જૈનોના દોષ સામું ન જોશો, તેથી પાપ મલીનતા ધોશો; વંશ પરંપર ઉન્નત રહેશો, નહિ તો દુઃખથી રોશો. માટે જાગી ઐકયથી રહેશો, સંપી સ્હાય પરસ્પર લેશો; પરસ્પર ઉપકારને વહેશો, સહુ જિનનો સંદેશો. ૨ સંઘની રક્ષા માટે જીવો, શ્રૂત જ્ઞાન છે જગમાં દીવો; ધન્ય જૈન છે જે મરજીવો, પ્રભુ વચનામૃત પીવો. જન ધર્મ સમ કોઈ ન ધર્મ, બીજા સર્વે છંડો ભર્મ; જેથી પામો સાચું શર્મ, અધિકારે કરો કર્મ. જની થઇ કર્મોને કરવાં, મહાજનનાં કર્મો અનુસરવાં; અનાસકિતએ

હોય ન પરવા, મિથ્યા વ્હેમો હરવા. એવુ જિનની વાણી પ્રકાશે, મોહ રહે નહી તેની પાસે; કાર્ય કરે પણ ફળ નહી વાંછે, સ્વયં પ્રભુ એ વિલાસે. ૩ દ્રવ્ય ભાવ સહુ શકિત પ્રકાશો, બનો ન આસકિતના દાસો; જીવન મંત્રોનો વિશ્વાસો, ધારી પ્રભુ થઇ જાશો. જૈનોનું જૈનોને આપો, સંઘની સેવાથી જગ વ્યાપો; અશકિત ટળશે સહુ પાપો, દુઃખીનાં દુઃખ કાપો. પદ્માવતી ધરણેંદ્રની ભકિત, પ્રગટે જૈનોમાં સહુ શકિત; ટાળંતાં દુર્મતિ આસકિત, આતમ ઈશ્વર વ્યકિત. સર્વ સ્વાર્પણે ભોગી થાશો, જડતા શુષ્કપણું નહિ પાશો; દેહાધ્યાસાદિક અધ્યાસો, ટાળી સુખિયા થાશો. ૪

## શ્રી પાર્શ્વનાથ સ્તવન.

આતમ પાર્શ્વ પ્રભુના પ્રેમને, અંતર ધારજો રે લોલ; પ્રગટે જે જે કષાયો ચિત્તમાં, તેહને વારજો રે લોલ. આતમ૦ ૧ પ્રભુના જૈન ધર્મમાં શંકા, આદિ નહી કરો રે લોલ, ગુરૂ ને ધર્મની સંઘની રક્ષા, માટે ઝટ મરો રે લોલ. આ૦ ૨ જગમાં જૈનો વધવા હેતકે, સહુ સ્વાર્પણ કરો રે લોલ; સાધર્મિક દેખીને

સ્વાર્પણુ, પ્રીતિ ઘટ ધરો રે લોલ. આ૦ ૩ જિન ને જૈનની સેવા ભકિતમાં, ભેદ ન એકતા રે લોલ; પ્રભુજી સંઘની સેવા તે તુજ, સેવા વિવેકતા રે લોલ. આ૦ ૪ સેવા ભકિતમાં છે અભેદ કે, પ્રભુને ભક્તમાં રે લોલ; પ્રભુજી એવો મુજ વિશ્વાસ છે, વ્યાપ્યો રકતમાં રે લોલ. આ૦ ૫ પ્રભુની ગુરૂની સંઘની સેવા, ભકિત એક છે રે લોલ; જેનમાં જિનપણું નિરખાતું કે, સ્વાર્પણુ ટેક છે રે લોલ. આ૦ ૬ સેવા ભકિત વિના નહી જ્ઞાનને, કર્મ યોગીપણું રે લોલ; સેવા ભકિતથી દિલ શુદ્ધિકે, નિશ્ચય એ ભણું રે લોલ. આ૦ ૭ ભકતોને પ્રભુ ભાવે સેવતાં, વ્યકત પ્રભુપણું રે લોલ; થાતો યોગી આતમ દેવકે, ક્ષણુમાં જિનપણું રે લોલ. આ૦ ૮ પ્રભુજી તું વંદે છે સંઘને, તે છે મોટકો રે લોલ. પ્રભુજી તેની આગળ હું છું, સૌથી છોટકો રે લોલ. આ૦ ૯ પ્રભુજી જીવન મુકત થતાં ત્હેં, એમ ઉપદેશિયું રે લોલ; પ્રભુજી સંઘની સેવા ભકિતમાં, મુજ મન ઉલ્લસ્યું રે લોલ. આ૦ ૧૦ પ્રભુજી સેવા ભક્તિના અંશથી, સિધ્ધપણું થતું રે લોલ; પ્રભુજી ધર્મ કર્મ વ્યવહારથી, સંઘપણું છતું રે લોલ. આ૦

૧૧ કેવલ જ્ઞાનીને વ્યવહારકે, કરવાનો ખરોરે લોલ; તેથી તીર્થોન્નતિ છે શીખ એ, ભકતો દિલ ધરો રે લોલ. આ૦ ૧૨ પ્રભુજી તુજ પર અણુ સમ પ્રેમકે, જૈનો ઉપરે રે લોલ; પ્રભુજી ધારે તે લહે મુકિતકે, ભવસાગર તરે રે લોલ. આ૦ ૧૩ સંઘની દ્રવ્ય ને ભાવથી ઉન્નતિ, હેતુ મુજ સહુરે લોલ; સ્વાર્પણ કીધું એમાં તાહરી, ભકિત સહુ લહેરે લોલ. આ૦ ૧૪ સંઘની ભકિતમાં નહિ દોષની, દૃષ્ટિ ભકતનેરે લોલ; પ્રભુજી બુધ્ધિસાગર ભકતમાં, ધન્ય છે રકતને રે લોલ. આ૦ ૧૫

## શ્રી મહાવીર ચૈત્યવંદન.

ત્રેવીશ તીર્થંકર કહ્યા, અનંત શકિતનાથ; પ્રભુ મહાવીર સેવતાં, જીવો થાય સનાથ. ૧ પ્રભુ મહાવીર વર્ધમાન, ચોવીશમા જિનરાજ; કલિમાં મહાવીર જે બને, તેહ કરંતો રાજ. ૨ દ્રવ્ય ભાવ બાહિર ને, અંતર મહાવીર થાવા; મહાવીર પ્રભુને ભજો, થશો જગતમાં ચાવા. ૩ વીર બનીને વીરને, સેવંતાં જીવાય; કલિમાં વીર થયા વિના, જીવતાંજ મરાય. ૪ દ્રવ્ય ભાવ શકિતવડે એ, જીવવું તે વીરભકિત; બુદ્ધિસાગર વીરની, ધ્યાવું આતમશકિત. ૫

## શ્રી વીરજિન સ્તુતિ.

વીર પ્રભુમય જીવન ધારો, સર્વ જાતિ શકિતથી; દોષો ટાળી સદ્ગુણ લેશો, બનશો મહાવીર વ્યકિતથી; સ્વપ્ને પણ હિમ્મત નહિ હારો; કાર્યોની સિધ્ધિ કરો; વીર પ્રભુ ઉપદેશે કાંઇ; અશકય નહિ નિશ્ચય ધરો. ૧ ભાવી ભાવને માની લેઈ, ઉદ્યમ નહિ મૂકો જનો; કર્મ પ્રમાણે થાશે માની, આળસુ નહિ કયારે બનો; મૃત્યુ પાસે આવે તોપણ, ઉદ્યમ શ્રધ્ધા રાખશો; સર્વે તીર્થંકર ઉપદેશે, તેથી શિવફલ ચાખશો. ૨ શ્રુતજ્ઞાનીને ઉદ્યમથી, સિધ્ધિ સહુ વાતે થતી; માટે કાર્યોદ્યમ નહિ ચૂકો, ભૂલો નહિ ઉદ્યમ ગતિ; કલિયુગમાંહી સંઘ ચતુર્વિધ, ઉદ્યમથી ચઢતી લહે; મહાવીરની વાણી સમજાતી, ભકતોને શકિત વહે. ૩ શકિત અનંતી આતમમાંહી, ભૂલી કયાં ભૂલા ભમો; આત્મશ્રધ્ધા રાખો ભવ્યો, દુષ્ટ વૃત્તિઓ દમો; સત્ય શર્મ છે આતમમાંહી, જડમાં સુખ આશા તજો; સિધ્ધાયિકા સ્હાય કરંતી, ઉદ્યમથી મુકિત સજો. ૪

## શ્રી મહાવીર પ્રભુનું સ્તવન.

એ ગુણ વીર તણો ન વિસારૂં-એ દેશી.

પ્રભુ મહાવીર વંદુ ગાવું, ધ્યાવું જગ ઉપકારી

રે; પ્રભુ મહાવીર ભજતાં, મહાવીર થાતા નર ને નારીરે. પ્રભુ૦૧ તુજ વચનામૃત માનસ સરવર, હંસ બનીને ઝીલ્યોરે; અનુભવ મૌક્તિક ગ્રહણ કરીને, શુદ્ધ સ્વરૂપે ખીલ્યોરે. પ્ર૦૨ નંદનવન સમ ત્હારાં વચનો, શાંતિ તુષ્ટિ કરનારાંરે; ઉપશમ ક્ષયોપશમ ને ક્ષાયિક, આરોગ્યનાં દેનારાં રે. પ્ર૦ ૩ વિષ્ણુ જ્યોતિથી અનંત જ્યોતિ, તાહ્યરી અનુભવે દીઠી રે; સાકરથી પણ અનંત ગુણી, તાહ્યરી વાણી મીઠીરે. પ્ર૦૪ વિશ્વોદ્ધાર કર્યો જન્મીને, આત્મસ્વરૂપ જણાવીરે; પશુ ટાળીને માનવ કીધા, અજ્ઞોને હિત લાવીરે. પ્ર૦૫ ધન્ય પિતા સિદ્ધાર્થ ભૂપતિ, ધન્ય છે ત્રિશલા માતા રે; ધન્ય છે ક્ષત્રિયકુંડ નગરને, આર્યભૂમિ ધન્ય ભ્રાતા રે. પ્ર૦૬ તુજ વચનામૃત પાન કર્યાથી, મારી ચક્ષુ ખૂલીરે; તુજ ગુણ ધ્યાન સમાધિયોગે, મિથ્યા ભ્રમ ગયો ભૂલીરે. પ્ર૦ ૭ આત્મમહાવીર તીર્થંકર સહુ, નામ અનેક ને એકરે; પરમબ્રહ્મ સ્વરૂપ પ્રકાશ્યું, પ્રગટ્યો પૂર્ણ વિવેકરે. પ્ર૦ ૮ બાહિરાંતર દ્રવ્ય ભાવથી, મહાવીર થાવા કાજેરે; કલિયુગની પૂર્વે તું પ્રગટ્યો, સર્વ પ્રભુ શિર છાજેરે. પ્ર૦ ૯ સર્વ વાતમાં મહાવીર થાવું,

મહાવીર જિન ઉપદેશેરે; કલિયુગમાં જૈનોમાં મહાવીર, પ્રભુતા ચિત્ત પ્રવેશેરે. પ્ર૦ ૧૦ સર્વ વીરમાં મહાવીર બનવું, સર્વાશ્રમમાં ભાવેરે; બાહ્ય શકિત ને આત્મશકિતથી, જીવ્યું જગમાં જાવેરે. પ્ર૦ ૧૧ જે ગુણકર્મો મહાવીર થાવા, માટે છે ઉપયોગી રે; તે ગુણ કર્મો ગ્રહણ કરીને, થાશું આતમ યોગીરે. પ્ર૦ ૧૨ ઉત્પત્તિ વ્યય ધ્રુવતામય છે, મહાવીર જગમાં એકરે; તેના ગુણ કર્મો પ્રગટાવો, એ છે સેવા ટેકરે. પ્ર૦ ૧૩ દ્રવ્ય ભાવથી સર્વ શકિતમય, કલિયુગમાંહી થાવુંરે; આપત્કાલે આપદ્ ધર્મે, રહેવું એ સમજાવ્યુંરે. પ્ર૦ ૧૪ આતમમાંહી અનંત ધર્મો, જાણી વીરને સેવોરે; બુદ્ધિસાગર આત્મ મહાવીર, એકજ દેવોનો દેવોરે. પ્ર૦ ૧૫

## શ્રી સિદ્ધાચલ ગિરિનું સ્તવન.

સિદ્ધાચલ યાત્રા કરો, ભવી સાચા ભાવે; શત્રુંજયને સેવતાં, રોગ શોક ન આવે. સિ૦ ૧ દ્રવ્યથી શત્રુંજય ગિરિ, ભાવે આતમ પોતે; ધ્યાન સમાધિ યોગથી, મળો જ્યોતિ જ્યોતે. સિ૦ ૨ શત્રુંજયગિરિ નામ સહુ, આતમનાં પ્રમાણો; દ્રવ્ય તે ભાવનો હેતુ

છે, એવો નિશ્ચય આણો. સિ૦ ૩ આત્મા અસંખ્ય પ્રદેશ છે, તેમ ગિરિ પ્રદેશો; સમકિત પ્રગટે આદિમાં, આદિનાથ મહેશો. સિ૦ ૪ દ્રવ્ય ને ભાવ સાપેક્ષથી, જેવા ભાવે ભક્તિ; તેવા ફલને પામશો, તેવી થાશે વ્યક્તિ. સિ૦૫ ઔદયિક ભાવથી સેવતાં, કેઈ ઉપશમ ભાવે; ક્ષયોપશમ ક્ષાયિકથી, ભાવ સમફલ પાવે. સ૦ ૬ દ્રવ્ય તીર્થ જેથી થયાં, ભાવ તીર્થોદ્ધાર; વિમલાચલ વેગે વસો, જ્ઞાની થઈ નરનાર. સિ૦૭ આત્મિક શુદ્ધોપયોગથી, પોતે તીર્થ છે દેહ; બુદ્ધિસાગર તીર્થ છે, શુદ્ધ આતમ સ્નેહે. સિ૦ ૮

## શ્રી અષ્ટાપદ ગિરિનું સ્તવન.

અષ્ટાપદ ગિરિ સેવના, ભવી ભાવથી પામે; અષ્ટ કર્મને જીતીને, ઠરે મુક્તિ ઠામે. અ૦૧ દ્રવ્યથી અષ્ટાપદ ગિરિ, ભાવે આતમ પોતે; આઠ પગથિયાં યોગનાં, આરોહવાં જ્યોતે. અ૦૨ યમ નિયમ આસન અને, પ્રાણાયામ એ ચાર; હઠનાં પગથિયાં ચાર છે, ચાર સહજનાં ધાર. અ૦ ૩ પ્રત્યાહાર ને ધારણા, ધ્યાન સત્ય સમાધિ; શુદ્ધાત્મ દર્શન પ્રાપ્તિ છે, નાસે આધિ ઉપાધિ. અ૦૪ ચોવીશ તીર્થંકરતણી, મૂર્તિ એ

દેખે; દર્શન વંદન ધ્યાનથી, મોહભાવ ઉવેખે. અ૦ ૫ આઠ પગથિયાં પર ચઢી, પરમાતમ જોવે; બુધ્ધિસાગર આતમા, સિધ્ધ મહાવીર હોવે. અ૦ ૬

## આબુગિરિનું સ્તવન.

આબુ પર્વત રળિયામણોરે લોલ, જિનમંદિર જય-કારરે; વિમળશાહે કરાવીયાંરે લોલ, જિન પ્રતિમા સુખકારરે. આ૦૧ વસ્તુપાલ ને તેજપાલનાંરે લોલ, મંદિર દેવ વિમાનરે; જિન પ્રતિમાને વંદતાંરે લોલ, પ્રગટે હર્ષ અમાનરે. આ૦ ૨ અચલગઢ જિન મંદિરોરે લોલ, વંદો પૂજો ભવ્યરે; આતમ ગુણ પ્રગટાવવારે લોલ, માનવ ભવે કર્તવ્યરે. આ૦ ૩ જિન મંદિર બીજાં ભલાંરે લોલ, દર્શનથી દુઃખ જાયરે; ધ્યાન સમાધિ સ્થિરતા વધેરે લોલ, આરોગ્ય આનંદ થાયરે. આ૦ ૪ દ્રવ્ય ને ભાવ બે ભેદથીરે લોલ, યાત્રા કરંતાં બેશરે; બુદ્ધિસાગર આત્મમાંરે લોલ, સહજાનંદ હમેશરે. આ૦ ૫

## શ્રી સમેતશિખર ગિરિનું સ્તવન.

સમેતગિરિ અતિ શોભતોરે લોલ, સિદ્ધયા તીર્થંકર વીશરે; દ્રવ્ય ભાવ યાત્રા કરેરે લોલ, વિઘટે રાગ

ને રીસરે. સ૦ ૧ જિન મંદિર પ્રભુ વંદતાંરે લોલ, આનંદ પ્રગટે અપાર રે; યાત્રા કરે અનુભવ થતો રે લોલ, નાસે કર્મ વિકારરે. સ૦ ૨ ભાવ સમ્મેત શુદ્ધા તમારે લોલ, દર્શન સ્પર્શન થાયરે; અનુભવ જ્ઞાને ધ્યાવતાંરે લોલ, પોતે પ્રભુપદ પાયરે. સ૦ ૩ સાધન યોગે સાધ્યની સિદ્ધિ છેરે લોલ, મન શુદ્ધિના ઉપાયરે; જે જે દ્રવ્યથી કરવા ઘટેરે લોલ, કરવા તે હિત લાયરે. સ૦ ૪ દ્રવ્ય ને ભાવથી જિન પ્રતિમા ભલીરે લોલ, દ્રવ્ય ને ભાવથી જિન સેવરે; બુદ્ધિસાગર આતમારે લોલ, આવિર્ભાવ દેવરે. સ૦ ૫

## શ્રી ગિરનાર નેમિજિન સ્તવન.

( સમકિત દ્વાર ગભારે પેસતાંજી—એ રાગ. )

ગિરનાર પર્વત નેમિ વંદતાંરે, ધ્યાવતાં શિવ સુખ થાયરે; દીક્ષા કેવલ ને મુક્તિ નેમિનીજી, કલ્યાણ ભૂમિ સુહાયરે. ગિ૦ ૧ નેમિનાથ ગુણ ગાવંતાજી, ગુણ પ્રકટે નિર્ધારરે; કારણ પામી કારજ સંપજેજી, યાત્રા કરો સુખકારરે. ગિ૦ ૨ નેમિ જિનેશ્વર મંદિર શોભતુંજી, સ્વર્ગ વિમાન સમાનરે; નેમિ પ્રતિમા દર્શન કરેજી, નાસે દોષની ખાણરે. ગિ૦ ૩ નેમિ

જિનેશ્વર સરખો આતમાજી, નેમિના ધ્યાનથી થાયરે; ટળે ઉપાધિ આધિ યાત્રથીજી, નિવૃત્તિ સત્ય પ્રગટાયરે. ગિ૦ ૪ નિવૃત્તિ માટે તીર્થની સેવનાજી, આતમ નિઃસંગ થાયરે; બુધ્ધિસાગર આત્મનીજી, શુધ્ધદશા પ્રગટાયરે. ગિ૦ ૫

## સર્વ સાધારણ તીર્થ સ્તવન.

સર્વ તીર્થ જયકાર, નમું હું સર્વ તીર્થ જયકાર; તારે તે તીર્થ જ સાર. નમું૦૧ ઉર્ધ્વ લોક ને અધો-લોકે સહુ, તીર્થ જે ચાર નિક્ષેપ; મૃત્યુલોકમાં સ્થાવર જંગમ, તીર્થ ભજે નહી લેપ. નમું૦ ૧ વ્યવહાર ને નિશ્ચય તીર્થો, ઉપાદાન નિમિત્ત; દર્શન જ્ઞાન ને ચારિત્ર તીર્થજ, સેવ્યાં આત્મ પવિત્ર. નમું૦ ૨ આત્મોન્નતિને આત્મ શુધ્ધિકર, સંઘોન્નતિકર જેહ; ગુરૂ દેવાદિ તીર્થો સર્વે, નમીએ ધ્યાઇએ એહ. નમું૦ ૩ સંઘ ચતુર્વિધ સંખ્યાવૃદ્ધિ, સેવા ભક્તિ સાર; જંગમતીર્થથી સ્થાવર તીર્થજ, પ્રગટે છે હિતકાર. નમું. ૪ આતમ તીર્થ છે સર્વ તીર્થનો, નાયક મુખ્યાધાર; આત્મશુદ્ધિકર સર્વે તીર્થો, સેવો નર ને નાર. નમું૦ ૫ સાનંદ શહેરે આનંદ લ્હેરે, વાંદ્યા સહુ દેવેશ;

ઓગણીશ સત્તોતર આશ્વિનની, બીજ તિથિ સુવિશેષ. નમું૦ ૬ તપાગચ્છ સાગર શાખામાં, સુખસાગર ગુરુરાજ; ચોમાસી દેવવંદન રચતાં, સિદ્ધયાં સઘલાં કાજ. નમું૦ ૭ સાનંદ સંઘના ભક્તિભાવથી, ભણવા ગણવા હેતઃ બુધ્ધિસાગરસૂરિ સિધ્ધિ, પૂર્ણાનંદને દેત. નમું૦ ૮

## શાશ્વતા અશાશ્વતા જિન ચૈત્યવંદન.

શાશ્વત પ્રતિમાઓ ઘણી, પ્રથમાદિ સ્વર્ગે જે રહી; જિન ભાવસ્મૃતિથી વંદતાં, ઉપયોગની શુધ્ધિ વહી; જ્યોતિષીનાં સર્વે વિમાનો, ત્યાં પ્રતિમા નિર્મલી; વ્યંતર ભુવનમાં જે રહી, વંદુ હું પ્રેમે લળી લળી. ૧ જે જેજ માનવ લોકમાં, તે તેજ વંદુ ભાવથીઃ સિધ્ધાંત આગમમાં કહી, ભાવે સ્મરૂં ગુણ દાવથી; ઋષભાદિ ચારે નામથી, શાશ્વત પ્રતિમા ધ્યાઈએ; શત્રુંજયાદિ તીર્થસ્થિત, અશાશ્વતી મન લાઇએ. ૨ પાતાળ મૃત્યુ લોકમાં ને, સ્વર્ગ માંહી વંદીએ; નામાદિ તીર્થો સર્વને, વંદીને કર્મ નિકંદીએ; પરમાત્મ પ્રતિનિધિ તીર્થ જે, આત્માર્થ ઉપશમ આદિયે; બુદ્ધયબ્ધિ ભક્તિભાવથી, ઉપયોગથી મન લાવીએ. ૩

## શાશ્વતાશાશ્વત જિનની થોય.

શાશ્વત પ્રતિમાઓ સહુ વંદો, સ્વર્ગ મૃત્યુ પાતાલેજી; આતમના ઉપયોગે રહેવા, નિજ ગુણુ જે અજવાળેજી; નામાદિ નિક્ષેપા ચારે, અવલંબન હિતકારીજી; નિશ્ચય ને વ્યવહારે વંદી, પામો સુખ નર નારીજી. ૧ શાશ્વતી ને અશાશ્વતી પ્રતિમા, નય નિક્ષેપે જાણોજી; અર્હત્ પ્રતિનિધિ ક્ષયોપશમના, ભાવે મનમાં આણોજી; એકમાં સર્વે સર્વમાં એકજ, એકાનેક વિચારોજી; ચઢતા ભાવે સાપેક્ષાએ, વંદીને ઘટ ધારોજી. ૨ પ્રભુ મહાવીર જિનવરવાણી, આગમ શાસ્ત્ર પ્રમાણીજી; કલિયુગમાં આધાર ખરો એ, જાણી મનમાં આણીજી; સૂત્રોમાં જિનપ્રતિમા ભાખી, આરાધો ભવી પ્રાણીજી; પ્રભુની વાણી મુક્તિનિશાની, અનંત ગુણની ખાણીજી. ૩ સમ્યગ્દૃષ્ટિ દેવો સઘળાં, દેવીઓ પ્રભુ ગાવેજી; પ્રભુ પ્રતિમાઓને વંદે, પૂજે ઘટમાં ધ્યાવેજી; દ્રવ્ય ને ભાવથી વ્યવહાર નિશ્ચય, ઉપાદાન નિમિત્તેજી; બુદ્ધિસાગર તીર્થ પ્રતિમા, પૂજો નિર્મલ ચિત્તેજી. ૪

શાશ્વતાશાશ્વત ચૈત્યવંદન કરી નમુથ્થુણં કહી અરિહંત ચેઈઆણું૦ અન્નથ્થ૦ કહી એક લોગસ્સ૦ ચંદેસુ નિમ્મલ યરા સુધીનો કાઉસગ્ગ કરી એક જણે કાઉસગ્ગ પારી મોટી શાંતિ કહેવી. બીજા કાઉસગ્ગમાં સાંભળે, પછી લોગસ્સ કહી તેર નવકાર ગણવા. સિદ્ધાચલનો દુહો કહી તેર ખમાસમણાં દેવાં.

આચાર્ય શ્રી બુદ્ધિસાગરસૂરિ વિરચિત

## ચોમાસી દેવવંદન સમાપ્ત.

# 卐 દેવવંદનમાળા સમાપ્ત 卐



સંઘવી ગુણજીભાઈ ઝવેરચંદ
જૈન બુકસેલર • પાલીતાણા